# આપણી પાઠશાળા અને ઉચ્ચાર વિચાર




મુનિશ્રી હિતવિજયજી

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા-ગ્રન્થાંક ૧૧૪

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
દાન-પ્રેમ-રામ-રવિચન્દ્રસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

# આપણી પાઠશાળા અને ઉચ્ચાર વિચાર

( પાઠશાળામાં ભણનાર-ભણાવનાર અને વિધિકારકો માટે ખાસ ઉપયોગી )

* લેખક અને સંપાદક *

વ્યાખ્યાનવાચસ્પતિ પરમશાસનપ્રભાવક ગચ્છાધિપતિ
પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય
**રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધરરત્ન વિદ્વદ્વર્ય
પ.પૂ. આચાર્યદેવશ્રી **રવિચંદ્રસૂરીશ્વરના** શિષ્યરત્ન
મુનિશ્રી હિતવિજયજી

* પ્રકાશિકા *

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા
લાખાબાવળ-શાન્તિપુરી (સૌરાષ્ટ્ર)

મૂલ્ય : ૧૨-૫૦

પ્રથમાવૃત્તિ નકલ : ૨૦૦૦ વિ. સં. ૨૦૩૯

: પ્રકાશિકા :

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રન્થમાલા
લાખાબાવળ-શાન્તિપુરી (સૌરાષ્ટ્ર)

## પ્રાપ્તિસ્થાન

૧. મહેતા મગનલાલ ચત્રભુજ
શાકમારકીટ સામે, જામનગર,
પિન-૩૬૧,૦૦૧.

૨. સોમચંદ ડી. શાહ
જીવન-નિવાસ સામે,
પાલીતાણા. પિન-૩૬૪,૨૭૦

૩. મહાવીર જૈન ઉપકરણ ભંડાર
પોસ્ટ ઑફિસ સામે,
પાલીતાણા. પિન-૩૬૪,૨૭૦

૪. સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ-હાથીખાના,
અમદાવાદ. પિન-૩૮૦,૦૦૧

૫. જશવંતલાલ ગિરધરલાલ
દોશીવાડાની પોળ, કાળુપુર,
અમદાવાદ. પિન-૩૮૦,૦૦૧

૬. ઝવેરી રેડિયો સેન્ટર
ગોપીપુરા મેઈન રોડ,
સુરત. પિન-૩૯૫,૦૦૨

૭. સેવંતિલાલ વી. જૈન
૨૦, મહાજનગલી ૧લે માળે
ઝવેરી બજાર, મુંબઈ-૨

૮. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન ઉપકરણ ભંડાર
જૈન ભોજનશાળા પાસે, શંખેશ્વર

મુદ્રક : સુરેશ પ્રિન્ટરી, વઢવાણ શહેર. પિન-૩૬૩,૦૩૦

બાળકો !

આ પુસ્તકની અંદર મનગમતી ને
રસઝરતી નીચેની કથાઓ વાંચો


| ક્રમાંક | કથા | પા. નં. |
|---|---|---|
| ૧. | રજ જેવડી ભૂલ ! ગજ જેવડી સજા ! રાજપુત્ર કુણાલની કથા | ૨ |
| ૨. | વાંદરા–વાંદરીની ચમત્કારિક કથા | ૮ |
| ૩. | વિદ્યાધરની કથા | ૧૩ |
| ૪. | શ્રેણિક રાજાની કથા | ૧૯ |
| ૫. | સિદ્ધપુત્રની કથા (વિનયી શિષ્યની કથા) | ૨૭ |
| ૬. | ન્યાયાધીશની કથા | ૧૧૦ |
| ૭. | સંપ્રતિ મહારાજાની કથા | ૧૬૭ |
| ૮. | આર્યરક્ષિતસૂરિજીની કથા | ૧૭૧ |
| ૯. | દીવડા પ્રગટાવો દિલમાં— રાજકુમાર અને રૂપપરીની કથા | ૧૮૩ |
| ૧૦. | શેઠ આજ મર ગયે હૈ— શેઠ અને મુનીમની કથા | ૧૯૨ |
| ૧૧. | ભાષાદોષ યાને કુમારપાળ મહારાજાની કથા | ૨૦૨ |
| ૧૨. | સભાક્ષોભ યાને બે પંડિતોની કથા | ૨૦૬ |


અને પછી

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરતાં પણ શીખો !

ટાઈટલ ચિત્રના પરિચય માટે વાંચો કથા—
મીંડું પણ મહાભારત સર્જે છે ! પા. ૧

## પ્રકાશકીય

શ્રી જિનશાસનની આરાધના માટે, પૌષધ, પ્રતિક્રમણ આદિ વિધિ માટે તથા તેનાં સ્વરૂપને સમજવા માટે સૂત્રો એ એક અનિવાર્ય અંગ છે. એ સૂત્રો અશુદ્ધ હોય તો તેના અર્થ પણ યથાર્થ થઈ શકે નહિ. એના કારણે આરાધના, વિધિ અને સ્વરૂપમાં પણ વિકૃતિ આવે. શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્રો બોલી શકાય અને પૌષધ, પ્રતિક્રમણ આદિ પવિત્ર ક્રિયા–વિધિઓમાં તેનો યથાર્થ રીતે ઉપયોગ કરી શકાય તે માટે શુદ્ધ ઉચ્ચાર કરવાની કળાનું જ્ઞાન મેળવવું જરૂરી બને છે.

ઉચ્ચાર–શુદ્ધિના વિષયમાં જે પ્રયત્ન થાય છે, તેને વેગ મળે, તેમાં સમજ વધે અને જાગૃતિ આવે તે હેતુથી **આપણી પાઠશાળા અને ઉચ્ચાર વિચાર** નામનું આ પુસ્તક પ્રગટ કરતાં અમે અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

આ પુસ્તકનું લેખન–સંપાદન, પૂજ્યપાદ શાસન-પ્રભાવક **આચાર્યદેવશ્રીમદ્ વિજયરવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજે** કર્યું છે. આ વિષયમાં તેઓશ્રી ઘણો રસ અને બહોળો અનુભવ ધરાવે છે અને એને માટે અનેક પ્રયત્નો પણ કરે છે.

આશા છે કે આ પુસ્તક પાઠશાળામાં ભણનાર વિદ્યાર્થીઓને, ભણાવનાર શિક્ષકોને, તથા શુદ્ધ ઉચ્ચારપૂર્વક વિધિ-વિધાન કરાવવાની ઈચ્છાવાળા વિધિકારકોને ખૂબ જ ઉપયોગી થશે.

અનેક વિદ્વાન પૂજ્ય મુનિ ભગવંતોના વિદ્વત્તાપૂર્ણ લેખો દ્વારા આ વિષયને અહીં વધારે સ્પષ્ટ અને પુષ્ટ કરવામાં આવ્યો છે. એ રીતે પણ આ પુસ્તકની ઉપયોગિતામાં અનેકગણો વધારો થયો છે.

આ પુસ્તકના ઉપયોગ દ્વારા, પાઠશાળામાં ભણનાર વિદ્યાર્થી-વર્ગમાં અને ભણાવનાર શિક્ષક-વર્ગમાં ઉચ્ચાર-શુદ્ધિ અને ક્રિયા-શુદ્ધિ પ્રત્યેનો આદરભાવ અને આગ્રહ સદૈવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો રહે એજ શુભાભિલાષા છે.

લિ.

વિ. સં. ૨૦૩૯ — મહેતા મગનલાલ ચત્રભુજ

ગુરુવાર, તા. ૩૦-૬-૮૩ — શા. કાનજી હીરજી મોદી

## સંપાદકીય

વૃક્ષની ફળફૂલ આદિ સંપત્તિનું મૂળ કારણ જાણવા એનાં મૂળ સુધી નજર દોડાવવી પડે છે. તેવી જ રીતે આ પુસ્તકમાં બતાવેલી ઉચ્ચાર શુદ્ધિની કળાનું મૂળ શોધવા માટે પણ મારે મારા ભૂતકાળ તરફ નજર દોડાવવી પડે તેમ છે.

ભૂતકાળ તરફ ડોકિયું કરતા સ્વ. પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવરનો ઉપકાર યાદ આવ્યા વિના રહેતો નથી. મારા પરમ પુણ્યોદયે મને તેઓશ્રીની પાવન નિશ્રામાં ત્રણેક વર્ષ જેટલો સમય રહેવાની તક મળી હતી. તેઓશ્રી ઉચ્ચાર–શુધ્ધિના ખાસ આગ્રહી હતા. તેથી નવદીક્ષિત સાધુને સહુ પ્રથમ સૂત્રો શુધ્ધ કરી લેવાની પ્રેરણા અવશ્ય કરતા તે અંગેનું માર્ગદર્શન પણ આપતા અને તેમાં સહાય પણ કરતા.

પ્રતિક્રમણ ભણાવતી વખતે સૂત્રોમાં મારી કેટલીક ભૂલો જોઈને તેઓશ્રીએ તે તરફ મારું ધ્યાન દોરી મને પણ સૂત્રો શુધ્ધ કરી લેવાની પ્રેરણા કરી હતી. પણ ત્યાં સુધી તો હું એમ જ માનતો હતો કે મારાં સૂત્રો શુધ્ધ જ છે. કારણકે સંસારીપણામાં સાથે પ્રતિક્રમણ કરનારા શ્રાવકો પણ એમજ કહેતા કે તમારાં સૂત્રો બહુ શુધ્ધ છે.

પણ મારાં સૂત્રો અશુદ્ધ છે એવું તો તે જ વખતે પ્રથમવાર મને જાણવા મળ્યું. મેં તરતજ તેઓશ્રીની પ્રેરણા ઝીલી લીધી અને તેઓશ્રીની પાસે શુદ્ધ ઉચ્ચાર શીખવાની શરૂઆત કરી દીધી. તેઓશ્રીએ મને શુદ્ધ ઉચ્ચાર પૂર્વક નવકારમંત્ર સંભળાવ્યો. તેઓશ્રીનાં પવિત્ર મુખેથી એ રીતે નવકારમંત્રનું શ્રવણ કરવાથી મારાં જ્ઞાનાવરણીય કર્મનાં ગાઢ આવરણો કાંઈક આછાં થયાં! ક્ષયોપશમ જાગ્યો! અને તેઓશ્રીની કૃપાથી મને જોડાક્ષરોના શુદ્ધ ઉચ્ચાર કરવાની કળા પ્રાપ્ત થઈ. પછી તો મેં સ્વયં બધા સૂત્રોની મારી ભૂલોનું નિવારણ કરી શુદ્ધ ઉચ્ચાર પૂર્વક તેઓશ્રીને સંભળાવી દીધાં. એટલું જ નહિ, એ શુદ્ધ કરેલાં સૂત્રોને હૃદયમાં સારી રીતે ધારણ પણ કરી રાખ્યાં. તેથી તેઓશ્રીનું મન ઘણું પ્રસન્ન થયું. કોઈ ભૂલ વિના શુદ્ધ ઉચ્ચાર પૂર્વક પ્રતિક્રમણ ભણાવવાથી મારા ઉપર તેઓશ્રીની કૃપા વધતી રહી. એનાં ફળ તરીકે મારો ક્ષયોપશમ પણ ખીલતો રહ્યો અને ઉચ્ચાર શુદ્ધિના વિષયમાં જાતજાતની સ્ફુરણાઓ થવા લાગી! તે બધી સ્ફુરણાઓ આજે આ પુસ્તકરૂપે પ્રગટ થઇ રહી છે.

થોડા વર્ષો પહેલાં સુરતમાં ઝવેરી રેડિયો સેન્ટરવાળા પ્રવીણભાઈ પરિચયમાં આવ્યા હતા. તેઓ ઉચ્ચાર શુદ્ધિના વિષયમાં ઘણો રસ ધરાવે છે. તેઓએ ઉચ્ચાર શુદ્ધિના વિષયમાં થોડું લખાણ કરી આપવા આગ્રહ કરેલો. તેથી તે વખતે મેં તેઓને તાત્કાલિક થોડું લખાણ કરી

આપ્યું હતું. જેને તેઓએ ચાર પાનાની નાનકડી ચોપડી દ્વારા પ્રગટ કર્યું હતું. પૂ. આ. શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. પં. શ્રી પ્રદ્યુમ્ન વિજયજી ગણિવરે તે જોઇને આ વિષયમાં વિશેષ સામગ્રી એકઠી કરી દળદાર પુસ્તક પ્રગટ કરવા મને વારંવાર પ્રેરણા કરી. તેઓશ્રી પણ ઉચ્ચાર શુદ્ધિના વિષયમાં અત્યંત કાળજી અને રસ ધરાવે છે. આ પુસ્તક પ્રગટ થવામાં તેઓશ્રીની પ્રેરણા એ એક ખાસ નિમિત્ત છે.

પડતા કાળના પ્રભાવે પ્રતિક્રમણ આદિ ધર્મ ક્રિયા કરનારો વર્ગ દિનપ્રતિદિન કૃશ અને કૃશતર થતો જાય છે. જે એક નાનકડો વર્ગ પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરે છે તેમાં પણ વિશેષે કરીને વૃધ્ધો જ હોય છે. બાલ અને યુવાન વર્ગ તો નહિવત જ હોય છે. જે વૃધ્ધ શ્રાવકો થોડી ઘણી ધર્મક્રિયાઓ કરે છે તેમાંનો પણ મોટો ભાગ એવો છે કે જેમને સૂત્રો, વિધિ વગેરે કાંઈ આવડતું હોતું નથી. જે થોડાક શ્રાવકોને સામાયિક, પ્રતિક્રમણ આદિની વિધિ અને સૂત્રો આવડે છે તે પણ તેઓએ માંડ માંડ ગોખીને તૈયાર કરેલાં હોય છે. અને યાદ પણ મહા મુસીબતે રાખેલા હોય છે. તેમાં ભૂલો પાર વગરની હોય છે. જોડાક્ષરોનું જ્ઞાન જોઇએ તેવું હોતું નથી તેથી ઉચ્ચારો પણ ઘણા અશુધ્ધ હોય છે. અનુસ્વાર, વિસર્ગ વગેરેની અશુદ્ધિઓ પણ પારાવાર હોય છે. અશુધ્ધ ઉચ્ચારનો આવો વારસો તેઓ ક્યારેક પરંપરામાંથી મેળવી લેતા

હોય છે, તો કયારેક તેમાં પોતાની બેદરકારી પણ કારણ ભૂત હોય છે.

આ પુણ્યાત્માઓને સહુ પ્રથમ તો તેઓનાં સૂત્રો ઘણા અશુદ્ધ છે એ વાત જ સમજમાં આવવી અને ગળે ઊતરવી એ મોટું મહાભારત કામ હોય છે. તેઓને આ વાત સમજાઈ જાય ને ગળે ઊતરી જાય એ હજી બનવા જોગ છે, પણ તેઓ ભૂલો સુધારવાની મહેનત કરે અને મહેનત કરે તોય ભૂલો સુધારી શકે એ વાત તો અશકય પ્રાયઃ થઈ પડી હોય એમ જણાય છે.

જીવોની યોગ્યતા દિનપ્રતિદિન ઘટતી જતી હોવાને કારણે ભૂલો બતાવી શકાય એવી પણ પરિસ્થિતિ પ્રાયઃ રહેવા પામી નથી. આ કારણથી પૂજ્ય મુનિ ભગવંતો અને પાઠશાળાના અધ્યાપકો પણ જાણવા છતાં અશુદ્ધિઓની ઉપેક્ષા કરતા હોય છે. તેથી કેટલાકને તો રોજ પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓનાં સૂત્રો બોલવા છતાંય વર્ષો સુધી, પોતાનાં સૂત્રોમાં ઘણી ભૂલો છે અને ઉચ્ચારો પણ ઘણા અશુદ્ધ છે એ વાતની ખબર જ પડતી નથી.

ઉચ્ચારની અશુદ્ધિઓનાં કારણોનો વિચાર કરતાં તેનાં અનેક કારણો જણાયાં છે.

સંસ્કૃત–પ્રાકૃત ભાષાના જ્ઞાનનો અભાવ તેમજ અપૂરતા ભાષાકીય શિક્ષણનાં કારણે પણ ઉચ્ચારો અશુદ્ધ રહેતા હોય છે.

કેટલીક જગ્યાએ સંસ્કૃત–પ્રાકૃત ભાષાના જ્ઞાનથી વંચિત એવા શિક્ષકોના જ ઉચ્ચારો અશુદ્ધ હોય છે.

સ્કૂલના શિક્ષણનું સ્તર પણ દિન પ્રતિદિન ઘણું નીચે ઊતરી રહ્યું છે. તેથી મોટા ભાગના બાળકો જોડાક્ષરોને સાચી રીતે ઓળખી લખી, બોલી કે વાંચી શકતા નથી.

પુસ્તકો પણ અનેક પ્રકારનાં છપાય છે. તેમાંથી ભણનારને કયું પુસ્તક અનુકૂળ આવે એનો વિચાર કરતાં મોટા ભાગનાં પુસ્તકોમાં કોઈ ને કોઈ મુસીબતો જણાય છે. દા. ત. કેટલાંક પુસ્તકોમાં ઘણા વધુ પડતાં અવગ્રહ ચિહ્નો મૂકવામાં આવ્યા હોય છે. જેને નાના બાળકો તો ડગલાનો 'ડ' જ સમજી લેતા હોય છે.

અડધી ગાથાના અંતે જે । આવી ઊભી લીટી કરાય છે તે મુદ્રણદોષના કારણે ઘણીવાર અક્ષરની એકદમ નજીક આવી જતી હોય છે. જેને બાળકો કાના તરીકે સમજી લેતા હોય છે.

કેટલાંક પુસ્તકોમાં કાગળની વધુ પડતી કરકસર કરવા માટે છાપકામ ઘણું ગીચોગીચ કરવામાં આવ્યું હોય છે. નાના બાળકોને આવું ગીચ લખાણ જરા પણ માફક આવતું નથી. તેઓને તો છૂટું છૂટું લખાણ જ વિશેષ માફક આવતું હોય છે.

અતિચાર જેવા સૂત્રોમાં ઘણીવાર પેરેગ્રાફ જ હોતા નથી, જ્યાં હોય છે ત્યાં પણ અપૂરતા હોય છે.

અધૂરામાં પૂરું પ્રેસના ટાઈપો પણ એવા હોય છે કે બાળકોને ઘ, ધ, ધ્, તેમજ દ, દ આદિ અક્ષરોના ભેદ જાણવા પણ મુશ્કેલ થઈ પડે છે.

આમ અનેક કારણોસર શરૂઆતથી જ ભણનારનાં મુખમાં ઉચ્ચારની ખામી રહી જવા પામે છે, જે જીવન પર્યંત રહે છે અને પરંપરામાં પણ વહેતી રહે છે.

જો બે પ્રતિક્રમણનાં ને પાંચ પ્રતિક્રમણનાં સૂત્રોનાં પુસ્તકો, તેમાં પદો, ગાથાઓ, પેરેગ્રાફો વગેરેની વ્યવસ્થિત ગોઠવણવાળા, સૂત્ર–પાઠોના ભેદ રહિત એટલે કે સર્વત્ર એક સરખા સૂત્ર–પાઠવાળા, ઘ, ધ, ધ્, તેમજ દ, દ આદિ અક્ષરોના ભેદ સહેલાઈથી જાણી શકાય એવા સારા ને સુસ્પષ્ટ અક્ષરોવાળા, સારા મુદ્રણવાળા, સારા બાઇન્ડીંગ-વાળા ને ઊડીને આંખે વળગે તેવા આકર્ષક પ્રગટ થતાં રહે અને પાઠશાળાના અધ્યાપકો પણ શુધ્ધ ઉચ્ચારનું જ્ઞાન ધરાવનારા બને તો ઉચ્ચારની ખામીઓનું કાંઈક અંશે નિવારણ થઇ શકે ખરું !

જ્ઞાનપંચમી, મૌન એકાદશી, સંવત્સરી જેવા મોટા પર્વના દિવસોમાં પ્રતિક્રમણ ઘણું શાંતિથી અને સારી રીતે થવું જોઇએ, પરંતુ મોટે ભાગે એ મોટા પર્વના દિવસોમાં જ પ્રતિક્રમણની સભામાં ગરબડ, ઘોંઘાટ ને ટીખળ મોટા પ્રમાણમાં થતું જોવાય છે. એ બધું થવાનાં કારણો અનેક છે. તેમાંનું એક કારણ સૂત્રો બોલનારની ખામી પણ હોઇ

શકે છે. જો સૂત્રો બોલવાના આદેશ લેનારા પુણ્યાત્માઓ સૂત્રો બધાને સંભળાય તેવા મોટા અવાજે ને શુદ્ધ ઉચ્ચાર પૂર્વક મધુર રીતે બોલતા હોય તો આ બધી ગરબડ પણ ન થાય ને બોલનાર સાંભળનાર સહુનાં હૃદયમાં સારો ભાવ પણ જાગે !

આવશ્યક ક્રિયાઓ જો સૂત્ર ને અર્થના શુદ્ધ આલંબન પૂર્વક કરાય તો તેનાથી અપૂર્વ કર્મ નિર્જરા થાય. સૂત્રોના અર્થને નહિ જાણનાર પણ જો શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્રો બોલે તો તે પણ નિઃશંકપણે અપૂર્વ કર્મ નિર્જરાના હેતુભૂત થાય.

આ પુસ્તકની અંદર ઉચ્ચાર શુદ્ધિ અંગે શકય તેટલું માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પૂ. મુ. શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના 'પ્રતિક્રમણ સૂત્ર વિવેચના' ના બન્ને ભાગ જોઈ, તેમાંથી પણ ઉચ્ચાર શુદ્ધિ અંગેની કેટલીક વાતોની નોંધ લઈને તેનો પણ આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકનો ઉપયોગ કરનાર કે એનો લાભ ઉઠાવનાર વર્ગ ઘણો થોડો જ રહેવાનો ! ૧૫–૧૬ વર્ષની ઉંમરના કુમારો ને નવયુવાનો તો હવે પાઠશાળામાં લગભગ જોવા મળતા જ નથી. પાઠશાળામાં ભણવા આવનારા બાળકો ઘણાં નાનાં હોય છે. તેઓને તો આ પુસ્તક સીધે સીધું ઉપયોગી થવાનો સંભવ જ નથી. કારણ કે તેઓ આ પુસ્તકમાં લખેલી ઉચ્ચાર શુદ્ધિ અંગેની વાતો

સમજી શકે એ શકય લાગતું નથી. એટલે મોટે ભાગે તો પાઠશાળાના અધ્યાપકો જ આનો લાભ ઉઠાવી શકે તેમ છે. પણ બધા જ અધ્યાપકો આનો લાભ ઉઠાવે એય બનવા જોગ નથી. આ પુસ્તકનો ઉપયોગ કરનારા અને એનો લાભ ઉઠાવનારા અધ્યાપકો પણ ઘણા થોડા જ રહેવાના! આમ ઘણા થોડા પુણ્યાત્માઓને પણ જો આ પુસ્તક તેમના ઉચ્ચાર દોષ દૂર કરવામાં કે શુધ્ધ ઉચ્ચાર કરવામાં સહાયક અથવા ઉપયોગી બનશે તો પણ મારો આ પ્રયત્ન નિઃશંક ફળદાયી બનેલો જ છે.

પાલનપુર પાઠશાળાના અધ્યાપક કાંતિલાલ ભૂધરદાસ શાહ તરફથી ઉચ્ચારની ખામીઓનાં કેટલાંક કારણો પત્રદ્વારા જાણવા મળ્યાં હતાં. તેનો આ પ્રસ્તાવનામાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકનો મુખ્ય વિષય ઉચ્ચાર શુધ્ધિ અંગેનો છે. ગૌણરૂપે પાઠશાળાને લગતા બીજા વિષયો પણ તેની અંદર આવરી લેવામાં આવ્યા છે.

આ પુસ્તકનાં સંશોધન આદિ કાર્યોમાં પૂ. સ્વ. આ. શ્રી કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજા, પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર, પૂ. ગણિવર્ય શ્રી જગચ્ચન્દ્ર વિજયજી મહારાજ, પૂ. મુ. શ્રી પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ, પૂ. મુ. શ્રી રત્નભૂષણ વિજયજી મહારાજ, મુ. શ્રી જયસુંદરવિજયજી મહારાજ તથા શાન્તિદાસ ખેતસીભાઈ જૈન સંસ્કૃત પાઠશાળા—જામનગરના પ્રાધ્યાપક

પંડિતપ્રવરશ્રી વ્રજલાલ વાલજી ઉપાધ્યાયનો સુંદર સહકાર સદ્ભાગ્યે પ્રાપ્ત થયો છે.

અંતે જણાવવાનું કે, આ વિષયમાં આ પહેલો જ પ્રયાસ હોવાથી તેમાં અનેક ત્રુટિઓ–ખામીઓ હોવાનો સંભવ છે. સહૃદયી અધ્યાપકો તે જણાવશે તો તેને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. મિત્રભાવે બતાવેલી ભૂલો તો મીઠી જ લાગે! ભૂલો જાણવામાં આવે તો જ તે દૂર થઈ શકે.

વળી વિદ્વાન મુનિગણને સાંજલિ પ્રાર્થના છે કે, તેઓ આ પુસ્તકની ક્ષતિઓને સુધારે અને તેની જાણ પણ કરે. સજ્જનોને આવી અભ્યર્થનાની જરૂર ખરી?

| | |
|---|---|
| વિ. સં. ૨૦૩૯ | પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી |
| અક્ષયતૃતીયા | રવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ |
| ( વૈ. શુદ ૩ ) | હિતવિજય |
| અમદાવાદ. | |

# પ્રાસ્તાવિક

## અતિ આવશ્યક પ્રયાસ

### શ્રી જૈન-દર્શનની શ્રેષ્ઠતા

જૈન-દર્શન પોતાની મૂળભૂત વિશેષતાઓથી સઘળાય આસ્તિક દર્શનોમાં આગવું સ્થાન ધરાવે છે. એ જેટલું વિશાળ છે એટલું જ ગહન-ઊંડાણવાળું અને એટલું જ અણિશુદ્ધ પણ છે.

શ્રી તીર્થંકર દેવોએ ભાખેલા અને શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા આગમો, એ આ જૈન-દર્શનનો પાયો છે. વિશ્વમાં અજોડ કહી શકાય એવું તત્ત્વજ્ઞાન એમાં સમાયેલું છે. વિદ્યાનો કોઈ એવો પ્રકાર નથી કે જેનું નિરૂપણ આ આગમોમાં થયું ન હોય. નિપુણ બુદ્ધિએ સ્થિરતા પૂર્વક એનું અવગાહન કરનાર આત્મા પળે પળે જે વર્ધમાન આત્મિક આનંદનો અનુભવ કરે છે એ ખરેખર ! અનિર્વચનીય છે. આ આનંદની સરખામણી જગતના બીજા કોઈ આનંદની સાથે થઈ શકતી નથી. એથી જ આ લોકોત્તર જિન-શાસનમાં થઈ ગયેલા અનેક વિદ્વાન મહાપુરુષો આ શાસનની ખૂબીઓ જાણી એના ઉપર સાચે જ આફરીન થઈ ગયા છે. આ શાસનની અપૂર્વતાનો વિચાર કરતાં તેઓના

મુખમાંથી એકાએક એવા શબ્દો સરી પડે છે કે—

न वीतरागात्परमस्ति दैवतं,
न चाप्यनेकान्तमृते नयस्थितिः ।

શ્રી વીતરાગ પરમાત્મા કરતાં ચડિયાતા બીજા કોઇ દેવ નથી અને અનેકાન્તવાદ સિવાય બીજો કોઇ નય માર્ગ નથી.

આવું અણમોલ શાસન પ્રાપ્ત કરનાર આત્મા ખરેખર! મહાપુણ્યશાળી છે. ચક્રવર્તીની સાહ્યબી કરતાં પણ જ્ઞાનીઓએ આ શાસનને વધુ મૂલ્યવંતુ જણાવ્યું છે.

હવે આવા અણમોલ શાસનને પામ્યા પછી એની પ્રાપ્તિને સાર્થક કરવા શું શું કરવું જોઇએ એ વિચારવું ખૂબ જ જરૂરી છે. પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજના શબ્દોમાં કહીએ તો–અનાદિકાળથી આત્માને વળગેલાં કર્મોનો ક્લેશ દૂર થાય એવો પ્રયત્ન કરવો એજ જિનશાસનથી વાસિત એવા માનવભવની પ્રાપ્તિનો પરમાર્થ છે.

અનાદિકાલીન એ કર્મક્લેશ દૂર કરવા માટે જરૂરી છે—આશ્રવના ત્યાગ અને સંવરના સેવનરૂપ વિરતિ–માર્ગની આરાધના! અને એ વિરતિમાર્ગની સુવિશુદ્ધ આરાધના માટે જરૂરી છે–શ્રદ્ધાપૂર્વકનું સાચું જ્ઞાન! શ્રદ્ધા પૂર્વકનું સાચું જ્ઞાન એટલે જ સમ્યગ્જ્ઞાન! સમ્યગ્જ્ઞાનના અભ્યાસ માટે જરૂરી છે, જ્ઞાનની પરબ સમી પાઠશાળા આદિ સંસ્થાઓ!

## સમ્યગ્જ્ઞાન એજ આત્મોન્નતિનું પરમ સાધન

'ज्ञानक्रियाभ्यां मोक्षः' એ સુપ્રસિદ્ધ વાકયમાં મોક્ષના સાધનભૂત ગણવામાં આવતા બે સાધનોમાં જ્ઞાનને પ્રથમ

સ્થાન આપવામાં આવ્યું છે તે સહેતુક જ છે. જ્ઞાન વગરની એકલી જડરૂપ બનેલી ક્રિયા કર્મનિર્જરા સાધી શકતી નથી. એટલે ક્રિયાને સામર્થ્યવાળી બનાવવા માટે જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે.

'पढमं नाणं तओ दया' એ પ્રસિદ્ધ સિદ્ધાન્ત વાક્ય પણ જ્ઞાનની મુખ્યતા સિદ્ધ કરવા માટે પૂરતું છે.

## વિધિપૂર્વક જ્ઞાનાભ્યાસની જરૂર

ગણધર ભગવંત આદિ દ્વારા રચવામાં આવેલાં આપણા આવશ્યક સૂત્રો એ મન્ત્ર સ્વરૂપ અને મહાપ્રભાવ સંપન્ન છે. એ સૂત્રો આદરપૂર્વક, વિધિપૂર્વક અને ઉચ્ચારની શુદ્ધિપૂર્વક જ ગ્રહણ કરવાં જોઇએ. સૂત્રમાં આવતા અક્ષરો યોગ્ય રીતે બોલાય તો તે યથાર્થ ફળદાયી બને છે.

કેટલાક લોકો 'શ–ષ–સ'માં કાંઇ જ ફેર જોતાં નથી, પણ એ ત્રણેય અક્ષરો એકબીજાથી સદંતર ભિન્ન છે અને જ્યારે એકના સ્થાને બીજો વપરાઈ જાય છે ત્યારે શબ્દાર્થમાં ઘણો મોટો તફાવત પડી જાય છે. અરે! શબ્દના માથે એક નાનકડું મીંડું પણ જ્યારે આવે છે અને જાય છે ત્યારે અર્થની ઊલટ–પાલટ કરી નાખે છે. જેમકે–अधीयउ એટલે ભણે અને अंधीयउ એટલે અંધ બને. આ કારણથી પ્રતિક્રમણ આદિ ક્રિયા કરતી વખતે સૂત્રોનું ઉચ્ચારણ ખૂબ કાળજીપૂર્વક કરવું જોઈએ. પણ ભણતી વખતે જરૂરી એવી ચીવટ નહિ રાખવાના કારણે આપણે ત્યાં બોલાતાં ચૈત્યવંદન પ્રતિક્રમણ વગેરેનાં સૂત્રોમાં ઉચ્ચારની શુદ્ધિ બહુ ઓછી જળવાય છે. ઓછી જળવાય છે એટલું જ નહિ પણ



*

'એ તો બધું ચાલે', 'એમાં શું થઈ ગયું?', એવી ઝીણી ઝીણી ભૂલો તે જોવાતી હશે?' એવું માની મનાવીને એના પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાઇ રહ્યું છે.

### પાઠશાળા એ જૈન-શાસનનું આવશ્યક અંગ

જૈન શાસનનાં સર્વ અંગોના વિકાસના મૂળમાં પાઠ-શાળા એ ઉપયોગી અંગ છે. એમાં કરાવવામાં આવતો અભ્યાસ અને આપવામાં આવતા ધર્મક્રિયા અને આચારના સુસંસ્કારો માનવ જીવનરૂપી ઉત્તમ મહેલને માટે સુદૃઢ પાયાનું કામ કરે છે.

પણ સખેદ કહેવું પડે છે કે, વર્તમાનમાં પલટાયેલી શિક્ષણ પદ્ધતિએ અને જીવન પદ્ધતિએ પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવાની આપણી ઉત્તમ પ્રાચીન પ્રણાલિકાને ઘણું મોટું નુકસાન પહોંચાડ્યું છે. સાથે સાથે ધર્મક્રિયા અને આચારોને પણ એટલું જ નુકસાન પહોંચાડ્યું છે.

શાળા-કોલેજના અભ્યાસમાં જ મોટા ભાગનો સમય વીતાવતા બાળકો પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવા માટેનો સમય ફાળવી શકતા નથી અને ધાર્મિક અભ્યાસના અભાવે જૈન-દર્શનના આત્મહિતકર અમૂલ્ય તત્ત્વજ્ઞાનથી વંચિત રહે છે. એના કારણે વળી પરંપરાગત ચાલ્યા આવતા ધાર્મિક ક્રિયાઓના અને ધાર્મિક આચા-રોના મહામૂલ્યવાન વારસાને પણ ગુમાવી બેસે છે. એથી જીવન-મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્ગતિ સાધી શકતા નથી. અનાચારની ઊંડી ખીણમાં ધકેલાઈ જાય છે. આર્ત્ત-રૌદ્રધ્યાનમાં પડી જાય છે. અસમાધિમાં જીવે છે,

અસમાધિમાં મરે છે, દુર્ગતિમાં ધકેલાઈ જાય છે ને દુઃખના દાવાનળમાં હોમાઈ જાય છે. આવું ન બને એ માટે પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવાની વાતને, પાયાનો પ્રશ્ન માનીને એ દિશામાં સંગીન પ્રયાસ કરવો એ શ્રમણ સંઘના મોવડીઓનું પરમ કર્તવ્ય બની રહે છે. નિષ્ઠા પૂર્વક કરાયેલો પ્રયાસ સફળ બન્યા વગર રહેતો જ નથી.

જૈનધર્મના તાત્ત્વિક અભ્યાસ અને આચારોથી વંચિત રહેનારા આજના બાળકોના હાથમાં આવતી કાલે જ્યારે સંઘનું સુકાન આવશે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાશે એ કલ્પવું મુશ્કેલ છે. આવી પરિસ્થિતિ સર્જાય એ પહેલાં જ જાગૃત બનીને ધાર્મિક અભ્યાસના વિષયમાં જોરદાર પ્રયત્નો કરવા જરૂરી છે.

## અતિ આવશ્યક પ્રયાસ

પાઠશાળામાં અભ્યાસ કરતા બાલક-બાલિકાઓ શુદ્ધિ પૂર્વક સુત્રોનો અભ્યાસ કરે અને એમાં આગળ વધે એ માટે અપૂર્વ ધગશ ધરાવનાર **મુનિશ્રી હિતવિજયજીએ** કરેલો આ પ્રેયાસ ખરેખર ! અતિ આવશ્યક અને અનુમોદનીય છે. આપણે ત્યાં ઘણા સમયથી ઉચ્ચારશુદ્ધિ વિષયક પુસ્તકની ઉણપ હતી તે આજે એમના દ્વારા દૂર થાય છે.

શિક્ષકો તથા અભ્યાસકો આ પુસ્તકનો ઉપયોગ કરી, સૂત્રોના ઉચ્ચારની શુદ્ધિ કેળવી, જ્ઞાનની આરાધના કરી આત્મશ્રેયઃ સાધે એજ અભ્યર્થના.

વિ. સં. ૨૦૩૯
અષાડ સુદિ ૫
પાંજરાપોળ, અમદાવાદ.

વિજય હેમચન્દ્રસૂરી

## —પુરોવચન—

સંસરણશીલ–અસિધ્ધ–આત્માને એક દેહ છોડયા પછી અવશ્યમેવ દેહાન્તર સમ્બન્ધ રહે છે, જ્યારે સિદ્ધ–આત્માને દેહમુક્તિ પછી દેહાન્તર સ્થિતિ રહેતી જ નથી.

આત્મા વિનાનો કેવળ દેહ સ્મશાન ભણી લઇ જવો પડે છે. જ્યારે દેહ વિનાનો કેવળ આત્મા–સિધ્ધાત્મા સ્વયં ઊર્ધ્વગતિ સમાપન્ન–સિધ્ધશિલા–પ્રતિષ્ઠિત બની જાય છે.

જો ભાષાને દેહ ગણાવી શકાય તો ભાવને આત્મા ગણાવી શકાય. આત્માનું સ્વતઃ કોઇ રૂપ–આકાર નથી તેમ ભાવનો પણ કોઈ આકાર નથી. ભાષાદ્વારા ભાવ અભિવ્યક્ત થાય છે, દેહદ્વારા જેમ આત્મા. દેહમાંથી આત્મા દૂર થયા પછી દેહની–કલેવરની શી કિંમત? તદ્વત્ ભાવની સાથે તાલ ન મિલાવતી ભાષાની પણ શી કિંમત?

યદ્યપિ પરમાર્થથી વિચારીએ તો જડ–ચેતન બન્ને તત્ત્વો એકાન્તે સર્વથા ભિન્ન જ છે, જેમ ભાષા અને ભાવ! આમ છતાં વ્યવહારથી વિચારીએ તો સંસારસ્થ દેહસમ્બધ્ધ આત્મા તો જડ–ચેતનના સુભગ–સમન્વયાત્મક છે. એકબીજા થી જુદા જુદા રહેતા બારાખડીના અક્ષરો, વ્યવસ્થિત ગોઠવણીથી ભાષારૂપ બની ભાવુકોને દેહવિમુક્ત આત્માના વિવેકનું ભાતું પૂરું પાડે છે.

સિદ્ધ ભગવંતો ભાષાથી પર છે એટલે ભાષા જ્યાં ન પહોંચી શકે ત્યાં પહોંચી ગયા છે. અસિદ્ધ આત્માઓને એટલે કે આપણને ભાષા વિના ચાલવાનું જ નથી.

સ્વાભાવિક સામર્થ્ય અને સંકેતના બળથી ભાષા એ અર્થબોધનું પરમ આવશ્યક કારણ છે. ભાષામાં ઉચ્ચારણ શુદ્ધિ પરમ આવશ્યક છે. ઉચ્ચારણમાં થતા ફેરફારોથી મોટો અનર્થ સંભવી શકે છે. અતઃ ઇષ્ટાર્થની સિદ્ધિમાં સાવધાનતા પૂર્વક ભાષાકીય શુદ્ધિ અત્યન્ત ઉપાદેય છે. આ દિશામાં પ્રસ્તુત પુસ્તક ઘણું ઘણું માર્ગદર્શન આપી જાય છે.

લેખક–સમ્પાદક મુનિવરશ્રીનો શ્રેયોમૂલક આ પ્રયાસ સર્વથા સ્તુત્ય એવં અનુમોદનીય છે.

અસ્તુ !

પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય

પ્રાધ્યાપક :—

શાંતિદાસ ખેતસીભાઈ જૈન સંસ્કૃત પાઠશાળા—જામનગર

# સાદર સમર્પણ



સ્વ. પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવર

त्वदीयं तुभ्यमर्पये ।

(આપશ્રીનું જ આપને અર્પણ કરું છું.)

પરમોપકારી પૂજ્યવર!

માગવાથી તો સહુ કોઇ આપે. વગર માગ્યે તો કોઇક જ આપે. વગર માગ્યે આપશ્રીએ કૃપા વરસાવીને સામેથી બોલાવીને, આપશ્રીની સૂત્રોચ્ચાર શુદ્ધિની કળા મને આપી. આપશ્રીની કળાનું એ અણમોલ રત્ન સદ્ભાગ્યે મારા વડે ઝીલી લેવાયું. આપશ્રીનું એજ અણમોલ રત્ન આજે આ પુસ્તકરૂપી રત્નમંજૂષામાં મૂકી એ મંજૂષાને જગત સમક્ષ ખુલ્લી મૂકતાં પહેલાં આપશ્રીના જ વરદ કરકમલમાં સાદર સમર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

આપનું હતું! આપને આપું છું! આપના પુણ્યપ્રભાવે સહુ કોઇને મળો!

સદૈવ કૃપાકાંક્ષી
–હિતવિજય

## : સુકૃતના સહભાગી :

## (અગાઉથી નકલો નોંધાવનારની નામાવલિ)

**નકલ** **નામ**

૧૦૦ શ્રી હાલારીવીશાઓસવાળ જૈનશિક્ષણસંઘ—જામનગર

૧૦૦ સ્વ. અંબાલાલ રતનચંદના સ્મરણાર્થે
હ. મૂળીબેન અંબાલાલ–ખંભાત

૧૦૦ શાહ વરધીલાલ સંપ્રીતચંદ—કાળુપુર,
ટંકશાળ, અમદાવાદ

૧૦૦ ગાંધી હીરાલાલ નગીનદાસ–અમદાવાદ

૧૦૦ સોમચંદ ડી. શાહ પાલીતાણા

૫૦ ઋષિકુમાર કિરણભાઇ શાહ–અમદાવાદ
પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવરના સદુપદેશથી

૫૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી

૫૦ શાહ રસિકલાલ ગોપાળજી (મહુવાવાળા) માટુંગા

૨૫ શેઠ લહેરચંદ ભોગીલાલ સ્મારક ટ્રસ્ટ–પાટણ (ઉ. ગુ.)

૨૫ શેઠ ભોગીલાલ આશારામ–અમદાવાદ
પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવરના સદુપદેશથી

૨૫ જેશીંગલાલ ચોથાલાલ મેપાણી–(ડીસાવાળા) મુંબઈ
હ. રાજેન્દ્રકુમાર

| નકલ | નામ |
|---|---|
| ૨૫ | સ્વ. શાહ પનાલાલ દલીચંદ (શિહોરવાળા)ના આત્મશ્રેયાર્થે હ. બકુલ પનાલાલ |
| ૧૫ | શાહ ધનસુખલાલ હીરાલાલ (અમરેલીવાળા)–મુંબઈ સ્વ. રક્ષાબેનના આત્મશ્રેયાર્થે |
| ૧૦ | શાહ નગીનદાસ દલીચંદ (શિહોરવાળા)–માટુંગા |
| ૧૦ | શાહ રાયચંદ દલીચંદ (શિહોરવાળા)–સાવરકુંડલા |
| ૧૦ | શાહ શાન્તિલાલ સુંદરજી (અમરેલીવાળા)–માટુંગા હ. સુભદ્રાબહેન |
| ૧૦ | શાહ ભૂપેન્દ્રકુમાર શામજીભાઈ (શિહોરવાળા)–લીંબડી |
| ૧૦ | શાહ અમૃતલાલ નાનચંદ દલાલ–સુરેન્દ્રનગર |
| ૧૦ | ઝોટા જયેન્દ્રકુમાર હીરાલાલ (રાધનપુરવાળા)–મુંબઈ |
| ૧૦ | ઝવેરી મણીલાલ મગનલાલ–સુરત |
| ૧૦ | શાહ માંગીલાલ હરખચંદ (સાદડીવાળા)–અમદાવાદ |
| ૧૦ | શાહ કાન્તિલાલ કંકુચંદ–મહેસાણા |
| ૧૦ | દોસી છબીલદાસ જીવણલાલ–મોટી મારડવાળા |
| ૧૦ | શ્રી તપગચ્છ અમર જૈન શાળા–ખંભાત |
| ૧૦ | જયંતીલાલ એ. ગાંધી–મુંબઈ |
| ૧૦ | સંઘવી મણીલાલ ગકુરચંદ (કટોસણવાળા)–અમદાવાદ |
| ૫ | ઝોટા મહેન્દ્રકુમાર હીરાલાલ (રાધનપુરવાળા)–મુંબઈ |
| ૫ | જૈન પાઠશાળા–જુના ડીસા |
| ૫ | જયજિનેન્દ્ર વાસણ ભંડાર–મહેસાણા |
| ૫ | શાહ રતિલાલ મગનલાલ (કોંઢવાળા)–ધ્રાંગધ્રા |
| ૫ | શાહ દલીચંદ મગનલાલ (કોંઢવાળા)–ધ્રાંગધ્રા |
| ૫ | શાહ પંકજકુમાર જગદીશભાઈ–અમદાવાદ |

# અનુક્રમણિકા

## પ્રકરણ પહેલું : લેખક મુનિરાજશ્રી પૂર્ણચંદ્રવિજયજી


| અનુક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | સૂત્રો શુદ્ધ બોલો : મીંડું પણ મહાભારત સર્જે છે! | ૧ |
| | તે વિષયમાં રાજપુત્ર કુણાલની કથા | ૨ |
| ૨ | સૂત્રો–પાઠ વધારીને ન બોલાય! | ૭ |
| | તે વિષયમાં વાંદરા–વાંદરીની ચમત્કારિક કથા | ૮ |
| ૩ | સૂત્ર–પાઠ ઘટાડીને ન બોલાય! | ૧૨ |
| | તે વિષયમાં વિદ્યાધરની કથા | ૧૩ |
| ૪ | વિદ્યા વિનયથી મળે છે! | ૧૮ |
| | તે વિષયમાં શ્રેણિક રાજાની કથા | ૧૯ |
| ૫ | વિદ્યા વિનયથી ફળે છે! | |
| | તે વિષયમાં વિનયી શિષ્યની કથા | ૨૭ |


## પ્રકરણ બીજું : લેખક—મુનિરાજશ્રી હિતવિજયજી


| અનુક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | જોડાક્ષરોને ઓળખતાં અને તેનો ઉચ્ચાર કરતાં શીખો | ૩૭ |
| ૨ | શબ્દમાં ફેરફાર થવાથી થતું અર્થનું પરિવર્ત્તન | ૪૭ |
| ૩ | સૂત્રોના અશુદ્ધ ઉચ્ચાર કરવાથી થતું અર્થનું પરિવર્ત્તન | ૫૦ |
| ૪ | સૂત્રોચ્ચાર–શુદ્ધિ–દર્પણ (અશુદ્ધ–શુદ્ધ વિભાગ) | ૫૮ |
| ૫ | જોડિયા અક્ષરોને ઓળખતાં શીખો | ૭૧ |
| ૬ | ઉચ્ચાર–શુદ્ધિ અંગે વિશેષ માર્ગદર્શન | ૭૫ |
| ૭ | પ્રચલિત શબ્દો–અપેક્ષિત શબ્દો | ૮૯ |

૮ એક વિનમ્ર સૂચન ૮૫
૯ ત્રણ પ્રકારનાં આલંબન ૮૬


**પ્રકરણ ત્રીજું : લેખક મુનિરાજશ્રી હિતવિજયજી**

| અનુક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | પાઠશાળાનાં ચાર અંગો અને તેમની ફરજો | ૯૦ |
| ૨ | બાળકો-વિદ્યાર્થીઓની ફરજ | ૯૧ |
| ૩ | બાળકોના મા-બાપની ફરજ | ૯૯ |
| ૪ | વારસો ધનનો કે ધર્મનો? | ૧૦૨ |
| ૫ | વિદ્યાગુરુઓની-શિક્ષકોની ફરજ | ૧૦૪ |
| ૬ | કાર્યવાહકોની ફરજ | ૧૦૬ |
| ૭ | દવા અને હવા | ૧૦૮ |

**પ્રકરણ ચોથું : લેખક-મુનિરાજશ્રી હિતવિજયજી**

| અનુક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ન્યાયાધીશનું દૃષ્ટાંત | ૧૧૦ |
| ૨ | સમ્યગ્જ્ઞાનનો મહિમા | ૧૧૩ |
| ૩ | જ્ઞાનની આશાતના અને આરાધના | ૧૧૬ |
| ૪ | કૃતજ્ઞતા અને કૃતઘ્નતા | ૧૨૦ |
| ૫ | ધર્મનું મૂળ વિનય | ૧૨૧ |
| ૬ | વિનય અને વિદ્યા | ૧૨૨ |
| ૭ | વિનય કોને કહેવાય | ૧૨૪ |
| ૮ | સરળ તત્ત્વજ્ઞાન | ૧૩૨ |

**પ્રકરણ પાંચમું : વિવિધ લેખ સંગ્રહ**

| અનુક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ઘર એ જ પાઠશાળા : સંકલનકાર મુનિરાજશ્રી દિવ્યભૂષણવિજયજી | ૧૫૮ |
| ૨ | શ્રાવકનું ઘર—સંસ્કારની શાળા લેખક—મુનિરાજશ્રી મુક્તિપ્રભવિજયજી | ૧૬૧ |

૩ જિનશાસનના શણગાર સંપ્રતિ મહારાજાની કથા ૧૬૭
૪ જિનશાસનના અણગાર આર્યરક્ષિતસૂરિજીની કથા ૧૭૧
૫ ઉચ્ચારશુદ્ધિ નિર્દેશ
લેખક—પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય ૧૭૬
૬ શુદ્ધિ : દ્રવ્યથી અને ભાવથી
લેખક સ્વ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર ૧૭૭
૭ મૂળમાં પાણી સીંચવાનો પ્રયાસ
લેખક–પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર ૧૭૯
(આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ)
૮ દીવડા પ્રગટાવો દિલમાં(રાજકુમાર–રૂપપરીની કથા)
લેખક–આ૦ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ
(આ. શ્રી શાન્તિચન્દ્રસૂરીશ્વરજીના સમુદાયના) ૧૮૩
૯ સૂત્ર–ગ્રહણ–પદ્ધતિ
લેખક પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર
( આ૦ શ્રી હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ ) ૧૯૬
૧૦ ભાષાદોષ અને સભાક્ષોભ
( કુમારપાળ મહારાજા અને બે પંડિતોની કથા )
લેખક–મુનિરાજશ્રી જયસુંદરવિજયજી ૨૦૨
૧૧ સિદ્ધિનાં સોપાન : ઇચ્છા અને પ્રયત્ન :
લેખક–મુનિશ્રી હિતવિજયજી ૨૦૮
૧૨ સૂત્ર–પાઠ–રીતિ
લેખક–પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર
( આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ ) ૨૧૨
૧૩ જ્ઞાનના આઠ આચારો
લેખક–સ્વ૦ પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર ૨૧૫
૧૪ વ્યંજન–શુદ્ધિ અને ભાષા–શુદ્ધિ:પ્રબોધટીકામાંથી ૨૧૮

# આપણી પાઠશાળા
# અને
# ઉચ્ચાર વિચાર




મુનિશ્રી હિતવિજયજી

પ્રકરણ-૧ લું

# પાંચ પગથિયાં

લે. મુનિરાજશ્રી પૂર્ણચંદ્રવિજયજી


પ્રવેશદ્વાર
હું વિદ્યા વિનયથી મેળવીશ
હું વિદ્યા વિવેકથી વાપરીશ
હું વિદ્યા મેળવતાં શુદ્ધિ જાળવીશ ને અશુદ્ધિ ટાળીશ
હું સૂત્ર-પાઠ વધારીને નહિ બોલું
હું સૂત્ર-પાઠ ઘટાડીને નહિ બોલું

एकः शब्दः सम्यग्ज्ञातः शास्त्रान्वितः
सुप्रयुक्तश्च स्वर्गे लोके कामधुग्भवतीति
वैयाकरणानां मतम् ।

ભાવાર્થ : શાસ્ત્રાનુસારે સારી રીતે જાણેલો ને સારી રીતે યોજેલો માત્ર એક જ શબ્દ સ્વર્ગલોકમાં ઇષ્ટસિદ્ધિ-દાયક બની રહે છે—એવો વ્યાકરણવેત્તા-ઓનો મત છે.

—ભાષ્યકાર પતંજલિ

અ. ૧, પા. ૧, આ. ૧

# પ્રકરણ પહેલું

લેખક :– મુનિરાજ શ્રી પૂર્ણચન્દ્રવિજયજી

## સૂત્રો શુદ્ધ બોલો : મીંડું પણ મહાભારત સર્જે છે !

બાળકો ! તમારું જીવન તો કોરી પાટી જેવું છે. આ કોરી પાટી ઉપર ધાર્મિક અભ્યાસનો એકડો ઘૂંટવો એ જેટલી મહત્ત્વની વાત છે; એથી પણ વધારે મહત્ત્વની વાત તો એ છે કે એ એકડો શુધ્ધ ઘૂંટાવો જોઈએ. એકડો ઘૂંટતી વખતે અશુદ્ધિ થઈ જતી હોય એ હજી નિભાવી લેવાય; પણ એ અશુદ્ધિ એકડો ઘૂંટતા આવડી જાય, ત્યાં સુધીમાં તો સુધરી જવી જ જોઇએ.

તમે કહેશો કે–શુદ્ધિ–અશુદ્ધિ ઉપર આટલો બધો ભાર આપવાની જરૂર શી છે ? આ બે વાત વચ્ચે ફેર કાંઇ બહુ મોટો હોતો નથી. એકાદ મીંડું કે એકાદ માત્રા જ શુદ્ધને અશુદ્ધ અથવા અશુદ્ધને શુદ્ધ બનાવી દેતી હોય છે ! તો પછી એને આટલું બધું મહત્ત્વ આપવાની શી જરૂર ?

તમારો પ્રશ્ન સાચો છે. પણ એનો જવાબ હું આપું એના કરતાં અહીં આગળ કહેવાતી કેટલીક સુંદર કથાઓ જ એનો જવાબ તમને ખૂબ સારી રીતે આપી દેશે. માત્ર એક જ મીંડું મૂકવું ભૂલી જઇએ તો, કુંતી [ પાંડવોની માતા ] કુતી [ કૂતરી ] બની જાય છે; અને ભૂલથી કુતી ઉપર મીંડું મૂકી દઇએ તો કૂતરી પાંડવોની માતા કુંતી બની જાય છે. આવું રમૂજી મહાભારત માત્ર એક મીંડું જ

સર્જી શકે છે. આ કુંતી–કુતીની વાત તો તમે જાણતા જ હશો ! પણ આ એક નાનકડાં મીંડાએ રાજપુત્ર–કુણાલને આંધળો બનાવી દેવામાં કેવો ભાગ ભજવ્યો, એની ઐતિહાસિક વાત તમારી આગળ રજૂ કરીને, સાધારણ ગણાતું એક મીંડું કે એક માત્રા પણ કેવું અસાધારણ બળ ધરાવે છે એ વાતનો મારે તમને ખ્યાલ આપવો છે. ચાલો, ત્યારે એ રાજપુત્ર – કુણાલની વાતથી જ આપણે આપણા આ પાઠના શ્રી ગણેશ માંડીએ !

## રજ જેવડી ભૂલ ! ગજ જેવડી સજા !

મહાબુદ્ધિશાળી ચાણાકયનું નામ તો તમે બધાએ સાંભળ્યું જ હશે ! તેઓ જૈન – મંત્રી હતા. તેમણે ઘણી ઘણી મહેનતથી નંદવંશનો નાશ કરીને, મૌર્યવંશનાં મંડાણ કર્યાં હતાં ! એ મૌર્યવંશનાં પહેલા રાજવી તરીકે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કરવામાં અને એના રાજ્યને આગળ વધારવામાં મંત્રીશ્વર ચાણાકયનો ફાળો બહુ જ મોટો હતો.

પાટલિપુત્ર એ મૌર્યવંશની રાજધાનીનું શહેર હતું. ચન્દ્રગુપ્ત પછી બિંદુસાર નામે રાજા થઈ ગયો. ત્યાર પછી અશોકશ્રી નામે રાજા થયો. આપણો કથાનાયક રાજપુત્ર – કુણાલ, એ આ અશોકશ્રી રાજાનો પાટવીકુંવર હતો. રાજા અશોકશ્રી પછી રાજગાદીનો વારસદાર આ કુણાલ જ હતો. પણ એ નાનો હતો ત્યારે જ એની માતા મરણ પામી ચૂકી હતી. તેથી તેની સાવકી મા [અપરમાતા]

તરફથી કુણાલના જીવનને માટે મોટો ભય હતો.

અશોકશ્રી રાજાની રાણીઓની આંખમાં આ કુણાલ કાંટાની જેમ ખૂંચતો હતો. કારણ કે રાજગાદીનો હક્કદાર એ હતો. તેથી બીજી રાણીઓ કુણાલનો કાંટો કાઢી નાખવાના પેંતરા રચતી હતી – કાવતરાં કરતી હતી. એટલે એનાં જીવનનું રક્ષણ કરવા માટે એના પિતા અશોકશ્રી રાજાએ કુણાલને ઉજ્જયિની (ઉજ્જૈન) નામની નગરીમાં મોકલી આપ્યો. ત્યાં એના માટે એની સલામતીની અને એના ભણવા– ગણવાની બધી વ્યવસ્થા સંભાળે એવા થોડા અધિકારીઓ રાજાએ નીમ્યા. આમ કરવા પાછળ રાજાનો આશય એવો હતો કે–નમાયો કુણાલ સુરક્ષિત રહી શકે, ભણી ગણીને બરાબર તૈયાર થઇ શકે અને એના કાને માતાના મરણની વાત પણ અથડાય નહિ.

અધિકારીઓની દેખરેખ નીચે ઉજ્જૈનમાં વસતો કુણાલ લગભગ આઠ વરસનો થવા આવ્યો ત્યારે એના પિતા અશોકશ્રીને વિચાર આવ્યો કે હવે કુણાલને ભણાવવો જોઈએ, કારણ કે એ રાજગાદીનો વારસદાર છે! એથી રાજાએ એ વખતે વપરાતી પ્રાકૃત ભાષામાં એ અધિકારીઓ ઉપર એક પત્ર પાઠવ્યો. તેમાં લખ્યું કે 'કુમારો અધીયઉ' (કુમાર હવે ભણે) આ પ્રમાણે પત્ર લખીને બાજુ પર મૂકયો અને પોતે બીજા કોઇ કામમાં પરોવાઇ ગયો. એવામાં ભાગ્યયોગે કુણાલ ઉપર ખૂબ જ ખાર રાખતી તિષ્યગુપ્તા નામની ઓરમાન મા ત્યાં આવી

ચડી. એના હાથમાં અશોકશ્રી રાજાએ લખેલો પત્ર આવી ગયો. એ વાંચતાની સાથે જ રાણીના મનમાં વિચાર-વીજળી ઝબૂકી ઊઠી કે રાજગાદીનો હક્કદાર હોવાથી આ કુણાલ જ, મારા પુત્રને રાજગાદી મળવામાં અંતરાયરૂપ છે. આ અંતરાય દૂર થાય તો જ મારા પુત્રને રાજગાદી મળે. અત્યારે મને જ્યારે આ તક સાંપડી છે ત્યારે મારે એવું કાંઈક કરી દેવું જોઈએ કે– આ કુણાલ રાજ્ય ચલાવવા માટે યોગ્ય જ ન રહે ! એ સાથે જ એનાં મનમાં એક વિચાર–વિષ ઘોળાઈ ગયું કે– આ કુણાલ આંધળો બની જાય તો કેવું સારું !!! તિષ્યગુપ્તાએ એ પત્રમાં માત્ર એક જ મીંડું ઉમેરીને પોતાનું કાર્ય સાધી લીધું.

એ મીંડું ચડયું 'અધીયઉ' શબ્દને માથે ! અને તેણે અર્થનો અનર્થ કરી નાખ્યો ! મીંડું માથે પડતાં 'અધીયઉ' નું 'અંધીયઉ' બન્યું. 'કુમારો અધીયઉ' નો અર્થ હતો–કુમાર ભણે ! 'કુમારો અંધીયઉ' નો અર્થ થયો–કુમાર આંધળો થાય !

અશોકશ્રી રાજા હવે તે પત્રમાં કાંઈ ફેરફાર ન કરે તેની તકેદારી રાખતી તિષ્યગુપ્તા ત્યાં જ બેસી રહી. પોતે લખેલો પત્ર બીડતાં પહેલાં ફરીથી એકવાર વાંચી જવો જોઈએ, પણ રાજા ઘણાં કામમાં વ્યગ્ર હોવાથી તે પત્ર ફરીથી વાંચ્યા વિના જ બીડી દીધો અને સીલ કરી ઉપર રાજ્યની મહોર છાપ મારી ઉજ્જૈન રવાના પણ કરી દીધો ! ઉજ્જૈનમાં વસતાં એ અધિકારીઓના હાથમાં

જ્યારે એ પત્ર આવ્યો ત્યારે તે પત્ર વાંચીને અધિકારીઓ અતિ ઉદાસ બની ગયા ! રાજપુત્ર – કુણાલ વયમાં નાનો હતો પણ વિનય - વિવેકમાં એક્કો હતો. પિતાજીનો પત્ર આવ્યાની વાત સાંભળીને એમાંનો સંદેશો જાણવાની એને તાલાવેલી લાગી. એટલે એણે આભાર અને અહોભાવ ભરી વાણીમાં અધિકારીઓને કહ્યું :–

આજનો મારો દિવસ ધન્ય છે ! આજે મારા અહોભાગ્ય કે પિતાજીનો મારા ઉપર પત્ર આવ્યો ! બોલો ! પિતાજીનો શો સંદેશો છે ? પિતાજીની મારા માટે શી આજ્ઞા છે ? હું પિતાજીની આજ્ઞા જાણું નહિ ત્યાં સુધી જંપીને બેસી શકું નહિ !

અધિકારીઓનાં હૃદય ગમગીન હતાં ! મુખ ઉદાસ હતાં ! તેઓ વિચારી રહ્યા હતા કે– પિતા જેવા પિતાએ પોતાના વહાલા પુત્રને માટે આવી આજ્ઞા શા માટે ફરમાવી હશે ? પોતાનો પુત્ર આંધળો બને એવું તો કોઈ જ પિતા ઇચ્છે નહિ ! ન કહેવાય અને ન સહેવાય એવી આ વાત છે !

અધિકારીઓએ પત્રની વાત દબાવી દેવા માટે ઘણી ઘણી મહેનત કરી, પણ કુણાલની બાળહઠ અને રાજહઠ આગળ અંતે એમને નમતું જોખવું પડયું. એમણે આંસુ સારતી આંખે ને ગદગદ કંઠે જણાવ્યું કે– કુમાર ! આપના પિતાજીની આજ્ઞા છે કે– કુણાલ હવે આંધળો બને !

કુણાલે કહ્યું ઓહ ! એમાં શી મોટી વાત છે ! હું મૌર્યવંશમાં જન્મેલો સપૂત છું. એથી મારે મન મારી

આંખો કરતાં મારા પિતાની આજ્ઞાનું મહત્ત્વ ઘણું વધારે છે. માટે તમારે ખેદ કરવાની જરૂર નથી.

પિતાની આજ્ઞા પાળવા ખાતર હું મારી જાતે જ અંધાપો વહોરી લેવા તૈયાર છું. માટે તમારે આજ્ઞાનો અમલ કરતાં ગભરાવાની કોઈ જરૂર નથી.

સહુનાં હૃદય હચમચાવી નાખે એવી એક પળ આવી પહોંચી ને રાજકુમાર કુણાલે રતન જેવી બે આંખોમાં ધગધગતા લોઢાના સળિયા ચાંપી, છતી આંખે અંધાપો વહોરી લીધો ! ( જુઓ મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર )

બાળકો ! જોયું ને ! એક મીંડાએ રાજકુમારનાં જીવન સાથે કેવો ખતરનાક ખેલ ખેલી નાખ્યો ? કુણાલની આ કથા, શબ્દમાં એક મીંડાનો વધારો પણ અર્થનો કેવો અનર્થ કરી નાખે છે ! એ જ જણાવે છે. પણ એની સાથે સાથે પિતૃભક્તિનો પાઠ, આજ્ઞાંકિતતાનો આદર્શ અને મૌર્યવંશની મહાનતાનોય પરિચય કરાવી જાય છે.

આ કુણાલને આગળ જતાં એક પુત્ર થયો. જે સંપ્રતિ મહારાજાના નામે ઇતિહાસ–પ્રસિદ્ધ બનીને પાટલીપુત્રનો રાજા બન્યો અને તિષ્યગુપ્તાના મનની મેલી મુરાદો મનમાં જ રહી ગઈ ! આ બધી કથા તો બહુ લાંબી છે. આખી વાર્તા કોઈવાર તમે તમારા અધ્યાપક પાસેથી સાંભળશો તો તમને ઘણું ઘણું જાણવા મળશે.

# સૂત્ર-પાઠ વધારીને ન બોલાય !

બાળ-જીવનની પાટી પર ધાર્મિક અભ્યાસનો એકડો શુદ્ધ રીતે ઘૂંટવાનું કેટલું બધું જરૂરી છે ! મીંડા-માત્રાનીય ભૂલ કેવો-કેટલો બધો મોટો અનર્થ ઊભો કરી જાય છે ! એ તમે રાજકુમાર-કુણાલના એક જીવન-પ્રસંગ પરથી બરાબર સમજી ગયા. હવે બીજા પાઠ તરીકે તમારે એ વાત સમજવાની છે કે જ્યાં જે પાઠ જેટલો બોલવાનો હોય, એટલો જ બોલવો જોઈએ. એ પાઠના અક્ષરો બે વાર ન બોલાય. અધિકસ્ય અધિકં ફલમ્-વધારેનું ફળ વધુ, એમ માનીને કાઉસ્સગ્ગમાં નવકાર કે લોગસ્સ વધારે ન ગણાય ! આ એક ઘણી મહત્ત્વની વાત છે.


પાપડનો આસ્વાદ માણવો હોય તો તેને યોગ્ય રીતે શેકવો જોઈએ. તેને થોડી જ વાર સગડી પર રખાય તો તે કાચો રહે અને વધારે વાર રખાય તો બળી જાય ! રોગ કાઢવો હોય તો દવાની માત્રા યોગ્ય પ્રમાણમાં જ લેવાય. દવા ઓછી લેવાથી રોગ જાય નહિ અને વધારે લેવાથી રોગ વધી જાય ! શરીરને તંદુરસ્ત રાખવું હોય તો ખોરાક પ્રમાણસર જ લેવો જોઈએ. ઓછો ખોરાક લેવાથી શરીર દુર્બળ થઈ જાય અને વધારે લેવાથી રોગ થાય ! એમ ધાર્મિક ક્રિયાઓમાં તથા પઠન-પાઠનમાં સૂત્રોના અક્ષરો ઓછા કે વધારે બોલાય નહિ. સૂત્રમાં હોય તેના

કરતાં વધારે અક્ષર બોલવાથી કેવો અનર્થ થાય છે–એ સમજવા માટે એક લૌકિક-કથા જાણવા જેવી છે. આ કથા લૌકિક છે. કદાચ તે કાલ્પનિક પણ હોઇ શકે ! પરંતુ આપણે જે સમજવું છે, એ સમજવામાં ઉપયોગી થઈ પડે એવી હોવાથી જાણવા જેવી છે :–

એક હતું સરોવર. એનું પાણી ચમત્કારી હોવાથી એ સ્થાન 'કામિક-તીર્થ' તરીકે પ્રસિદ્ધ હતું. એ સરોવરની પાળે એક વંજુલ નામનું ઝાડ હતું. આ ઝાડ ઉપર ચડીને જો કોઈ પશુ–પંખી સરોવરમાં પડતું મૂકતા, તો તે તેમાં પડતાંની સાથે જ માણસ બની જતાં; અને જે કોઇ માણસો આ સરોવરમાં પડતું મૂકતા તે દેવ બની જતાં ! એ ઝાડ અને સરોવરમાં આવી વિશેષતા હતી. સાથે-સાથે એનો બીજો પણ એવો એક અવળો પ્રભાવ હતો કે– માણસમાંથી દેવ બનેલો તેનાથી પણ કાંઈક અધિક પામવાના લોભથી લપેટાઇને બીજી વાર સરોવરમાં પડતું મૂક્તો, તો એ ફરી માણસ બની જતો; અને પશુ–પંખીમાંથી માણસ બનેલો જો બીજીવાર સરોવરમાં પડવાનો લોભ કરતો, તો એ માણસ ફરી પાછો પશુ–પંખીની જ કાયા પામી જતો. ત્રીજીવાર પડતું મૂકનાર માટે એનો કોઈ પ્રભાવ ન હતો !

આવા ચમત્કારી આ સરોવરના કિનારે એકવાર એક માનવ પતિ–પત્ની આવ્યા અને દેવ બનવાની ઈચ્છાથી એમણે ઝાડ ઉપર ચડી સરોવરમાં ઝંપલાવ્યું. વળતી જ પળે તેઓ દેવ–દેવી બનીને બહાર આવ્યાં. એમની દેદીપ્યમાન

દૈવી કાયામાંથી ચોતરફ પ્રકાશ વેરાવા લાગ્યો!



માનવ પતિ-પત્ની, દેવ-દેવી બન્યા.

બાજુના ઝાડ ઉપર બેઠેલા વાંદરા-વાંદરીએ આ દૃશ્ય જોયું. એથી એમનાં મનમાં પણ સરોવરમાં પડતું મૂકી નવો અવતાર પામવાનો લોભ જાગ્યો. વળતી જ પળે ઠેકડો મારી તેઓ વંજુલના ઝાડ પર પહોંચી ગયા અને બીજો એક કૂદકો મારીને સરોવરમાં પડયા.

વીજળીની ઝડપે એ વાંદરો-વાંદરી મનોહર માનવ દેહ પામી ઉપર તરી આવ્યા. વાંદરાને નરનો ને વાંદરીને નારીનો દેહ મળ્યો. બન્નેના આનંદનો પાર ન રહ્યો.

કહેવત છે કે– લાભથી લોભ વધે! પશુના ખોળિયામાંથી માનવના ખોળિયાનો લાભ થતાં જ એ વાનર પુરુષનો લોભ વધ્યો. એને હવે માનવમાંથી દેવ બનવાની ઇચ્છા થઈ.

એથી એણે પોતાની પત્નીને કહ્યું : ચાલ, હજી એકવાર ફરી સરોવરમાં ઝંપલાવીએ, અને માણસમાંથી દેવ બનીએ.! પતિની વાત સાંભળીને પત્નીએ કહ્યું : લોભ પાપનો બાપ છે. લોભને થોભ ન હોય. લોભથી માણસનો સર્વનાશ થાય છે. માટે આપણે પશુમાંથી માણસ બન્યા એ જ ઘણું છે. હવે વધુ લોભ કરવો રહેવા દો. વધુ લોભમાં લપેટાશો તો આ માનવ ખોળિયું મળ્યું છે એનેય ખોઇ બેસશો.

પણ શાણી પત્નીની આ હિત-શિખામણ લોભાંધ પતિએ કાને ન ધરી. લોભમાં ને લોભમાં જ એણે તો ઝાડ ઉપરથી ફરી સરોવરમાં ઝંપલાવી દીધું ! પત્ની દેખતી જ રહી અને એનો પતિ પાછો વાનર બનીને કૂદાકૂદ કરવા મંડી પડચો. વાંદરાના પસ્તાવાનો હવે પાર ન રહ્યો. પણ અબ પછતાયે હોત કયા જબ ચીડિયા ચુન ગઇ ખેત ?

વાંદરી-સ્ત્રીનું ભાગ્ય જોર કરતું હતું. એ માનવ-ખોળિયું ખોઇ બેઠેલા પોતાના પતિની અવદશા પર આંસુ સારી રહી હતી, એટલામાં જ એક રાજા ત્યાં આવી ચડચો. એ આ સ્ત્રીનાં રૂપ પર ઓવારી ગયો. એણે દયાર્દ્ર હ્રદયથી એનાં આંસુ લુંછયા. સ્નેહથી એને સાથ આપ્યો. એને ઘોડા ઉપર બેસાડી પોતાના મહેલમાં લઇ ગયો અને

પ્રેમથી પોતાની પટ્ટરાણી બનાવી દીધી.



વાંદરી સ્ત્રીને રાજા લઈ ગયો અને વાંદરાને મદારી લઈ ગયો.

થોડા દિવસ પછી એ જંગલમાં એક મદારી આવ્યો. એને પેલો લોભી વાંદરો ખૂબ જ ગમી ગયો. મદારીને તો વાંદારાઓ પકડતાંય આવડે ને ખેલાવતાંય આવડે. મદારીએ એ વાંદરાને પકડી લીધો અને એને જાતજાતના ખેલ પણ શિખવી દીધા. મદારીના માંકડા તરીકે એ જાતજાતના ખેલ ખેલીને લોકોને ખુશ કરવા લાગ્યો. ભાગ્ય જોગે આ મદારી એક દિવસ એ જ રાજાની સભામાં જઇ પહોંચ્યો. વાનરીમાંથી માનવી બનેલી રાણીની નજર વાનર પર પડી અને એને પોતાના પતિ તરીકે ઓળખી ગઇ. વાનરની પણ એજ દશા હતી: એણે પણ રાણીને ઓળખી લીધી હતી. એનું મન એને ભેટવા તલપાપડ બની રહ્યું હતું. એથી એ વારંવાર રાણી તરફ ધસવા લાગ્યો. એ

જોઈ રાણીએ એને શીખામણ આપતાં કહ્યું કે- હે વાનર! હવે મને મળવાની ખોટી આશામાં દોડાદોડ શાને કરે છે? હવે એ તારો પ્રયત્ન સફળ થવાનો નથી. તને નડી છે તારી પોતાની જ ભૂલ! તને નડ્યો છે તારો પોતાનો જ લોભ! જો તેં લોભાંધ બનીને સરોવરમાં ફરીથી પડવાની ભૂલ ન કરી હોત તો તારી આવી દુર્દશા ન જ થઇ હોત! આપણી ભૂલનું ફળ જ આપણે ભોગવવાનું છે. હવે જે મુજબનો દેશકાળ છે એ મુજબ જ વર્તી લે, એમાં જ ડહાપણ છે. બાળકો! આ વાંદરાના દૃષ્ટાંતથી તમે સારી રીતે સમજી શક્યા હશો. કે વધારે લાભ મેળવવાની ઈચ્છાથી વાંદરો કેવા અનર્થનો ભોગ બન્યો અને કીમતી મનુષ્યપણું પામવા છતાં એ ખોઈ નાખવાને કારણે એને કેટલું મોટું નુકસાન ખમવું પડ્યું. ! બસ! તો એવા જ રીતે સૂત્ર-પાઠમાં અક્ષરો-કાનો-માત્રા-મીંડું આદિ વધારે બોલવામાં આવે તો ઘણો મોટો અનર્થ થઈ જાય છે. માટે જરા પણ વધઘટ ન થાય એની કાળજી પૂર્વક ધાર્મિક સૂત્રોનું પઠન-પાઠન કરવું જોઇએ 'અધિકસ્ય અધિકં ફલં' - એ સૂત્રનો ઉપયોગ અહીં ન થઇ શકે.

## સૂત્ર-પાઠ ઘટાડીને ન બોલાય!

બાળકો! હવે આપણે થોડા વધુ આગળ વધીએ. પઠન-પાઠનમાં સૂત્રનો ઉચ્ચાર કરતી વખતે અક્ષર-કાનો માત્રા-મીંડું વધારે બોલવાથી કેટલું બધું નુકસાન થાય છે, એ તમે રાજપુત્ર-કુણાલ અને વાનર-વાનરીના દૃષ્ટાંતથી બરાબર સમજી ગયા. તેવી જ રીતે તમારે હવે એ વાત

પણ સમજવી જરૂરી છે કે–પઠન–પાઠનમાં સૂત્ર–પાઠમાં અક્ષર–કાનો – માત્રા – મીંડું ઓછા પણ ન જ બોલાવા જોઈએ. તેને વધારીને બોલવામાંય દોષ છે અને ઘટાડીને બોલવામાંય દોષ છે. તે જે પ્રમાણે હોય તે પ્રમાણે શુદ્ધ બોલવાથી જ એનું સાચું ફળ પામી શકાય છે. આ વાતને સમજવા માટે એક વિદ્યાધરની કથા જાણવા જેવી છે:-

રાજગૃહી નગરીમાં એકવાર ભગવાન મહાવીરસ્વામી પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. શ્રેણિક મહારાજા પોતાના સર્વ પરિવાર સાથે ચતુરંગી સેના સહિત ધર્મ-દેશના સાંભળવા આવ્યા. ધર્મ–દેશના સાંભળી તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે માર્ગમાં એક દૃશ્ય તેમની નજરે પડયું.




મંત્રનો એક અક્ષર ભૂલી જવાથી વિદ્યાધર આકાશમાં ઊડી ઊડીને વારંવાર નીચે પછડાય છે.

કોઇ એક વિદ્યાધર કોઈ મંત્રપાઠ ભણીને આકાશમાં ઊડતો હતો અને પાછો નીચે પછડાતો હતો. પાંખ વિનાના પંખી જેવી એની દુર્દશા જોઇને શ્રેણિક રાજાને જેટલો આઘાત થયો, એટલુંજ આશ્ચર્ય થયું. તેથી તરતજ તે બનાવનું કારણ જાણવા તેઓ પ્રભુ પાસે પાછા આવ્યા અને પ્રભુને પૂછયું કે– ભગવન્! પાંખ વિનાના પંખીની જેમ આ વિદ્યાધર ઊડી–ઊડીને જમીન પર પાછો કેમ પછડાય છે!

ભગવાને કહ્યું: એમાં મંત્રનો દોષ નથી. દોષ એ વિદ્યાધરનો પોતાનો છે. મંત્રપાઠનો એક અક્ષર એ ભૂલી ગયો છે. એક અક્ષરથી અધૂરો મંત્ર જપવાથી એને આવું દુઃખ ભોગવવું પડે છે. મંત્રમાં માત્ર એક જ અક્ષર એ ઓછો જપે છે, પણ એનાં કડવાં ફળ તરીકે એને આમ વારંવાર જમીન પર પછડાવું પડે છે.

શ્રેણિક–રાજાના પુત્ર અને પ્રધાન શ્રી અભયકુમાર ખૂબ બુદ્ધિશાળી હતા. એમની પાસે પદાનુસારિણી–લબ્ધિ હતી. એ લબ્ધિના પતાપે મંત્ર વગેરેના કોઇ પણ એક પદને જોવા કે સાંભળવા માત્રથી બાકીના પદો એમને આવડી જતાં. એથી ત્યાં રહેલા અભયકુમારે કહ્યું: પિતાજી! ચાલો, આપણે એ વિદ્યાધરની પાસે જઇએ! હું એને એનો ભુલાઇ ગયેલો મંત્રાક્ષર યાદ કરાવી આપીશ જેથી એ આકાશમાં ઊડીને પોતાના ઈષ્ટસ્થાને પહોંચી શકે.

સહુ વિદ્યાધર પાસે આવ્યા. અભયકુમારે વિદ્યાધરને કહ્યું : તમે મંત્રનો એક અક્ષર ભૂલી ગયા છો, તેથી આ વિદ્યા એનું કાર્ય કરી શકતી નથી અને તમારે ઊડી-ઊડીને નીચે પછડાવું પડે છે. જો તમે મને તમારી પાસે રહેલી આ આકાશગામિની વિદ્યા આપો તો હું તમને તમારો ખોવાઇ-ભુલાઇ ગયેલો મંત્રાક્ષર શોધી આપું-યાદ કરાવી આપું !

વિદ્યાધરને તો ગમે તે ભોગે આકાશમાં ઊડવાની સિદ્ધિ મેળવવી જ હતી, એટલે એણે અભયકુમારની શરત માન્ય રાખીને આકાશગામિની વિદ્યાનો મંત્ર-પાઠ તેમને આપ્યો. અભયકુમારે પદાનુસારિણી લબ્ધિના પ્રભાવે એ મંત્રનો ભુલાઈ ગયેલો અક્ષર શોધી કાઢયો અને વિદ્યાધરને તેની વિદ્યા સંપૂર્ણ કરી આપી !

તે સંપૂર્ણ મંત્ર-જાપ દ્વારા વિદ્યાધર હવે આકાશમાં પારેવાની જેમ સડસડાટ ઊડવા માંડયો અને એના આનંદનો પાર ન રહ્યો ! સાથે અભયકુમારના આનંદનો પણ પાર ન હતો. કારણ કે, એમને તો પરોપકાર થવા સાથે આકાશમાં ઊડવાની સિદ્ધિ મળી ગઈ હતી !

બાળકો ! વિદ્યાધરના આ પ્રસંગ પરથી તમે સમજી જ ગયા હશો કે એકાદ અક્ષરનું ય કેટલું બધું મહત્ત્વ છે ! યંત્રવાદના આ જમાનામાં તો આ વાત જલદી સમજાઇ જાય એવી છે. રાક્ષસ જેવી કાયા ધરાવતા વિરાટ યંત્રોમાંથી એકાદ સ્ક્રુ કે એકાદ ચક્કર નીકળી જાય તો આખું ને આખું

યંત્ર જ ખોટવાઈ જાય છે. તમારા કાંડે રહેલી ઘડિયાળની જ વાત લો ને! એમાં કેટલા બધા નાના મોટા ભાગો ગોઠવાયેલા છે? એમાંથી નાનામાં નાનો એક જ ભાગ નીકળી જાય તો ઘડિયાળ ચાલે ખરું? ન જ ચાલે! એ ચાર આનાના ચક્કરને બેસાડવા તમારે ચાલીસ–પચાસ રૂપિયાનો ખર્ચ કરવો પડે, પછી જ ઘડિયાળ કામ આપતું થાય. ધાર્મિક સૂત્રોનું પણ એવું જ છે. એના પઠન–પાઠનમાં એક અક્ષર પણ ઓછો ચાલે નહિ.

આ બધી વાતોને આપણે વધુ દાખલા–દલીલો દ્વારા સમજીએ : માની લો કે તમે બીમાર છો! મા – બાપને તમારા ઉપર ઘણો પ્રેમ છે! તમને સાજા–તાજા કરવા માટે દવા પીવડાવવી પડે તેમ છે અને તે ઘણી કડવી છે. તેનો પૂરેપૂરો ડોઝ આપતાં તેમનો જીવ ચાલતો નથી! તેથી જો તેઓ તમને પા કે અડધો ડોઝ આપે તો તમે સાજા થાવ ખરા? કદાપિ નહિ! કારણ કે દવાનો ડોઝ ડોકટરની સૂચના અનુસાર યોગ્ય પ્રમાણમાં અપાય તો જ રોગ જાય. એવી જ રીતે કોઇ મા–બાપ પોતાના વહાલા પુત્રને જલદી સાજો કરવાની ઈચ્છાથી તેને ડબલ – ત્રબલ ડોઝ આપી દે તો એથી કાંઇ તેઓનો પુત્ર જલદી સાજો થઇ જાય ખરો? સાજો તો ન જ થાય પણ ઉપરથી વધારે માંદો થાય.

હવે તમે સમજી ગયા ને કે દવાનો ડોઝ ઓછો લેવાથી પણ નુકસાન થાય અને વધારે લેવાથી પણ નુકસાન થાય.

યોગ્ય પ્રમાણમાં લેવાય તો જ લાભ થાય. તેવી જ રીતે ધાર્મિક-સૂત્રોનાં પઠન-પાઠનમાં અક્ષરો ઓછા બોલવાથી પણ દોષ લાગે અને વધારે બોલવાથી પણ દોષ લાગે. એમાં અક્ષર-કાનો-માત્રા-હ્રસ્વ દીર્ઘ જે પ્રમાણે હોય તે પ્રમાણે બોલવાથી જ લાભ થાય, દોષ ટળે ને ફળ મળે !

આપણે ઓછું ખાઈએ તો નબળાઈ આવી જાય અને વધુ ખાઈએ તો અજીરણ થઈ જાય. શરીરને ટકાવવું હોય ને તંદુરસ્ત રાખવું હોય તો માપસર જ ખાવું જોઈએ. દવા અને ખોરાકની જેમ સૂત્રોનું પઠન-પાઠન પણ યોગ્ય રીતે શુદ્ધ ઉચ્ચાર પૂર્વક થાય તો જ લાભ થાય.

શાસ્ત્રમાં કહ્યું છે કે સૂત્રમાં માત્રા – મીંડાનો પણ ફેરફાર થવાથી સૂત્ર વિકૃત બની જાય છે. એથી અર્થમાં ગોટાળો થઈ જાય છે. અર્થ ખોટો થવાથી તેના અનુસારે થતા ક્રિયારૂપ ચારિત્રમાં પણ ફેરફાર થઈ જાય છે. તેથી મોક્ષ નજીક આવવાને બદલે દૂર થઈ જાય છે. જ્ઞાનનું ફળ વિરતિ એટલે સંયમ છે અને આ સંયમદ્વારા જ મોક્ષનાં તાળાં ઊઘડે છે. એથી આપણી મોક્ષની મુસાફરીની ગાઈડ બનવાની યોગ્યતા જ્ઞાનમાં આવી જાય છે. આવી જ્ઞાન-ગાઈડ જો અશુદ્ધ હોય તો આપણે સંસારમાં રખડવું રઝળવું પડે એથી મોક્ષની મુસાફરી કરવા ઈચ્છનારે સહુ પ્રથમ જ્ઞાનનો પાયો પાકો કરી લેવો જોઈએ.

# વિદ્યા વિનયથી મળે-ફળે છે !

આપણે જોઈ આવ્યા કે, મોક્ષની મુસાફરી મુખ્યત્વે વિદ્યાની ગાઈડના આધારે જ કરી શકાય છે. આ સંબંધમાં હવે એક અગત્યનો પ્રશ્ન ઊઠે છે કે, આવી વિદ્યા મળે કેવી રીતે ? ત્યાર પછી એનાથી પણ વધુ અગત્યનો બીજો પ્રશ્ન એ ઊઠે છે કે એ મળેલી વિદ્યા ફળે કેવી રીતે ?

આનો જવાબ પેલા સંસ્કૃત સુભાષિતમાંથી ખૂબ જ સારી રીતે મળે છે : 'વિદ્યા વિનયેન શોભતે।' આ સુભાષિત એવો અર્થ બતાવે છે કે, વિદ્યા વિનય હોય તો જ શોભે છે અને વિનય પૂર્વક મેળવેલી વિદ્યા જ ફળે છે. એટલે વિદ્યા મળે પણ વિનયથી અને ફળે પણ વિનયથી. માટે વિનય ખૂબ જરૂરી છે.

વિનયને વરેલો વૈભવ જોવા–જાણવા જેવો છે. વિનયની પ્રશંસા બધા ગુણોનાં મૂળ તરીકે કરવામાં આવે છે. આ પ્રશંસા ખૂબ જ વિચાર પૂર્વકની છે. પાપ અને દુઃખથી છલોછલ ભરેલા આ સંસારમાંથી છૂટવું હોય તો મોક્ષ મેળવવો જરૂરી છે. મોક્ષ મેળવવા માટે સંયમ – દીક્ષા સ્વીકાર્યા વિના ચાલે એમ નથી. સંયમ એ જ લઈ શકે, જેનામાં સમ્યગ્દર્શન નામનો ગુણ પ્રગટ થયો હોય. સમ્યગ્દર્શન એટલે સાચી દૃષ્ટિ ! સંસારને એના સાચા સ્વરૂપમાં જોઇ શકાય એવી નજરનું નામ જ સમ્યગ્દર્શન છે. આ ગુણ જ્ઞાન વિના જાગ્રત થઇ શકતો નથી અને આવું જ્ઞાન વિનય વિના મળતું નથી. આ કારણે જ વિનયને

બધા ગુણોનાં મૂળ તરીકે આવકાર અપાયો છે. વિનય ન હોય અને વિદ્યા મળી જાય તો એ વિદ્યા માણસને લાભને બદલે નુકસાનીના ખાડામાં ઉતારે. માટે વિદ્યાથી અરસ-પરસનું કલ્યાણ કરવા ઈચ્છનારે તો વિનય પૂર્વક જ ભણવું-ગણવું જોઈએ.

શ્રેણિક મહારાજાનો એક જીવન પ્રસંગ આપણને વિનયનું મહત્ત્વ ખૂબ સારી રીતે સમજાવે તેવો છે.

શ્રેણિક-રાજા મગધદેશના માલિક હતા. એમની પ્રિય રાણીનું નામ ચેલ્લણા હતું. તે ચેલ્લણાને એકવાર એક-દંડિયા મહેલમાં રહેવાની ઈચ્છા થઈ. એ ઇચ્છા એને એના પેટે જન્મનાર બાળકના પ્રભાવે થઇ હતી. એની એ ઈચ્છા પૂરી કરવા અભયકુમારે દેવની આરાધના કરી. દેવે પ્રસન્ન થઈને રાણીની ઇચ્છા મુજબનો એકદંડિયો મહેલ રાજગૃહીમાં બનાવી આપ્યો. એ મહેલના બગીચામાં બધી જ ઋતુઓનાં ફૂલો અને ફળો હંમેશાં દેવ પ્રભાવથી ફળવાં-મળવાં માંડયાં.

રાજગૃહી નગરીમાં એક ચાંડાલ રહેતો હતો. એની પત્નીને ગર્ભના પ્રભાવથી એકવાર શિયાળાની ઋતુમાં કેરી ખાવાનો દોહદ (ઇચ્છા) થયો. એણે પતિને વાત કરી. પત્નીની ઈચ્છા પૂરી કરવી જરૂરી હતી એટલે એ મૂંઝાયો કે અત્યારે વગર ઋતુએ કેરી લાવવી ક્યાંથી ? તપાસ કરતાં એને ખબર પડી કે, એકદંડિયા મહેલના બગીચામાં કેરી હંમેશાં પાકે છે. અને એના આનંદનો પાર ન રહ્યો. જો કે

એ બગીચામાં રાજાની પરવાનગી વગર દાખલ થઈ શકાય તેમ ન હતું પણ એની એને ચિંતા ન હતી. કારણ કે એની પાસે આકર્ષિણી વિદ્યા હતી. એ વિદ્યાના બળે તે ગમે તેટલા ઊંચા ઝાડ ઉપર રહેલાં ફળને તોડીને લઇ શકતો. ચાંડાલ રાત્રિના અંધકારમાં એ મહેલના બગીચાની દિવાલ બહાર જઇ પહોંચ્યો. વિદ્યાના બળે આંબાના ઝાડની ડાળ નમાવી એણે કેરી મેળવી લીધી. ઘરે લઇ ગયો, પત્નીને ખવડાવી તેની ઈચ્છા પૂર્ણ કરી. આ પ્રમાણે બે-ત્રણ દિવસ સુધી ચાલ્યું.

પણ એથી તો દેવનિર્મિત અને દેવાધિષ્ઠિત એ આમ્ર વૃક્ષ સુકાવા માંડ્યું. એ આમ્ર-વૃક્ષ ઉપરથી ફળો ચોરાઇ રહ્યાં છે અને આમ્ર-વૃક્ષ પણ સુકાઈ રહ્યું છે, એ વાત શ્રેણિક રાજાના કાને પહોંચી. એથી એમનું દિલ દુભાયું. અને એમણે મંત્રીશ્વર અભયકુમારને બોલાવી આજ્ઞા કરતાં કહ્યું કે, કોઇપણ ઉપાયે આ ચોરને પકડી પાડવો જોઇએ. એણે ફળો ચોર્યાં એ તો ઠીક છે, મામુલી વાત છે, પણ એના કારણે દેવ-પ્રભાવ ઓસરી ગયો અને ઝાડ સુકાવા માંડ્યું એ નુકસાન ઘણું મોટું છે. બીજા વૃક્ષોની પણ એ એવી હાલત ન કરે તે માટે એને પકડી પાડવો જરૂરી છે.

અભયકુમાર તો બુદ્ધિના ભંડાર હતા. ગમે તેવા ચોરને પકડવાનું કામ એમને માટે જરાય મુશ્કેલ ન હતું. તેઓ રાત્રે એકદંડિયા મહેલના બગીચાની નજીકમાં જઇને ઊભા અને લોકોને ભેગા કરી તેમને એક સુંદર કથા કહેવા માંડી :

એક વણિક કન્યા હતી. તે યૌવનવયને પામી, ત્યારે તેનું રૂપ ચાંદનીની જેમ ખીલી ઊઠયું. તેનો મુખરૂપી ચંદ્ર સોળે કળાએ ખીલી ઊઠયો. પોતાને સુંદર વર મળે તે માટે તે એક બગીચામાંથી પુષ્પો ચોરીને રોજ કામદેવની પૂજા કરવા જતી. એકવાર માળીએ તેને પકડી પાડી, પણ તે એના રૂપથી મોહિત થયો, તેથી તેણે તે કન્યાની પાસે એવી માગણી કરી કે, તું મારી સાથે ક્રીડા કર !



કન્યાના રૂપથી મોહિત થયેલા માળીએ કહ્યું: તું મારી સાથે પ્રેમક્રીડા કર!

કન્યાએ કહ્યું : અત્યારે તો હું કુંવારી છું, તેથી તારી માગણી સ્વીકારી શકું નહિ. પણ હું વચન આપું છું કે, પરણ્યા પછી પહેલી મુલાકાત તારી લઈશ ! માટે અત્યારે તું મને છોડી મૂક. માળીએ તેનાં વચન ઉપર વિશ્વાસ મૂકી તેને છોડી મૂકી. થોડા જ વખતમાં કન્યાનાં લગ્ન

થઇ ગયા. પરણ્યાની પહેલી રાતે પતિની રજા લઈને



માળીને આપેલાં વચન મુજબ એ માળીને મળવા ચાલી. રાત્રિનો સમય હોવાથી રસ્તામાં ચોર મળ્યા. એમને તો એણે પહેરેલાં ઘરેણાંનું જ કામ હતું. ચોરોએ એને રોકી અને ઘરેણાં ઉતારી આપવા કહ્યું. કન્યાએ તેમને



પુષ્પની ચોરીથી માંડીને અત્યાર સુધીની પોતાની બધી સત્ય વાત જણાવી. એની સત્યપ્રિયતાથી પ્રસન્ન થયેલા ચોરોએ એને લુંટ્યા વગર જ છોડી મૂકી. આગળ જતાં એને માનવભક્ષી રાક્ષસો મળ્યા. એમને તો એના શરીરનું



આગળ જતાં એને માનવભક્ષી રાક્ષસો મળ્યા.

ભોજન જ કરવું હતું. જેમ ચોરોને પોતાની સત્ય વાત જણાવી હતી, તેમ તે રાક્ષસોને પણ કન્યાએ પોતાની સત્ય વાત જણાવી. તેની સત્યની ટેકથી ખુશ થયેલા રાક્ષસોએ એનું ભોજન કર્યા વગર એને માળી પાસે જવા દીધી. માળી પાસે પહોંચીને એણે એને ચોરો અને રાક્ષસોની બધી વાત કરી. ત્યારે માળી પણ એની સચ્ચાઈને નમી પડ્યો. એનું મોહનું જોર મંદ પડ્યું ને એનું પાગલપણું ચાલ્યું ગયું. પૂર્વે પોતે કન્યા પાસે કરેલી અયોગ્ય માગણી બદલ લજ્જા

પામ્યો. તે માટે તેની માફી માગી અને તેને પોતાની બહેન ગણી, વસ્રો અને અલંકારો આપી વિદાય કરી.


અભયકુમારે વાત પૂરી કરી. ચોરને પકડવાની માયા જાળ પાથરતાં હવે એમણે લોકોને પ્રશ્ન કર્યો કે–બોલો, ભાઈઓ ! કન્યા, ચોર, રાક્ષસ અને માળી આ ચારમાંથી મૂર્ખ કોણ કહેવાય ?

સભામાં પેલો ચંડાળ–ચોર પણ બેઠો હતો. એણે તરતજ ઊભા થઈને જવાબ વાળ્યો : મૂર્ખમાં મૂર્ખ તો પેલા ચોરો જ ગણાય કે જેમણે હાથમાં આવેલી વસ્રાલંકાર સહિતની જોબનવંતી કન્યાને છોડી દીધી !



ચંડાળ ચોરે ઊભા થઈને જવાબ વાળ્યો :
મૂર્ખમાં મૂર્ખ તો પેલા ચોરો જ ગણાય.

અભયકુમારે સમજી લીધું કે–ચોર આ જ છે. તરતજ એને પકડી લીધો. પછી તેની પૂછપરછ કરીને તેણે શા માટે અને કેવી રીતે કેરીની ચોરી કરી હતી તે બધી વાત તેની પાસેથી કઢાવી લીધી અને તેને શ્રેણિક–રાજા સમક્ષ રજૂ કર્યો. શ્રેણિક–રાજાએ તો ક્રોધના આવેશમાં તેને ફાંસીની સજા ફટકારી દીધી. નીતિના જાણકાર અભયકુમારને થયું કે જેની પાસે વિદ્યા હોય તેને મારી નાખવાથી તો તેની વિદ્યાનો પણ નાશ થાય. આવા વિદ્યાસિદ્ધને કેમ મરાય ? એથી એમણે કુનેહ પૂર્વક કહ્યું કે–પિતાજી ! આ ચોરની પાસે આકર્ષિણી–વિદ્યા છે. એને ફાંસીએ ચડાવતાં પહેલાં એ વિદ્યા તો આપ ગ્રહણ કરી લો !



જુઓ પાનું ૧૧ : વાંદરાએ રાણી બનેલી પોતાની વાંદરી સ્ત્રીને ઓળખી લીધી તેથી તેના તરફ વારંવાર ધસવા લાગ્યો.

રાજાને એ વાત ગમી. એમણે સિંહાસન પર બેઠાં બેઠાં જ ચોરની પાસેથી વિદ્યા ગ્રહણ કરવાનો પ્રયાસ કર્યો. ચોરે ત્રણ–ચાર વાર વિદ્યાનો પાઠ આપ્યો. છતાં શ્રેણિક–રાજાને તે આવડ્યો નહિ. ત્યારે અભયકુમારે કહ્યું : પિતાજી ! વિદ્યા તો વિનયથી જ મળે ! આપ નીચે બેસો અને આ ચોરને સિંહાસન ઉપર બેસાડો. પછી વિદ્યા સિદ્ધ થાય છે કે નહિ એ જુઓ !



રાજા સિંહાસન ઉપરથી ઊતર્યો ને ચોરને સિંહાસન ઉપર બેસાડ્યો.

રાજા સિંહાસન ઉપરથી ઊતર્યો અને ચોરને સિંહાસન ઉપર બેસાડ્યો. રાજા શિષ્ય બન્યો. ચંડાળ–ચોર ગુરુ બન્યો અને વળતી જ પળે વિદ્યા સિદ્ધ થઇ ગઇ. વિદ્યા વિનયથી જ મળે એ વાતનો એ પળે રાજાને સાચો અનુભવ થયો. હવે અભયકુમારે ખરો દાવ નાખ્યો. એણે કહ્યું : પિતાજી ! આ ચોર તો આપનો વિદ્યા–ગુરુ બન્યો. હવે એને

ફાંસીએ ચડાવીને આપ શું ગુરુહત્યાનું ગોઝારું પાપ કરશો ? આપે તો હવે એને ઊંચામાં ઊંચી ગુરુદક્ષિણા આપવી જોઇએ. એનો ગુનો માફ કરી એને મૃત્યુદંડની સજામાંથી મુક્ત કરી દેવો એ જ ઊંચામાં ઊંચી ગુરુદક્ષિણા છે !

—ને સાચે જ અભયકુમારનો યુક્તિ પૂર્વકનો દાવ એળે ન ગયો. એના પાસા પોબાર પડ્યા. ચોરની સજા માફ થઇ ગઈ. રાજા—શ્રેણિક તરફથી એને ગુરુદક્ષિણામાં અભયદાન મળી ગયું !

બાળકો ! વિદ્યા વિનયથી જ મળે છે. એનો હવે તો તમને આ કથા પરથી પૂરેપૂરો ખ્યાલ આવી ગયો ને ? શ્રેણિક—રાજાએ જ્યારે માન તજ્યું ત્યારે જ એને જ્ઞાન મળ્યું. માટે વિદ્યા પ્રાપ્તિના પ્રથમ પગથિયે પદારોપણ કરવા વિનય કેળવવો ખૂબ જ જરૂરી છે. વિદ્યા જેમ વિનયથી જ મળે છે તેમ તે ફળે છે પણ વિનયથી જ ! સિદ્ધપુત્રની સુંદર કથા તમે વાંચો. તમને આ વાત સુંદર રીતે સમજાઇ જશે.

## -: સિદ્ધપુત્રની કથા :-

એક સિદ્ધપુત્રની પાસે બે વિદ્યાર્થીઓ ભણતા હતાઃ એક વિનયી હતો ને બીજો અવિનયી હતો. વિનયી વિદ્યાર્થી ડગલે ને પગલે ગુરુનો વિનય કરતો. વાત—વાતમાં એ ગુરુની પ્રશંસા કરતો. કોઈ વાતમાં શંકા પડે તો તરત જ ગુરુ—ચરણનો સ્પર્શ કરી નમ્રતાથી પૂછી સમાધાન મેળવતો. નાનું બાળક જેમ વાત—વાતમાં માતાની

સામે જુવે એમ આ વિનયી શિષ્ય પણ વાત-વાતમાં ગુરુને યાદ કરતો. એથી એને વિદ્યા મળવા સાથે ફળી પણ હતી.

બીજો શિષ્ય જે અવિનયી હતો તે પોતાને બહુ બુદ્ધિમાન ગણતો હતો. ગુરુને નમવામાં ય એ પોતાની નાનપ સમજતો. કોઈ વાતમાં એને શંકા પડે તો તે મનોમન એનું સમાધાન કરી લેતો પણ ગુરુને પૂછવા જતો નહિ. એ માનતો કે- માણસે માણસને નમવાની જરૂર નથી. ગુરુની પરાધીનતા એને ખૂંચતી હતી. એ અવિનયી હોવા ઉપરાંત ઉદ્ધત પણ હતો. તેથી ગુરુની સામે બોલતાં પણ એ શરમાતો નહિ. પણ ગુરુ તો ઉદારદિલ હતા. એથી એઓ બન્ને શિષ્યોને સમાન ભાવે પક્ષપાત વિના વિદ્યા આપતા. પણ વિનયના પ્રભાવે વિનયીને વિદ્યા તરત જ મળતી ને ફળતી. અવિનયીને તો મહામહેનતેય એ વિદ્યા મગજમાં ઊતરતી નહોતી, પછી ફળવાની તો વાત જ શી !

એક વાર આ બન્ને શિષ્યોને ગુરુના કાર્ય પ્રસંગે બીજે ગામ જવાનું થયું. માર્ગમાં ધૂળમાં પડેલાં મોટાં પગલાં જોઈને અવિનયી શિષ્યે કહ્યું: આ પગલાં હાથીનાં જ જણાય છે. આવાં મોટાં પગલાં હાથી સિવાય બીજા કોઈનાય ન હોય. વિનયી શિષ્યે તે પગલાંનું બારીકાઈથી નિરીક્ષણ કરીને થોડીવાર પછી કહ્યું: આ પગલાં હાથીનાં નહિ પણ હાથણીનાં છે. વળી એ હાથણી ડાબી આંખે

કાણી પણ છે. લાલ રંગની સાડી પહેરેલી કોઈ સૌભાગ્ય-વતી રાજ-રાણી એના પર બેસીને પસાર થઈ છે. એ રાણી ગર્ભવતી છે. એનાં પેટમાં રહેલું બાળક પુત્રી નહિ પણ પુત્ર છે. અને એનો જન્મ પણ આજ-કાલમાં જ થનાર છે.




વિનયી શિષ્યે કહ્યું : આ પગલાં હાથીનાં નહિ પણ હાથણીનાં છે.

અવિનયીને થયું: આ તો મોટો ગપ્પીદાસ છે. આ તો ભારે મોટા ગપગોળા ગબડાવે છે! એકલાં પગલાં જોઈને કાંઈ આટલી બધી વાતો થોડી જાણી શકાય ? માટે આના જેવો ગપ્પીદાસ કોઈ નહિ. એથી એણે કહ્યું: ભાઈ! તને ગપગોળા ગબડાવતાં ઠીક જ આવડે છે. ગુરુ પાસે ભણીને તેં ગપ્પા મારવાની આવડત બહુ સારી મેળવી હોય તેમ જણાય છે. એથી જ સર્વજ્ઞ-પુત્રની જેમ એક

પગલાના આધારે આટલું મોટું ભવિષ્ય ભાખવા બેઠો છે!

વિનયી શિષ્યે કહ્યું: ભાઈ! તને મારી વાતમાં વિશ્વાસ નથી એટલે હું તારી સાથે નિરર્થક વિવાદમાં ઊતરવા માગતો નથી. મેં જે કાંઈ કહ્યું છે તે તને અત્યારે પ્રત્યક્ષ નથી, માટે તુ તેને ગપગોળા માને છે. પણ આ પગલાં તાજાં જણાય છે એથી રાજરાણીનો પડાવ આટલામાં જ હશે. આગળ જતાં તને બધું પ્રત્યક્ષ થઈ જશે તો તને બધી વાતની ખાતરી થઈ જશે. માટે તું થોડી ધીરજ ધર!

બન્ને વિદ્યાર્થીઓ આગળ ચાલ્યા. ગામના ગોંદરે પહોંચ્યા તો તળાવના કિનારે મોટો પડાવ જોયો. ત્યાં જઈ તપાસ કરી તો વિનયી-શિષ્યની બધી જ વાતો અક્ષરે-અક્ષર સાચી જણાઇ. હવે અવિનયી શિષ્યનાં



તળાવના કિનારે પડાવ જોયો. વિનયી શિષ્યની બધી જ વાત સાચી પડી.

મનમાં ઘમસાણ મચ્યું. એને ગુરુ ઉપર ગુસ્સો ચડયો. એને થયું: ગુરુ પક્ષપાતી છે. આ ગુરુને વહાલો હોવાથી, મને અંધારામાં રાખીને, એને વધારે વિદ્યાઓ આપી છે. નહિ તો માત્ર પગલાં જોઇને જ તે આટલું બધું કેમ જાણી શકે ?

આ એક જ પ્રસંગથી વિનયી-શિષ્યનાં મનમાં ગુરુ ઉપર બહુમાનભાવ વૃદ્ધિ પામ્યો, તો અવિનયી-શિષ્યનાં મનમાં દ્વેષ વૃદ્ધિ પામ્યો. અમૃત પણ કુપાત્રમાં પડીને વિષમય બની જાય છે એવો ઘાટ ઘડાયો !

માર્ગમાં લાગેલી ધૂળથી મલીન બનેલા શરીરને સ્વચ્છ કરવા બન્નેએ તળાવમાં જઇને સ્નાન કર્યું. પછી માર્ગમાં લાગેલો થાક દૂર કરવા બન્ને થોડીવાર તળાવની પાળે બેઠાં. એવામાં એક ડોશી ત્યાં પાણી ભરવા આવી. એનો લાડકવાયો ઘણાં વરસોથી પરદેશ ગયો હતો. એના કોઈ સમાચાર ન હતા. દીકરાની ચિંતા ડોશીના દિલને કોરી ખાતી હતી. વેશ વગેરે ઉપરથી બ્રાહ્મણ પંડિત જણાતા આ બન્ને વિદ્યાર્થીઓને જોઇને ડોશીએ તેમને પૂછયું : લાગો છો તો પંડિત ! કહો કે-મારો દીકરો મને ક્યારે મળશે ? તે વરસોથી પરદેશ ગયો છે, ને આજ સુધી તેના કોઈ વાવડ નથી.

ડોશી આ પ્રશ્ન પૂછી રહી હતી, તે જ વખતે તેના માથા ઉપરથી માટલું પડી ગયું અને એ માટલું માટી ભેગું માટી થઇ ગયું. આ જોઇને અવિનયી-શિષ્યે તરત

જ ધડાકા સાથે કહી દીધું કે–ડોશીમા ! હવે દીકરાનાં નામનું નાહી નાખજો ! આ તમારું માટલું જ કહે છે કે–તમારો દીકરો માટીમાં મળી ગયો છે !



ડોશી પ્રશ્ન પૂછી રહી હતી તે જ વખતે તેના માથા ઉપરથી માટલું પડ્યું ને ફૂટી ગયું.

ડોશીને તો એકદમ આઘાત લાગ્યો ને તે રડવા જેવી થઈ ગઈ. એ જોઈને વિનયી–શિષ્યે ડોશીને સાંત્વન આપતાં કહ્યું : ડોશીમા રડશો નહિ. દીકરો મળ્યાનો હરખ મનાવજો ! આનંદ–મંગળ કરજો ! આ તમારું માટલું જ મંગળ સમાચાર આપે છે કે–તમારો લાડકવાયો તમને મળી ગયો છે ! તમે ઘરે જાવ ! ઘરનાં આંગણે જ તમારો દીકરો તમારી વાટ જોઈને ઊભો હશે !

ડોશી તો હરખભેર દોડી. શેરીએ પહોંચતાં જ સમાચાર મળ્યા કે દીકરો આવી ગયો છે. ઘરે જઈને

જોયું તો સાચે જ દીકરો ઘરનાં આંગણે પોતાની વાટ જોતો ઊભો હતો. દીકરાને જોઈ રહેલી ડોશીની આંખો



દીકરો ઘરનાં આંગણે માતાની વાટ જોતો ઊભો હતો.

આનંદનાં આંસુ વરસાવવા લાગી. માતાને જોતી પુત્રની આંખો પણ હર્ષાશ્રુ વરસાવવા માંડી. માતા–પુત્ર ભેટ્યા, પરસ્પર ખબર-અંતર પૂછ્યા, ઘરમાં જઇ સુખ–દુઃખની વાતો કરવા લાગ્યા. તળાવની પાળે પંડિતે કરેલી પુત્રનાં આગમનની વિસ્મય પમાડનારી વાત ડોશીએ પુત્રને કરી; અને પુત્રને સાથે લઇ, પુત્રનાં આગમનનું આનંદ–મંગળ-કારી સત્ય ભવિષ્ય ભાખનારા એ પંડિત–રત્નનું સન્માન કરવા ભેટ–સોગાદો સાથે ચાલી. વિનયી–શિષ્યનાં ચરણે એ ભેટ–સોગાદ ધરી ડોશીએ કહ્યું કે–પંડિતજી ! તમે ભાખેલી ભવિષ્યવાણી અક્ષરે–અક્ષર સાચી પડી છે.

ખરેખર ! દીકરો આવી ગયો હતો અને ઘરનાં આંગણે મારી વાટ જોતો જ ઊભો હતો ! માટે હું આ નજીવી ભેટ લાવી છું, તે કૃપા કરી સ્વીકારો !

અવિનયી-શિષ્ય તો આ દૃશ્ય ફાટી-આંખે જોઈ જ રહ્યો. એ આજે બીજીવાર ખૂબ જ કરુણ રીતે કારમી હાર પામ્યો હતો. હવે ગુરુ ઉપરનો એનો રોષ ખૂબ જ ભભૂકી ઊઠ્યો ! એણે મનોમન પાકો નિર્ણય કરી લીધો કે ગુરુએ પક્ષપાત કરી પોતાને પૂરી વિદ્યા આપી નથી !

કામ પતાવીને બન્ને વિદ્યાર્થીઓ ગુરુ પાસે આવ્યા. વિનયી-શિષ્યે ગુરુને પ્રણામ કર્યાં. અવિનયી-શિષ્ય તો અક્કડ બનીને જ ઊભો રહ્યો. ગુરુએ એના અવિનયી વર્તન માટે ઠપકો આપ્યો, ત્યારે તેણે તો સામેથી ગુરુને જ ઉધડા લેવા માંડ્યા : તમે તો મારું ગળું કાપી નાંખ્યું ! ભણાવવામાં તમે જે પક્ષપાત કર્યો છે એ પાપ આજે પીપળે ચડીને પોકારી ઊઠ્યું છે અને એ સારું જ થયું છે, નહિ તો હું હજીય અંધારામાં જ રહેત.

ગુરુએ અવિનયી શિષ્યને શાંત પાડીને બધી વિગત જાણી લીધી. પછી વિનયી શિષ્યને કહ્યું કે- તેં આવું ભવિષ્ય કઇ બુદ્ધિથી ભાખ્યું, એને ખુલાસો કરી દે, જેથી આની શંકા દૂર થઇ જાય ! ગુરુ આજ્ઞા માથે ચડાવીને વિનયી-શિષ્યે કહ્યું કે- ગુરુદેવ ! હાથીનાં અને હાથણીનાં પગલાં દેખાવે તો સરખાં જ હોય છે. પણ એક જગ્યાએ પડેલી મૂત્રધારાના આધારે મેં નક્કી કર્યું કે- આ રીતની મૂત્રધારા હાથણીની જ હોય ! માર્ગમાં જમણી બાજુ

રહેલા વૃક્ષોનાં પાંદડાં જ ખવાયેલાં જોયાં. એથી મેં નક્કી કર્યું કે–હાથણી ડાબી આંખે કાણી છે ! કેટલીક નિશાનીઓ પરથી માર્ગમાં હાથણી એક જગ્યાએ ઊભી રહેલી જણાઈ. ત્યાં માર્ગની એક બાજુએ પડેલી મૂત્રધારા જોવાથી ખબર પડી કે– હાથણી ઉપરથી ઊતરીને કોઈ સ્ત્રીએ અહીં પેશાબ કરેલો છે અને ઊભા થવા માટે જમીન ઉપર ટેકવેલા હાથના પંજાની નિશાની જોવાથી ખબર પડી કે તે સ્ત્રી ગર્ભવતી પણ છે. એ સ્ત્રીનાં જમણાં પગલાં ભૂમી પર ભારથી પડેલાં જોઈ નક્કી કર્યું કે– એના ગર્ભમાં પુત્ર રહેલો છે. વળી માર્ગની તદ્દન નજીકમાં રહેલા એક કાંટાના છોડમાં લાલરંગના વસ્ત્રનો લીરો ભરાયેલો જોવાથી નક્કી કર્યું કે– એ સ્ત્રીએ લાલરંગની સાડી પહેરેલી હોવી જોઈએ અને તેથી તે સૌભાગ્યવતી છે. હાથી જેવાં મોટાં વાહન પર પ્રવાસ કરનાર કોઈ સામાન્ય વ્યક્તિ તો ન જ હોય, તેથી જાણ્યું કે તે રાજરાણી છે.

ત્યાર બાદ ડોશીમાના પુત્ર અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતાં, એમનાં માથેથી માટલું પડીને ફૂટી ગયું, એથી મેં નક્કી કર્યું કે– જેમ આ માટલું માટીમાંથી જન્મીને અત્યારે પાછું માટી સાથે મળી ગયું, તેમ આ માજીને પણ તેના પુત્રનો મેળાપ આજે જ થવો જોઈએ.

વિનયી–શિષ્યમાં વિનયના પ્રભાવે આ રીતે ફળેલી વિદ્યા જોઈને ગુરુએ સંતોષ અનુભવ્યો અને અવિનયી શિષ્યને શિખામણ આપતાં કહ્યું કે– વિદ્યા તો મેં તમને બન્નેને એકી સાથે સમાનભાવે જ આપી છે. પરંતુ

આનામાં વિનય છે, એથી એને વિદ્યા ફળી છે; જ્યારે તારામાં વિનય નથી, એથી તને વિદ્યા ફળી નથી. વિદ્યા મળવી અઘરી નથી, ફળવી અઘરી છે.

બાળકો ! વિનયી-અવિનયી આ બે શિષ્યોનાં જીવન પરથી તમે એ વાત સારી રીતે સમજી ગયા હશો કે-વિનયી-શિષ્યમાં વિનયનાં કારણે વિદ્યા કેટલી મોટી માત્રામાં ફળી ! અને અવિનયી-શિષ્યમાં અવિનયનાં કારણે તે કેવી નિષ્ફળ નીવડી ! વિનયનો પ્રભાવ જબરો છે ! માટે તમારામાં વિનયનો પાયો મજબૂત બની જવો જોઇએ. તમારામાં વિનય હશે, ને તમે થોડું ભણશો તોય એ ભણતર તમારાં જીવનને ઉજાળશે, તમારાં ઘરમાં દીવા પેટાવશે અને તમારાં કુળને કીર્તિ અપાવશે ! માટે 'વિદ્યા વિનયેન શોભતે' આ સૂત્રને તમારાં કાળજામાં કોતરી કાઢજો. અને 'સા વિદ્યા યા વિમુક્તયે' નું સૂત્ર પણ ગોખી નાખજો. આ સૂત્રનો અર્થ એવો છે કે- જે વિદ્યા સંસાર, મોહ, માયા અજ્ઞાન આદિ દુર્ગુણોથી મુક્તિ અપાવે એ જ સાચી વિદ્યા છે. તમે વિદ્યાર્થી છો, તો આવી વિદ્યા મેળવો અને એ માટે વિનયી અને વિવેકી બનો- એ જ શુભેચ્છા !

તમે બધા તો આવતી કાલના જૈન શાસનના રખેવાળ બનવાના છો. તમારામાં વિનયથી મેળવેલી વિદ્યા ન હોય, એ કેમ ચાલે ? માટે આજથી તમે આટલું નક્કી કરો કે- હું વિદ્યા વિનયથી મેળવીશ અને વિવેકથી વાપરીશ. વિદ્યા મેળવતી વખતે હું શુદ્ધિ-અશુદ્ધિનો પૂરતો ખ્યાલ રાખીશ અને મેળવેલાં જ્ઞાનને જીવનમાં ઉતારવાનો યથાશક્ત પ્રયત્ન અવશ્ય કરીશ.

# પ્રકરણ બીજું

લેખક :- મુનિ શ્રી હિતવિજયજી

## જોડાક્ષરોને ઓળખતાં અને તેનો ઉચ્ચાર કરતાં શીખો

### સ્વર

(૧) અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ—આટલા અક્ષરોને સ્વર કહેવાય છે.

### વ્યંજન

(૨) ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ / ચ્ છ્ જ્ ઝ્ ઞ્ / ટ્ ઠ્ ડ્ ઢ્ ણ્ / ત્ થ્ દ્ ધ્ ન્ / પ્ ફ્ બ્ ભ્ મ્ / ય્ ર્ લ્ વ્ / શ્ ષ્ સ્ હ્ / આટલા અક્ષરોને વ્યંજન કહેવાય છે.

(૩) સ્વરો એકલા બોલી શકાય છે, જ્યારે વ્યંજનો સ્વરની મદદથી બોલી શકાય છે. અર્થાત્ વ્યંજનમાં અ થી ઔ સુધીનો કોઈ પણ એક સ્વર ભળે ત્યારે જ તે બોલી શકાય છે.

(૪) કોઈ પણ સ્વર ભળ્યા વિનાના એકલા વ્યંજનને ગુજરાતી ભાષામાં ખોડો કે અડધો અક્ષર કહેવાય છે. દા. ત. ક્–ખ્–ગ્ ઇત્યાદિ.

(૫) કોઈ પણ એક સ્વર ભળેલા વ્યંજનને આખો અક્ષર કહેવાય છે. દા. ત. ક-કા-કિ-કી ઇત્યાદિ.

(૬) એકલા વ્યંજનની સાથે અ થી ઔ સુધીનો કોઈ પણ સ્વર ભળીને બનેલા અક્ષરને સ્વરયુક્ત વ્યંજનાક્ષર કહેવાય છે, પણ તેને જોડાક્ષર કહેવાતો નથી. દા. ત. ક્+અ=ક, ક્+ઋ=કૃ, ક્+ઔ=કૌ ઇત્યાદિ.

(૭) બે સંયુક્ત વ્યંજનોને જ અર્થાત્ બે વ્યંજનો જોડાઈને બનેલા અક્ષરને જ જોડાક્ષર કહેવાય છે. દા. ત. ક્ક, ગ્ગ, ચ્ચ, ચ્છ, જ્જ, ત્ત, ત્થ, ન્ન, લ્લ, વ્વ, સ્સ ઈત્યાદિ.

જોડાક્ષરને ઓળખ્યા વિના તેનો શુદ્ધ ઉચ્ચાર થઈ શકતો નથી.

જોડાક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર કરવા તેને ઓળખવા જરૂરી છે.

(૮) જોડાક્ષરોને ધારીને જોવાની ટેવ પાડવાથી તેમાં કયા કયા અક્ષરો જોડાયેલા છે, તે સહેલાઈથી સમજી શકાય છે. દા. ત. દ્મ (પદ્મ) આમાં દ્ ની સાથે મ જોડાયેલો છે, તે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

(૯) જોડાક્ષરોને સહેલાઈથી સમજવા માટે સામાન્ય રીતે તેના બે વિભાગ પાડી શકાય છે.

(I) ક્ક, ત્ત, ન્ત્ય, ત્સ્ન, સ્સ, વ્વ આ બધા સીધી લાઈનમાં જોડાયેલા અક્ષરો છે.

(II) દ્મ, દ્દ, દ્ય, દ્વ, ટ્ટ, ર્વૃ–આ બધા ઉપર-નીચે જોડાયેલા અક્ષરો છે.


(૧૦) જોડાક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર કરવા માટે સૌ પ્રથમ તેમાં જોડાયેલા અક્ષરોનો અનુક્રમ સમજી લેવો જોઇએ.

૧૨૩

દા. ત. ન્ત્ય આમાં પ્રથમ ન્ પછી ત્ અને છેલ્લે ય જોડાયેલો છે. આમ સીધી લાઈનમાં જોડાયેલા અક્ષરોનો અનુક્રમ તો સહેલાઇથી સમજી શકાય એવો છે. તેમજ આવા પ્રકારના જોડાક્ષરોને વિદ્યાર્થીઓ સહેલાઈથી ઓળખી પણ શકે છે.

પરંતુ મોટા ભાગના વિદ્યાર્થીઓને ઉપર-નીચે જોડાયેલા અક્ષરોને ઓળખવામાં, તેનો અનુક્રમ સમજવામાં અને તેનો ઉચ્ચાર કરવામાં પણ મુશ્કેલી પડે છે, તેથી જ તે બધી બાબતો સમજાવવી ખાસ જરૂરી છે.

ઉપર-નીચે જોડાતા અક્ષરોમાં, ઉપરથી નીચેના ક્રમે અક્ષરો જોડાયેલા હોય છે. તેથી સૌ પ્રથમ ઉપર રહેલા અક્ષરનો ઉચ્ચાર થાય અને ત્યાર પછી તેની નીચેના અક્ષરનો ઉચ્ચાર થાય. પહેલો નંબર ઉપરના અક્ષરનો અને બીજો નંબર નીચેના અક્ષરનો સમજવો. આ તેનો અનુક્રમ છે, તે ધ્યાનમાં રાખવો.

દા. ત. (I) 

આમાં સહુથી પ્રથમ ર્ (રેફ) છે, તેની નીચે દ્ છે અને તેની પણ નીચે વ છે. માટે

પ્રથમ ર્ (રેફ)નો, ત્યાર પછી દ્ નો અને છેલ્લે વ નો ઉચ્ચાર થાય. જોડાક્ષરમાં છેલ્લો એક જ અક્ષર આખો હોય, તેની પહેલાનાં એક કે બે જેટલા અક્ષર હોય તે બધા અડધા હોય છે.

(II) દ્દ —૧ —૨ આમાં ઉપર ખોડો દ્ છે અને નીચે આખો દ છે. માટે પ્રથમ ખોડા દ્ નો ઉચ્ચાર કર્યા પછી જ આખા દ નો ઉચ્ચાર થાય.

(III) દ્ય —૧ —૨ આમાં ઉપર ખોડો દ્ છે અને તેની નીચે આખો ય છે. માટે ખોડા દ્ નો ઉચ્ચાર કર્યા પછી જ 'ય' નો ઉચ્ચાર થાય.

(૧૧) દ્ (૧), દ (૨), દૃ (૩), દ્દ (૪),–આ ચારેય અક્ષરોને સારી રીતે ઓળખીને ધ્યાનમાં રાખો. તે દરેકને ધ્યાનપૂર્વક જોવાથી તેમાં રહેલો ફેરફાર જાણી શકાશે.

આ ચાર અક્ષરમાંનો જે પહેલો અક્ષર છે તે ખોડો દ્ છે.

બીજો અક્ષર તે દરવાજાનો દ (આખો) છે.

ત્રીજો અક્ષર તે દ્ માં ઋષિનો ઋ ભળીને (દ્+ઋ) બનેલો દૃ છે.

અને ચોથો અક્ષર તે ખોડા દ્ ની સાથે આખો દ જોડાઈને (દ્+દ) બનેલો દ્દ છે.

(૧૨) ધ, ઘ, ઘ્ય—આ ત્રણે ય અક્ષરોને પણ સારી રીતે ઓળખીને ધ્યાનમાં રાખો.

આમાંનો પહેલો અક્ષર તે ધજાનો ધ છે.

બીજો અક્ષર તે ઘરનો ઘ છે.

અને ત્રીજો અક્ષર તે ખોડા દ્ની સાથે ય જોડાઇને (દ્+ય) બનેલો દ્ય છે.

(૧૩) ઙ, ઽ આ બન્નેને પણ ઓળખીને ધ્યાનમાં રાખવા જરૂરી છે. ધ્યાનપૂર્વક જોવાથી જણાશે કે બન્નેની આકૃતિમાં ફેર છે. આમાંનો પહેલો અક્ષર તે ડગલાનો ડ છે. અને બીજો છે તે ડ નથી, તેમ બીજો કોઇ અક્ષર પણ નથી, પણ તે એક નિશાની છે અને તેને 'અવગ્રહ' કહેવામાં આવે છે. સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ જ્યાં 'અ' નો લોપ થયેલો હોય, એટલે કે જ્યાં હકીકતમાં 'અ' હોય ખરો, પણ તે બોલવાનો હોતો નથી, તેથી તે ત્યાં લખાયેલો પણ હોતો નથી. આમ છતાં અહીં લખાયેલા શબ્દમાં આ સ્થાને 'અ' છે એવું સૂચવવા માટે ('અ' નું જ્ઞાન કરવા માટે) ઽ આવા પ્રકારનું ચિહ્ન મૂકવામાં આવે છે ને તેને 'અવગ્રહ' કહેવામાં આવે છે. એટલે તે અવગ્રહ ચિહ્નને ડગલાનો ડ સમજીને તેનો ડ એવો ઉચ્ચાર કરવો નહિ.

(૧૪) દ્ર અને દ (દ્)—આ બન્ને અક્ષરો એકબીજાથી

ભિન્ન છે. દ્ર એ જોડાક્ષર છે પણ દૃ એ જોડાક્ષર નથી. 'દ્ર' માં ખોડા દ્ ની સાથે ર જોડાયેલો છે. જ્યારે 'દૃ' માં ખોડા દ્ ની સાથે ઋષિનો ઋ એ સ્વર જોડાયેલો છે. 'દૃ' એ ખોડો દ્ અને 'ઋ' (સ્વર) મળીને બનેલો અક્ષર છે, પણ જોડાક્ષર નથી. આ પ્રમાણે આ બન્ને અક્ષરો એકબીજાથી સહંતર ભિન્ન છે. તેથી તે બન્નેનો ઉચ્ચાર પણ સમાન નથી. આમ છતાં મોટા ભાગના લોકો વ્યવહારમાં દૃષ્ટિ, સૃષ્ટિ, વૃષ્ટિ ઈત્યાદિ શબ્દોના સ્થાને દ્રષ્ટિ, સ્રષ્ટિ, વ્રષ્ટિ એવો ખોટો ઉચ્ચાર કરવા ટેવાયેલા હોવાથી, ધાર્મિક સૂત્રોમાં જ્યારે તે શબ્દો આવે છે ત્યારે તેનો તેવો જ ખોટો ઉચ્ચાર કરે છે. પણ તેથી સૂત્રમાં શબ્દના અર્થનો ભેદ (ફેરફાર) થઈ જાય છે.

જેમકે—દૃષ્ટા=જોવાયેલી    દ્રષ્ટા=જોનાર

ગૃહ=ઘર    ગ્રહ=સૂર્ય વગેરે નવ ગ્રહ

તૃણ=ઘાસ    ત્રણ=૩ ની સંખ્યા

ઋણ=દેવું    રણ=રેતાળ પ્રદેશ

હૃદ=હૃદય    હ્રદ=સરોવર

આમ અર્થભેદ થઇ જવાથી દોષ લાગે છે. માટે તે શબ્દોનો સાચો ઉચ્ચાર કરતાં શીખી લઇને તેનો સાચો ઉચ્ચાર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

(૧૫) રેફ એટલે અક્ષરની ઉપર મૂકાતો અડધો 'ર'. આ રેફ જે અક્ષરની ઉપર હોય, તે અક્ષરની પહેલાં તેનો (રેફનો) ઉચ્ચાર થાય.

આ અંગે બીજી પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે–લખાણમાં 'ર્' (રેફ), તેના પછી સ્વર સહિતનો જે આખો અક્ષર આવતો હોય, તેના ઉપર જ મૂકાય છે. પણ વચમાં આવતાં ખોડા કે અડધા અક્ષરો ઉપર તે ક્યારેય મૂકાતો નથી.

દા. ત. કાર્ત્સ્ન્ય શબ્દ છે. તેમાં જોડાયેલા અક્ષરોનો અનુક્રમ આ પ્રમાણે છે–કા–ર્–ત્–સ્–ન્–ય. અક્ષરોનો આ અનુક્રમ જોવાથી સમજી શકાય છે કે કાર્ત્સ્ન્ય શબ્દમાં ર્ નું સ્થાન, પ્રથમના કા પછી તરત જ એટલે કે બીજા જ નંબરે છે. તેથી બોલવામાં પણ તેનો નંબર બીજો જ આવે. એટલે કે તેનો ઉચ્ચાર કા પછી તરત જ થાય.

હવે લખાણમાં તે 'ર્' નું અર્થાત્ રેફનું સ્થાન, તેના પછી રહેલા ત્ ઉપર આવવું જોઈએ. પણ તે ખોડો–અડધો અક્ષર હોવાથી નિયમ મુજબ તેના ઉપર રેફ મૂકાતો નથી. ત્યાર પછીના સ્ અને ન્ એ બન્ને અક્ષરો પણ તે જ પ્રમાણે ખોડા–અડધા હોવાથી, રેફને તેના ઉપર પણ મૂકી શકાય નહિ. આમ આગળ વધતા જયારે આખો અક્ષર 'ય' આવે છે, ત્યારે જ તેના ઉપર રેફને સ્થાન મળી શકે છે.

આ પ્રમાણે ઉચ્ચારમાં રેફનું સ્થાન બીજા જ નંબરે હોવા છતાં પણ, લખાણમાં તો તેનું સ્થાન વચમાંના ત્રણ અડધા અક્ષરોને છોડીને, ઠેઠ છેડે રહેલા 'ય' ઉપર પહોંચી જાય છે. ઉચ્ચારની શુદ્ધિ માટે આ વાત ખાસ ધ્યાનમાં

રાખવા યોગ્ય છે. આ જ પ્રમાણે મર્ત્ય, ધાષ્ટર્ય, હર્મ્ય અને તેના જેવા બીજા શબ્દો માટે પણ સમજી લેવું.

(૧૬) જોડાક્ષરમાં અક્ષરો જે ક્રમથી જોડાયા હોય, તે જ ક્રમથી તેનો ઉચ્ચાર થવો જોઇએ. તેના ક્રમમાં ફેરફાર થવા દેવાય નહિ. એટલે કે આગળ રહેલા અક્ષરનો ઉચ્ચાર પાછળ ન થવો જોઇએ અને પાછળ રહેલા અક્ષરનો ઉચ્ચાર આગળ ન થવો જોઇએ.

(૧૭) તેવી જ રીતે જે અક્ષર આખો હોય તે ખોડો ન બોલાવો જોઇએ અને જે અક્ષર ખોડો-અડધો હોય તે આખો ન બોલાવો જોઈએ. ખોડો અક્ષર ખોડો જ બોલાવો જોઈએ અને આખો અક્ષર આખો જ બોલાવો જોઇએ.

(૧૮) જોડાક્ષરમાં રહેલા અક્ષરો તેના અનુક્રમ પ્રમાણે ન બોલાય, કે કોઈ એક અક્ષર બોલાયા વિનાનો રહી જાય, અથવા તો એકને બદલે બીજો જ અક્ષર બોલાઈ જાય, જે અક્ષર હોય તે નીકળી જાય, ને ન હોય તે દાખલ થઇ જાય તો તે અશુદ્ધ ઉચ્ચાર ગણાય અથવા ઉચ્ચારની ખામી ગણાય.

(૧૯) શબ્દમાં અને જોડાક્ષરમાં રહેલા એકે એક અક્ષરને સાંભળનારા પણ બરાબર સાંભળી અથવા જાણી શકે તે રીતે તેનો સ્પષ્ટ ઉચ્ચાર થવો જોઇએ. જોડાક્ષરનો ઉચ્ચાર કરતી વખતે તેમાંનો એક પણ અક્ષર બોલાયા વિનાનો ન રહેવો જોઈએ. તેમજ તેમાં ન હોય તેવો વધારાનો અક્ષર પણ ન બોલાવો જોઇએ.

(૨૦) જોડાક્ષરનો ઉચ્ચાર સ્પષ્ટપણે અને સાંભળનારને કર્ણપ્રિય લાગે તેવી રીતે મધુરતાપૂર્વક કરવો જોઈએ, પણ પોતાના મુખ આદિનો વિકાર કરવા પૂર્વક નહિ. એટલે કે મુખની સુંદર આકૃતિ બગાડીને અને સાંભળનારના કાનને કઠોર લાગે તેવી રીતે અવાજ બગાડીને ઉચ્ચાર ન કરવો જોઈએ.

(૨૧) મોટાં ભાગનાં પ્રતિક્રમણનાં સૂત્રો પ્રાકૃત ભાષામાં જ છે. બહુ થોડાં સૂત્રો સંસ્કૃત ભાષામાં છે. જે સૂત્રો પ્રાકૃત ભાષામાં છે તે પ્રાકૃત ભાષા પ્રમાણે જ બોલાવા જોઇએ અને જે સંસ્કૃત ભાષામાં છે તે સંસ્કૃત ભાષા પ્રમાણે જ બોલાવા જોઈએ. પણ સંસ્કૃત–પ્રાકૃતનું મિશ્રણ કરીને બોલાય નહિ. દા. ત.

(૧) વરકણયશંખવિદ્રુમ–મરગયઘણસન્નિહં વિગયમોહં ।
સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વંદે ॥

આમ અડધું પદ પ્રાકૃતમાં ને અડધું પદ સંસ્કૃતમાં બોલાય નહિ. આખી ગાથા એમાંથી એક જ ભાષામાં બોલાય. આ ગાથા પ્રતિક્રમણમાં સંસ્કૃતમાં બોલાય છે.

(૨) ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુભ્યઃ (સર્વસાધુહં બોલવું જોઈએ.)

(૩) અબ્ભુટ્ઠિઓમિ અભ્યંતર દેવસિઅં ખામેઉં (અબ્ભિંતર બોલવું જોઇએ.)

(૪) દેવસિઅ પ્રતિક્રમણે ઠાઉં (પડિક્કમણે બોલવું જોઈએ.)

આ બધા દૃષ્ટાંતોમાં સંસ્કૃત–પ્રાકૃત ભાષાનું મિશ્રણ કરી નાખવામાં આવ્યું છે. આ રીતે બે ભાષાઓનું સ્વયં મિશ્રણ કરીને બોલવાથી દોષ લાગે છે.

(૨૨) જોડાક્ષરોની સમ્યગ્ ઉચ્ચાર પદ્ધતિને નહિ જાણનારા બાળકોને, નીચે બતાવ્યા પ્રમાણે જોડાક્ષરોવાળા શબ્દોની અંદર વચમાં વચમાં અલ્પ વિરામ કરાવીને બોલતાં શિખવવાથી, તેઓ ગમે તેવા કઠિન જોડાક્ષરોનો પણ સહેલાઇથી શુદ્ધ ઉચ્ચાર કરતાં શીખી શકે છે. આ વાત અનુભવસિદ્ધ છે.

દા. ત. પાયચ્છિત્ત—પા, યચ્, છિત્, ત

અન્નત્થ—અન્, નત્, થ

પડિક્કમામિ—પ, ડિક્, કમામિ

કાઉસ્સગ્ગં—કા, ઉસ્, સગ્, ગં

આઈચ્ચેસુ—આ, ઈચ્, ચેસુ

સવ્વન્નૂણં—સવ્, વન્, નૂણં

પચ્ચક્ખામિ—પચ્, ચક્, ખામિ

વિદ્યાગુરુઓએ શરૂઆતમાં નાના બાળકોને જોડાક્ષરવાળો શબ્દ આવી રીતે અલ્પવિરામથી છૂટો પાડીને બોલતાં શિખવવું અને તેવી જ રીતે ગોખતાં શિખવવું. તે શબ્દ ગોખાઇને રૂઢ થયા પછી અલ્પવિરામ વિના શુદ્ધ રીતે બોલી શકાશે.

વિદ્યાગુરુઓએ શરૂઆતમાં નાના બાળકોને જોડાક્ષરવાળો શબ્દ આવી રીતે અલ્પવિરામથી છૂટો પાડીને બોલતાં શિખવવું અને તેવી જ રીતે ગોખતાં શિખવવું. તે શબ્દ ગોખાઇને રૂઢ થયા પછી અલ્પવિરામ વિના શુદ્ધ રીતે બોલી શકાશે.

અશુદ્ધ ઉચ્ચાર કરવાથી અને અશુદ્ધ લખવાથી શબ્દના અર્થમાં બહુ મોટો ફેરફાર થઈ જાય છે. નીચેનાં દૃષ્ટાંતો વાંચવાથી તે વાત સારી રીતે સમજી શકાશે.

| | |
|---|---|
| ઉંદર=ઉંદરડો | ઉદર=પેટ |
| કુંતી=પાંડવોની માતા | કુતી=કૂતરી |
| કઠોર=કઠણ, નિર્દય | કઠોળ=દાળ પડે તેવું ધાન્ય |
| કમર=કેડ | કમળ=ફૂલ |
| કેશ=વાળ | કેસ=મુકર્દમો |
| ખંડ=ભાગ, ટુકડો | ખડ=ઘાસ |
| ગુણ=લક્ષણ, ફાયદો | ગૂણ=કોથળો |
| ગ્રહ=શનિ વગેરે ગ્રહો | ગૃહ=ઘર, મકાન |
| ગાંડુ=પાગલ | ગાડું=બળદગાડી |
| ગેરહાજર=હાજર નહિ | ઘેરહાજર=ઘરમાં હાજર |
| ચિંતા=વિચાર | ચિતા=મડદું બાળવા ગોઠવેલી લાકડાની ચોકી |
| ચૂક=ભૂલ | ચૂંક=નાની ખીલી પેટમાં આંકડી આવવી તે |
| જિન=તિર્થંકરદેવ, કપાસ લોઢવાનું કારખાનું | જીન=ઘોડાની પલાણ, એક પ્રકારનું ભૂત |
| દારુ=લાકડું | દારૂ=મદિરા |
| દિન=દિવસ | દીન=ગરીબ, રાંકડું |
| દ્વિપ=હાથી | દ્વીપ=બેટ |
| દોશી=કાપડિયો | દોષી=ગુનેગાર |
| ડોશી=ઘરડી સ્ત્રી | |

| | |
|---|---|
| નિવૃત્તિ=નિરાંત, પુરસદ | નિર્વૃતિ=નિર્વાણ, શાંતિ, આનંદ |
| પરિણામ=ફળ | પરિમાણ=માપ |
| પલિત=ધોળોવાળ | પલીત=ભૂત-પ્રેત |
| પહેલા=પ્રથમ | પહેલાં=પૂર્વે, અગાઉ |
| પાણિ=હાથ | પાણી=જળ |
| પુર=શહેર, નગર | પૂર=જળની રેલ |
| પુરી=નગરી | પૂરી=ખાવા માટેની તળેલી વાનગી |
| પ્રસાદ=મહેરબાની | પ્રાસાદ=મહેલ |
| બંગલો=સુંદર મકાન | બગલો=એક પક્ષી |
| ભવન=મકાન, ઘર | ભુવન=જગત, લોક |
| મેશ=કાજળ | મેષ=ઘેટો |
| રંગ=વર્ણ, કલર | રગ=શરીરની નસ |
| રાગ=મનનો દોષ | રોગ=શરીરનો દોષ |
| રાશિ=ઢગલો | રાશી=ખરાબ |
| વધુ=વધારે | વધૂ=જુવાન વહુ |
| વંડી=દીવાલ | વડી=એક વાનગી |
| શંકર=શિવ, મહાદેવ | સંકર=મિશ્રણ, ભેળસેળ |
| શાખ=આબરૂ | શાક=દૂધી વગેરેનું શાક |
| સાખ=સાક્ષી | |
| શાલ=કામળી | સાલ=વરસ |
| શૂર=પરાક્રમી | સૂર=કંઠ, અવાજ, સૂરજ |
| | સુર=દેવ |

| | |
|---|---|
| શ્રાવક—જૈન ગૃહસ્થ | શાવક—બચ્ચું |
| શ્રીમંત—ધનવાન | સીમંત—અઘરણી |
| સરકસ—કસરતના ખેલ, જનાવર | સરઘસ—પ્રસંગે નીકળેલું લોકોનું ટોળું |
| સહજ—કુદરતી, સ્વાભાવિક, સાથે જન્મેલું | સહેજ—થોડું |
| સંગ—સોબત | સંઘ—ટોળું |
| સામાયિક—બે ઘડીની ધર્મક્રિયા | સામયિક—નિયત સમયે પ્રગટ થતું છાપું |

卐

## નાની થાય ભૂલ, અર્થ થાય ડૂલ;
## કલમ કરમાય, શાહી શરમાય.

| | |
|---|---|
| (૧) આગલ ગાડી છે. | આગ લગાડી છે. |
| (૨) દીવા નથી અંધારું છે. | દીવાનથી અંધારું છે. |
| (૩) ફરિયાદ કરો. | ફરિ (ફરી) યાદ કરો. |
| (૪) દોડ જોવા જાય છે. | દોડજો વા જાય છે. |
| (૫) બાટલીમાં હરડે છે. | બાટલીમાં હ રડે છે. |
| (૬) બજારમાં હરાજી થાય છે. | બજારમાં હ રાજી થાય છે. |
| (૭) બાલક રડે છે. | બાલ કરડે છે. |
| (૮) પ રીક્ષા માટેનું સ્ટેન્ડ | પરીક્ષા માટેનું સ્ટેન્ડ |
| (૯) અમારા સરકસમાં ઘોડા—ગાય છે. | અમારા સરકસમાં ઘોડા ગાય છે. |

| | |
|---|---|
| (૧૦) તે ખરીદી કરીને ખાય છે. | તે ખરી દીકરીને ખાય છે. |
| (૧૧) આ ખાસ ડાકટર છે. | આ ખાસડા કટર છે. |
| (૧૨) કાગળમાં માસી મામા લખાય છે. | કાગળમાં માસીમા માલ ખાય છે. |
| (૧૩) મલબાર ટી શોપ (મલબાર ચાની દુકાન) | મલબાર ટી સોપ (મલબાર થા સાબુ) |
| અંગ્રેજીમાં શોપ એટલે દુકાન | અને સોપ એટલે સાબુ. |
| (૧૪) સારું થયું તમે રસ્તામાં જ મળી ગયા; નહિ તો મારે તમારા ઘેર મળવા આવવું પડત. | સારું થયું તમે રસ્તામાં જ મરી ગયા; નહિ તો મારે તમારા ઘેર મરવા આવવું પડત. |

## બાફી માર્યું

એક દાનવીરને અભિનંદન આપવા માટે સભા ભરાઈ. એક ભાઈ બોલવા ઊભા થયા. તેમણે 'આવા ઉદાર માણસને મારા અભિનંદન છે' એમ બોલવાને બદલે 'આવા ઉધાર માણસને મારા અભિનંદન છે' એમ બોલી બાફી માર્યું.

## સૂત્રોનો અશુદ્ધ ઉચ્ચાર કરવાથી થતું અર્થ પરિવર્તન

હવે વિચાર કરો કે, ઉપરના શબ્દોમાં ફેરફાર થયો

માત્ર રાઈના દાણા જેવડાં નાનકડાં મીંડાનો, છતાં અર્થમાં તો ફેરફાર થઈ ગયો ડુંગર જેવડો મોટો! શબ્દમાં ફેરફાર થયો માત્ર હ્રસ્વ-દીર્ઘ સ્વરનો, છતાં અર્થમાં ફેરફાર થયો આસમાન-જમીનનો!

તેવી જ રીતે અશુદ્ધ ઉચ્ચાર કરવાથી ધાર્મિક સૂત્રોના અક્ષરોમાં ભલે નજીવો ફેરફાર થઈ જાય તો પણ ઘણો ખરાબ અને ઘણો વિપરીત અર્થ થઇ જાય છે. નીચે આપેલાં કેટલાંક દૃષ્ટાન્તો જોવાથી આ વાત સારી રીતે સમજી શકાશે.

**નવકારમાં :—**

(૧) સવ્વપાવપ્પણાસણો (શુદ્ધપાઠ)-સર્વ પાપોનો નાશ કરનાર.

સવપાવપ્પણાસણો (અશુદ્ધપાઠ)-શબનાં (મડદાનાં) પાપનો નાશ કરનાર.

(શુદ્ધ) સવ્વ=સર્વ (અશુદ્ધ) સવ=શબ, મડદું.

**અન્નત્થસૂત્રમાં :—**

(૨) અન્નત્થ ઊસસિએણં (શુદ્ધપાઠ)-ઉચ્છ્વાસ નિઃશ્વાસ આદિ ક્રિયાઓના આગાર (અપવાદ) છોડીને મારો કાઉસ્સગ્ગ અભંગ અને અવિરાધિત હો. (ઉચ્છ્વાસ નિઃશ્વાસ આદિ કારણો ઉપસ્થિત થવાથી જે કાયવ્યાપાર થાય, તેનાથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ, કે વિરાધિત થાય નહિ.)

અનત્થ ઊસસિએણં (અશુદ્ધપાઠ)–અનર્થ ઉચ્છ્વાસ નિઃશ્વાસ આદિ આગારો વડે મારો કાઉસ્સગ્ગ હો.

(શુદ્ધ) અન્નત્થ=અન્યત્ર, સિવાય કે.
(અશુદ્ધ) અનત્થ=અનર્થ, સંકટ.

**નમુત્થુણં સૂત્ર :—**

(૩) ધમ્મદયાણં (શુદ્ધપાઠ)–ધર્મને આપનારા અરિહંત ભગવંતોને નમસ્કાર થાવ.

ધમ્દયાણં (અશુદ્ધપાઠ)–ધનને આપનારાને.
(ધ નપું૦ ધન અર્થમાં છે.)

(શુદ્ધ) ધમ્મ–ધર્મ. (અશુદ્ધ) ધમ્–ધન.

(૪) સવ્વન્નૂણં (શુદ્ધપાઠ)–સર્વજ્ઞ એવા અરિહંત ભગવંતોને નમસ્કાર થાવ.

સવ્વનૂણં (અશુદ્ધપાઠ)–સર્વથી ન્યૂનને.

(શુદ્ધ) 'સર્વજ્ઞેભ્યઃ'નું પ્રાકૃતમાં સવ્વન્નૂણં થાય છે અને તેનો અર્થ 'સર્વજ્ઞને' એવો થાય છે.

(અશુદ્ધ) 'સર્વન્યૂનમ્'નું પ્રાકૃતમાં સવ્વનૂણં થાય છે અને તેનો અર્થ 'સર્વથી ન્યૂન એટલે સર્વથી હીન કે ઊતરતી કક્ષાવાળાને' એવો થાય છે.

સવ્વન્નૂણં પદ (ચતુર્થીના અર્થમાં) ષષ્ઠી વિભક્ત્યંત છે. જ્યારે સવ્વનૂણં પદ દ્વિતીયા વિભક્ત્યંત બની જાય છે.

**જાવંતિ ચેઈઆઈ સૂત્રમાં :—**

(૫) ઇહ સંતો તત્થ સંતાઈં (શુદ્ધપાઠ)–અહીં રહેલો હું ત્યાં રહેલાને.

ઈઅ સંતો તત્થ સંતાઈં (અશુદ્ધપાઠ)–આ પ્રમાણે રહેલો હું ત્યાં રહેલાને.

(શુદ્ધ) ઈહ–અહીં. (અશુદ્ધ) ઇઅ–આ પ્રમાણે.

**જાવંત કે વિ સાહૂ સૂત્રમાં :—**

(૬) તિવિહેણ તિદંડ વિરયાણું (શુદ્ધપાઠ)–ત્રણ પ્રકારે ત્રણ દંડથી વિરામ પામેલા સર્વ સાધુઓને હું નમ્યો છું.

તિવિહેણ તિદંડ વીરિયાણું (અશુદ્ધપાઠ)–ત્રણ પ્રકારે ત્રણ દંડમાં પરાક્રમવાળા સર્વ સાધુઓને હું નમ્યો છું. મનોદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડ છે અને તે પાપસ્વરૂપ છે.

(શુદ્ધ) 'વિરતેભ્યઃ'નું પ્રાકૃતમાં વિરયાણું' બને છે. (વિ+રમ્) વિરયાણું=વિરામ પામેલાઓને.

(અશુદ્ધ) 'વીર્ય' શબ્દનું પ્રાકૃતમાં 'વીરિય' થાય છે. અને તેનું ષષ્ઠી બહુવચનમાં 'વીરિયાણું' થાય છે. તિદંડવીરિયાણું=ત્રણ દંડમાં પરાક્રમવાળાને.

આમ વિરયાણું શબ્દમાં રહેલા 'ર' ને બદલે 'રિ' બોલવાથી 'પાપસ્વરૂપ ત્રણ દંડથી ત્રણ પ્રકારે (મન–વચન–કાયાથી) વિરામ પામેલા સર્વ સાધુઓને' એવા સાચા અને સારા અર્થને બદલે, ત્રણ પ્રકારના દંડ કે જે

પાપસ્વરૂપ હોવાથી અનર્થકારી છે એવા ત્રણ દંડમાં ત્રણ પ્રકારે એટલે મન-વચન-કાયાથી પરાક્રમવાળા સર્વ સાધુઓને નમ્યો છું'' એવો ખોટો ને ખરાબ અર્થ થઈ જાય છે.

**નમોઽર્હત્ સૂત્રમાં :—**

(૭) નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ (શુદ્ધપાઠ) –અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર થાવ.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયેસર્વસાધુભ્યઃ (અશુદ્ધપાઠ)

આ સૂત્રમાં 'પાધ્યાય' ને બદલે 'પાધ્યાયે' બોલવાથી ત્યાં સપ્તમી વિભક્તિનો આભાસ થાય છે. સમાસ તૂટી જાય છે. તેથી તેનો સાચો, સંગત ને ઈષ્ટ અર્થ માર્યો જાય છે અને ખોટો, અસંગત ને અનિષ્ટ અર્થ ઉત્પન્ન થાય છે, એથી પંચ પરમેષ્ઠીને નમસ્કાર થતો નથી.

**જયવીયરાય સૂત્રમાં :—**

(૮) ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ (શુદ્ધપાઠ)–હે પ્રભુ! મને તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ અને માર્ગાનુસારિતા (માર્ગને અનુસરવાપણું) પ્રાપ્ત થાવ!

ભવનિવ્વેઓ મગ્ગા અણુસારિઆ (અશુદ્ધપાઠ)–હે પ્રભુ! મને તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ અને માર્ગથી દૂર થવાપણું પ્રાપ્ત થાવ!

અહીં શબ્દમાં માત્ર એક 'અ' નો વધારો થઇ જવાથી આવો અનિષ્ટ અર્થ થાય છે.

'માર્ગાનુસારિતા' એ સંસ્કૃત પદનું પ્રાકૃતમાં ,મગ્ગાણુસારિઆ' થાય છે.

અને 'માર્ગાત્ અનુસારિતા' એ સંસ્કૃત પદનું પ્રાકૃતમાં 'મગ્ગા અણુસારિઆ' થાય છે.

(શુદ્ધ) મગ્ગાણુસારિઆ=માર્ગાનુસારિપણું.

(અશુદ્ધ) મગ્ગા અણુસારિઆ=માર્ગથી દૂર થવાપણું.

(૯) પ્રધાનં સર્વધર્માણામ્ (શુદ્ધપાઠ)=સર્વ ધર્મોને વિશે પ્રધાન (એવું જિનશાસન જય પામે છે.)

પ્રધાનં સર્વધર્માણમ્ (અશુદ્ધપાઠ)=સર્વ ધર્મવાળાને.

'સર્વધર્માણામ્' એ 'સર્વધર્મ' શબ્દનું ષષ્ઠી બહુવચન છે.

'સર્વધર્માણમ્' એ 'સર્વધર્મન્' શબ્દનું દ્વિતીયા એકવચન છે.

**સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં :—**

(૧૦) તં ધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ (શુદ્ધપાઠ)–તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

તમધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં (અશુદ્ધપાઠ)–તે અધર્મ-ચક્રવર્તી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

(શુદ્ધ) તં ધમ્મચક્કવટ્ટીં=તે ધર્મચક્રવર્તીને.

(અશુદ્ધ) તમધમ્મચક્કવટ્ટીં=તે અધર્મચક્રવર્તીને.

આમ મીંડાને બદલે 'મ' આખો બોલવાથી આવો દુષ્ટ ને વિપરીત અર્થ થઇ જાય છે.

**અરિહંતચેઈયાણં સૂત્રમાં :—**

(૧૧) સદ્ધાએ (શુદ્ધપાઠ)=શ્રદ્ધા વડે.

સિદ્ધાએ (અશુદ્ધપાઠ)=સિદ્ધ થયેલી સ્ત્રી વડે.

'શ્રદ્ધયા' (શ્રદ્ધા શબ્દનું તૃતીયા એકવચન) પદનું પ્રાકૃતમાં સદ્ધાએ થાય છે.

'સિદ્ધયા' (સિદ્ધા શબ્દનું તૃતીયા એકવચન) પદનું પ્રાકૃતમાં સિદ્ધાએ થાય છે.

**કલ્લાણકંદં સૂત્રમાં :—**

(૧૨) સુગુણિક્કઠાણં (શુદ્ધપાઠ)–સારા ગુણોના એક સ્થાનભૂત.
સુગણિક્કઠાણં (અશુદ્ધપાઠ)–સારા ગણના (સમુદાયના) એક સ્થાનભૂત.

(શુદ્ધ) ગુણ=ગુણ, સારાં લક્ષણ. (અશુદ્ધ) ગણ=સમુદાય. 'ગુણિ'ના સ્થાને 'ગણિ' બોલવાથી અર્થમાં આવો ફેરફાર થઈ જાય છે.

(૧૩) અપાર–સંસાર (શુદ્ધપાઠ)–જેનો પાર ન પામી શકાય એવો સંસાર.

અપ્પાર–સંસાર (અશુદ્ધપાઠ)–અલ્પ આરાવાળો સંસાર.

(શુદ્ધ) અપાર=પાર ન પામી શકાય તેવો.

(અશુદ્ધ) અપ્પાર–અલ્પ આરાવાળો. ('અલ્પાર' શબ્દ પરથી પ્રાકૃતમાં 'અપ્પાર' શબ્દ બને છે.) શબ્દમાં માત્ર એક 'પ્' વધારી નેબોલવાથી અર્થમાં આવો ફેરફાર થઈ જાય છે.

**લઘુશાંતિ સૂત્રમાં :—**

(૧૪) નમો નમઃ શાન્તયે તસ્મૈ (શુદ્ધપાઠ)–તે શાન્તિ-નાથ ભગવાનને નમસ્કાર થાવ.

નમો નમોઽશાન્તયે તસ્મૈ (અશુદ્ધપાઠ)–તે શાન્તિ વગરનાને નમસ્કાર થાવ.

વિસર્ગ ( : ) ના સ્થાને 'ઓ' બોલવાથી આવો વિપરીત અર્થ થઇ જાય છે.



# સૂત્રોચ્ચાર શુદ્ધિ દર્પણ

| નં. | અશુદ્ધ | સૂત્ર | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | નમોરિહંતાણું | નવકારમંત્ર | નમો અરિહંતાણું |
| ૨ | નમો આરિયાણું | ,, | નમો આયરિયાણું |
| | [illegible] | | સમત્થો |
| ૮ | છત્તીસ ગુરુ ગુરુ મજ્ઝ | ,, | છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ |
| ૯ | ઇચ્છામિ | ખમાસમણ | ઇચ્છામિ |
| ૬ | પંચ મેહાવયજુત્તા | ,, | પંચ મહવ્વયજુત્તો |
| ૭ | પંચ વિચાર પાલણ સમત્થો | ,, | પંચ વિહાયાર પાલણ સમત્થો |
| ૮ | છત્તીસ ગુરુ ગુરુ મજ્ઝ | ,, | છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ |
| ૯ | ઇચ્છામિ ખમાસણો | ખમાસમણ | ઇચ્છામિ ખમાસમણો |

| અશુદ્ધ | | શુદ્ધ |
|---|---|---|
| ૧૦ વંહિઉ | ,, | વંદિઉ |
| ૧૧ મથેણુ વંદામિ | ,, | મત્થએણ વંદામિ |
| ૧૨ નિવહો છોજી | ઇચ્છકાર | નિર્વહો છોજી |
| ૧૩ ઇચ્છાકારેણુ સંદિસહ ભગવાન્ ! | ઇરિયાવહિયં | ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! |
| ૧૪ ઇચ્છામિ પડિક્કમિઉ | ,, | ઇચ્છામિ પડિક્કમિઉં |
| ૧૫ મકડા | ,, | મક્કડા |
| ૧૬ એકિંદિયા | ,, | એગિંદિયા |
| ૧૭ અભિયા | ,, | અભિહયા |
| ૧૮ સંઘાયા | ,, | સંઘાઇયા |
| ૧૯ ઉદ્દદુવિયા | ,, | ઉદ્દવિયા |
| ૨૦ પાયછિત્ કર્ણેણું | તસ્સઉત્તરી | પાયચ્છિત્તકરણેણં |
| ૨૧ અનત્થ | અન્નત્થ | અન્નત્થ |
| ૨૨ ખાસસિએણું | ,, | ખાસિએણં |
| ૨૩ સુહમેહિ અંગસંચાલેહિ | ,, | સુહુમેહિં અંગસંચાલેહિં |
| ૨૪ એવમાઇ આગારેહિ | ,, | એવમાઇએહિં આગારેહિં |
| ૨૫ તાવ્ કાએણું | ,, | તાવ કાયં |
| ૨૬ માણેણું | ,, | મોણેણં |
| ૨૭ કિતઇસં | લોગસ્સ | કિત્તઇસ્સં |
| ૨૮ સંભવમભિ અણુંદણુંચ | ,, | સંભવમભિણંદણં ચ |
| ૨૯ એવં મહે અભિત્થુઆ | ,, | એવં મએ અભિથુઆ |

| | | |
|---|---|---|
| ૩૦ વિહુયરયમલ્લા | ,, | વિહુયરયમલા |
| ૩૧ સિદ્ધા સિદ્ધિ મમ દિસતુ | ,, | સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ |
| ૩૨ કરેમિ ભંતે! સામાઇઅ | કરેમિ ભંતે | કરેમિ ભંતે! સામાઈઅં |
| ૩૩ સાવજ્જં જોગં પચ્ખામિ | ,, | સાવજ્જં જોગં પચ્ચક્ખામિ |
| ૩૪ દુવિહેણું તિવિહેણું | ,, | દુવિહં તિવિહેણં |
| ૩૫ મણેણું વાએણું કાએણું | ,, | મણેણં વાયાએ કાએણં |
| ૩૬ સામાઇઅમ્મિ ઉક્કએ | સામાઇઅ વયજુત્તો | સામાઈઅમ્મિ ઉ કએ |
| ૩૭ એએણુ કારણેણુ | ,, | એએણ કારણેણં |
| ૩૮ અંપડિહય સાસણુ | જગચિંતામણિ | અપ્પડિહય સાસણ |
| ૩૯ કમ્મભૂમિહિ | ,, | કમ્મભૂમિહિં |
| ૪૦ મુણિબહુ | ,, | મુણિબહું |
| ૪૧ બાસિયાઈ | ,, | બાસિયાઈ |
| ૪૨ સયાઇ | ,, | સયાઈ |
| ૪૩ અસિઇ | ,, | અસઈ |
| ૪૪ જાઇ જિણુબિંબાઇ | જંકિંચિ | જાઈં જિણબિંબાઈં |
| ૪૫ તાઇ સવ્વાઇ | ,, | તાઈં સવ્વાઈં |

| | અશુદ્ધ | | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૬ | મગ્દયાણં | નમુત્થુણં | મગ્ગદયાણં |
| ૪૭ | ધમ્દયાણં | ” | ધમ્મદયાણં |
| ૪૮ | ધમ્દેસિયાણં | ” | ધમ્મદેસયાણં |
| ૪૯ | અપડિહુયવરનાણં | ” | અપ્પડિહયવરનાણ |
| ૫૦ | જિણુાણં જાવયાણં | ” | જિણાણં જાવયાણં |
| ૫૧ | તિન્નાણં તારિયાણં | ” | તિન્નાણં તારયાણં |
| ૫૨ | સવ્વનૂણં | ” | સવ્વન્નૂણં |
| ૫૩ | મપુણરાવિતિ | ” | મપુણરાવિત્તિ |
| ૫૪ | જે અઈઆ સિદ્ધા | ” | જે અ અઈઆ સિદ્ધા |
| ૫૫ | ભવિસંતિ અણાગએ કાલે | ” | ભવિસ્સંતિ ણાગએ કાલે |
| ૫૬ | જાવંત ચેઈયાઈ | જાવંતિ ચેઈયાઈં | જાવંતિ ચેઈયાઈં |
| ૫૭ | સવ્વાઈ તાઈ | ” | સવ્વાઈં તાઈં |
| ૫૮ | ઈઅ સંતો તત્થ સંતાઈ | ” | ઈહ સંતો તત્થ સંતાઈં |
| ૫૯ | જાવંતિ કે વિ સાહૂ | જાવંત કે વિ સાહૂ | જાવંત કે વિ સાહૂ |
| ૬૦ | મહાવિદેહે | ” | મહાવિદેહે અ |
| ૬૧ | પણુહો | ” | પણઓ |
| ૬૨ | તિદંડ વિરિયાણં | ” | તિદંડ વિરયાણં |
| ૬૩ | નમોઽહર્ત | નમોઽર્હત્ | નમોઽર્હત્ |
| ૬૪ | સિદ્ધાચાર્યોપાધ્યાચે | ” | સિદ્ધાચાર્યોપાધ્યાય |

| | | | |
|---|---|---|---|
| ૬૫ | મંગલકલ્યાણુ આવાસં | ઉવસગ્ગહરં | મંગલકલ્લાણ-આવાસં |
| ૬૬ | તુઅ સમત્તે લદ્ધે | ,, | તુહ સમ્મત્તે લદ્ધે |
| ૬૭ | પાવંતિ અવિઘેણું | ,, | પાવંતિ અવિગ્ઘેણં |
| ૬૮ | ઈહિ સંથુઓ મહાયસ્સ ! | ,, | ઈઅ સંથુઓ મહાયસ ! |
| ૬૯ | હિએણુ તા દેવ દિજ્જ બોહિ | ,, | હિયએણ તા દેવ દિજ્જ બોહિં |
| ૭૦ | ભવે ભવે પાસ જિણુચંદં ! | ,, | ભવે ભવે પાસ જિણચંદ ! |
| ૭૧ | હોઉ મમ | જય વીયરાય | હોઉ મમં |
| ૭૨ | મગ્ગા અણુસારિઆ | ,, | મગ્ગાણુસારિઆ |
| ૭૩ | લોગવિરુધચ્ચાઓ | ,, | લોગવિરુદ્ધચ્ચાઓ |
| ૭૪ | તવયણુસેવણુ | ,, | તવ્વયણસેવણા |
| ૭૫ | વારિજઈ | ,, | વારિજ્જઈ |
| ૭૬ | નિયાણુબંધણ | ,, | નિયાણબંધણં |
| ૭૭ | પ્રણામ કરણેણું | ,, | પણામ કરણેણં |
| ૭૮ | સર્વમંગલ્યમાંગલ્ય | ,, | સર્વમંગલમાંગલ્યં |
| ૭૯ | પ્રધાનં સર્વધર્માણું | ,, | પ્રધાનં સર્વધર્માણાં |
| ૮૦ | સિદ્ધાએ મેહાએ ધિએ | અરિહંત ચેઈયાણું | સદ્ધાએ મેહાએ ધિઇએ |
| ૮૧ | અણુપેહાએ | ,, | અણુપ્પેહાએ |

| અશુદ્ધ | | શુદ્ધ |
|---|---|---|
| ૮૨ કલ્યાણકંદં | કલ્લાણકંદં | કલ્લાણકંદં |
| ૮૩ પઢમં જિણંદં | ,, | પઢમં જિણિંદં |
| ૮૪ સુગણિક્કઠાણં | ,, | સુગુણિક્કઠાણં |
| ૮૫ ભત્તીય વંદે | ,, | ભત્તીઈ વંદે |
| ૮૬ અપ્પાર સંસાર | ,, | અપાર સંસાર |
| ૮૭ સમુદ્રપારં | ,, | સમુદ્દપારં |
| ૮૮ સ૦વે જિણંદા | ,, | સ૦વે જિણિંદા |
| ૮૯ સુરવિંદ વંદા | ,, | સુરવિંદ વંદા |
| ૯૦ નમ્માભિ વીરં | સંસારદાવાનલ | નમામિ વીરં |
| ૯૧ લીઢ્ઢલોલાલિમાલા | ,, | લીઢલોલાલિમાલા |
| ૯૨ સિદ્ધે ભો ! પયઓ અણમો | પુક્ખરવર દીવડ્ઢે | સિદ્ધે ભો ! પયઓ ણમો |
| ૯૩ કિન્નરગણ-સબ્ભૂઅ | ,, | કિન્નરગણસ્સબ્ભૂઅ |
| ૯૪ લોઅગમુવગયાણં | સિદ્ધાણં બુદ્ધાણં | લોઅગ્ગમુવગયાણં |
| ૯૫ નરં વ નારિ વા | ,, | નરં વ નારિં વા |
| ૯૬ તમધમ્મચક્કવટ્ટિણં | ,, | તં ધમ્મચક્કવટ્ટિં |
| ૯૭ સમ્મદિટ્ઠિ | વેયાવચ્ચગરાણં | સમ્મદિટ્ઠિ |
| ૯૮ સર્વસાધુભ્યઃ | ભગવાન્હં | સર્વસાધુહં |
| ૯૯ દેવસિઅ પ્રતિક્રમણે ઠાઉં ? | સવ્વસ્સવિ | દેવસિઅ પડિક્કમણે ઠાઉં ? |

| | | |
|---|---|---|
| ૧૦૦ ઉસુત્તો ઉમગ્ગો | ઈચ્છામિ ઠામિ | ઉસ્સુત્તો ઉમ્મગ્ગો |
| ૧૦૧ દુવિચિંતિઓ | ,, | દુવ્વિચિંતિઓ |
| ૧૦૨ તિણ્હ | ,, | તિણ્હં |
| ૧૦૩ મિચ્છા મિ દુકડં | ,, | મિચ્છા મિ દુક્કડં |
| ૧૦૪ આયારણં આયારો | નાણંમિ | આયરણં આયારો |
| ૧૦૫ નિસંકિઅ નિકંખિઅ | ,, | નિસ્સંકિઅ નિક્કંખિઅ |
| ૧૦૬ પંચહિ સમિહિં | ,, | પંચહિં સમિઈહિં |
| ૧૦૭ પરકમઈ | ,, | પરક્કમઈ |
| ૧૦૮ વંદિઉ | વાંદણા | વંદિઉં |
| ૧૦૯ નિસ્સીહિઆએ | ,, | નિસીહિઆએ |
| ૧૧૦ નિસ્સીહિ | ,, | નિસીહિ |
| ૧૧૧ કિલ્લામો | ,, | કિલામો |
| ૧૧૨ અપ્કિલંતાણં | ,, | અપ્પકિલંતાણં |
| ૧૧૩ દિવસો વઈકંતો | ,, | દિવસો વઈક્કંતો |
| ૧૧૪ જવણિ જંચભે | ,, | જવણિજ્જં ચ ભે |
| ૧૧૫ દેવસિઅં વઈકમ્મં | ,, | દેવસિઅં વઈક્કમં |
| ૧૧૬ તિતીસન્નયરાએ | ,, | તિત્તીસન્નયરાએ |
| ૧૧૭ મણદુકડાએ-વયદુકડાએ કાયદુકડાએ | ,, | મણદુક્કડાએ-વયદુક્કડાએ કાયદુક્કડાએ |
| ૧૧૮ સવ્ધમ્માઈકમણાએ | ,, | સવ્વધમ્માઈક્કમણાએ |
| ૧૧૯ બે લાખ બેઈદ્રિ | સાત લાખ | બે લાખ બેઈદ્રિય |
| ૧૨૦ અનુમોધ્યો હોય | ,, | અનુમોદ્યો હોય |

| | અશુદ્ધ | | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૨૧ | અગ્યારમે દ્રેષ | પહેલે પ્રાણાતિપાત | અગ્યારમે દ્વેષ |
| ૧૨૨ | અનુમોધ્યું હોય | ,, | અનુમોદ્યું હોય |
| ૧૨૩ | પડિક્કમે દેવસિઅં સવ્વં | વંદિત્તુ | પડિક્કમે દેસિઅં સવ્વં |
| ૧૨૪ | ઉવભોગે પરિભોગે | ,, | ઉવભોગ-પરિભોગે |
| ૧૨૫ | તણુકંઠે | ,, | તણુ-કટ્ઠે |
| ૧૨૬ | ન ય સંભારિઆ | ,, | ન ય સંભરિઆ |
| ૧૨૭ | વિરિઓમિ વિરાહણાએ | ,, | વિરઓ મિ વિરાહણાએ |
| ૧૨૮ | ખામેમિ સવ્વજીવા | ,, | ખામેમિ સવ્વજીવે |
| ૧૨૯ | દુગંછિઅં સવ્વં | ,, | દુગંછિઅં સમ્મં |
| ૧૩૦ | અબ્ભુટ્ઠિઓમિ અભ્યંતર | અબ્ભુટ્ઠિઓ | અબ્ભુટ્ઠિઓમિ આબ્ભંતર |
| ૧૩૧ | ભત્તે પાણે વિણિએ | ,, | ભત્તે પાણે વિણએ |
| ૧૩૨ | સુહમંવા | ,, | સુહુમં વા |
| ૧૩૩ | ભગવો અંજલિ | આયરિય ઉવજ્ઝાએ | ભગવો અંજલિં |
| ૧૩૪ | શ્રુતદેવતાએ કરેમિ કાઉસ્સગ્ગં | સુઅદેવયા | સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં |
| ૧૩૫ | ક્ષેત્રદેવતાએ કરેમિ કાઉસ્સગ્ગં | ખિત્તદેવયા | ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં |
| ૧૩૬ | ચરણ-સઈએહિં | ,, | ચરણ-સહિએહિં |

| | | | |
|---|---|---|---|
| ૧૩૭ | જયાયઃ કમ- કમલાવલિં | નમોઽસ્તુ | જયાયઃ ક્રમ- કમલાવલિં |
| ૧૩૮ | જન્તુ-નિવૃતિં | ,, | જન્તુ-નિર્વૃતિં |
| ૧૩૯ | સ શુક્રમાસોભવવૃષ્ટિ | ,, | સ શુક્ર માસોદ્ભવવૃષ્ટિ |
| ૧૪૦ | પ્રોધલ્દંતાંશુ | વિશાલલોચન | પ્રોદ્યદ્-દંતાંશુ |
| ૧૪૧ | ત્રણમપિ | ,, | તૃણમપિ |
| ૧૪૨ | બુધે નમસ્કૃતમ્ | ,, | બુધૈર્નમસ્કૃતમ્ |
| ૧૪૩ | પનરસુ | અડ્ઢાઇજ્જેસુ | પનરસસુ |
| ૧૪૪ | પંચ મહાવયધારા | ,, | પંચ મહવ્વયધારા |
| ૧૪૫ | મત્થેણ વંદામિ | ,, | મત્થએણ વંદામિ |
| ૧૪૬ | ભગવતે હતે | લઘુશાંતિ | ભગવતેઽર્હતે |
| ૧૪૭ | નમો નમો શાંતિદેવાય | ,, | નમોનમઃ શાંતિદેવાય |
| ૧૪૮ | ભુવનજનપાલનોધ્યત | ,, | ભુવનજનપાલનોદ્યત |
| ૧૪૯ | પધાન વાક્યોપ્રયોગ | ,, | પ્રધાન વાક્યોપયોગ |
| ૧૫૦ | વિજિયા કુરુતે | ,, | વિજયા કુરુતે |
| ૧૫૧ | નિવૃતિ-નિર્વાણ-જનનિ! | ,, | નિર્વૃતિ-નિર્વાણ-જનનિ! |
| ૧૫૨ | ભક્તાનાં જંતૂના | ,, | ભક્તાનાં જન્તૂનાં |
| ૧૫૩ | નિત્યમુધ્યતે દેવિ! | ,, | નિત્યમુદ્યતે દેવિ |
| ૧૫૪ | સમ્યગ્દ્રષ્ટીનાં | ,, | સમ્યગ્દ્રષ્ટીનાં |
| ૧૫૫ | કુરુ કુરુ સદેતિં | ,, | કુરુ કુરુ સદેતિ |
| ૧૫૬ | કુરુતે શાન્તિં | ,, | કુરુતે શાન્તિં |
| ૧૫૭ | નમો નમો શાન્તયે તસ્મૈ | ,, | નમો નમઃ શાન્તયે તસ્મૈ |

| | અશુદ્ધ | | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૮ | યશ્ચૈનં પઠતિ સદા | લઘુશાંતિ | યશ્ચૈનં પઠતિ સદા |
| ૧૫૯ | શાન્તિંપદં યાયાત | ,, | શાન્તિપદં યાયાત્ |
| ૧૬૦ | ઉપ્સર્ગાઃ ક્ષયંયાન્તિ | ,, | ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ |
| ૧૬૧ | છિદ્યન્તે | ,, | છિદ્યન્તે |
| ૧૬૨ | પયચ્છિઉ વંછિઉ | ચઉક્કસાય | પયચ્છિઉ વંછિઉ |
| ૧૬૩ | ધ્યુસત્કિરીટ | સકલાર્હત્ | દ્યુસત્કિરીટ |
| ૧૬૪ | શાણાગ્રોતેજિતાંઘ્રિ | ,, | શાણાગ્રોત્તેજિતાંઘ્રિ |
| ૧૬૫ | મૂર્તિ–મૂર્ત્તસિતધ્યાન | ,, | મૂર્તિ–મૂર્ત્તસિતધ્યાન |
| ૧૬૬ | નિર્મલીકારકારિણમ્ | ,, | નિર્મલીકારકારણમ્ |
| ૧૬૭ | બાહ્યપાદ્રયોભદ્રં | ,, | બાહ્યપાદ્રયોર્ભદ્રં |
| ૧૬૮ | કુત્રિમાકુત્રિમાનાં | ,, | કૃત્રિમાકૃત્રિમાનાં |
| ૧૬૯ | શય્યા વિભો | સ્નાતસ્યા | શય્યા વિભોઃ |
| ૧૭૦ | હ્રુતરસ | ,, | હૃતરસ |
| ૧૭૧ | ઉન્મ્રષ્ઠં | ,, | ઉન્મૃષ્ટં |
| ૧૭૨ | વકં યસ્ય | ,, | વક્ત્રં યસ્ય |
| ૧૭૩ | ક્ષીરાણવાંભોભૃતૈઃ | ,, | ક્ષીરાર્ણવાંભોભૃતૈઃ |
| ૧૭૪ | પસ્પર્દ્ધિભિઃ | ,, | પ્રસ્પર્દ્ધિભિઃ |
| ૧૭૫ | અર્હદ્દવકંપ્રસૂતં | ,, | અર્હદ્દવક્ત્રપ્રસૂતં |
| ૧૭૬ | મુનિગણવૃષભૌદ્ધારિતં | ,, | મુનિગણવૃષભૈર્ધારિતં |
| ૧૭૭ | નિત્યં પ્રપધ્યે | ,, | નિત્યં પ્રપદ્યે |
| ૧૭૮ | બાલચન્દ્રાભદષ્ટ્રં | ,, | બાલચન્દ્રાભદંષ્ટ્રં |
| ૧૭૯ | મંતં ઘંટારવેણ | ,, | મત્તં ઘંટારવેણ |

| | | | |
|---|---|---|---|
| ૧૮૦ | પ્રસૂતમદજલં | સ્નાત્રસ્થા | પ્રસ્રુતમદજલં |
| ૧૮૧ | સર્વાનુભૂતિદિશતુ | ,, | સર્વાનુભૂતિર્દિશતુ |
| ૧૮૨ | સવ્વ-દુક્ખ-પસંતીણુ | અજિતશાંતિ | સવ્વ-દુક્ખપ્પ-સંતીણું |
| ૧૮૩ | સવ્વ પાવ પસંતીણું | ,, | સવ્વ પાવપ્પસંતીણું |
| ૧૮૪ | સુહપવત્તણું | ,, | સુહપ્પવત્તાણું |
| ૧૮૫ | ધિઇ મઇ પવત્તણું | ,, | ધિઈમઈપ્પવત્તણું |
| ૧૮૬ | નિચ્ચિયં ચ ગુણેહિ | ,, | નિચ્ચિયં ચ ગુણેહિં |
| ૧૮૭ | સમાહિ-નિહિ | ,, | સમાહિ-નિહિં |
| ૧૮૮ | હત્થિ-હત્થ-બાહુ | ,, | હત્થિ-હત્થ-બાહું |
| ૧૮૯ | સુઇ·સુઅ·મણાભિરામ | ,, | સુઇ-સુહ-મણાભિરામ |
| ૧૯૦ | ધંત રૂપ | ,, | ધંત રૂપ્પ |
| ૧૯૧ | દંતિ પંતિ ! | ,, | દંત પંતિ ! |
| ૧૯૨ | ભાવિઅપભાવણે | ,, | ભાવિઅપ્પભાવણે |
| ૧૯૩ | ધરણિધર પવરાઈરેઅ સારં | ,, | ધરણિધરપ્પવરાઇરેઅ સારં |
| ૧૯૪ | પાવઈ નત્તં | ,, | પાવઈ ન તં |
| ૧૯૫ | ચલકુંડલગય | ,, | ચલકુંડલંગય |
| ૧૯૬ | સુટ્ઠુ-સુવિમ્મિમય | ,, | સુટ્ઠુ-સુવિમ્હિય |
| ૧૯૭ | વંદિઊણ તોઊણ તો જિણું | ,, | વંદિઊણ થોઊણ તો જિણું |
| ૧૯૮ | સભવણાઈ તો ગયા | ,, | સભવણાઈ તો ગયા |
| ૧૯૯ | વિઆરણિઆહિ | ,, | વિઆરણિઆહિં |

| | અશુદ્ધ | | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૦૦ | મંડણોડણુપગારએહિ | અજિતશાંતિ | મંડણોહુણુપ્પગારએહિં |
| ૨૦૧ | પત્તલેઅનામએહિ | ,, | પત્તલેહનામએહિં |
| ૨૦૨ | ભત્તિવસાગય | ,, | ભત્તિવસાગય |
| | પંડિઅયાહિ | ,, | પિંડિઅયાહિં |
| ૨૦૩ | સુરવરરઈગુણ | ,, | સુરવરરઇગુણ |
| | પિંડિઅયાહિ | | પંડિઅયાહિં |
| ૨૦૪ | સુવિકમા કમા | ,, | સુવિક્કમા કમા |
| ૨૦૫ | ગુણેહિમ જિઠ્ઠા | ,, | ગુણેહિં જિટ્ઠા |
| ૨૦૬ | ગઇ ગય સાસયં | ,, | ગઈ ગયં સાસયં |
| ૨૦૭ | નંહિ | ,, | નંહિં |
| ૨૦૮ | પક્ખિઅ-ચઉમાસિઅ | ,, | પક્ખિઅ-ચાઉમ્માસિઅ |
| ૨૦૯ | પુવુપન્ના | ,, | પુવ્વુપ્પન્ના |
| ૨૧૦ | અહવા કિત્તિ | ,, | અહવા કિત્તિં |
| ૨૧૧ | તા તેલુકુધરણે | ,, | તા તેલુક્કુદ્ધરણે |
| ૨૧૨ | ૐ પુણ્યાહાં | મોટી શાંતિ | ૐ પુણ્યાહં |
| | પુણ્યાહાં | | પુણ્યાહં |
| ૨૧૩ | લોકોધ્યોતકરાઃ | ,, | લોકોદ્યોતકરાઃ |
| ૨૧૪ | મેધા-વિદ્યા-સાધન | ,, | મેધા-વિદ્યા-સાધન |
| ૨૧૫ | સુગ્રહીતનામાનો | ,, | સુગૃહીતનામાનો |
| ૨૧૬ | બ્રહસ્પતિ | ,, | બૃહસ્પતિ |
| ૨૧૭ | સુહ્રત્-સ્વજન | ,, | સુહૃત્-સ્વજન- |
| | સબંધિ | | સંબંધિ |
| ૨૧૮ | માંગલ્યોત્સ્વાઃ | ,, | માંગલ્યોત્સવાઃ |

| | | | |
|---|---|---|---|
| ૨૧૯ | શાંતિર્ગ્રહે ગ્રહે | મોટી શાંતિ | શાંતિર્ગૃહે ગૃહે |
| ૨૨૦ | વ્યાહરણૈવ્યાહરે- છાન્તિમ્ | ,, | વ્યાહરણૈર્વ્યાહરે- ચ્છાન્તિમ્ |
| ૨૨૧ | શાન્તિર ભવતુ | ,, | શાન્તિર્ભવતુ |
| ૨૨૨ | તુષ્ટિર ભવતુ | ,, | તુષ્ટિર્ભવતુ |
| ૨૨૩ | પુષ્ટિર ભવતુ | ,, | પુષ્ટિર્ભવતુ |
| ૨૨૪ | તિત્થયર માયા શિવાદેવી | ,, | તિત્થયરમાયા સિવાદેવી |
| ૨૨૫ | અમ્હ શિવં તુમ્હ શિવં | ,, | અમ્હ સિવં તુમ્હ સિવં |
| ૨૨૬ | અશિવોવસમં શિવં ભવતુ સ્વાહા | ,, | અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા |
| ૨૨૭ | ખેલોસઈમાઈ | સંતિકરં | ખેલોસહિમાઈ |
| ૨૨૮ | સોં | ,, | સૌં |
| ૨૨૯ | પત્તાણુંચ દેઇ સિરિ | ,, | પત્તાણું ચ દેઇ સિરિં |
| ૨૩૦ | મહજવાલા માણવી અ | ,, | મહજાલા માણવી અ |
| ૨૩૧ | ઈહ તિત્થરક્ખણરયા | ,, | ઈઅ તિત્થરક્ખણરયા |
| ૨૩૨ | વ્યંતર જોઇણિ પમુહા | ,, | વંતર જોઇણિ પમુહા |
| ૨૩૩ | ઈહ સંતિનાહ સમ્મદિટ્ઠિ | ,, | ઈઅ સંતિનાહ સમ્મદિટ્ઠિ |
| ૨૩૪ | જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ | અતિચાર | જ્ઞાનવંત પ્રત્યે દ્વેષ |
| ૨૩૫ | પંચહિં સમિહિં | ,, | પંચહિં સમિઈહિં |
| ૨૩૬ | અજાણતાં થાપ્યાં | ,, | અજાણનાં થાપ્યાં (અજાણ માણસોનાં થાપેલાં) |
| ૨૩૭ | તે સવિ હું | ,, | તે સવિ હુ |
| ૨૩૮ | ભુલાવ્યા મોહ્યા | ,, | ભૂલ્યા વ્યામોહ્યા |

# જોડિયા અક્ષરોને ઓળખતાં શીખો

બાળકો શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્રપાઠ ગ્રહણ કરી શકે તે માટે વિદ્યાગુરુઓએ તેમને જોડિયા અક્ષરોને ઓળખતાં શિખવવું જરૂરી છે.

બાળકો જોડાક્ષરોને ઓળખી શકે નહિ, તો તેઓ સૂત્રોના પાઠોનો શુદ્ધ ઉચ્ચાર કરી શકે નહિ.

જોડાક્ષરોનું અજ્ઞાન, એ સૂત્રોચ્ચારની ખામીનું અથવા અશુદ્ધિનું એક મહત્ત્વનું કારણ છે. તે હકીકત ધ્યાનમાં રાખીને અહીં કેટલાક મહત્ત્વના જોડાક્ષરોની સમજ આપવામાં આવી છે.

+ આવી નિશાનીવાળા અક્ષરો (દ્દ, સ્ર, શ્ર, હૃ) જોડાક્ષરમાં ગણાતા નથી. પણ તેમને ઓળખાવવા જરૂરી હોવાથી અહીં જોડાક્ષરોની સાથે સાથે તે અક્ષરોને પણ ઓળખાવ્યા છે.

| ક્રમાંક | જોડાક્ષર | તેમાં જોડાએલા અક્ષરો | દૃષ્ટાંત |
|---|---|---|---|
| ૧ | ક્ક, | ક્+ક | અક્કલ, ઇક્કો વિ નમુક્કારો |
| ૨ | ક્ત | ક્+ત | સશક્ત, આસક્ત, ભક્તામર |
| ૩ | ક્ત્ર, | ક્+ત્+ર | વક્ત્ર, અર્હદ્વક્ત્રપ્રસૂતં |
| ૪ | ક્ર | ક્+ર | વક્ર, ચક્ર, નતોઽહં ક્રમાન્ |
| ૫ | ક્ષ | ક્+ષ | ક્ષય, પક્ષ, અંતરિક્ષ |
| ૬ | ગ્ન, ગ્ન | ગ્+ન | લગ્ન, મગ્ન, ઉદ્વિગ્ન |
| ૭ | ઘ્ન, ઘ્ન, | ઘ્+ન | વિઘ્ન, કૃતઘ્ન |
| ૮ | ચ્ચ | ચ્+ચ | સચ્ચાઈ દુક્ખ દોગચ્ચં |
| ૯ | જ્જ | જ્+જ | સજ્જ, મમ હુજ્જ સેવા |
| ૧૧ | જ્ર, જ્ર | જ્+ર | વજ્ર |
| ૧૨ | જ્ઞ | જ્+ઞ | સર્વજ્ઞ, જ્ઞાન, વિજ્ઞાન |
| ૧૩ | ટ્ઠ | ટ્+ઠ | અરિટ્ઠનેમિં, અટ્ઠારસ |
| ૧૪ | ત્ત, ત્ત | ત્+ત | અત્તર, વીરાત્તીર્થમિદં-પ્રવૃત્તમતુલં |
| ૧૫ | ત્ન, | ત્+ન | મંદરરત્ન, પ્રયત્ન |
| ૧૬ | ત્ત્વ, ત્ત્વ | ત્+ત્+વ | મહત્ત્વ, સત્ત્વાનાં પરમાનંદ |
| ૧૭ | ત્ત્ર | ત્+ત્+ર | જગત્ત્રય, જગત્ત્રિતય |
| ૧૮ | ત્સ્ન | ત્+સ્+ન | જ્યોત્સ્ના, કૃત્સ્નં |
| ૧૯ | ત્ર, ત્ર | ત્+ર | ભુવનત્રય, છત્રત્રય, સ્નાત્ર, |
| ૨૦ | દ્ધ | દ્+ધ | સદ્ધર, શ્રદ્ધાંજલિ |
| ૨૧ | દ્ગ | દ્+ગ | ત્રિજગદ્ગુરુ, મુદ્ગર/દ્ગ |

| ક્રમાંક | જોડાક્ષર | તેમાં જોડાએલા અક્ષરો | દૃષ્ટાંત |
|---|---|---|---|
| ૨૨ | દ્વ | દ્+વ | મોક્ષાગ્રદ્વારભૂતં, વિદ્વાન |
| ૨૩ | દ્મ | દ્+મ | પદ્મપ્રભસ્વામી, છદ્મસ્થ |
| ૨૪ | દ્દ | દ્+દ | મુદ્દલ, સમુદ્દપારં |
| ૨૫ | દ્ય | દ્+ય | વૈદ્ય, વિદ્યા, પ્રોદ્યદ્દંતાંશુ,ઉદ્યોગ |
| ૨૬ | દ્ર | દ્+ર | હરિદ્ર, છિદ્ર, ચન્દ્રપ્રભસ્વામી |
| ૨૭ | દૃ | દ્+ઋ | દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિનાં |
| ૨૮ | દ્રુ | દ્+રુ (દ્+ર્+ઉ) | વરકનકશંખવિદ્રુમ |
| ૨૯ | ધ્ન | ધ્+ન | બ્રધ્ન |
| ૩૦ | ન્ન, ન્ન | ન્+ન | અન્ન, પ્રસન્ન, કમલે નિસન્ના |
| ૩૧ | ન્ત્ર | ન્+ત્+ર | મન્ત્રપદ, સ્વતન્ત્ર |
| ૩૨ | ન્ત્ય | ન્+ત્+ય | અચિન્ત્ય, શાન્ત્યાદિકરશ્ચ |
| ૩૩ | પ્ન, પ્ન | પ્+ન | સ્વપ્ન, સ્વપ્નાંતરેઽપિ |
| ૩૪ | પ્ત, પ્ત | પ્+ત | પ્રાપ્ત, સંતપ્ત, લુપ્તચ્છદ્મ |
| ૩૫ | બ્જ | બ્+જ | અબ્જ |
| ૩૬ | મ્ન | મ્+ન | પ્રદ્યુમ્ન, નિમ્ન |
| ૩૭ | ર્ત્ત | ર્+ત્+ત | મુહૂર્ત્ત, પુષ્કરાવર્ત્તમેઘો |
| ૩૮ | ર્વૃ | ર્+વૃ (ર્+વ્+ઋ) | નિર્વૃત્તિ નિર્વાણજનની |
| ૩૯ | લ્લ, લ્લ | લ્+લ | હુલ્લ, વિહલ્લ |
| ૪૦ | વ્ર | વ્+ર | મુનિસુવ્રતસ્વામી, મહાવ્રત |
| ૪૧ | વ્વ | વ્+વ | પંચમહવ્વયજુત્તો |
| ૪૨ | શ્ચ, શ્ચ, શ્ચ | શ્+ચ | નિશ્ચય, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ |

| ક્રમાંક | જોડાક્ષર | તેમાં જોડાએલા અક્ષરો | દૃષ્ટાંત |
|---|---|---|---|
| ૪૩ | શ્ન, શ્ન | શ્+ન | પ્રશ્ન |
| ૪૪ | શ્ર, | શ્+ર | શ્રમ, શ્રદ્ધા, આશ્રય |
| ૪૫ | ર્શ્વ, ર્શ્વ | ર્+શ્+વ | પાર્શ્વનાથ, સુપાર્શ્વનાથ |
| ૪૬ | ષ્ટ | ષ્+ટ | અષ્ટ, દુષ્ટ |
| ૪૭ | ષ્ટ્ર | ષ્+ટ્+ર | ઉષ્ટ્ર, બાલચન્દ્રાભદંષ્ટ્રં |
| ૪૮ | ષ્ઠ | ષ્+ઠ | પૃષ્ઠ, પ્રતિષ્ઠા |
| ૪૯ | સૃ | સ્+ઋ | સૃષ્ટિ, પ્રસૃતમદજલં |
| ૫૦ | સ્ર | સ્+ર | ઘસ્ર, સહસ્રફણા |
| ૫૧ | સ્ત્ર | સ્+ત્+ર | શાસ્ત્ર, શસ્ત્ર, અસ્ત્ર, વસ્ત્ર |
| ૫૨ | શૃ, શૃ | શ્+ઋ | શૃણોતિ, શૃંગાર |
| ૫૩ | શ્રુ | શ્+રુ | શ્રુતજ્ઞાન, અશ્રુ |
| ૫૪ | ર્હ | ર્+હ | નમોઽર્હત્, અર્હન્ |
| ૫૫ | હૃ, | હ્+ઋ | હૃદય, હૃતરસ |
| ૫૬ | હ્ન | હ્+ન | મધ્યાહ્ન, અષ્ટાહ્નિકા |
| ૫૭ | હ્મ | હ્+મ | બ્રાહ્મણ, બ્રહ્માણમીશ્વર |
| ૫૮ | હ્ર, હ્ર, | હ્+ર | અંહ્રિ, હ્રસ્વ |
| ૫૯ | હ્ય | હ્+ય | બાહ્ય, અસહ્ય |
| ૬૦ | હ્વ | હ્+વ | વિહ્વળ, બહ્વર્થયુક્તં |

# જોડાક્ષરોને ઓળખો અને ધ્યાનમાં રાખો

૧

દ્

આ ખોડો 'દ્' છે.

૨

દ

આ આખો 'દ' છે.

૩ ભદ્દ

દ્દ

આમાં ખોડા 'દ્'ની સાથે આખો 'દ' જોડાયેલો છે.

૪ આ જોડાક્ષર આ પ્રમાણે ત્રણ રીતે લખાય છે–

દ્ર – દ્ર – દ્ર

આમાં ખોડા 'દ્'ની સાથે આખો 'ર' જોડાયલો છે.

# જોડાક્ષરોને ઓળખો અને ધ્યાનમાં રાખો

૫. આ જોડાક્ષર આ પ્રમાણે બે રીતે લખાય છે-

કલ્પદ્રુમ

## દ્રુ — દ્રુ

આમાં ખોડા 'દ્'ની સાથે 'રુ' જોડાયેલો છે.

૬ આ અક્ષર આ પ્રમાણે ત્રણ રીતે લખાય છે-

દૃષ્ટિ

## દૃ — દૃ — દૃ

આમાં ખોડા 'દ્' માં 'ઋ' સ્વર ભળેલો છે.

૭

પદ્મ

## દ્મ

આમાં ખોડા 'દ્'ની સાથે આખો 'મ' જોડાયેલો છે.

૮

દ્વાર

## દ્વ

આમાં ખોડા 'દ્'ની સાથે આખો 'વ' જોડાયેલો છે.

# જોડાક્ષરોને ઓળખો અને ધ્યાનમાં રાખો

૯

# દ્ય

વૈદ્ય
વિદ્યા

આમાં ખોડા 'દ્'ની સાથે આખો 'ય' જોડાયેલો છે.

---

૧૦

# ઘ

ઘડિયાળનો 'ઘ' આવો હોય છે.

---

૧૧

# ધ

ધજાનો 'ધ' આવો હોય છે.

---

૧૨ આ જોડાક્ષર આ પ્રમાણે બે રીતે લખાય છે-

શાસ્ત્ર

# સ્ત્ર – સ્ત્ર

વસ્ત્ર

આમાં ખોડા 'સ્' અને 'ત્'ની સાથે આખો 'ર'
એમ ત્રણ અક્ષરો જોડાયેલા છે.

## જોડાક્ષરોને ઓળખો અને ધ્યાનમાં રાખો

**૧૩** સહસ્ર

# સ્ર

આમાં ખોડા 'સ્'ની સાથે આખો 'ર' જોડાયેલો છે.

---

**૧૪** આ જોડાક્ષર આ પ્રમાણે બે રીતે લખાય છે--

હ્રસ્વ

# હ્ર – હ્ર

આમાં ખોડા 'હ્'ની સાથે આખો 'ર' જોડાયેલો છે.

---

**૧૫**

# ડ

ડગલાનો 'ડ' આવો હોય છે.

---

**૧૬** અવગ્રહ ચિહ્ન આ પ્રમાણે બે આકારે હોય છે-

# ઽ – ઽ

આ કોઈ અક્ષર નથી, નિશાની માત્ર છે.
તેને અવગ્રહ ચિહ્ન કહેવાય છે.

# ઉચ્ચારશુદ્ધિ અંગે વિશેષ માર્ગદર્શન

(૧) સૂત્રોમાં જ્યાં જ્યાં 'વંદિઉ' પદ આવે છે ત્યાં ત્યાં સર્વત્ર ઉ ઉપર મીંડું છે, તે વાત ધ્યાનમાં રાખવી. એકલો ઉ બોલતી વખતે બે હોઠ ભેગા નહિ થાય, પણ ઉં બોલતી વખતે છેલ્લે બે હોઠ ભેગા થઈ જશે. માટે 'વંદિઉ' પદ બોલતી વખતે છેલ્લે બે હોઠ ભેગા થઈ જવા જોઈએ.

(૨) 'મત્થએણ' શબ્દમાં ત્રણ એકાક્ષર અને એક જોડાક્ષર મળીને ચાર અક્ષરો છે, પણ ત્રણ અક્ષરો નથી. 'મત્થએણ' શબ્દ બોલતી વખતે તેમાંના ચારેય અક્ષરો બરાબર બોલાવા જોઇએ. 'મથેણ વંદામિ' આ પ્રમાણે કરાતો ત્રણ અક્ષરવાળો ઉચ્ચાર બરાબર નથી.

(૩) ઇરિયાવહિયં પડિક્કમામિ ?

અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં ખામેઉં ?

સ્વામી શાતા છે જી ?

આ બધા વાક્યો પ્રશ્નરૂપે છે, તેથી તે વાક્યો આપણે પ્રશ્ન કરતા હોઇએ તે રીતે બોલવા જોઇએ.

(૪) 'પણગદગ, મટ્ટીમક્કડા' એવી રીતે બોલવું નહિ પણ 'પણગ, દગમટ્ટી, મક્કડા' એ પ્રમાણે બોલવું જોઇએ. 'દગ અને મટ્ટી' બન્ને સંબંધિત પદો હોવાથી 'દગમટ્ટી' એ પ્રમાણે સાથે જ બોલવું જોઇએ. એવી જ રીતે 'ઠાણાઓ ઠાણં સંકામિઆ' એ ત્રણે પદો પણ સાથે જ બોલવા જોઇએ.

(૫) 'તસ્સ' બોલ્યા પછી સહેજ અટકીને 'મિચ્છા મિ દુક્કડં' બોલવું. 'મિચ્છા મિ દુક્કડં' માં બે નહિ પણ ત્રણ પદો છે તે ધ્યાનમાં રાખવું. 'દુક્કડં' માં બે ક્ક છે તે ધ્યાનમાં રાખવું.

(૬) 'ભમલીએ' શબ્દમાં 'મ' એક જ છે પણ બે નથી માટે ભમ્મલીએ બોલવું નહિ.

(૭) 'સુહુમેહિં' શબ્દમાંનો બીજો અક્ષર 'હુ' છે પણ 'હૂ' નથી અને ચોથો–છેલ્લો અક્ષર 'હિં' છે પણ 'હિ' નથી. માટે 'સુહમેહિ' એવો અશુદ્ધ ઉચ્ચાર કરવો નહિ પણ 'સુહુમેહિં' એવો શુદ્ધ ઉચ્ચાર જ કરવો.

એવી જ રીતે 'એવમાઇએહિં આગારેહિં' પદમાં પણ બન્ને હિ મીંડાવાળા (હિં) છે તે ધ્યાનમાં રાખવું.

(૮) ચોવીશ ભગવાનનાં નામોમાં છઠ્ઠા અને આઠમા ભગવાનનું શુદ્ધ નામ 'પદ્મપ્રભસ્વામી' અને 'ચંદ્રપ્રભસ્વામી છે. આમાં 'પ્રભુ' નથી પણ 'પ્રભ' શબ્દ છે. માટે 'છઠ્ઠા પદ્મપ્રભુ' અને 'આઠમા ચંદ્રપ્રભુ' એ પ્રમાણે જે બોલાય છે અને લખાય છે એ બરાબર નથી.

(૯) 'લોગસ્સ' માં –ઉસભ, સંભવ, સીઅલ, વિમલ આ ચાર ભગવાનનાં નામોને માથે મીંડાં નથી; પણ તે સિવાયનાં બધાં જ ભગવાનનાં નામો માથે મીંડાવાળાં છે તે ખાસ ધ્યાનમાં રાખવું અને મીંડા બરાબર બોલવાં. મીંડાવાળાં નામો બોલતી વખતે છેલ્લે બે હોઠ ભેગા થઈ જવા જોઇએ.

(૧૦) ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! કરેમિ ભંતે ! તસ્સ ભંતે ! આ બધાં સંબોધન પદો છે. તે સંબોધન-રૂપ હોવાથી 'ભગવન્ !' અને 'ભંતે !' શબ્દનો છેલ્લો સ્વર (ભગવન્ ! શબ્દમાં 'વ' નો અ લંબાવીને અને ભંતે ! શબ્દમાં 'તે' નો 'એ') લંબાવીને બોલવા.

(૧૧) 'કાઉસ્સગ્ગં કે કાઉસ્સગ્ગો' શબ્દમાં ડબલ 'સ્સ' અને ડબલ 'ગ્ગ' છે તે ધ્યાનમાં રાખવું. તે જ પ્રમાણે તે બોલવા અને બોલતી વખતે, બે 'સ્સ' અને બે 'ગ્ગ' બરાબર બોલાય છે કે નહિ તે જોવું. 'કા, ઉસ્, સગ્, ગ' આ પ્રમાણે ચાર વિભાગ-પૂર્વક બોલવાથી સ્પષ્ટ ઉચ્ચાર સહેલાઈથી થઈ શકશે.

(૧૨) 'પચ્ચક્ખામિ' શબ્દમાં ડબલ 'ચ્ચ' છે તેમજ 'ક્' અને 'ખ' જોડાએલા છે. આમાં વચમાં બે જોડાક્ષર છે અને આગળ પાછળ એક એક એકાક્ષર છે. બે એકાક્ષર અને બે જોડાક્ષર મળી ચાર અક્ષરો છે. તેનો ઉચ્ચાર કરતી વખતે આપણા મુખમાંથી બે 'ચ્ચ' અને ત્યાર પછી 'ક્ખ' બરાબર બોલાય છે કે નહિ તે ધ્યાનપૂર્વક જોવું અને ઉચ્ચાર બરાબર કરવો. 'પચ્, ચક્, ખામિ' આ પ્રમાણે ત્રણ વિભાગપૂર્વક આ શબ્દ બોલવાથી તેનો સ્પષ્ટ ઉચ્ચાર સહેલાઈથી થઈ શકશે.

(૧૩) 'જં કિંચિ' માં જાઈં, તાઈં, સવ્વાઈં એ ત્રણે ય પદોમાં ઈ મીંડાવાળા (ઈં) છે તે ધ્યાનમાં રાખીને

તે જ પ્રમાણે ઉચ્ચાર કરવો. ત્રણે ય પદના 'ઈં' બોલતી વખતે છેલ્લે બે હોઠ ભેગા થઇ જવા જોઇએ.

(૧૪) 'નમુત્થુણં' માં 'ધમ્મદયાણં' આદિ પદો બોલતી વખતે તેમાંનું 'ધમ્મ' પદ બે 'મ્મ' ના ઉચ્ચારપૂર્વક બોલવું. તેમજ 'ધમ્મદેસિયાણં' નથી પણ ધમ્મદેસયાણં છે તે ધ્યાનમાં રાખવું. 'જે અ અઈઆ સિદ્ધા' અને 'જે અ ભવિસ્સંતિ' પદો બોલતી વખતે તેમાંનો 'અ' બોલાવો રહી ન જાય તેની કાળજી રાખવી.

(૧૫) વારંવાર પ્રયત્ન કરવાથી 'ણ' નો ઉચ્ચાર તેની આગળ 'અ કે હ' જોડયા વિના થઈ શકે છે માટે તેવો પ્રયત્ન કરવો, અને 'ણાગએ કાલે' તેમજ 'ણમો જિણમએ નંદી સયા સંજમે' વગેરે બોલતી વખતે 'ણ' ની આગળ 'અ કે હ' જોડાઈ ન જાય તેની કાળજી રાખવી. અણાગએ હણાગએ અને અણમો કે હણમો બોલવું નહિ પણ ણાગએ અને ણમો જ બોલવું.

નાના બાળકોને, પદની આદિમાં રહેલા 'ણ' નો સ્પષ્ટ ઉચ્ચાર કરતાં આવડતું નથી. તેથી તેઓ તેની આગળ 'અ કે હ' જોડીને 'અણ કે હણ' બોલે છે. આથી તે પદ અશુદ્ધ બની જાય છે. તેવું ન બને તે માટે શિક્ષકોએ જ કાળજી રાખવી જોઇએ અને 'ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિઆ' એ પ્રમાણે પાઠ આપવો જોઇએ. પણ ભવનિવ્વેઓ મગ્ગા, ણુસારિઆ' એ રીતે પાઠ આપવો

નહિ. 'મગ્ગા' પછી 'ણુસારિઆ' જુદું પાડવાથી, નાના બાળકો 'અણુસારિઆ કે હણુસારિઆ' એવો અશુદ્ધ પાઠ બોલે છે. તેવી જ રીતે 'સંભવમભિણંદણું ચ' એ પ્રમાણે પાઠ આપવો. પણ 'સંભવમભિ' અને પછી 'ણંદણં ચ' એ રીતે પાઠ આપવો નહિ. ણંદણં ચ' પદની આગળ 'મભિ' રાખીને 'સંભવ–મભિણંદણં ચ' એજ પ્રમાણે પાઠ આપવો. 'સંભવ' બોલીને અટકવું, પણ 'મભિ' બોલ્યા પછી અટકવું નહિ. બાળકો પદની અંદર રહેલા 'ણ' નો તેની આગળ 'અ કે હ લગાડ્યા વિના શુદ્ધ ઉચ્ચાર કરી શકે છે. પણ પદની આદિમાં રહેલા 'ણ' નો તેવી રીતે શુદ્ધ ઉચ્ચાર કરી શકતા નથી . 'ણંદણં ચ' ની આગળ 'મભિ' રાખી દેવાથી, 'ણ' અક્ષર પદની અંદર આવી જાય છે. તેથી તેનો શુધ્ધ ઉચ્ચાર સરળ બની જાય છે.

(૧૬) 'જાવંત કે વિ સાહૂ' માં 'જાવંત અને વિરયાણં એ બે શુદ્ધ પદો ધ્યાનમાં રાખવા. 'જાવંતિ અને વિરિ-ચાણું'' ન બોલાઈ જાય તે માટે કાળજી રાખવી.

(૧૭) 'નમોઽર્હત્' માં 'પાધ્યાયે' નહિ પણ 'પાધ્યાય' બોલવું.

(૧૮) 'ઉવસગ્ગહરં'' માં મંગલકલ્લાણઆવાસ'' એ પદ બોલતી વખતે 'કલ્લાણ' બોલવું પણ 'કલ્યાણ' બોલવું નહિ. 'પાસજિણચંદં'' નહિ પણ 'પાસ જિણચંદ !' બોલવું. (દ ઉપર મીંડું બોલવું નહિ.)

(૧૯) 'જય વીયરાય' માં પેહેલી ગાથામાં 'હોઉ મમ' છે, ત્યાં 'મમ' બોલવું નહિ. 'મગ્ગાણુસારિઆ' પદ સાથે જ બોલવું. છેલ્લી ગાથામાં 'સર્વમાંગલ્ય-માંગલ્ય' નહિ પણ 'સર્વમંગલમાંગલ્યં' બોલવું. 'પ્રધાનં સર્વધર્માણમ્' નહિ પણ 'પ્રધાનં સર્વધર્માણામ્' બોલવું. છેલ્લો અક્ષર ણં નથી પણ 'ણાં' છે.

(૨૦) 'કલ્લાણકંદં' માં પહેલી ગાથામાં 'કલ્યાણ' નહિ પણ 'કલ્લાણ' જ બોલવું. 'જિણંદ' નહિ પણ જિણિંદ' બોલવું. 'મુગણિં૦' નહિ પણ 'મુગુણિં૦' બોલવું. 'ભત્તીય કે ભત્તી' નહિ પણ 'ભત્તીઈ' બોલવું. 'વર્ધમાન' નહિ પણ 'વદ્ધમાણ' બોલવું.

ત્રીજી ગાથામાં 'પણાસિઆસે સકુવાઈદપ્પં' નહિ પણ 'પણાસિઆસેસ કુવાઈદપ્પં' બોલવું. ચોથી ગાથામાં 'કુંદિદુ-ગોક્ખી રતુસારવન્ના' એમ બોલવું નહિ પણ 'કુંદિંદુ-ગોક્ખીર-તુસારવન્ના' બોલવું.

(૨૧) 'સંસારદાવા'ની થોય-એમ બોલાય છે પણ તે બરાબર નથી. કેમકે તેમાં 'દાવાનલ' શબ્દ તૂટી જાય છે, તેથી અર્થ પણ તૂટી જાય છે. માટે 'સંસારદાવાનલ' ની થોય-એ પ્રમાણે બોલવાનો પ્રચાર થવો જોઇએ. છેલ્લી ગાથામાં 'લીડ્ઢલો૦' નહિ પણ 'લીઢલો૦' બોલવું.

(૨૨) 'પુક્ખરવર-દીવડ્ઢે' માં 'પુક્ખરવરદી-વડ્ઢે' નહિ પણ 'પુક્ખરવર-દીવડ્ઢે' બોલવું. બીજી ગાથામાં

'તમતિમિરપડલવિદ્ધંસણુસ્સ' સાથે જ બોલવું, પણ 'સણુસ્સ' પદને જુદું પાડીને બોલવું નહિ. ચોથી ગાથામાં 'ણુમો જિણમએ' બોલવું, પણ 'ઝ ણુમો કે હણુમો બોલવું નહિ.

(૨૩) 'વેયાવચ્ચગરાણુ'' માં સમ્મદ્દિટ્ઠિ શબ્દમાં 'દ' ડબલ છે તે ધ્યાનમાં રાખીને 'સમ્મદિટ્ટિ' નહિ પણ 'સમ્મદ્દિટ્ટિ' બોલવું. 'સમ્, મદ્, દિટ્ટિ' આ પ્રમાણે ત્રણુ વિભાગપૂર્વક બોલવાથી સહેલાઇથી શુદ્ધ ઉચ્ચાર થઈ શકશે.

(૨૪) 'ભગવાન્હુ'' માં 'સર્વસાધુભ્યઃ કે ભ્ય'' નહિ પણ 'સર્વસાધુહ'' બોલવું.

(૨૫) 'ઈચ્છામિ ઠામિ' માં 'ઉસુત્તો ઉમગ્ગો' નહિ પણ 'ઉસ્સુત્તો ઉમ્મગ્ગો' બોલવું. પહેલામાં 'સ્સ' ડબલ અને બીજામાં 'મ્મ' ડબલ છે તે ધ્યાનમાં રાખવું. ઉસ્, સુત્તો। ઉમ્, મગ્ગો—આ પ્રમાણે વિભાગપૂર્વક બોલવાથી તેનો શુદ્ધ ઉચ્ચાર થઈ શકે છે.

તેવી જ રીતે 'તિણ્ણં ચઉણ્ણં'' નહિ પણ 'તિણ્હં' ચઉણ્હં બોલવું. 'તિણ્, હં''! 'ચ' ઉણ્, હં'' આ પ્રમાણે વિભાગ પૂર્વક બોલવાથી તેનો શુદ્ધ ઉચ્ચાર સહેલાઇથી થઈ શકે છે.

(૨૬) 'વાંદણાં' માં વંદિઉ નહિ પણ 'વંદિઉં'' બોલવું. 'નિસ્સિહિઆએ' નહિ પણ નિસીહિઆએ' બોલવું. આમાં 'સ' ડબલ નથી તે ધ્યાનમાં

રાખવું. તેવી જ રીતે આગળ 'નિસ્સિહિ' નહિ પણ 'નિસીહિ' બોલવું. 'કિલ્લામો' નહિ પણ 'કિલામો' બોલવું. 'અપ્કિલંતાણું' નહિ પણ અપ્પકિલંતાણું' બોલવું. આમાં પ્ ડબલ (પ્પ) છે તે ધ્યાનમાં રાખવું. 'દિવસો વઇકંતો' નહિ પણ 'દિવસો વઇક્કંતો' બોલવું. 'જવણિજ્જં ચ ભે' આ પદ બરાબર ધ્યાનથી જુઓ. આમાં વ્ ડબલ (વ્વ) નથી પણ એક જ છે. અને 'જ્' એક નહિ પણ બે છે. તેમજ 'ચ' અને 'ભે' જુદા છે અને તેની વચમાં 'બ્' નથી. માટે 'જવ્વણિ જં ચબ્ભે' આવો અશુદ્ધ ઉચ્ચાર કરવો નહિ પણ 'જવણિજ્જં ચ ભે' એ પ્રમાણે શુદ્ધ ઉચ્ચાર કરવો, 'જવણિજ્, જં, ચ, ભે' આ પ્રમાણે વિભાગ પૂર્વક બોલવાથી તેનો શુદ્ધ ઉચ્ચાર સહેલાઈથી થશે.

'વઈકમ્મ' નહિ પણ 'વઇક્કમં બોલવું.

'દુકડાએ' નહિ પણ 'દુક્કડાએ' બોલવું.

'સવ્વધમ્માઇકમણાએ' નહિ પણ 'સવ્વધમ્માઇક્કમણાએ બોલવું. આમા ક્ ડબલ (ક્ક) છે તે ધ્યાનમાં રાખવું.

(૨૭) મોટી શાન્તિ સંસ્કૃત ભાષામાં છે, પણ તેની એક ગાથા પ્રાકૃત ભાષામાં છે. પ્રાકૃત ભાષામાં શ્, ષ્ હોતા નથી તેનો દન્ત્ય સ્ થઇ જવાથી માત્ર એક જ દન્ત્ય સ્ હોય છે. તેથી—

અહં તિત્થયર માયા, શિવાદેવી તુમ્હ નયર નિવાસિની ।
અમ્હ શિવં તુમ્હ શિવં, અશિવોવશમં શિવં ભવતુ ॥

એ પ્રમાણે તાલવ્ય શ પૂર્વક ગાથા બોલવી નહિ પણ નીચે પ્રમાણે દન્ત્ય સ પૂર્વક બોલવી.

અહં તિત્થયર માયા, સિવાદેવી તુમ્હ નયર નિવાસિની ॥
અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ ॥

| પ્રચલિત શબ્દો | અપેક્ષિત શબ્દો |
| --- | --- |
| ૧. આદેશ્વર | આદીશ્વર |
| ૨. પ્રદ્મપ્રભુ | પ્રદ્મપ્રભસ્વામી |
| ૩. ચન્દ્રપ્રભુ | ચન્દ્રપ્રભસ્વામી |
| ૪. અપાસરૌ | ઉપાશ્રય |
| ૫. સહુસ્ત્રફણા | સહસ્રફણા |
| ૬. શેત્રુંજયગિરિ | શત્રુંજયગિરિ |
| ૭. ચૈત્ર પરિપાઠી | ચૈત્ય પરિપાટી |
| ૮. મોહનીય કર્મની પૂજા | મોહનીય-કર્મ-નિવારણ-પૂજા |
| ૯. અંતરાય કર્મની પૂજા | અંતરાય-કર્મ-નિવારણ-પૂજા |
| ૧૦. બાર વૃતની પૂજા | બાર વ્રતની પૂજા |
| ૧૧. પુંજા | પૂજા |
| ૧૨. પ્રાણાતિપાતવ્રત | પ્રાણાતિપાત–વિરમણ–વ્રત |
| ૧૩. વારણા પસાર કરશોજી | વાયણા પસાય કરશોજી |
| ૧૪. ઇચ્છકારી ભગવાન્ | ઇચ્છકારી ભગવન્ |
| ૧૫. અષ્ટાન્હિકા | અષ્ટાહ્નિકા |
| ૧૬. જી વિચાર | જીવ–વિચાર |
| ૧૭. અપવાસ | ઉપવાસ |
| ૧૮. ગરણીજી મહારાજ<br>ગઈણીજી મહારાજ | ગુરુણીજી મહારાજ |
| ૧૯. દર્શનં દેવદેવસ્યં | દર્શનં દેવદેવસ્ય |
| ૨૦. નમણ | ન્હવણ જળ |

# એક વિનમ્ર સૂચન

૧. ભરહેસરની સજ્ઝાય ગાથા ૭ મી—

| | |
|---|---|
| વિલયં યાન્તિ<br>વિલયં જન્તિ | અર્થની દૃષ્ટિએ વિચારતાં આ પાઠ સમુચિત જણાય છે. |

વિલિજ્જંતિ—વિ+લી ધાતુનું ત્રી. પુ. બ. વ.નું રૂપ છે. તે વિલીન થવું, નાશ પામવું, ઓગળી જવું એવો અર્થ સૂચવે છે. વ્યાકરણશાસ્ત્રને અને છંદશાસ્ત્રને નજર સમક્ષ રાખીને વિચારતાં બુદ્ધિ 'વિલિજ્જંતિ' પાઠનો પક્ષપાત કરનારી બને છે.

૨ સકલાર્હત્ ગાથા ૩૦ મી—

'ભાવતોઽહું નમામિ' પાઠની વ્યાકરણ દ્વારા નીચે પ્રમાણે સિદ્ધિ થઈ શકે છે. 'જિનવરભવનાનાં' આ ષષ્ઠી વિભક્ત્યન્ત પદને 'નમામિ' ક્રિયાપદનું કર્મ માની તેમાં કર્મત્વની અવિવક્ષા કરીને 'શેષે' (૨/૨/૮૧) ષષ્ઠી એ વ્યાકરણનાં સૂત્ર દ્વારા કર્મમાં દ્વિતીયાને બદલે ષષ્ઠીનો પ્રયોગ કરી શકાય. દા. ત. માષાણામશ્નીયાત્ (અડદ ખાવા જોઈએ).

આ નિયમાનુસાર 'જિનવરભવનાનાં નમામિ' બને અને તેનો અર્થ 'હું જિનેશ્વરદેવોનાં ચૈત્યોને ભાવથી નમસ્કાર કરું છું' એવો થાય.

'ભાવતોઽહું નમામિ' ના સ્થાને 'ભાવતોઽર્ચાં નમામિ' એવો પાઠ કેટલીક પ્રતોમાં જોવા મળે છે, વળી

'હીરસૌભાગ્ય કાવ્ય'ના કર્ત્તાએ કાવ્યમાં 'અર્ચા' શબ્દને 'પ્રતિમા' અર્થમાં યોજ્યો છે અને પોતાના આ અર્થની પુષ્ટિને માટે ટીકામાં 'ભાવતોઽર્ચાં નમામિ' પાઠનું ઉદાહરણ આપ્યું છે. તેનો અર્થ 'હું જિનપ્રતિમાને ભાવથી નમસ્કાર કરું છું'' એવો થાય છે.

વિશેષ વિદ્વાનોએ વિચારવું.

## ત્રણ પ્રકારનાં આલંબન

ચૈત્યવંદન ભાષ્યમાં નીચે પ્રમાણે ત્રણ પ્રકારનાં આલંબન કહ્યાં છે :-

(૧) વર્ણાલંબન (૨) અર્થાલંબન (૩) પ્રતિમાલંબન.

આ ત્રણ પૈકી આપણે અહીં પ્રયોજન માત્ર વર્ણાલંબન અંગેનું જ છે.

**વર્ણાલંબન** :- પ્રભુ સમક્ષ સ્તુતિ અને ચૈત્યવંદન આદિ કરતી વખતે જે જે સૂત્રો બોલાય, તે તે સૂત્રોના અક્ષરો લઘુ-ગુરુ, હ્રસ્વ-દીર્ઘ જે પ્રમાણે હોય તે જ પ્રમાણે અને ન્યૂનાધિકરહિતપણે એટલે કે સૂત્રમાં એક પણ અક્ષર વધે-ઘટે નહિ તેવી રીતે તેમજ પદ અને સંપદાનું લક્ષ્ય રાખીને બોલવા જોઈએ. આ રીતે સૂત્રો બોલીને સ્તુતિ કે ચૈત્યવંદન કરવાથી શુદ્ધ વર્ણાલંબન પ્રાપ્ત થાય છે.

ચૈત્યવંદન ભાષ્યમાં ૨૪ મુખ્ય દ્વારમાંના આઠમા અક્ષરદ્વારમાં વર્ણાલંબનમાં કહ્યું છે કે—

૧. શ્રી નવકારમંત્રના ૬૮ અક્ષર છે. તેમાં દ્ધા, જ્ઝા, વ્વ, ક્ક, વ્વ, પ્પ, વ્વે આ ૭ ગુરુઅક્ષર છે અને બાકીના ન, મો વગેરે ૬૧ લઘુ અક્ષર છે બે અથવા તેથી અધિક જોડાક્ષરોને ગુરુ અક્ષર કહેવાય છે.

૨. ઇચ્છામિ ખમાસમણોમાં ૨૮ અક્ષર છે. તેમાં ૩ ગુરુઅક્ષર અને ૨૫ લઘુઅક્ષર છે.

૩. ઇરિયાવહિયં અને તસ્સ ઉત્તરી આ બન્ને સૂત્રોમાં ૧૯૯ અક્ષર છે. તેમાં ૨૪ ગુરુ અક્ષર અને ૧૭૫ લઘુ અક્ષર છે.

૪. નમુત્થુણં સૂત્રમાં ૨૯૭ અક્ષર છે. તેમાં ૩૩ ગુરુ અક્ષર અને ૨૬૪ લઘુ અક્ષર છે.

૫. અરિહંત ચેઈયાણં અને અન્નત્થ આ બન્ને સૂત્રોમાં ૨૨૯ અક્ષર છે. તેમાં ૨૯ ગુરુ અક્ષર અને ૨૦૦ લઘુ અક્ષર છે.

૬. લોગસ્સમાં ૨૬૦ અક્ષર છે. તેમાં ૨૮ ગુરુ અક્ષર અને ૨૩૨ લઘુ અક્ષર છે.

૭. પુક્ખરવર–દીવડ્ઢેમાં ૨૧૬ અક્ષર છે. તેમાં ૩૪ ગુરુ અક્ષર અને ૧૮૨ લઘુ અક્ષર છે.

૮. સિદ્ધાણં બુદ્ધાણંમાં ૧૯૮ અક્ષર છે. તેમાં ૩૧ ગુરુ અક્ષર અને ૧૬૭ લઘુ અક્ષર છે.

૯. જાવંતિ ચેઈયાઈમાં ૩૫ અક્ષર છે. તેમાં ૩ ગુરુ અક્ષર અને ૩૨ લઘુ અક્ષર છે.

૧૦. જાવંત કે વિ સાહૂમાં ૩૮ અક્ષર છે. તેમાં ૧ ગુરુ અક્ષર અને ૩૭ લઘુ અક્ષર છે.

આ પ્રમાણે સૂત્રમાં કુલ કેટલા અક્ષર છે, તેમાં ગુરુ અક્ષર કેટલા છે અને લઘુ અક્ષર કેટલા છે, તેમજ પદ કેટલા છે અને સંપદા કેટલી છે વગેરેનો ખ્યાલ રાખીને એકાગ્રતા પૂર્વક સૂત્રો બોલવાનું વિધાન છે.

તદુપરાંત અનુયોગદ્વારમાં ભાવક્રિયા માટેની તચ્ચિત્ત, તન્મય ઈત્યાદિ નવ શરતો બતાવી છે. 'તદર્પિતકરણ' એ તેમાંની જ એક શરત છે. કરણ એટલે સાધન. સાધન એટલે શરીર, ચરવળો, મુહપત્તી વગેરે. તદર્પિતકરણ એટલે શરીર, ચરવળો, મુહપત્તી વગેરેને યથોચિત સ્થાને યોજવા પૂર્વક.

તાત્પર્ય એ છે કે કાયાથી જ્યાં જે મુદ્રા સાચવવી જોઈએ તે સચવાય, કાયાને ચંચળ રખાય નહિ, આડી અવળી નજર થાય નહિ.

વચનથી સંયુક્ત-અસંયુક્ત, હ્રસ્વ-દીર્ઘ અનુસ્વાર, વિસર્ગ, પદ, સંપદા વગેરેનું દોષરહિત ઉચ્ચારણ કરવું.

મનને સૂત્રાર્થના અને ક્રિયાના ઉપયોગવાળું બનાવવું. તેને અન્યત્ર ક્યાંય જવા દેવું નહિ. આ તદર્પિતકરણનો તાત્પર્યાર્થ છે.

આથી સ્પષ્ટ થાય છે કે, આપણે ત્યાં સૂત્રોના ઉચ્ચારની શુદ્ધિનું ઘણું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

માટે વર્ણાલંબનની મહત્તા સમજીને સૂત્રોના ઉચ્ચારમાં અત્યંત કાળજીવાળા બનવું જોઈએ.

જેમ બાહ્ય પ્રવૃત્તિમાં, યંત્ર ઉપર કામ કરતો માણસ જરા પણ બેદરકારી રાખી શકે નહિ તેમ આન્તર પ્રવૃત્તિમાં, મંત્ર સમાન એવા સૂત્રોનાં ઉચ્ચારણ સમયે આરાધક આત્માઓ પણ જરાય બેદરકારી રાખી શકે નહિ.

પ્રકરણ ત્રીજું

# પાઠશાળાનાં ચાર અંગો અને તેમની ફરજો

લેખક : મુનિશ્રી હિતવિજયજી

મોટરને ચાર પૈડાં હોય છે. તે ચારે ય પૈડાં પોતપોતાની કામગીરી બરાબર બજાવે તો જ મોટર સલામત રીતે પોતાનો માર્ગ કાપી ઈષ્ટ સ્થાને પહોંચી શકે. પણ જો તે ચારે ય પૈડાં અથવા ચારમાંનું કોઈ એક પૈડું પણ પોતાની કામગીરી સારી રીતે બજાવે નહિ તો મોટર ચાલે નહિ. કદાચ થોડું ચાલે તો પણ અકસ્માત સર્જી દે અને ઈષ્ટ સ્થાને પહોંચી શકે નહિ. મોટરનાં ચારે ય પૈડાંનું મહત્ત્વ એક સરખું હોવાથી તે ચારે ય પૈડાંઓ પોતપોતાની કામગીરી બરાબર બજાવે ને વ્યવસ્થિત રીતે ચાલે તો જ તેના દ્વારા ઇષ્ટ સિદ્ધિ થાય.

તેવી જ રીતે આપણી પાઠશાળાનાં પણ મુખ્યત્વે ચાર અંગો છે: (૧) બાળકો-વિદ્યાર્થીઓ (૨) બાળકોના મા-બાપ (૩) પાઠશાળાના વિદ્યાગુરુઓ (૪) અને પાઠશાળાના કાર્યવાહકો.

પાઠશાળાની ગતિમાં આ ચારેય અંગોનો સરખો ફાળો છે.

પાઠશાળાનાં સંચાલનમાં આ ચારેય અંગોનું સરખું મહત્ત્વ છે.

પાઠશાળાનાં વિકાસમાં આ ચારેય અંગોનું પોતપોતાનું આગવું મહત્ત્વ છે.

પાઠશાળાનાં આ ચારેય અંગો જો પોતપોતાની ફરજ બરાબર બજાવતાં રહે તો જ પાઠશાળા હંમેશાં વ્યવસ્થિત રીતે ચાલ્યા કરે અને સુંદર અભ્યાસ થયા કરે. ચારમાંનું એકાદ અંગ પણ જો પોતાની ફરજ ચૂકે તો પાઠશાળાની ગતિમાં અને વિકાસમાં ખામી આવ્યા વિના રહે નહિ. માટે ઉપર્યુક્ત ચારેય અંગોએ પોતપોતાની ફરજ અદા કરવી જોઈએ. તે ચારેય અંગોની ફરજ આ પ્રમાણે છે.

## (૧) બાળકો-વિદ્યાર્થીઓની ફરજ :–

બાળકોએ વિચારવું જોઈએ કે– આપણને માનવભવ મળ્યો, જિનશાસન મળ્યું, સાચા દેવ, ગુરુ અને ધર્મ મળ્યાં, તે બધું આત્મકલ્યાણ કરી લેવા માટે જ છે.

આપણે આપણા આત્માનું કલ્યાણ કરવું હોય તો ધર્મનું જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ.

વિદ્યા મેળવવા માટેની સુંદરમાં સુંદર તક તે બાલવય છે. બાલવયમાં યાદશક્તિ સામાન્યતયા તીવ્ર હોય છે, નિર્દોષતા પ્રધાન હોય છે; અનુકરણવૃત્તિ અસાધારણ હોય છે, અન્ય કોઈ જવાબદારી–ચિંતા–બોજ કે ઉપાધિ રહિત અવસ્થા હોવાથી વિદ્યાભ્યાસ સારામાં સારો થઈ શકે છે. જેમ આ બધા સારા પાસા છે તેમ બીજા નબળા પાસા પણ છે. બાળકો મોટા ભાગે અનુકરણ પ્રિય સ્વભાવના હોવાથી સારાનું જેમ અનુકરણ કરી શકે છે તેમ નરસાનું પણ જલદીથી અનુસરણ સહજપણે કરે છે. બાલવય એ અણસમજનો તો પ્રધાનકાળ હોવાથી અણસમજનાં કારણે, દેખાદેખીનાં કારણે, સંગદોષનાં કારણે કે શિક્ષણ–સંસ્કારના અભાવનાં કારણે બાળકો ભણવા કરતાં રમવામાં વધારે રસ લે છે. તેથી તેઓ ભણવામાં પૂરતું ધ્યાન આપતાં નથી. આમ ભણવા માટેની બાલવય ભણ્યા વિના જ પસાર થઇ જાય છે. પછી મોટી ઉંમરે જીવન ઉપાધિમય બની જવાનાં કારણે મન ઉપર બોજો વધવાથી ને યાદશક્તિ મંદ પડી જવાથી ભણી શકાતું નથી.

બાલવયમાં નહિ ભણનારને જીવનભર પસ્તાવું પડે છે અને તેમાં પણ છેલ્લી જિંદગીમાં વિશેષ પસ્તાવું પડે છે. કારણ કે છેલ્લી જિંદગીમાં માણસ ઇચ્છે કે

ન ઇચ્છે તો પણ શરીર અને ઇન્દ્રિયો શિથિલ થઈ જવાનાં કારણે, સંસારના વેપાર-રોજગાર આદિ કાર્યોથી તેને ફરજિયાત નિવૃત્ત થવું પડે છે.

આમ સંસારનાં કાર્યોથી નિવૃત્ત થયા પછી જો માણસ નવરો બેસી રહે અને બીજી કોઈ પ્રવૃત્તિ કરે નહિ તો તેનો સમય સુખ પૂર્વક પસાર થઈ શકતો નથી. તેથી તેનું જીવન અકારું અને દુઃખદાયક બની જાય છે. પોતાનું જીવન અકારું અને દુઃખદાયક ન બને તે માટે તેણે સંસારનાં પાપકાર્યોમાંથી નિવૃત્ત થયા પછી તરતજ વિશેષ પ્રકારે આત્મહિતકર એવી બીજી પ્રવૃત્તિમાં જોડાઇ જવું પડે છે. કારણ કે અહીંથી મરીને બીજે ક્યાંક જવાનું છે અને ત્યાં ધર્મ-અધર્મ કે પુણ્ય-પાપ સિવાય બીજું કાંઇ સાથે આવવાનું નથી.

ધર્મનું આચરણ ધર્મક્રિયાઓ કરવા દ્વારા જ થઇ શકે છે. અને એ ધર્મક્રિયાઓ ધર્મનાં જ્ઞાન દ્વારા જ થઈ શકે છે. બાલવયમાં જેમણે કાળજી પૂર્વક ધર્મનું જ્ઞાન મેળવ્યું છે અને મેળવ્યા પછી તેને સ્વાધ્યાય અને ધર્મક્રિયાઓ કરીને સારી રીતે સાચવી રાખ્યું છે, તેઓ જ છેલ્લી જિંદગીમાં પોતાની જાતે ધર્મક્રિયાઓ કરી શકે છે. પણ જેઓ ભણ્યા જ નથી, તેઓ પોતાની જાતે કોઈ ધર્મક્રિયા કરી શકતા નથી. તે માટે તેમને બીજા અનેકોની લાચારી કરવી પડે છે. અને તેનાં કારણે કેટલીકવાર પર્વના દિવસે પણ તેમને કેટલીક મહત્ત્વની ધર્મક્રિયાઓથી વંચિત રહેવું પડે છે.

આમ આત્મહિતકર ધર્મક્રિયાઓથી વંચિત રહેવાનાં કારણે તેનો સમય સમાધિ પૂર્વક પસાર થઈ શકતો નથી. પછી ગમે તેમ પોતાનો સમય પસાર કરવા માટે તે જ્યાં ત્યાં રખડતો ફરે છે, ખરાબ માણસોની સોબતમાં, ગામગપાટામાં ને નિંદા-કુથલીમાં પડી જાય છે. તેથી તેનું જીવન નિંદનીય ને અપમાનજનક બની જાય છે. તેનાં પોતાનાં ઘરમાં પણ તેના પ્રત્યે કોઈને ય સદ્ભાવ રહેતો નથી. સગા દીકરાઓ પણ તેનું અપમાન કરવા લાગે છે. તેનું જીવન ખરેખર! ઓશિયાળું અને દયામણું બની જાય છે. તેથી તે પોતાનાં હૃદયમાં ઘણો દુઃખી થાય છે. આર્ત્તધ્યાનમાં પડી જાય છે. તેથી તેને સમાધિ-મરણની પ્રાપ્તિ થવી પણ મુશ્કેલ બની જાય છે અને તેના આત્માની સદ્ગતિ થવી પણ મુશ્કેલ બની જાય છે. આવો માણસ મોટે ભાગે આર્ત્તધ્યાનમાં પડે છે, અસમાધિમાં મરે છે, અને દુર્ગતિનો મહેમાન બને છે.

પણ જેણે બાલવયમાં કાળજી પૂર્વક ધર્મનું જ્ઞાન મેળવ્યું છે, ધર્મક્રિયાઓ કરવા દ્વારા અને સ્વાધ્યાય કરવા દ્વારા તેને ટકાવી રાખ્યું છે, તે પાછળનાં નિવૃત્ત-જીવનમાં આખો દિવસ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પૂજા, વ્યાખ્યાનશ્રવણ, ધર્મનાં પુસ્તકોનું વાંચન આદિ વિવિધ ધર્મકાર્યો કરવા દ્વારા પોતાનો સમય સમાધિ પૂર્વક સુખશાંતિથી પસાર કરી શકે છે. તેથી તે નિંદા-કુથલી આદિ અનેક પાપકાર્યોથી બચી જાય છે. તેનું જીવન

પ્રશંસનીય, ધન્ય ને સહુને માટે આદરપાત્ર બને છે. સમાધિ મરણ અને સદ્‌ગતિ તેને માટે સુલભ બની જાય છે.

ખરેખર ! આપણે ઘણા ભાગ્યશાળી છીએ. કારણ કે, આપણા જિનશાસનમાં સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ અનેક આત્મહિતકર ધર્મક્રિયાઓની સુંદરમાં સુંદર ગોઠવણ કરવામાં આવેલી છે. બીજા કોઈપણ ધર્મમાં આપણા જેવી સુંદર ધર્મક્રિયાઓ બતાવેલી નથી. તેથી અન્યધર્મીઓને પોતાની પાછલી જિંદગી સુખ પૂર્વક પસાર કરવાનું ઘણું મુશ્કેલ બની જાય છે.

અમેરિકા વગેરે ઘણા દેશોમાં તો ઘણા વૃદ્ધ માણસો, જીવન અકારું બની જવાનાં કારણે આપઘાત કરીને જીવનનો અંત આણી દે છે. કારણ કે તે બધા દેશો ભલે ભૌતિક સાધનોથી ભરપૂર છે પણ આધ્યાત્મિક સાધનોથી રહિત છે.

દેવમંદિર આદિ ધર્મસ્થાનો, આપણા જેવી સુંદર ધર્મક્રિયાઓ તેમજ પગપાળા ગામેગામ ફરનારા ત્યાગી ધર્મગુરુઓના અભાવે તેઓ પોતાનું છેવટનું નિવૃત્ત જીવન સમાધિ અને સુખશાંતિ પૂર્વક વીતાવી શકતા નથી. તેમને માટે પોતાનો સમય પસાર કરવાનું કામ અતિ મુશ્કેલ બની જાય છે.

તેમની પાસે રેડિયો, ટેલિવિઝન, નાટક, સિનેમા, બાગ–બગીચા આદિ ભૌતિક સાધનો ભરપૂર છે, પણ તે બધાં તેમને માટે નકામાં બની જાય છે, કારણ કે, મોટી

ઉંમરે શરીર શિથિલ બની જાય છે અને આંખ, કાન વગેરે ઈન્દ્રિયો પોતાનું કામ કરતી અટકી જાય છે.

તેથી વૃદ્ધ માણુસ ઈચ્છે કે, હું મારો સમય સંગીત, રેડિયો, ગીતગાન આદિ સાંભળીને પસાર કરું તો તે બની શકતું નથી. કારણુ કે, કાન તો બહેરા બની ગયા હોય છે.

વૃદ્ધ માણુસ ઇચ્છે કે, હું નાટક, સીનેમા, ટી. વી. આદિ જોઈને કે છાપાં વગેરે વાંચીને મારો સમય પસાર કરું તો તે પણુ બની શકતું નથી. કારણુ કે, આંખે તો અંધાપો આવી ગયો હોય છે.

વૃદ્ધ માણુસ ઈચ્છે કે, હું બાગ-બગીચા અને જોવા લાયક સ્થળોમાં હરી-ફરીને મારો સમય પસાર કરું તો તે પણુ બની શકતું નથી. કારણુ કે, અંગોપાંગ સહિત આખું શરીર શિથિલ બની જવાનાં કારણે પગ તો ચાલતા જ નથી.

વળી આપણા ભારત દેશમાં જેવી સુંદર કૌટુમ્બિક ભાવના છે અને જેવી સુંદર કૌટુમ્બિક વ્યવસ્થા છે તેવી સુંદર કૌટુમ્બિક-ભાવના અને વ્યવસ્થા અમેરિકા વગેરે અન્ય દેશોમાં નથી. તેથી ત્યાં છોકરાંઓ પોતાના ઘરડા માત-પિતાની સેવા-ભક્તિ કરતાં નથી અને તેઓની સાથે પણુ રહેતાં નથી. રોગથી વ્યાપ્ત ગંદા-ગોબરા શરીરવાળા ઘરડા મા-બાપ તેમને ગમતાં પણુ નથી. તેથી તેઓ તો

એવું ઈચ્છતાં હોય છે કે–' ઝટ જાય ખોખું તો ઘર થાય ચોખું.' આમ તેઓ ઉપકારી અને પૂજનીય એવા ઘરડા મા–બાપનું પણ મરણ ઇચ્છતાં હોય છે.

પરદેશી વૃદ્ધોની આવી દયામણી સ્થિતિ થવાનાં કારણે તેમનું જીવન ખૂબ જ અકારું અને ભારે દુઃખદાયક બની જાય છે. પછી તેઓ જીવનથી એટલા બધા કંટાળી જાય છે કે, અંતે આત્મહત્યા કરીને પણ જીવનનો અંત આણી દે છે.

આમ આત્મહિતકર ધર્મનું જ્ઞાન, ધર્મસ્થાનો, ધર્મગુરુઓ અને ધર્મક્રિયાઓના અભાવે તેમની આવી કરુણ હાલત થાય છે. તેથી તેઓનો આત્મા સદ્ગતિ પણ સાધી શકતો નથી.

જીવનમાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ક્રિયાનું કેટલું બધું મહત્ત્વ છે, તે વાત બાળકોને સારી રીતે સમજાય એટલા માટે આટલી લંબાણ ચર્ચા કરી એના સાર રૂપે કહેવાનું એટલું જ છે કે—

બાળકોએ ધાર્મિકજ્ઞાન મેળવવામાં આળસ કરવી હિતકર નથી. બાલવય એ વિદ્યાભ્યાસ માટેની જ વય હોવાથી ખૂબ જ રસ પૂર્વક, કાળજી પૂર્વક અને વિનય પૂર્વક બને તેટલો વધુ વિદ્યાભ્યાસ કરી લેવો જોઇએ. ઓછામાં ઓછો પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ,

ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને છ કર્મગ્રંથ સુધીનો અભ્યાસ અર્થ સહિત અવશ્ય કરવો જોઈએ.

ભણેલું ભૂલી જવાય નહિ તે માટે રોજ પાંચ–દશ મિનિટ સ્વાધ્યાય કરવાની ટેવ રાખવી જોઈએ. પાછળનાં સૂત્રો ક્રમસર બે–ચાર, બે–ચાર રોજ બોલી જવા જોઈએ. તેમજ ધાર્મિક સૂત્રો જે ધર્મક્રિયાઓ કરવા માટે ભણ્યા છીએ તે ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધર્મક્રિયાઓ પણ રોજેરોજ કરતાં રહેવું જોઈએ.

આ બધું આપણે આપણા આત્માનાં કલ્યાણને માટે જ કરવાનું છે એ વાત ભૂલવી નહિ. ધર્મનું જ્ઞાન સારી રીતે મેળવશું તો તેનાથી આપણા આત્માનું જ કલ્યાણ થવાનું છે.



(૨) બાળકોના મા-બાપની ફરજ :—

જેઓ જિનશાસનને પામેલા છે, જૈનપણાની કિંમત જેમને સમજાયેલી છે, અને જૈનપણાની જેમને ખુમારી છે, એવા પુણ્યશાળી મા-બાપોએ વિચારવું જોઈએ કે- અમારા ઘરમાં જન્મેલો કોઈ પણ જીવ દુર્ગતિમાં નહિ, પણ સદ્ગતિમાં જ જવો જોઈએ. અનાદિ અનંતકાળથી ચારગતિરૂપ સંસારમાં ભટકીને દુ:ખી થઈ રહેલા કોઈ જીવને પૂર્વે સારા મા-બાપ મળ્યા હશે! તેમણે તે જીવમાં ધર્મના ઉત્તમ સંસ્કારો રેડીને તેને સદ્ગતિ પમાડી હશે! તેવો કોઈ જીવ અત્યારે અમારા ઘરમાં જન્મ્યો છે ત્યારે અમારી પણ એ પવિત્ર ફરજ બની રહે છે કે- પૂર્વજન્મના તેના સંસ્કારો અમારા પ્રમાદથી નાશ ન પામે પણ ટકી રહે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા રહે તેમજ તેને ભવાંતરમાં જિનશાસન મળે, અમારા કરતાં પણ સારા મા-બાપ મળે ને તેથી તે જિનશાસનની સુંદરમાં સુંદર આરાધના કરીને વહેલામાં વહેલી તકે આ દુઃખમય સંસારમાંથી છૂટી જઇને મુક્તિનાં શાશ્વત સુખને પામી જાય!

પોતાના બાળકને ધર્મના સંસ્કારો આપવા માટે ધર્મનું જ્ઞાન અત્યંત જરૂરી અને અધિક મહત્ત્વનું છે. નાના બાળકને બોલતાં શિખવવા માટે કાકા, મામા, દાદા વગેરે સાંસારિક શબ્દો બોલાવાય છે, પણ જૈનપણાની ખુમારીવાળા મા-બાપ તો પોતાના બાળકને વીર, વીતરાગ,

અરિહંત, ભગવાન, દેવ, ગુરુ, ધર્મ, નવકાર આદિ ધાર્મિક શબ્દો દ્વારા જ બોલતાં શીખવે અને ત્યાંથી જ ધર્મનું જ્ઞાન આપવાના શુભ મંડાણ કરે.

બાળક જ્યારે જન્મે છે, ત્યારે તેના કાનમાં બીજા શબ્દો પડતાં પહેલાં ધર્મના જ શબ્દો પડી જાય તે માટે તેને સહુ પ્રથમ નવકારમંત્ર જ સંભળાવવામાં આવે છે. એટલે કે સહુ પ્રથમ ધર્મને જ આગળ કરવામાં આવે છે. તેવી જ રીતે ઘર-સંસારનાં દરેક કાર્યોમાં પણ વિવેકી જીવોએ ધર્મને જ અગ્રસ્થાન આપવું જોઈએ. એટલે બાળકને બોલતાં શિખવતી વખતે પણ તેની જીભથી પ્રથમ નવકારમંત્રનું 'નમો' બોલાવવું જોઈએ. જેથી તેનાં મુખમાંથી પ્રથમ શબ્દ ધર્મનો જ નીકળે અને તેનું મુખ પવિત્ર બને !

---

જૈન મા-બાપ આ પ્રમાણે પોતાના બાળકને ધર્મનું જ્ઞાન આપવાના શુભ મંડાણ કરે. તેને નવકારમંત્ર શીખવે અને તે રોજ વારંવાર તેની પાસે બોલાવ્યા કરે. એજ રીતે આગળનાં બીજા સૂત્રો પણ શીખવે અને રોજ રાત્રે તેની પાસે બોલાવે. પછી યોગ્ય વયને પામે ત્યારે તેને પાઠશાળામાં મોકલે અને પોતે ઘરમાં ભણાવવાનું પણ ચાલુ રાખે. પોતાનો છોકરો નિયમિત પાઠશાળાએ જાય છે કે નહિ? ત્યાં જઈને અભ્યાસ કરે છે કે નહિ? વિદ્યાગુરુઓનો વિનય બરાબર સાચવે છે કે નહિ? તોફાન કરવા, વિદ્યાગુરુઓની સામે બોલવું વગેરે ખરાબ

વર્તન તો કરતો નથી ને ? વગેરે બાબતોની મા-બાપોએ હંમેશાં કાળજી પૂર્વક તપાસ કરતાં રહેવું જોઇએ. અને આમાં જો કાંઈ ખામી જોવામાં આવે તો હિતબુદ્ધિથી યોગ્ય રીતે તેને શિક્ષા પણ કરતાં રહેવું જોઇએ.

પોતાના છોકરાને વિદ્યાગુરુ હિતબુદ્ધિથી નજીવો ઠપકો આપે તો પણ કેટલાક મોહઘેલા મા-બાપ તે સહન કરી શકતા નથી. અને ઠપકો આપનારની ખબર લઈ નાખવાની વૃત્તિ ધરાવે છે તે ઘણું જ અનુચિત અને અહિતકર છે. પોતાના અને પોતાના છોકરાના હિતને ખાતર તેમણે પોતાની આવી ભૂલ સુધારી લેવી જોઇએ.

બાળકને પાઠશાળાએ મોકલતી વખતે મા-બાપ કે ઘરના વડીલો તરફથી રોજેરોજ સૂચના અપાવી જોઇએ કે- તમારે પાઠશાળામાં જઇને વિનય પૂર્વક અભ્યાસ કરવાનો છે. તોફાન-મસ્તી કે બીજું કોઈ અયોગ્ય વર્તન જરા પણ કરવાનું નથી. જો કરશો તો શિક્ષા થશે. તેવી જ રીતે પાઠશાળાએથી ઘરમાં આવ્યા પછી પણ મા-બાપે તેને પૂછીને ખાતરી કરી લેવી જોઇએ કે તેણે સૂચનાઓનો અમલ કર્યો છે કે નહિ ? અને જો તેમાં તેની કસૂર જણાય તો તેનું અહિત ન થાય તે માટે તેને જરૂર શિક્ષા કરવી જોઇએ. ઉપરાંત પાઠશાળામાં જઇને પણ પોતાના બાળકનો અભ્યાસ અને વર્તન આદિની તપાસ કરવી જોઇએ.

ઘર આંગણે જ્યારે શુભ પ્રસંગ હોય ત્યારે વિવેકી મા-બાપ પાઠશાળામાં અભ્યાસ કરાવતા વિદ્યાગુરુઓને ભૂલે નહિ. પોતાના બાળકની સાથે ભણતાં પાઠશાળાના વિદ્યાર્થીઓને પણ ભૂલે નહિ. પાઠશાળામાં અવારનવાર પ્રભાવનાદિ કરવા દ્વારા તેમને અભ્યાસમાં પ્રોત્સાહિત રાખવા જોઈએ.

વિવેકી, હિતેચ્છુ અને જૈનપણાની ખુમારીવાળા મા-બાપોએ પોતાની આ ફરજો સારી રીતે બજાવતાં રહેવું જોઇએ.

## વારસો ધનનો કે ધર્મનો?

તમે તમારાં સંતાનોને ધનનો વારસો આપી જવાની કેટલી બધી કાળજી રાખો છો? તે માટે તમે કેટલાં કષ્ટ વેઠો છો? પણ એવી જ કાળજી તમને ધર્મનો વારસો આપી જવાની ખરી? ધન તો આ લોકમાં જ કદાચ ઉપકારી બની શકશે, ધર્મ તો નિશ્ચિતપણે ભવોભવ ઉપકાર કરનારો છે. માટે ધન કરતાં ય ધર્મનો વારસો કિંમતી છે.

તમે વિવેક પૂર્વક શાંતચિત્તે જરા એટલો વિચાર કરી જુઓ કે-'ધનથી ધર્મ આવશે કે ધર્મથી ધન આવશે?' ધન આવશે પણ ધર્મથી, સચવાશે અને ભોગવાશે પણ ધર્મથી જ! માટે ધર્મના વારસા વિનાનો કેવળ ધનનો વારસો નિરર્થક અને જોખમી છે.

ધર્મહીન સંતાનોના હાથમાં ધનનો ઢગલો આવી જશે તો તેઓ તેનો સદુપયોગ કરશે કે દુરુપયોગ કરશે ? તેનાથી તમારું કુળ ઉજ્જવળ બને એવાં ધર્મકાર્યો કરશે કે તમારું કુળ કલંકિત થાય એવાં પાપકાર્યો કરશે ? ધર્મહીન સંતાનોના હાથમાં ધનનો ઢગલો આવી જશે તો તેઓ સાતે ય વ્યસનોમાં ને પાપકાર્યોમાં ચકચૂર બની જશે ! મા–બાપની સેવા, વડીલજનોનો વિનય, કૌટુમ્બિક ફરજો વગેરે સાંસારિક દૃષ્ટિએ ઉપકારક એવી પ્રવૃત્તિઓ પણ ચૂકી જશે ! સર્વ ધનનો નાશ કરી નાખશે ! અને પાપનાં પોટલાં બાંધી દુર્ગતિમાં પહોંચી જશે ! આ લોકમાં ય દુઃખી થશે ને પરલોકમાં ય દુઃખી થશે !

ધર્મહીન સંતાનોના હાથમાં ધનનો ઢગલો આવતાં તેના દ્વારા તેઓ આત્મહિત અને પરોપકાર કરી આ લોક પરલોકમાં સુખ પામે તે સંભવિત જણાતું નથી !

તમે તમારાં સંતાનોને આ લોકમાં ને પરલોકમાં દુઃખી કરવા ઇચ્છો છો કે સુખી કરવા ઇચ્છો છો ? જો તમે તેમને ઉભયલોકમાં સુખી કરવા જ ઇચ્છતા હો તો મુખ્યત્વે ધર્મનો જ વારસો આપવાની કાળજી રાખો. સાથે સમ્યગ્જ્ઞાન પણ અપાવો. ધર્મનાં સંસ્કારો અને સમ્યગ્જ્ઞાન જ તેમને સદાચારમાં સ્થિર રાખી શકશે. જ્યાં સદાચાર છે ત્યાં જ લક્ષ્મીનો વાસ ચિરકાલીન છે. ધર્મના સંસ્કારોથી અને સમ્યગ્જ્ઞાનથી વાસિત થયેલા

ચિત્તવાળા સંતાનો સુખમાં લીન નહિ બને અને દુઃખમાં દીન નહિ બને. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ તેઓ પોતાના ચિત્તને સ્વસ્થ રાખી શકશે. સાચું સુખ ચિત્તની સ્વસ્થતામાં જ રહેલું છે.

## (૩) વિદ્યાગુરુઓની ફરજ :—

જેઓએ ધર્મનું જ્ઞાન મેળવ્યું છે, એવા વિદ્યાગુરુઓ અવશ્ય હેય-ઉપાદેયના વિવેકવાળા હોય! શાસ્ત્રનિષિદ્ધ રાત્રિભોજન, કંદમૂળ, વાસી, અભક્ષ્ય આદિનો ત્યાગ કરનારા હોય! શાસ્ત્રનિર્દિષ્ટ દર્શન, પૂજન, ચૈત્યવંદન, ગુરુવંદન, વ્રત, પચ્ચક્ખાણ, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધર્મક્રિયાઓમાં શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ ઉદ્યમ કરનારા હોય!

વિદ્યાગુરુઓએ માત્ર જ્ઞાન જ આપવાનું છે એવું નથી. જ્ઞાનની સાથે તેમણે બાળકોનાં સુકોમળ હૃદયમાં દર્શનનું એટલે શ્રદ્ધાનું પણ સિંચન કરવાનું છે અને ચારિત્ર એટલે ધર્મક્રિયાઓના સંસ્કાર પણ તેમનામાં રેડવાના છે.

આમ સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રનું શિક્ષણ આપનારા વિદ્યાગુરુઓનું જીવન અવશ્યમેવ સાદું, સાત્ત્વિક, સંતોષી અને સદાચારી હોવું જોઈએ એ વાત નિર્વિવાદ છે. જો આ વાતમાં કાંઈપણ ખામી હોય તો તે શોભાસ્પદ નથી પણ સ્વપર અહિતકર છે.

આવા ઉત્તમ વિદ્યાગુરુઓએ પોતાની પાસે ભણવા આવનારા બાળકો પ્રત્યે નિઃસ્વાર્થપણે ખૂબ જ વાત્સલ્યભાવ કેળવવો જોઇએ. અને બાલમાનસ સમજીને તેમની સાથે કામ લેવું જોઈએ. ધર્મશાસ્ત્રોમાં કહેલી સુંદર કથાઓ અવાર-નવાર કહીને, નહિ ભણવાથી થતું નુકસાન સમજાવી ભણવામાં તેમનો રસ અને કાળજી વધે તેમજ ધર્મના સંસ્કારો જળવાઈ રહે તેવો પ્રયાસ કરતાં રહેવું જોઇએ. બાળકોને તેમની ભૂલ વાત્સલ્ય પૂર્વક મધુર વચનોથી સમજાવવી જોઇએ. આમ કરવાથી યોગ્ય જીવનો લાભ થયા સિવાય રહેશે નહિ.

વિદ્યાગુરુઓએ પોતે સારી રીતે ઉચ્ચારશુદ્ધિ કરી લેવી જોઈએ. તેમજ વિદ્યાર્થીઓને શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્રપાઠ આપવાની અને લેવાની કાળજી રાખવી જોઇએ. બાળકો ગોખતાં હોય ત્યારે પણ ખોટું ન ગોખે તેનું ધ્યાન રાખવું જોઇએ. દરેક વિદ્યાર્થીને રોજ પોતાના ઘરે પુનરાવર્ત્તન કરવાની વારંવાર પ્રેરણા કરવી જોઈએ.

નજીકમાં ઉપાશ્રય હોય અને ત્યાં ગુરુ ભગવંત બિરાજમાન હોય તો નિત્ય ગુરુવંદનના સંસ્કાર પાડવા માટે બાળકોને સમૂહમાં ગુરુવંદન કરવા લઈ જવા જોઇએ.

પાઠશાળામાં બાળકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહે પણ ઘટતી ન જાય તેવો પ્રયત્ન નિરંતર કરતાં રહેવું જોઇએ.

## (૪) કાર્યવાહકોની ફરજ :—

પાઠશાળાના કાર્યવાહકોનું જીવન પણ હેય-ઉપાદેયના વિવેકવાળું, ધર્મપરાયણ, સાદું, સંતોષી અને સદાચારી હોવું જોઇએ.

તેમનું કાર્ય મુખ્યત્વે પ્રથમના ત્રણે ય અંગોને તેમની ફરજનું ભાન કરાવતા રહેવાનું છે- તેમને પોતપોતાની ફરજમાં સાબદા રાખવાનું છે. તે માટે તેમણે બાળકો, તેમના મા-બાપ અને પાઠશાળાના શિક્ષકો આ ત્રણે ય અંગો ઉપર પોતાની નજર રાખ્યા કરવી જોઇએ. આમાંથી કોઈપણ પોતાની ફરજ ચૂકતા જોવામાં આવે ત્યારે વિવેક પૂર્વક તેમને તેમની ફરજનું ભાન કરાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ભણનારને અને ભણાવનારનો હંમેશાં પ્રોત્સાહન મળતું રહે તેવી સુંદર યોજનાઓ કરવી જોઈએ. કાર્યવાહકોએ સાથે અથવા વારાફરતી પાઠશાળાની મુલાકાત લેતા રહેવું જોઇએ. જેથી જાગૃતિ રહે અને પ્રોત્સાહન પણ મળતું રહે.

પાઠશાળાની મુલાકાત લેનાર કાર્યવાહકે શિક્ષકોની અભ્યાસ કરાવવા અંગેની ચીવટની તેમજ બાળકોના અભ્યાસની અને વર્તનની તપાસ કરવી જોઈએ. શિક્ષકો જો ચીવટપૂર્વક અભ્યાસ કરાવતા હોય તો તેમની કદર કરવી જોઇએ. બાળકોને ઊભા કરી તેમની પાસે તેમણે કરેલા

અભ્યાસમાંથી કેટલાંક સૂત્રો બોલાવીને તેમના અભ્યાસની ચકાસણી કરવી જોઇએ. તેમજ સામાયિક, પ્રતિક્રમણ, ચૈત્યવંદન આદિ ધર્મક્રિયાઓની પણ ચકાસણી કરવી જોઇએ. એવી રીતે ચકાસણી કરતાં જે બાળકો અટકચા વિના શુદ્ધ ઉચ્ચાર પૂર્વક, જે જે પૂછવામાં આવે તે બધું બોલી જતાં હોય, અને તેમનું વર્ત્તન વિનયી હોય તો પ્રસન્ન થઈને પોતાના ખીસામાંથી પાંચ–દશ રૂપિયા કાઢીને તેમને ઈનામ તરીકે આપી દેવા જોઇએ, તેથી તેમને ઘણું પ્રોત્સાહન મળી શકે. આમ કરવાથી ભણવામાં આળસ કરનારા બીજા બાળકોને પણ ભણવાનું મન થાય છે. ભણનાર ભણાવનારનો જ્ઞાનની વૃદ્ધિ માટે જે કોઈ સગવડની જરૂર હોય તે વાજબી રીતે પૂરી પાડવી જોઇએ અને અગવડ હોય તે દૂર કરવી જોઈએ.

કેટલીક જગ્યાએ એવું પણ જોવામાં આવે છે કે પાઠશાળામાં બાળકોની સંખ્યા ૧૦૦ થી ૧૨૫ ની હોય, તેમને ભણાવનાર શિક્ષક એક જ હોય અને તેણે એક જ કલાકમાં બધાનો પાઠ આપવા લેવાનો હોય, ત્યારે એક કલાકના મર્યાદિત સમયમાં એક જ શિક્ષક દ્વારા તે કોઈ રીતે શકય બની શકતું નથી. આમ બનતું હોય ત્યાં કાર્યવાહકો માટે સમયની કે શિક્ષકની વૃદ્ધિ કરવાનું કાર્ય અનિવાર્ય થઈ પડે છે. જો આમ ન કરવામાં આવે તો બાળકોના અભ્યાસમાં ખામી રહેવાનો સંભવ રહે છે. માટે આ એક મહત્ત્વની વાત ઉપર પણ કાર્યવાહકોએ ખાસ ધ્યાન આપવું જોઇએ.

સૌથી વધારે વાજબી વાત તો એ છે કે, જેઓને આજીવિકા માટેની ખાસ કોઈ ચિંતા નથી એવા મોટી ઉંમરના શ્રાવકોએ અને શ્રાવિકાઓએ જ નિઃસ્વાર્થપણે પોતપોતાના ગામના બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવવાનું કાર્ય પોતાની ફરજ સમજીને સંભાળી લેવું જોઈએ. અને તેમાં પુરુષો છોકરાઓને જ ભણાવે અને સ્ત્રીઓ છોકરીઓને જ ભણાવે એવી સ્વપર ઉભયને માટે કલ્યાણકારી મર્યાદાનું પાલન કરવાની વર્તમાનકાળમાં તો ખૂબ ખૂબ જરૂર જણાય છે એમ કેટલાક અનુભવોને અંતે જણાયું છે.

## દવા અને હવા

જડવાદના પ્રચારના જોરથી મિથ્યાજ્ઞાનનો પ્રચાર દિનપ્રતિદિન વધી રહ્યો છે. તેનાં કારણે બાળકો અને તેમના મા-બાપ તરફથી સમ્યગ્જ્ઞાન પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. પાઠશાળામાં બાળકોની સંખ્યા દિનપ્રતિદિન ઘટી રહી છે. તેથી ઘણા ગામોમાં પાઠશાળાની હાલત ક્ષયના રોગથી પીડાતા માણસના દેહ જેવી બની ગઈ છે.

આમ છતાં એટલું અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે, ગમે તેવો રોગી માણસ પણ શકય હોય ત્યાં સુધી શુદ્ધ દવા અને વિશુદ્ધ હવાની મદદથી પોતાના દુર્બળ દેહને તંદુરસ્ત અને પુષ્ટ કરવાનો જ પ્રયત્ન કરે

છે. પણ વિવેકી માણસ તેનો નાશ કરવાનો પ્રયત્ન કરતો નથી.

તેવી જ રીતે વિવેકી અને ધર્મપ્રેમી પુણ્યાત્માઓએ પણ જાતજાતની આકર્ષક યોજનાઓ રજુ કરવા દ્વારા બાળકોનું અને મા-બાપનું સમ્યગ્જ્ઞાન પ્રત્યે આકર્ષણ વધારીને પાઠશાળાની હાલત સુધારવાનો પ્રયત્ન કરવો જોઇએ પણ એને બંધ કરવાનો વિચાર નહિ જ કરવો જોઇએ.



# પ્રકરણ ચોથું

## ન્યાયાધીશનું દૃષ્ટાંત

લેખક : **મુનિશ્રી હિતવિજયજી**

જેમ અશુદ્ધ ઉચ્ચાર કરવાથી અનર્થ થાય છે તેમ અશુદ્ધ લખવાથી પણ અનર્થ થાય છે. તે વાત નીચેના દૃષ્ટાંતથી સારી રીતે સમજાશે.

એક હતા ન્યાયાધીશ. તે એક મોટા બંગલામાં રહેતા હતા. તે બંગલાની ફરતો કોટ હતો. તે કોટની દીવાલ પાસે લોકો ગંદકી કરતા હતા. તેથી ન્યાયાધીશે પોતાના નોકરને હુકમ કર્યો કે–તું જઈને કોટની દીવાલ ઉપર આ પ્રમાણે લખી આવ કે–

**'અહીં ગંદકી કરવી નહિ, કરનારને સજા થશે.'**

પણ તે અબુધ નોકરે તો જઈને લખ્યું કે–

**'અહીં ગંદકી કરવી, નહિ કરનારને સજા થશે.'**

કોટની દીવાલ ઉપર આવું આશ્ચર્યકારી લખાણ વાંચીને લોકો ત્યાં પહેલાં કરતાં વધારે ગંદકી કરવા લાગ્યા. તેથી તે ન્યાયાધીશને પણ ઘણું આશ્ચર્ય થયું. તેમણે ત્યાં ગંદકી કરનારા લોકોને પકડીને




સજા ફરમાવી. લોકો કહે-અમને સજા શાની? અમે શો ગુનો કર્યો છે? અમે તો તમારા હુકમનો અમલ કર્યો છે! લોકોની વાત સાંભળી ન્યાયાધીશ તો વિસ્મય પામ્યા! ને પૂછ્યું-તમે શી રીતે મારા હુકમનો અમલ કર્યો છે? ત્યારે લોકો તેમને કોટની દીવાલ પાસે લઇ ગયા ને તેના ઉપરનું લખાણ વંચાવ્યું. 'અહીં ગંદકી કરવી, નહિ કરનારને સજા થશે.' ન્યાયાધીશે જોયું કે અક્ષરો તો બરાબર હતા પણ અલ્પવિરામ ચિહ્નને જે શબ્દની પછી મૂકવાનું હતું તે શબ્દની પહેલા મૂકી દેવામાં આવ્યું હતું. નોકરે ભૂલ કરી નહિ જેવી! પણ તેથી આગળ આવી ગયેલા અલ્પવિરામે તો આશ્ચર્યકારી અનર્થ સર્જી દીધો! તેણે તો મેજીસ્ટ્રેટના ય મેજીસ્ટ્રેટનું કામ કર્યું. મેજીસ્ટ્રેટે

લોકોને દોષિત ઠરાવી સજા કરી, તો અલ્પવિરામે તેમને નિર્દોષ ઠરાવી છોડાવી મૂક્યા !

લખવા-બોલવાની નહિ જેવી ભૂલનું પણ આ કેવું પરિણામ !

ધાર્મિક સૂત્રો લખવા-બોલવામાં નહિ જેવો ફેરફાર થાય તો પણ આવું જ પરિણામ આવે ને ? માટે ધાર્મિક સૂત્રો ભણવા-બોલવામાં ખૂબ જ કાળજીવાળા બનો ! શુદ્ધિ જાળવો ! અશુદ્ધિ ટાળો !



## સમ્યગ્જ્ઞાનનો મહિમા :—

જઈ વિ હુ દિવસેણ પયં, ધરેઈ પક્ખેણ વા સિલોગદ્ધં ।
ઉજ્જોઅં મા મુંચસુ, જઈ ઈચ્છસિ સિક્ખિઉં નાણં ॥

શાસ્ત્રકારો કહે છે કે જો તમે જ્ઞાન ભણવાને ઈચ્છતા હો તો, આખો દિવસ ગોખવાની મહેનત કરવા છતાં ભલે આખી ગાથાનું એક જ પાદ મોઢે થતું હોય, પંદર દિવસ સુધી ગોખવાની મહેનત કરવા છતાં અડધી જ ગાથા મોઢે થતી હોય તો પણ સમ્યગ્જ્ઞાન ભણવાનો ઉદ્યમ કદાપિ છોડવો નહિ.

સમ્યગ્જ્ઞાન કર્મનાં બંધનો કાપી મુક્તિ આપે. જ્યાં સુધી મુક્તિ ન આપે ત્યાં સુધી ભવોભવ ચિત્તની શાંતિ અને સમાધિ આપે.

સમ્યગ્જ્ઞાન સદ્ગતિનું કારણ છે, સંસાર સાગરમાં વહાણ સમાન છે અને અંધકારમાં સૂર્ય સમાન છે. હેય-ઉપાદેયનો વિવેક કરાવનાર છે. એકેન્દ્રિય આદિ જીવોને ઓળખાવી તેમની હિંસાથી આપણા આત્માને બચાવનાર છે. જળ જેમ શરીરની મલીનતાને દૂર કરે છે તેમ સમ્યગ્જ્ઞાન અંતઃકરણની મલીનતાને દૂર કરે છે.

તૃતીયં લોચનં જ્ઞાનં, દ્વિતીયો હિ દિવાકરઃ ।
અચૌર્યહરણં વિત્તં, વિના સ્વર્ણં વિભૂષણમ્ ॥

સમ્યગ્જ્ઞાન ત્રીજા લોચન સમાન છે, બીજા સૂર્ય

સમાન છે, ન ચોરી શકાય એવા ધન સમાન છે અને સોના વગરના આભૂષણ સમાન છે.

આહાર નિદ્રા ભય મૈથુનાનિ, સામાન્યમેતત્પશુભિર્નરાણામ્ ।
જ્ઞાનં વિશેષઃ ખલુ માનુષાણાં, જ્ઞાનેન હીનાઃ પશવઃ મનુષ્યાઃ ॥

આહાર, નિદ્રા, ભય, મૈથુન આ બધી બાબતો તો પશુઓમાં અને મનુષ્યોમાં સમાન દેખાય છે. તેથી તેના દ્વારા માણસ-જાનવરનો ભેદ પડી શકતો નથી. પશુઓથી માણસને જુદો પાડી બતાવનાર તો સમ્યગ્જ્ઞાન જ છે. જેણે સમ્યગ્જ્ઞાન મેળવ્યું નથી તેને પશુઓથી જુદો પાડી શકાતો નથી. અર્થાત્ સમ્યગ્જ્ઞાન વિનાનો માણસ પશુતુલ્ય છે. કારણ કે, સમ્યગ્જ્ઞાનથી જ કાર્ય-અકાર્ય, ભક્ષ્ય-અભક્ષ્ય, સાર-અસાર આદિ જાણી શકાય છે. સમ્યગ્જ્ઞાન દ્વારા જ આત્માની ખાનાખરાબી કરનારા કષાયોનો નાશ કરી શકાય છે. ગમે તેવી સંપત્તિ-વિપત્તિમાં પણ સમ્યગ્જ્ઞાન દ્વારા જ મનને સ્વસ્થ રાખી શકાય છે.

અજ્ઞાનં ખલુ કષ્ટં, ક્રોધાદિભ્યોઽપિ સર્વપાપેભ્યઃ ।
અર્થં હિતં અહિતં વા, ન વેત્તિ યેનાઽઽવૃતો લોકઃ ॥

ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ અજ્ઞાન વધુ દુઃખદાયક છે. કારણ કે, અજ્ઞાનથી ઢંકાયેલા લોકો હિતકર કે અહિતકર કાર્યને જાણી શકતા નથી.

હિંસક એવા ચિલાતીપુત્રને 'ઉપશમ, સંવર, વિવેક' માત્ર આ ત્રણ જ પદનું જ્ઞાન થયું તો પણ તેના દ્વારા

તે પોતાની બગડેલી બાજી સુધારી શક્યો અને નરકમાં પડવાને બદલે પાંચમા દેવલોકે પહોંચી ગયો.

દેવો આંખના પલકારા વિનાના હોય છે, નહિ કરમાયેલી પુષ્પની માળાવાળા હોય છે, જમીનથી ચાર આંગળ ઊંચા રહેનારા હોય છે અને મનથી જ કાર્ય સાધી લેનારા હોય છે: વીર પ્રભુનાં મુખેથી માત્ર આટલું જ જ્ઞાન આકસ્મિક રીતે મળી ગયું તો તેની મદદથી રોહિણીયો ચોર, બુદ્ધિના ભંડાર સમા અભયકુમારની માયાજાળમાંથી છટકીને મૃત્યુદંડની સજામાંથી બચી જવા સમર્થ બન્યો. તેમજ તે જ્ઞાનના પ્રતાપે જ બોધ પામી દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું.

'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા'–એવા વીર પ્રભુના શબ્દો સાંભળી જાતિસ્મરણજ્ઞાન થવાથી, જ્ઞાનના પ્રભાવે જ ચંડકૌશિક સર્પના આત્માની ખાનાખરાબી થતી અટકી ગઇ, ભવની પરંપરા બગડતી અટકી ગઇ અને નરકગતિનો મહેમાન બનવા તૈયાર થયેલો તેનો આત્મા માર્ગ બદલીને દેવગતિનો મહેમાન બન્યો.

સમ્યગ્જ્ઞાનનો આવો મહિમા જાણી, આપણા આત્માના કલ્યાણને માટે આપણે પણ આળસ છોડીને રોજ નવું નવું સમ્યગ્જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**જ્ઞાનની આશાતના અને આરાધના :—**

ધાર્મિકસૂત્રો એ જ્ઞાન છે. પુસ્તક, સાપડો, કોરો કે લખેલો કાગળ, પેન્સીલ, બોલપેન, ઈન્ડીપેન વગેરે જ્ઞાન ભણવામાં ઉપયોગી વસ્તુઓ તે જ્ઞાનનાં સાધન છે. ભણાવનાર વિદ્યાગુરુ એ જ્ઞાની છે.

જ્ઞાન, જ્ઞાનનાં સાધન અને જ્ઞાનીની આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

અશુદ્ધ ભણવું અને બીજાને પણ અશુદ્ધ ભણાવવું તે જ્ઞાનની અશાતના છે.

ધાર્મિકજ્ઞાન ભણવા પ્રત્યે અરુચિ કે અણગમો બતાવવો, ભણવામાં પ્રમાદ કરવો, કંટાળો લાવવો, ભણેલું યાદ રાખવાનો પ્રયત્ન કરવો નહિ ને ભણીને ભૂલી જવું તે પણ જ્ઞાનની આશાતના છે.

જ્ઞાન ભણવામાં ઉપયોગી પુસ્તક, સાપડો વગેરે જ્ઞાનનાં સાધનોને થૂંક પરસેવો, શ્લેષ્મ વગેરે આપણા શરીરનો મેલ લાગવાથી તેને ખોળામાં કે બગલમાં રાખવાથી, તેમજ ધોતિયામાં વીંટાળવાથી, તેના ઉપર બેસવાથી, તેને લાત મારવાથી, તેને પગ નીચે કચરવાથી, તે પાસે રાખીને ખાવા-પીવાથી કે ઝાડો-પેશાબ કરવાથી અને તેને ફાડી-તોડી નાખવાથી જ્ઞાનની આશાતના થાય છે.

ભણાવનાર વિદ્યાગુરુનો અવિનય કરવો, તેમની સામે બોલવું, તેમને ખરાબ વચનો સંભળાવવા, તેમની

નિંદા કરવી, તેમની હાંસી-મશ્કરી કરવી, તેમનું અપમાન કરવું, તેમને પથ્થર વગેરેથી મારવા વગેરે દુષ્ટ વર્ત્તન કરવાથી તેમની એટલે જ્ઞાનીની આશાતના થાય છે.

જ્ઞાન, જ્ઞાનનાં સાધન અને જ્ઞાનીની આશાતનાનો સમજ પૂર્વક ત્યાગ કરવાથી અને એમનું આદર પૂર્વક આસેવન કરવાથી સમ્યગ્જ્ઞાનની આરાધના થાય છે, તેથી જ્ઞાનાવરણીયકર્મની નિર્જરા થાય છે અને જ્ઞાનાવરણીયકર્મની નિર્જરા થવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

શુદ્ધ ઉચ્ચાર પૂર્વક ધાર્મિક સૂત્રો ભણવાથી અને ભણાવવાથી સમ્યગ્જ્ઞાનની આરાધના થાય છે અને તેનાથી ભણનાર-ભણાવનાર બન્નેને જ્ઞાનાવરણીયકર્મની નિર્જરાનો પરમ લાભ પ્રાપ્ત થાય છે.

જ્યારે અશુદ્ધ ભણવાથી અને બીજાને અશુદ્ધ ભણાવવાથી ભણનાર-ભણાવનાર બન્નેને જ્ઞાનાવરણીયકર્મ (આત્માના જ્ઞાન ગુણને રોકી દેનારું એક પ્રકારનું પાપકર્મ) બંધાય છે.

અશુદ્ધ પાઠ આપનાર વિદ્યાગુરુઓને જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે. તેનાથી બચવા માટે વિદ્યાગુરુઓએ સૂત્રોના ઉચ્ચારની શુદ્ધિ અવશ્ય કરી લેવી જોઈએ.

ઘણા વર્ષોથી પાઠશાળામાં ભણાવનાર વિદ્યાગુરુઓએ એવો વિચાર તો નહિ જ કરવો જોઇએ કે- 'અમે તો ઘણા વર્ષોથી પાઠશાળામાં ભણાવીએ છીએ, તેથી અમારી

ભૂલ કે અશુદ્ધિ કોઈ પણ ઠેકાણે નથી, અમારું તો બધું શુદ્ધ જ છે.' આવો વિચાર કરવો ઠીક નથી કેમકે આપણે સહુ અપૂર્ણ છીએ. તેથી આપણી પણ ભૂલ અને અશુદ્ધિ હોવાનો પૂરેપૂરો સંભવ છે. માટે વિદ્યાગુરુઓએ પોતાની ભૂલો અને અશુદ્ધિઓ તપાસીને તેને વહેલી તકે દૂર કરવાનો સવિશેષ પ્રયત્ન કરવો જોઈએ. જેથી તેમને પોતાને અને તેમની પાસે ભણનારને પણ જ્ઞાનાવરણીય કર્મની નિર્જરાનો પરમ લાભ પ્રાપ્ત થાય.

વિદ્યાગુરુઓ શુદ્ધ પાઠ આપતા હોય ત્યારે તેટલી જ કાળજી રાખીને શુદ્ધ પાઠ ગ્રહણ કરવામાં ન આવે પણ બેદરકારી રાખી અશુદ્ધ પાઠ ગ્રહણ કરવામાં આવે તો અશુદ્ધ પાઠ ગ્રહણ કરનારને દોષ લાગે અને જ્ઞાનાવરણીયકર્મ બંધાય.

વિદ્યાગુરુનાં મુખેથી શુદ્ધ પાઠ ગ્રહણ કર્યા પછી પણ ધ્યાનપૂર્વક ચોપડીમાં જોયા વિના, મીંડા વગેરેનો ખ્યાલ રાખ્યા વિના ગમે તેમ ગોખવાથી પણ જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે.

પૂર્વે જે અશુદ્ધ ગોખેલું હોય, તેને શક્તિ હોવા છતાં પણ સુધારી લેવાનો પ્રયત્ન કરવામાં આવે નહિ તો પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

આપણે જે કાંઇ ભણી ગયા હોઇએ, તે બધું શક્તિ હોવા છતાં આળસથી યાદ રાખવાનો પ્રયત્ન કરીએ નહિ,

સ્વાધ્યાય આદિનો ત્યાગ કરીને બધું ભૂલી જઇએ તો પણ જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે.

જ્ઞાનની આશાતના ટાળવા માટે પુસ્તકને શરીરથી અને કપડાંથી દૂર સાપડા ઉપર રાખીને અને તેના ઉપર થૂંક ઊડીને પડે નહિ તે માટે મુખની આડો હાથ રાખીને ભણવું જોઇએ.

સૂત્રમાં જેટલા અક્ષર હોય તેટલા જ બોલવા જોઇએ. તેમાં હોય તેના કરતાં એક અક્ષર કે મીંડું વધી જાય તો પણ દોષ લાગે અને ઘટી જાય તો પણ દોષ લાગે. દોષ લાગવાથી જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે.

વિદ્યાગુરુઓએ સૂત્રપાઠ આપતી–લેતી વખતે તેમજ બાળકો ગોખતા હોય ત્યારે પણ ઉચ્ચારશુદ્ધિની ખૂબ જ કાળજી રાખવી જોઈએ.

જ્ઞાનની આશાતનાથી બંધાયેલાં જ્ઞાનાવરણીયકર્મો, જીવને સંસારમાં ભટકાવે છે, અનેક ભવો સુધી મૂર્ખદશામાં રાખે છે, તેમજ બહેરો, મૂંગો અને બોબડો પણ બનાવે છે.

આવું કાંઇ ન બને અને સહુ ઉત્તરોત્તર ઊર્ધ્વગતિ સાધી મુક્તિનાં શાશ્વત સુખ પામે એવા શુભ આશયથી આ પુસ્તકનાં બીજા પ્રકરણમાં કેટલાક મહત્ત્વના જોડાક્ષરોની અને તેમના ઉચ્ચારની સાદી સમજ આપવામાં આવી છે. તે વાંચી વિચારી સમજીને સારી રીતે શુદ્ધ ઉચ્ચાર કરતાં શીખી લેવું જરૂરી છે, જેથી આપણાં જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા થાય.

શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્રો બોલવાથી સ્વ-પર ઉભયને લાભ થાય છે. કારણ કે, શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સુંદર રીતે બોલાતાં સૂત્રો સાંભળીને અનેક ભદ્રક પરિણામી જીવો હર્ષ પામે છે અને અનુમોદના કરી પોતાનાં જ્ઞાનાવરણીયકર્મ ખપાવે છે.

## કૃતજ્ઞતા અને કૃતઘ્નતા :—

કોરો કે લખેલો કોઈ પણ કાગળ બાળવો, તેના ઉપર બેસવું, તેમાં ખાવું, તેના ઉપર ઝાડો-પેશાબ કરવા, તેને રસ્તામાં કે ઉકરડામાં ગમે ત્યાં ફેંકી દેવો અને તેના ઉપર પગ દઈને ચાલવું તે જ્ઞાનની આશાતના છે.

કાગળ, કલમ, પુસ્તક એ બધાં અક્ષર લખવાનાં સાધન છે. અક્ષર એ જ્ઞાન મેળવવાનું સાધન છે. આપણે સહુ જ્ઞાનથી જ ડાહ્યા ને વિવેકી બનીએ છીએ.

જો અક્ષરો ન હોત, અક્ષરો લખવાનાં કાગળ-કલમ શાહી-પુસ્તક વગેરે સાધનો ન હોત અને ભણાવનારા વિદ્યાગુરુઓ પણ ન હોત તો આપણા ક્ષયોપશમની મંદતાના કારણે આપણે કાંઈ ભણી કે સમજી શક્યા ન હોત, તેથી સાવ અજ્ઞાન અને અવિવેકી જ રહ્યા હોત !

માટે જ જ્ઞાન, જ્ઞાનનાં સાધનો અને જ્ઞાની ગુરુઓ એ બધા આપણા પરમ ઉપકારી છે.

તેથી જ્ઞાન, જ્ઞાનનાં સાધન અને જ્ઞાની ગુરુઓની મન-વચન-કાયાથી ભક્તિ કરવી તે કૃતજ્ઞતા છે.

જ્ઞાન, જ્ઞાનના સાધન અને જ્ઞાની ગુરુઓની મન-વચન કાયાથી આશાતના કરવી તે કૃતઘ્નતા છે.

કૃતજ્ઞતા એ મોટો ગુણ છે! કૃતઘ્નતા એ મોટો દોષ છે! આપણે સહુ દોષ ટાળીએ અને ગુણ મેળવીએ!

**ધર્મનું મૂળ વિનય :—**

જેમ દયા એ ધર્મનું મૂળ છે તેમ વિનય પણ ધર્મનું મૂળ છે.

સહુની સાથે નમ્રતાથી વર્તવું તેનું નામ વિનય.

અભિમાની માણસ કોઇનો વિનય કરી શકતો નથી, માટે આપણે નિરભિમાની બનવું જોઇએ.

દુનિયામાં ધનના ઢગલાથી અને સત્તાના જોરથાં પણ જે કામ થતાં નથી તે કામ વિનયથી ક્ષણવારમાં થઈ જાય છે.

વિનય એક શ્રેષ્ઠ વશીકરણ છે. વિનયથી વૈરી પણ વશ થઇ જાય છે. શત્રુ મિત્ર બની જાય છે. તેથી જ કહેવત પડી છે કે– 'વનો (વિનય) વેરીને વશ કરે.'

જેમ ચંદ્ર વિનાની રાત શોભતી નથી, પાણી વિનાનું સરોવર શોભતું નથી, ફળ–ફૂલ–પાંદડાં વિનાનું ઝાડ શોભતું નથી, પ્રતિમા વિનાનું મંદિર શોભતું નથી, આંખો વિનાનું મુખ શોભતું નથી, તેમ વિનય વગરનો માણસ પણ શોભતો નથી. ચતુરાઈ, હોશિયારી, રૂપ, ધન, યૌવન એ બધું જ વિનય વિના નિરર્થક છે.

ખૂબ જ સુંદર વસ્ત્રો અને અલંકારોથી સુસજ્જ, અત્તરથી સુવાસિત કરેલા શરીરવાળો અને ખૂબ જ રૂપાળો છોકરો પણ જો તોછડું વર્તન કરતો હોય, ગાળો બોલતો હોય, વિનય વગરનો હોય તો તે કોઈને પણ ગમતો નથી, કોઈ એનો સંગ કરવા ઈચ્છતું નથી, સહુ એનાથી દૂર ભાગે છે.

પણ વિનયી, સુંદર–મધુર વાણી બોલનારો અને સહુની સાથે નમ્રતાથી વર્તનારો છોકરો ગોબરો ને કદરૂપો હોય તો પણ સહુને પ્રિય બને છે.

જે ત્રણેય જગતના નાથ છે અને ઇન્દ્રો પણ જેમની સેવા કરે છે એવા આપણા ભગવાન પણ જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી પોતાના માતા–પિતાનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વિનય કરે છે. પોતે મિત્રો સાથે બેઠા હોય ત્યાં પોતાના માતા–પિતા આવે તો તરત જ ઉભા થઈ જાય અને તેમની સામે હાથ જોડીને ઊભા રહે. તેઓ પોતાના માતા–પિતાને પોતાનાથી સહેજ પણ દુઃખ થાય એવું કોઈ પણ વર્તન ક્યારેય કરે નહિ પોતે દુઃખી થઇને પણ માતા–પિતાને સુખી કરે. આપણે એ જ ભગવાનના ભક્ત છીએ માટે આપણે પણ એવા વિનયી બનવું જોઇએ.

**વિનય અને વિદ્યા :–**

વિનય મનથી પણ થાય, વચનથી પણ થાય અને કાયાથી પણ થાય.

ઉપકારી દેવ–ગુરુ–ધર્મ, મા–બાપ, વિદ્યાગુરુ અને વડીલજનો પ્રત્યે હૃદયમાં પૂજ્યભાવ રાખવો તેનું નામ માનસિક વિનય છે.

ઉપકારી એવા તે બધાના દોષ કદાપિ બોલવા નહિ. પણ હમેશાં ગુણગાન જ કરવા તે વાણીનો અથવા વચનનો વિનય છે.

ઉપકારી એવા તે બધાનું કામ કરવું, તેમની સેવા–ભક્તિ કરવી તે કાયાનો એટલે કાયા દ્વારા કરાતો વિનય છે.

આવા વિનયવંતને લીલામાત્રમાં (અલ્પ પ્રયત્નથી જ) ઘણું જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે.

જ્ઞાનસ્ય ફલં વિરતિઃ । જ્ઞાન ભણનારને જ્ઞાન ભણવાના બદલામાં મળનારું તાત્ત્વિક અને સર્વોત્તમ ફળ વિરતિ છે. પાપકાર્યોનાં ત્યાગના પચ્ચક્ખાણ કરવા તેનું નામ વિરતિ છે.

જ્ઞાનનું (વિદ્યાનું) આ સાચું અને સર્વોત્તમ ફળ પણ વિનયવંત જ પામી શકે છે.

જ્ઞાનનું તે સાચું ને સર્વોત્તમ ફળ પામવા માટે આપણે અવશ્ય વિનયી બનવું જોઇએ.

# વિનય કોને કહેવાય

(૧) આપણા આત્મા ઉપર લાગેલી કર્મોની રજને દૂર કરી, આત્માને નિર્મળ બનાવી, મુક્તિ અપાવી શાશ્વત સુખ પમાડે એવું જે વર્તન તેનું નામ વિનય.

(૨) શ્રી જિનેશ્વરદેવોએ આપણા માટે જે આજ્ઞાઓ ફરમાવી છે તે આજ્ઞાઓ માનવી અને પાળવી તેનું નામ વિનય.

(૩) ગુરુભગવંતો જિનેશ્વરદેવની આજ્ઞા મુજબની જે આજ્ઞાઓ ફરમાવે તે આજ્ઞાઓને મસ્તકે ચડાવવી તેનું નામ વિનય.


(૪) શ્રી જિનેશ્વરદેવોએ બતાવેલા, ધર્મના આચરોનું પાલન કરવું તેનું નામ વિનય.

(૫) રાત્રિભોજન કરવું, વાસી, અભક્ષ્ય ને કંદમૂળ ખાવું, નાટક–સિનેમા જોવા આ બધા પાપકાર્યોનો ત્યાગ કરવો તેનું નામ વિનય.

(૬) રોજ ભગવાનનાં દર્શન કરવા, પૂજા કરવી, ગુરુવંદન કરવું, સામાયિક, પ્રતિક્રમણ વગેરે કરવું અને રોજ નવું નવું ધર્મનું જ્ઞાન મેળવવું તેનું નામ વિનય.


(૭) જેનાથી આપણા આત્માનું હિત જ થાય એવી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબની જે કોઈ આજ્ઞા આપણા ઉપકારી માતા-પિતા ફરમાવે તે આજ્ઞાનું આદરપૂર્વક પાલન કરવું તેનું નામ વિનય.

(૮) એવા ઉપકારી માતા-પિતાને રોજ સવારમાં પગે લાગવું, તેમની સામે ન બોલવું અને તેઓ જીવે ત્યાં સુધી તેમની સુંદરમાં સુંદર સેવા કરવી તેનું નામ વિનય.



પુત્ર માતાપિતાને પગે લાગે છે.

(૯) શ્રી જિનેશ્વરદેવોએ કહેલા ધર્મનું જ્ઞાન આપનારા ઉપકારી વિદ્યાગુરુ (પાઠશાળાના શિક્ષક) પ્રત્યે હૃદયમાં બહુમાન ભાવ રાખવો, તેઓ આવે ત્યારે ઉભા થવું, હાથ જોડવા, તેમના બેઠા પછી બેસવું તેમની ઇચ્છા



શિક્ષક આવે છે ત્યારે બાળકો ઊભા થાય છે, હાથ જોડે છે.

મુજબ વર્ત્તવું, તેમની હિતકારી આજ્ઞા માનવી, તેમની સામે થવું નહિ, સામે બોલવું નહિ, તેમની સાથે તોછડાઈથી વર્તવું નહિ, તેમનું અપમાન કરવું નહિ, અનાદર કરવો નહિ, તેમને ન ગમે તેવું કાંઈ કરવું નહિ, તેમનું ચિત્ત પ્રસન્ન રહે તેવું જ બોલવું અને તે જ પ્રમાણે વર્ત્તવું તેનું નામ વિનય.


(૧૦) કોઇની સાથે લડવું-ઝગડવું નહિ, કોઈની નિંદા-કુથલી કરવી નહિ, કોઈની ઠઠ્ઠા-મશ્કરી કરવી નહિ,

કોઈની સાથે તોછડું વર્તન કરવું નહિ અને કદિ પણ ગાળ બોલવી નહિ તેનું નામ વિનય.

(૧૧) આપણા ઉપકારી ધર્મગુરુ, વિદ્યાગુરુ, માતા-પિતા અને બીજા પણ વડીલજનો હિતબુદ્ધિથી આપણને ઠપકો આપે અને ગમે તેવા કઠોર શબ્દો કહે ત્યારે સામે બોલ્યા વિના આદરપૂર્વક તેઓ જે કહે તે સાંભળવું અને આપણી ભૂલ જોઈ એને સુધારવાનો પ્રયત્ન કરવો એનું નામ વિનય.

(૧૨) રોજ સવારે ઓછામાં ઓછું નવકારશીનું અને સાંજે ચઉવિહાર કે તિવિહારનું પચ્ચક્ખાણ કરવું તેનું નામ વિનય.


(૧૩) રસ્તે જતાં માર્ગમાં દેરાસર આવે ત્યારે સમય




બહારથી જિન મંદિરનાં દર્શન.


અને શક્તિ હોય તો અંદર જઈને દર્શન કરી આવ્યા પછી જ આગળ જવું, સમય અને શક્તિ ન હોય તો બહારથી બે હાથ જોડી મસ્તક નમાવી 'નમો જિણાણં' કીધા પછી જ આગળ જવું તેનું નામ વિનય.

(૧૪) રસ્તે જતાં ગુરુમહારાજ કે સાધ્વીજી મ. સામા મળે ત્યારે (સાયકલ વગેરે વાહન પરથી નીચે ઉતરી, બુટ-ચંપલ ઉતારી) બે હાથ જોડી મસ્તક નમાવી 'મત્થએણ વંદામિ' કહેવું તેનું નામ વિનય.




માર્ગમાં ગુરુ મહારાજને વંદન

(૧૫) રસ્તે જતાં પાઠશાળાના શિક્ષક તેમજ બીજા પણ ઉપકારી વડીલજનો સામા મળે ત્યારે તેમને બે હાથ જોડી મસ્તક નમાવી પ્રણામ કરવા તેનું નામ વિનય.





માર્ગમાં શિક્ષકને અને માતા પિતાને પ્રણામ.


(૧૬) ધર્મનાં પુસ્તકને જમીન ઉપર કે ખોળામાં મૂકવું નહિ, બગલમાં રાખવું નહિ, ધોતી વગેરે વસ્ત્રોમાં લપેટવું નહિ, તેને પગ કે થૂંક લાગવા દેવું નહિ. તેનું નામ વિનય.

(૧૭) શરીરશુદ્ધિ અને મુખશુદ્ધિ કરીને, શુદ્ધ વસ્ત્રો પહેરી શુદ્ધ ભૂમિ ઉપર બેસીને ધ્યાનપૂર્વક ભણવું તેનું નામ વિનય.

(૧૮) મોઢામાંથી થૂંક ઉડીને પુસ્તક ઉપર ન પડે તે માટે મુખ આડો હાથ રાખીને ભણવું તેનું નામ વિનય.



(૧૯) મોઢામાંથી થૂંક ઉડીને વિદ્યાગુરુ ઉપર ન પડે તેની કાળજી રાખવી તેમજ હાથ જોડીને ગાથા આપવી અને લેવી તેનું નામ વિનય.



હાથ જોડીને ગાથા આપે છે અને લે છે.

(૨૦) જે બાળકો આવા વિનયી હોય તેઓ જ ભગવાને કહેલું અને આપણા આત્માનું કલ્યાણ કરનારું એવું જ્ઞાન મેળવવાને માટે લાયક બની શકે છે.

# સરળ તત્ત્વજ્ઞાન

ધાર્મિકસૂત્રો મુખ્યત્વે ધર્મક્રિયાઓ કરવા માટે જ ભણવાના હોવાથી પાઠશાળાના કાર્યવાહકોએ મહિનામાં પાંચ પર્વ તિથિએ અભ્યાસ બંધ રખાવી બાળકોને પ્રતિક્રમણ કરાવવું જોઈએ, જેથી તેમનામાં ધર્મક્રિયાઓ કરવાના સંસ્કાર પડે.

દર રવિવારે બાળકોને સામાયિક કરાવવી જોઈએ અને તેમાં વિદ્યાગુરુઓએ, બાળકોનાં હૃદયમાં ધર્મની શ્રદ્ધા વધારવા માટે અને સુસંસ્કારોનું સિંચન કરવા માટે ધર્મશાસ્ત્રોમાં કહેલી ધર્મકથાઓ કહેવી જોઈએ.

તેમજ નીચે મુજબનું હળવું તત્ત્વજ્ઞાન પણ શિખવવું જોઈએ.

**(૧) આપણા દેવ**

દેવ એટલે ભગવાન. આપણા દેવ બે પ્રકારના છે: એક અરિહંત પરમાત્મા અને બીજા સિદ્ધ પરમાત્મા.

## પહેલા પ્રકારના દેવ: અરિહંત પરમાત્મા

અરિહંત પરમાત્મા એટલે તીર્થંકરદેવ અથવા જિનેશ્વરદેવ. તેમને વીતરાગ પરમાત્મા પણ કહેવાય છે.

અરિહંત પરમાત્મા એટલે ચાર ઘાતી કર્મનો નાશ કરી, કેવળજ્ઞાન પામી, તીર્થની સ્થાપના કરી, ભવ્યાત્માઓનાં કલ્યાણને માટે ઉપદેશ આપતા તીર્થંકર ભગવાન.

અરિહંત પરમાત્મા ૧૮ દોષોથી રહિત અને ૧૨ ગુણોથી યુક્ત હોય છે.

તેઓ રાજકુળમાં જ જન્મે છે.

તેઓ માતાના ગર્ભમાં ઉત્પન્ન થાય ત્યારે માતા ૧૪ મહાસ્વપ્નો દેખે છે.

તેઓ માતાના ગર્ભમાં આવે ત્યારથી જ મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાનવાળા હોય છે.

તેમનો જન્મ થાય ત્યારે દેવો તેમના ઘરમાં સોનું, રૂપું વગેરે અનેક પ્રકારનાં ધનનો તેમજ અનેક પ્રકારનાં ધાન્યનો અને બીજી ઘણી વસ્તુઓનો વરસાદ વરસાવે છે.

તેમનો જન્મ મહોત્સવ કરવા માટે ૫૬ દિગ્-કુમારિકાઓ (દેવીઓ) આવે છે.

દેવલોકમાંથી શક્રેન્દ્ર નામના પહેલા દેવલોકના ઈન્દ્ર આવે છે. તેઓ પ્રભુજીને મેરુ પર્વત ઉપર લઈ જાય છે. ત્યાં ૬૪ ઈન્દ્રો અને કરોડો દેવદેવીઓ ભેગા મળી ખીર

સમુદ્રના દૂધ જેવા જળથી તેમના મસ્તક ઉપર અભિષેક કરે છે- તેમને સ્નાન કરાવે છે. પછી નાચ-ગાન કરવા પૂર્વક તેમજ જાતજાતના વાજિંત્રો વગાડવા પૂર્વક અને મહોત્સવ પૂર્વક પ્રભુની ભક્તિ કરે છે. પછી પ્રભુને તેમની માતા પાસે લાવીને મૂકી દે છે.

જિનેશ્વરદેવ જ્યાં સુધી સંસારમાં રહે ત્યાં સુધી માતા-પિતાનો શ્રેષ્ઠ વિનય કરે છે. માતા-પિતાને જરા પણ દુઃખ આપતા નથી. પોતે દુઃખી થઇને પણ માતા-પિતાને સુખી કરે છે.

તેઓ ભરપૂર રાજ્યસુખવાળા સંસારનો ત્યાગ કરીને અવશ્ય દીક્ષા લઇને સાધુપણું સ્વીકારે છે.

પોતાના દીક્ષાના દિવસને એક વર્ષની વાર હોય છે ત્યારે પ્રભુ સૂર્યોદયથી માંડીને મધ્યાહ્નકાળ (બપોરના ભોજનના સમય) સુધી દરરોજ એક કરોડ ને આઠ લાખ સોનૈયાનું દાન આપે છે. આ પ્રમાણે એક વર્ષ સુધી દાન આપે છે તેથી પ્રભુના તે દાનને વરસીદાન કહેવાય છે.

તેઓને દીક્ષા લેતાની સાથે તરત જ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

પ્રભુની દીક્ષા વખતે ઈન્દ્ર મહારાજા તેમના ખભા ઉપર ભક્તિભાવથી એક સુંદર અને ઘણું કિંમતી દેવતાઈ વસ્ત્ર મૂકે છે. તેને દેવદૂષ્ય કહેવાય છે.

દીક્ષા લઇને પ્રભુ એક ગામથી બીજે ગામ વિચરે છે.

હંમેશાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહે છે. પગ વાળીને જમીન ઉપર બેસતા નથી. નિદ્રા પણ કરતા નથી. ઘોર તપ કરીને તેમજ ઘોર પરિષહ અને ઘોર ઉપસર્ગોને (પીડાઓને) સમતા પૂર્વક સહન કરીને કેવળજ્ઞાન મેળવે છે.

પોતાને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પ્રભુ મોટે ભાગે મૌન જ રહે છે કોઇને પણ ધર્મનો ઉપદેશ આપતા નથી અને કોઈને દીક્ષા પણ આપતા નથી.

પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે દેવતાઓ આવીને સમવસરણ રચે છે. તેમાં બેસીને તીર્થંકરદેવ ભવ્ય જીવોના કલ્યાણને માટે ધર્મનો ઉપદેશ આપે છે. અનેક જીવોને ભવસમુદ્રથી તારવાને માટે તીર્થની સ્થાપના કરે છે. ચાર પ્રકારના સંઘની સ્થાપના કરે છે.

તીર્થંકરદેવ જ્યારે દેશના આપે છે ત્યારે દેવલોકમાંથી ઈન્દ્રો અને કરોડો દેવ-દેવીઓ પણ પ્રભુની અમૃત જેવી મીઠી વાણી સાંભળવા આવે છે. પ્રભુની વાણી સાંભળવા પશુ-પંખીઓ પણ આવે છે.

તીર્થંકરદેવો ૩૪ અતિશયવાળા હોય છે. તેમનાં વચનના અતિશયને કારણે તેમની વાણી પશુ-પંખી વગેરે સર્વ જીવોને પોત-પોતાની ભાષામાં સમજાય છે.

પ્રભુની વાણી ૩૫ ગુણવાળી હોય છે અને તે એક યોજન સુધી સંભળાય છે.

કેવળજ્ઞાન થયા પછી પ્રભુ હંમેશાં અષ્ટપ્રાતિહાર્યથી યુક્ત હોય છે.

પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે. ત્યાં ત્યાં બધે લોકોના રોગ, શોક, ભય, મારી, મરકી, ઉપદ્રવ વગેરે નાશ પામી જાય છે.

પ્રભુ જેના ઘેર તપનું પારણું કરે છે તેના ઘેર દેવો ધનનો વરસાદ વરસાવે છે.

તીર્થંકરદેવનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ આ પાંચ પ્રસંગોને કલ્યાણક કહેવાય છે.

તેમનાં કલ્યાણકોના પ્રસંગે ત્રણે જગતમાં ઉદ્યોત (પ્રકાશ) થાય છે. તે વખતે સર્વ જીવોને સુખ થાય છે. સતત દુઃખમાં પડેલા નારકીના જીવોને પણ તે વખતે ક્ષણવાર સુખનો અનુભવ થાય છે.

તેઓ પોતાનાં આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય આ ચાર ઘાતી કર્મોનો સર્વથા નાશ થાય ત્યારે સિદ્ધિગતિને પામે છે.

આવા અરિહંત પરમાત્મા આપણા પરમ ઉપકારી છે. આપણે રોજ તેમના ઉપકારને યાદ કરવો જોઈએ અને રોજ તેમનાં દર્શન, પૂજન અને ગુણગાન કરવા જોઇએ.

**બીજા પ્રકારના દેવ: સિદ્ધ પરમાત્મા.**

સિદ્ધ પરમાત્મા આઠેય કર્મોનો નાશ કરીને સિદ્ધિગતિને (મોક્ષને) પામેલા હોય છે.

તેઓ સદાકાળ ૧૪ રાજલોકના મથાળે આવેલી સિદ્ધશિલા ઉપર જ રહે છે.

ત્યાં તેમને બીજા કોઇ પણ જીવ તરફથી કોઈ પણ જાતનો ઉપદ્રવ (ત્રાસ) હોતો નથી. તેમજ તેમના તરફથી જગતના કોઈ પણ જીવને કોઈ પણ જાતની પીડા થતી નથી.

સિદ્ધ પરમાત્માઓને સિદ્ધશિલા પરથી ક્યારેય બીજે ક્યાંય પણ ખસવું પડતું નથી.

તેમને ફરીથી ક્યારેય પણ સંસારમાં આવવું પડતું નથી અને જન્મ-મરણ કરવાં પડતાં નથી.

તેમને રોગનાં અને દુઃખનાં સ્થાનભૂત શરીર પણ હોતું નથી અને મન પણ હોતું નથી. તેથી તેમને શારીરિક કે માનસિક કોઈ પણ જાતની પીડા હોતી નથી.

સિદ્ધ પરમાત્માઓને ત્રણેય જગતના ત્રણેય કાળના સર્વ પદાર્થોનું જ્ઞાન સદાકાળ હોય છે.

તેઓ સદાકાળ સાચા આત્મિક સુખને ભોગવે છે. તેમનાં તે સુખમાં, દુઃખનું નામ-નિશાન પણ હોતું નથી. તેમનું તે સુખ ક્યારેય ઓછું પણ થતું નથી અને નાશ પણ પામતું નથી.

સિદ્ધશિલા ઉપર આવા અનંતા સિદ્ધ પરમાત્માઓ સદાકાળ બિરાજમાન છે.

આપણે સિદ્ધ થવા માટે સિદ્ધ પરમાત્માનું સ્મરણ
૧૧ હંમેશાં કરવું જોઇએ.

## (૨) આપણા ગુરુ મહારાજ

આપણા ગુરુ મહારાજ કદિ કોઈ પણ જીવની હિંસા કરે નહિ, બીજાની પાસે કરાવે નહિ અને હિંસા કરનારને સારો માને નહિ.

આપણા ગુરુ મહારાજ કદિ અસત્ય બોલે નહિ, બીજાની પાસે પણ અસત્ય બોલાવે નહિ અને અસત્ય બોલનારને સારો માને નહિ.

આપણા ગુરુ મહારાજ કદિ કોઈ પણ ચીજની ચોરી કરે નહિ, બીજાની પાસે પણ ચોરી કરાવે નહિ અને ચોરી કરનારને સારો માને નહિ. રસ્તામાં પડેલા ઘાસના તણખલાની કે ઇંટના ટુકડાની જરૂર પડે તો પણ બીજાને પૂછીને જ લે. કોઈ પણ ચીજ તેના માલિકની રજા વગર લે નહિ.

આપણા ગુરુ મહારાજ કદિ સ્ત્રીનો સંગ કરે નહિ, બીજાની પાસે પણ સ્ત્રી-સંગ કરાવે નહિ અને સ્ત્રી-સંગ કરનારને સારો માને નહિ.

આપણા ગુરુ મહારાજ ધન, ધાન્ય, ઘરબાર, કુટુંબ-પરિવાર વગેરેનો પરિગ્રહ રાખે નહિ, બીજાની પાસે પણ પરિગ્રહ રખાવે નહિ અને પરિગ્રહ રાખનારને સારો માને નહિ.

આપણા ગુરુ મહારાજ હંમેશાં ઉપરના પાંચ મહાવ્રતોનું પાલન કરે છે, માટે તેમને પંચમહાવ્રતધારી કહેવાય છે.

આપણા ગુરુ મહારાજ ઉપરના પાંચ મહાવ્રત ઉપરાંત છઠ્ઠું રાત્રિભોજન–વિરમણ–વ્રત પણ પાળે, એટલે કદિ પણ રાત્રિભોજન કરે નહિ.

આપણા ગુરુ મહરાજ સ્ત્રીને અને પૈસાને અડકે નહિ. ભિક્ષાવૃત્તિથી જીવે. કેશનો લોચ કરે. યથાશક્તિ તપ–જપ કરે. રાત–દિવસ ધર્મધ્યાન કરે. હાથી, ઘોડા, ઊંટ વગેરે પ્રાણીઓ ઉપર બેસે નહિ. રેલવે, મોટર, બસ, ગાડાં વગેરે વાહનોમાં પણ બેસે નહિ. ચોમાસાના ચાર મહિના એક જગ્યાએ રહે. બાકીના આઠ મહિના એક ગામથી બીજે ગામ ઉઘાડા પગે ને ઉઘાડા માથે વિચરે. લોકોને શાસ્ત્ર અનુસારે ધર્મનો ઉપદેશ આપી પાપકાર્યો કરતાં રોકે અને ધર્મકાર્યો કરવાની પ્રેરણા આપે.

આપણા ગુરુ મહારાજના બીજા ગુણો પંચિંદિય સૂત્રમાં જણાવ્યા છે.

આપણા આત્માના દોષ ટાળવા અને ગુણ પામવા માટે આપણે હંમેશાં આવા સદ્ગુરુનો સંગ કરવો જોઇએ. રોજ તેમને વંદન કરવું જોઇએ. અને રોજ તેમનાં પવિત્ર મુખેથી ધર્મનો ઉપદેશ પણ સાંભળવો જોઈએ.

## (૩) આપણો ધર્મ

આપણો ધર્મ ચાર પ્રકારનો છે: (૧) દાન (૨) શીલ (૩) તપ અને (૪) ભાવ.

ધન ઉપરનો આપણો રાગ દૂર કરવા આપણે રોજ દાન આપવું જોઈએ.

વિષય સુખ ઉપરનો આપણો રાગ દૂર કરવા આપણે રોજ શીલ (સદાચાર) નું પાલન કરવું જોઈએ.

આહાર ઉપરનો આપણો રાગ દૂર કરવા આપણે રોજ યથાશક્તિ તપ કરવો જોઈએ.

મનમાં રહેલી દુષ્ટ ભાવનાઓનો નાશ કરવા આપણે રોજ શુભ ભાવનાઓ ભાવવી જોઇએ.

આપણો ધર્મ બીજી રીતે ત્રણ પ્રકારનો છે: (૧) સર્વ-વિરતિ ધર્મ (૨) દેશ-વિરતિ ધર્મ (૩) સમ્યક્ત્વ ધર્મ.

સર્વ વિરતિ ધર્મ એટલે સાધુપણું.

દેશ વિરતિ ધર્મ એટલે ગૃહસ્થપણામાં વ્રતધારી શ્રાવકપણું.

આ બન્ને ધર્મ સમ્યક્ત્વ સહિત જ હોય છે.

તેમાં મુખ્ય સર્વ વિરતિ ધર્મ છે. સર્વ વિરતિ ધર્મનાં પાલનની શક્તિના અભાવે જ દેશ વિરતિ ધર્મ છે. દેશ વિરતિ ધર્મનાં પાલનની શક્તિના અભાવે જ અવિરતિ સમ્યક્ત્વ ધર્મ છે.

જે જીવન જીવવા માટે કોઈ પણ જાતનું પાપ કદિ પણ કરવું પડે નહિ, એવું જીવન તે સર્વ વિરતિ જીવન છે- સાધુ જીવન છે.

જે જીવનમાં ૧૨ વ્રત કે તેમાંનાં કોઈ એક બે વ્રત ધારણ કરી થોડા જ અંશે પાપનો ત્યાગ કરવામાં આવે

છે, એવું જીવન તે દેશ વિરતિ જીવન છે- ગૃહસ્થપણામાં શ્રાવક તરીકેનું જીવન છે.

કોઈ પણ વ્રત નિયમ પાળવાની શક્તિ ન હોય તેથી વ્રત નિયમ કાંઈ થઈ શકે નહિ, છતાં ઉપર બતાવ્યા તેવા સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે હૃદયમાં દૃઢ શ્રદ્ધા હોય એટલે કે એવા સુદેવ-સુગુરુ-સુધર્મને જ દેવ-ગુરુ-ધર્મ તરીકે, મોક્ષના દાતા તરીકે માનવાના હોય, કુદેવ-કુગુરુ-કુધર્મને માનવાના ન હોય એવું જે જીવન તે સમ્યક્ત્વ ધર્મી જીવન છે.

જે જીવન જિનેશ્વરદેવોએ કહેલા મોક્ષમાર્ગની સન્મુખ હોય એવું વિનય, વિવેક, લજ્જા, મર્યાદા, ન્યાય, નીતિ, સદાચાર, પાપનો ભય અને પુણ્યની રુચિવાળુ જે સુંદર જીવન તે માર્ગાનુસારી જીવન છે. માર્ગાનુસારિતા એ સમ્યક્ત્વ આદિ ધર્મો પામવાની ભૂમિકા છે.

આપણો ધર્મ સર્વજ્ઞ કથિત, અહિંસા પ્રધાન, સ્યાદ્વાદમય, મોક્ષમાર્ગ સાધક અને સર્વ જીવોનું હિત કરનારો છે.

**(૪) બે પ્રકારનો ધર્મ**

(૧) સાધુધર્મ (૨) શ્રાવકધર્મ

**(૫) ત્રણ રત્નો-રત્નત્રયી**

(૧) સમ્યગ્જ્ઞાન (૨) સમ્યગ્દર્શન (૩) સમ્યક્ચારિત્ર.

**(૬) ત્રણ લોક**

(૧) ઊર્ધ્વ લોક (૨) અધો લોક (૩) મધ્ય લોક.

**(૭) ચાર ગતિ**

(૧) દેવ ગતિ (૨) મનુષ્ય ગતિ (૩) તિર્યંચ ગતિ (૪) નરક ગતિ.

**(૮) ચાર પ્રકારના દેવ**

(૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ્ક (૪) વૈમાનિક.

**(૯) ચાર પ્રકારનો આહાર**

(૧) અશન (૨) પાન (૩) ખાદિમ (૪) સ્વાદિમ.

(૧) દાળ, ભાત, રોટલી, શાક, મીઠાઈ, ઘી, દૂધ, દહીં વગેરે વસ્તુઓને અશન કહેવાય છે.

(૨) પાણીને પાન કહેવાય છે.

(૩) ચણા, મમરા વગેરે શેકેલી-ભૂંજેલી વસ્તુઓને તથા ફળોને ખાદિમ કહેવાય છે.

(૩) તજ, લવિંગ, સોપારી, વરિયાળી વગેરે મુખવાસને સ્વાદિમ કહેવાય છે.

**(૧૦) ચઉવિહાર એટલે શું ?**

ચારે ય પ્રકારના આહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું તેને ચઉવિહાર કહેવાય છે.

**(૧૧) તિવિહાર એટલે શું ?**

પાણી સિવાયના ત્રણ પ્રકારના આહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું તેને તિવિહાર કહેવાય છે. આયંબીલ,

એકાસણું અને બીજું બીયાસણું કરી લીધા પછી આ પચ્ચક્ખાણ અવશ્ય કરવું જોઇએ.

## (૧૨) પાણહાર એટલે શું ?

પાણી સ્વરૂપ આહારના ત્યાગનું પચ્ચક્ખાણ કરવું તેને પાણહાર કહેવાય છે. આ પચ્ચક્ખાણ ત્રણ આહારનો ત્યાગ કર્યા પછી પાણીનો ત્યાગ કરવાનો હોય ત્યારે કરાય છે.

## (૧૩) ચાર મહા વિગઈ

(૧) મધ (૨) માખણ (૩) માંસ (૪) મદિરા–દારૂ

## (૧૪) ચાર પ્રકારના જીવ

(૧) દેવ (૨) મનુષ્ય (૩) નારક (૪) તિર્યંચ

## (૧૫) ચાર પ્રકારનો ધર્મ

(૧) દાન (૨) શીલ (૩) તપ (૪) ભાવ

## (૧૬) ચાર પ્રકારના કષાય

(૧) ક્રોધ (૨) માન (૩) માયા (૪) લોભ

## (૧૭) ચાર પ્રકારનું ધ્યાન

(૧) આર્ત્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મ ધ્યાન (૪) શુક્લ ધ્યાન.

## (૧૮) ચાર પ્રકારનો સંઘ

(૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકા

**(૧૯) પાંચ મહાવ્રત**

(૧) પ્રાણાતિપાત-વિરમણ-મહાવ્રત (૨) મૃષાવાદ-વિરમણ-મહાવ્રત (૩) અદત્તાદાન-વિરમણ-મહાવ્રત (૪) મૈથુન-વિરમણ-મહાવ્રત (૫) પરિગ્રહ-વિરમણ-મહાવ્રત.

**(૨૦) પંચાચાર-પાંચ પ્રકારના આચાર**

(૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રાચાર (૪) તપાચાર (૫) વીર્યાચાર.

**(૨૧) પંચ પરમેષ્ઠી**

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ.

**(૨૨) પાંચ ઇન્દ્રિય**

(૧) સ્પર્શેન્દ્રિય-ચામડી (૨) રસનેન્દ્રિય-જીભ (૩) ઘ્રાણેન્દ્રિય-નાક (૪) ચક્ષુરિન્દ્રિય-આંખ (૫) શ્રોત્રેન્દ્રિય કે શ્રવણેન્દ્રિય-કાન.

**(૨૩) પાંચ પ્રકારનાં જ્ઞાન**

(૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન.

**(૨૪) પાંચ પ્રકારનું દાન**

(૧) અભયદાન (૨) સુપાત્રદાન (૩) અનુકંપાદાન (૪) કીર્તિદાન (૫) ઉચિતદાન.

**(૨૫) છ પ્રકારની લેશ્યા**

(૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજોલેશ્યા (૫) પદ્મલેશ્યા (૬) શુક્લ લેશ્યા.

## (૨૬) છ પ્રકારની વિગઈ

(૧) દૂધ (૨) દહીં (૩) ઘી (૪) તેલ (૫) ગોળ (૬) કડા વિગઇ.

## (૨૭) છ કાયના જીવ

સંસારમાં જાતજાતના જીવો દેખાય છે. તે બધાને નીચે મુજબ છ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે.

૧. પૃથ્વીકાય જીવો—જે જીવોનું શરીર માટી રૂપ છે તેવા જીવો.

૨. અપ્‌કાય જીવો– જે જીવોનું શરીર પાણીરૂપ છે તેવા જીવો.

૩. તેઉકાય અથવા અગ્નિકાય જીવો– જે જીવોનું શરીર અગ્નિરૂપ છે તેવા જીવો.

૪. વાઉકાય અથવા વાયુકાય જીવો– જે જીવોનું શરીર વાયુરૂપ છે તેવા જીવો.

૫. વનસ્પતિકાય જીવો– જે જીવોનું શરીર વનસ્પતિરૂપ છે તેવા ફળ–ફૂલ, ઝાડ–પાન, શાક–ભાજી, ઘાસ અને અનાજરૂપ જીવો.

આ પાંચે ય પ્રકારના જીવો પોતાની મેળે હાલી ચાલી શકતા નથી માટે તેમને સ્થાવર જીવો કહેવાય છે.

૬. ત્રસકાય જીવો– જે જીવો પોતાની મેળે હાલી ચાલી શકે છે તેવા જીવો. ત્રસકાય જીવો બેઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના છે.

પૃથ્વી એટલે માટી, મીઠું વગેરે. સચિત્ત માટી, સચિત્ત મીઠું, વગેરેના એક નાના કણિયામાં અસંખ્યાતા પૃથ્વીકાય જીવો હોય છે.

પાણીનાં એક ટીપામાં અસંખ્યાતા અપ્કાય જીવો હોય છે. પાણીમાં પોરા વગેરે તો પાણીથી જુદું શરીર ધારણ કરનારા જુદા જ જીવો છે. પણ શુદ્ધ પાણી એ ય કોઈ જીવનું શરીર છે. એ પાણીને જ શરીર તરીકે ધારણ કરીને રહેલા જીવો તે જ અપ્કાય જીવો છે.

અગ્નિના એક તણખામાં અસંખ્યાતા અગ્નિકાય જીવો હોય છે.

વાયુના એક અતિ નાના અંશમાં અસંખ્યાતા વાયુકાય જીવો હોય છે.

વનસ્પતિકાય જીવોના બે ભેદ છે: પ્રત્યેક વનસ્પતિકાય અને સાધારણ વનસ્પતિકાય.

જે વનસ્પતિકાયના એક શરીરમાં એક જ જીવ રહેલો હોય છે તેને પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. જેમકે પાંદડાં વગેરે.

જે વનસ્પતિકાયના એક શરીરમાં અનંતા જીવો રહેલા હોય છે તેને સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. તેને અનંતકાય પણ કહેવાય છે. ડુંગળી, બટાટા વગેરે અનંતકાય છે.

પાણીમાં અને ભીની જગ્યાએ જે લીલ થાય છે તેને નિગોદ કહેવાય છે. તે નિગોદના એક અતિ નાના અંશની

અંદર અસંખ્યાત શરીરો રહેલા હોય છે અને તે એક એક શરીરની અંદર અનંતા અનંતા જીવો રહેલા હોય છે.

**(૨૮) પાંચ પ્રકારના જીવ**

ઇન્દ્રિયો પાંચ જ છે. સંસારમાં એટલે ચારે ય ગતિમાં જેટલા જીવો છે તે બધાને ઓછામાં ઓછી એક અને વધારેમાં વધારે પાંચ ઇન્દ્રિયો હોય છે. ઇન્દ્રિયોના આધારે સંસારના સર્વ જીવોને નીચે પ્રમાણે પાંચ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે.

૧. **એકેન્દ્રિય જીવો**—જે જીવોને માત્ર એક જ ઈન્દ્રિય હોય છે એવા જીવોને એકેન્દ્રિય જીવો કહેવાય છે. તેમને પહેલી સ્પર્શેન્દ્રિય એટલે ચામડીરૂપી માત્ર એક જ ઈન્દ્રિય હોય છે. બાકીની જીભ, નાક, આંખ અને કાન એ ચાર ઇન્દ્રિયો તેમને હોતી નથી. તે એક ઈન્દ્રિયવાળા જીવો પોતાનો ખોરાક સ્પર્શેન્દ્રિય એટલે ચામડી દ્વારા જ ગ્રહણ કરે છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય આ પાંચે ય કાયના જીવોને એક જ ઈન્દ્રિય હોય છે, તેથી તેમને એકેન્દ્રિય જીવો કહેવાય છે.

આ એકેન્દ્રિય જીવોને જીભ હોતી નથી માટે તેઓ વસ્તુનો સ્વાદ જાણી શકતા નથી.

તેમને નાક હોતું નથી માટે તેઓ વસ્તુની ગંધ પારખી શકતા નથી.

તેમને આંખ હોતી નથી માટે તેઓ વસ્તુને કે વસ્તુનાં રૂપને જોઇ શકતા નથી.

તેમને કાન હોતા નથી માટે તેઓ કોઈ પણ જાતનો અવાજ કે શબ્દ સાંભળી શકતા નથી.

તેમને સુખ–દુઃખનું જ્ઞાન સ્પર્શેન્દ્રિય દ્વારા થાય છે.

**૨. બેઇન્દ્રિય જીવો**—જે જીવોને બે ઇન્દ્રિય હોય છે એવા જીવોને બેઇન્દ્રિય જીવો કહેવાય છે. તેમને સ્પર્શેન્દ્રિય અને રસનેન્દ્રિય એટલે ચામડી અને જીભ આ બે જ ઇન્દ્રિયો હોય છે. બાકીની ત્રણ ઇન્દ્રિયો હોતી નથી. તેમને જીભ હોવાથી તેઓ વસ્તુનો સ્વાદ જાણી શકે છે. તેઓ પોતાની મેળે હાલી ચાલી શકે છે.

શંખ, કોડા, છીપ, અળસિયા, કરમિયા, પાણીના પોરા, જળો, કાષ્ઠકીડા, ચૂડેલ, વાળા, લાળિયા (વાસી ખોરાકમાં થાય છે) વગેરે બે ઇન્દ્રિયવાળા જીવો છે.

**૩. તેઇન્દ્રિય જીવો**—જે જીવોને ત્રણ ઇન્દ્રિય હોય છે એવા જીવોને તેઇન્દ્રિય જીવો કહેવાય છે. તેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય એટલે ચામડી, જીભ અને નાક એ ત્રણ ઇન્દ્રિયો હોય છે. બાકીની બે ઇન્દ્રિયો હોતી નથી. તેમને નાક હોવાથી તેઓ વસ્તુની ગંધ પારખી શકે છે.

કીડી, મકોડા, માંકડ, જૂ, ઇયળ, ઘીમેલ, કુંથુઆ, કાનખજૂરા, ઉધઇ, ગધૈયા, ચોરકીડા, ગોકળગાય, ગોપાલિક

(ચોમાસામાં થાય છે તેને ભરવાડણ પણ કહે છે), ઇન્દ્રગોપ (વરસાદમાં થતું લાલ રંગનું જીવડું), સાવા અથવા સવા (માણસના વાળનાં મૂળમાં થાય છે), ગાય વગેરે પ્રાણીઓનાં શરીર ઉપર થતાં ગીંગોડા વગેરેની જાતિઓ, છાણમાં થતાં કીડાં, વિષ્ઠામાં થતાં કીડાં તથા અનાજમાં થતાં કીડાં વગેરે ત્રણ ઇન્દ્રિયવાળા જીવો છે.

૪. **ચઉરિન્દ્રિય જીવો**—જે જીવોને ચાર ઇન્દ્રિય હોય છે એવા જીવોને ચઉરિન્દ્રિય જીવો કહેવાય છે. તેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય એટલે ચામડી, જીભ, નાક અને આંખ એ ચાર ઇન્દ્રિયો હોય છે. કાન તેમને હોતા નથી. તેમને આંખ હોવાથી તેઓ વસ્તુને અને વસ્તુનાં રૂપને જોઈ શકે છે.

વીંછી, તીડ, ડાંસ, મચ્છર, માખી, પતંગિયા, ભમરા, ભમરી, બગાઈ, મસક, ખડમાકડી, કંસારી વગેરે ચાર ઇન્દ્રિયવાળા જીવો છે.

૫. **પંચેન્દ્રિય જીવો**—જે જીવોને પાંચ ઇન્દ્રિય હોય છે એવા જીવોને પંચેન્દ્રિય જીવો કહેવાય છે. તેમને સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એટલે ચામડી, જીભ, નાક, આંખ અને કાન એ પાંચેય ઇન્દ્રિયો હોય છે. તેમને કાન હોવાથી તેઓ જાતજાતના અવાજો સાંભળી શકે છે. પંચેન્દ્રિય જીવો ચાર પ્રકારના છે: દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારક.

(૧) દેવગતિમાં રહેલા દેવો પાંચ ઇન્દ્રિયવાળા છે.

(૨) મનુષ્યગતિમાં રહેલા મનુષ્યો પાંચ ઇન્દ્રિયવાળા છે.

(૩) તિર્યંચગતિમાં રહેલા પશુ, પંખી, માછલાં, મગરમચ્છ, સાપ, નોળિયા, દેડકા, ઉંદર, ગરોળી, ખીસકોલી વગેરે તિર્યંચો પાંચ ઇન્દ્રિયવાળા છે.

(૪) નરકગતિમાં રહેલા નારકો પાંચ ઇન્દ્રિયવાળા છે.

જે જીવોને કાન હોય છે, તેમને પાંચે ય ઇન્દ્રિયો હોય છે. સાપને અને બધા પક્ષીઓને પણ કાન હોય છે.

બાળકો ! તમે કદિ કોઇ પણ જીવને દુઃખ આપશો નહિ. પણ રોજ બીજા જીવોનું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરજો !

કોઈપણ જીવને મારવાથી આપણને ઘણું પાપ લાગે છે. તેમાં પણ એક ઇન્દ્રિયવાળા જીવને મારવાથી જેટલું પાપ લાગે તેના કરતાં બે ઇન્દ્રિયવાળા જીવને મારવાથી ઘણું વધારે પાપ લાગે છે.

ત્રણ ઇન્દ્રિયવાળા જીવને મારવાથી તેના કરતાં પણ વધારે પાપ લાગે છે.

ચાર ઇન્દ્રિયવાળા જીવને મારવાથી તેના કરતાં પણ વધારે પાપ લાગે છે.

અને પાંચ ઇન્દ્રિયવાળા જીવને મારવાથી તો ઘણું મોટું પાપ લાગે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, પંચેન્દ્રિય જીવની હત્યા કરનારો જીવ નરકગતિમાં જાય છે.

જે માણુસ જીવોની હિંસા કરે છે તે માણુસ આ ભવમાં અને પરભવમાં ખૂબ જ દુઃખી થાય છે.

જે માણુસ જીવોને મરતાં કે દુઃખી થતાં બચાવે છે તે માણુસ આ ભવમાં અને પરભવમાં અનેક પ્રકારનાં શ્રેષ્ઠ સુખો પામે છે.

**૨૯. સાત ક્ષેત્ર**

૧. જિનપ્રતિમા ૨. જિનમંદિર ૩. જિનાગમ ૪. સાધુ ૫. સાધ્વી ૬. શ્રાવક ૭. શ્રાવિકા.

**૩૦. સાત ભય**

૧. આ લોક ભય ૨. પરલોક ભય ૩. આદાન ભય ૪. અકસ્માત ભય ૫. આજીવિકા ભય ૬. મરણ ભય ૭. અપયશ ભય.

**૩૧. સાત નરક પૃથ્વી**

૧. રત્નપ્રભા ૨. શર્કરાપ્રભા ૩. વાલુકાપ્રભા ૪. પંકપ્રભા ૫. ધૂમપ્રભા ૬. તમઃપ્રભા ૭. તમઃતમઃપ્રભા.

**૩૨. સાત નારકી**

૧. ઘમ્મા ૨. વંશા ૩. શૈલા ૪. અંજના ૫. રિષ્ટા ૬. મઘા ૭. માઘવતી.

**૩૩. અષ્ટપ્રકારી પૂજા**

૧. જલપૂજા ૨. ચંદનપૂજા ૩. ફૂલપૂજા ૪. ધૂપપૂજા ૫. દીપપૂજા ૬. અક્ષતપૂજા ૭. નૈવેદ્યપૂજા ૮. ફળપૂજા.

### ૩૪. આઠ મદ

૧. જાતિમદ ૨. કુળમદ ૩. બળમદ ૪. રૂપમદ ૫. તપમદ ૬. ઋદ્ધિમદ ૭. વિદ્યામદ ૮. લાભમદ.

### ૩૫. આઠ કર્મ

૧. જ્ઞાનાવરણીય કર્મ ૨. દર્શનાવરણીય કર્મ ૩. વેદનીય કર્મ ૪. મોહનીય કર્મ ૫. આયુષ્ય કર્મ ૬. નામ કર્મ ૭. ગોત્ર કર્મ ૮. અંતરાય કર્મ.

આપણા આત્માને જે કર્મ બંધાય છે, તે ઉપર મુજબ આઠ પ્રકારનાં છે. તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચારને ઘાતીકર્મ કહેવાય છે. બાકીના ચારને અઘાતી કર્મ કહેવાય છે.

### ૩૬. નવપદ

૧. અરિહંત ૨. સિદ્ધ ૩. આચાર્ય ૪. ઉપાધ્યાય ૫. સાધુ ૬. દર્શન ૭. જ્ઞાન ૮. ચારિત્ર ૯. તપ.

### ૩૭. નવ અંગ

૧. જમણા ને ડાબા પગનો અંગૂઠો ૨. જમણા ને ડાબા પગનો ઢીંચણ ૩. જમણા ને ડાબા હાથનું કાંડું ૪. જમણા ને ડાબા હાથનો ખભો ૫. મસ્તક ૬. કપાળ ૭. કંઠ ૮. છાતી ૯. નાભિ.

## (૩૮) નવતત્ત્વ

૧. જીવ ૨. અજીવ ૩. પુણ્ય ૪. પાપ ૫. આશ્રવ ૬. સંવર ૭. નિર્જરા ૮. બંધ ૯. મોક્ષ.

## (૩૯) બાર ભાવના

૧. અનિત્ય ભાવના ૨. અશરણ ભાવના ૩. સંસાર ભાવના ૪. એકત્વ ભાવના ૫. અન્યત્વ ભાવના ૬. અશુચિ ભાવના ૭. આશ્રવ ભાવના ૮. સંવર ભાવના ૯. નિર્જરા ભાવના ૧૦. લોકસ્વભાવ ભાવના ૧૧. બોધિદુર્લભ ભાવના ૧૨. ધર્મ ભાવના.

## (૪૦) ચાર ભાવના

૧. મૈત્રી ભાવના ૨. પ્રમોદ ભાવના ૩. કરુણા ભાવના ૪. માધ્યસ્થ ભાવના.

## (૪૧) શ્રાવકનાં બાર વ્રત

૧. સ્થૂલ–પ્રાણાતિપાત–વિરમણ–વ્રત.

૨. સ્થૂલ–મૃષાવાદ–વિરમણ–વ્રત.

૩. સ્થૂલ–અદત્તાદાન–વિરમણ–વ્રત.

૪. સ્વદાર–સંતોષ (પરસ્ત્રીગમન)–વિરમણ–વ્રત.

૫. પરિગ્રહ–પરિમાણ–વ્રત.

૬. દિક્પરિમાણ–વ્રત.

૭. ભોગોપભોગ–પરિમાણ–વ્રત.

૮. અનર્થદંડ–વિરમણ–વ્રત.

૯. સામાયિક–વ્રત.

૧૦. દેશાવકાશિક વ્રત.

૧૧. પૌષધોપવાસ–વ્રત.

૧૨. અતિથિ–સંવિભાગ–વ્રત.

પહેલા પાંચને અણુવ્રત, પછીના ત્રણને ગુણવ્રત અને છેલ્લા ચારને શિક્ષાવ્રત કહેવાય છે.

## (૪૨) બાર દેવલોક

૧. સૌધર્મ ૨. ઈશાન ૩. સનતકુમાર ૩. માહેન્દ્ર ૫. બ્રહ્મલોક ૬. લાંતક ૭. મહાશુક્ર ૮. સહસ્રાર ૯. આનત ૧૦. પ્રાણત ૧૧. આરણ ૧૨. અચ્યુત.

આ બાર દેવલોક ઉપર નવ ગ્રૈવેયક રહેલા છે.

## (૪૩) નવ ગ્રૈવેયક

૧. સારસ્વત ૨. આદિત્ય ૩. વહ્નિ ૪. અરુણ ૫. ગર્દતોય ૬. તુષિત ૭. અવ્યાબાધ ૮. મરુત ૯. અરિષ્ટ.

આ નવ ગ્રૈવેયક ઉપર પાંચ અનુત્તર વિમાનો રહેલા છે.

## (૪૪) પાંચ અનુત્તર વિમાન

૧. વિજય ૨. વૈજયન્ત ૩. જયન્ત ૪. અપરાજિત ૫. સર્વાર્થસિદ્ધ.

## (૪૫) બાર પ્રકારનો તપ

૧. અણસણ ૨. ઉણોદરી ૩. વૃત્તિ સંક્ષેપ ૪. રસત્યાગ ૫. કાયક્લેશ ૬. સંલીનતા ૭. પ્રાયશ્ચિત્ત

૮. વિનય ૯. વૈયાવચ્ચ ૧૦. સ્વાધ્યાય ૧૧. ધ્યાન ૧૨. કાયોત્સર્ગ.

પ્રથમના છ પ્રકારના તપને બાહ્યતપ કહેવાય છે અને પછીના છ પ્રકારના તપને અભ્યંતર તપ કહેવાય છે.

## (૪૬) તેર કાઠિયા

૧. આળસ ૨. મોહ ૩. અવિનય ૪. અભિમાન ૫. ક્રોધ ૬. પ્રમાદ ૭. કૃપણતા ૮. ભય ૯. શોક ૧૦. અજ્ઞાન ૧૧. વિકથા ૧૨. કૌતુક ૧૩. વિષયાભિલાષ.

## (૪૭) ચૌદ ગુણઠાણાં

૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન ૩. મિશ્ર ૪. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ૫. દેશવિરતિ ૬. પ્રમત્તસંયત ૭. અપ્રમત્તસંયત ૮. અપૂર્વકરણ (નિવૃત્તિબાદર) ૯. અનિવૃત્તિબાદર ૧૦. સૂક્ષ્મસંપરાય ૧૧. ઉપશાંતમોહ ૧૨. ક્ષીણમોહ ૧૩. સયોગી કેવળી ૧૪. અયોગીકેવળી.

## (૪૮) ચક્રવર્તીનાં ચૌદ રત્નો

૧. સેનાપતિરત્ન ૨. ગૃહપતિરત્ન ૩. પુરોહિતરત્ન ૪. અશ્વરત્ન ૫. હસ્તિરત્ન ૬. વાર્ધકીરત્ન ૭. સ્ત્રીરત્ન ૮. ચક્રરત્ન ૯ છત્રરત્ન ૧૦. ચર્મરત્ન ૧૧. મણીરત્ન ૧૨. કાકિણીરત્ન ૧૩. ખડ્ગરત્ન ૧૪. દંડરત્ન.

## (૪૯) ચૌદ સ્વપ્નો

૧. હાથી ૨. બળદ ૩. સિંહ ૪. શ્રીદેવી ૫. ફૂલમાળા ૬. ચંદ્ર ૭. સૂર્ય ૮. ધ્વજ ૯. કળશ ૧૦. પદ્મસરોવર

૧૧. ખીરસમુદ્ર ૧૨. દેવવિમાન ૧૩. રત્નરાશિ ૧૪. નિર્ધૂમઅગ્નિ.

**(૫૦) ત્રેસઠ શલાકા પુરુષ**

૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ.

**(૫૧) જૈન કોને કહેવાય ?**

જે જિનેશ્વરદેવની આજ્ઞા હૃદયથી સંપૂર્ણપણે સ્વીકારે અને યથાશક્તિ પાળે તેને જૈન કહેવાય.

**(૫૨) કપાળમાં તિલક શા માટે કરાય છે ?**

હું જિનેશ્વરદેવની આજ્ઞા મસ્તકે ચડાવું છું એવી ભાવના પૂર્વક કપાળે તિલક કરાય છે. જૈનોએ તિલક અવશ્ય કરવું જોઇએ.

**(૫૩) મિચ્છા મિ દુક્કડં એટલે શું ?**

મિચ્છા મિ દુક્કડં એટલે હું ગુનેગાર છું અને મારો ગુનો કબૂલ કરીને માફી માગું છું.

**(૫૪) જયણા એટલે શું ?**

બોલવું-ચાલવું, ઊઠવું-બેસવું, હરવું-ફરવું, ખાવું-પીવું વગેરે સર્વ કાર્યો કરતી વખતે જીવોની રક્ષા કરવાનો પ્રયત્ન કરવો તેનું નામ જયણા.

**(૫૫) અચિત્ત એટલે શું ?**

સચિત્ત એટલે સચેતન અથવા જીવવાળું.

**(૫૬) અચિત્ત એટલે શું ?**

અચિત્ત એટલે અચેતન, નિર્જીવ, જીવ વગરનું.

**(૫૭) તિર્યંચ જીવો કોને કહેવાય ?**

દેવ, મનુષ્ય અને નારક સિવાયના બાકીના બધા એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય જીવોને તેમજ પશુ, પંખી, સાપ, નોળિયા, ઉંદર, ખીસકોલી, ગરોળી, માછલાં, મગરમચ્છ વગેરે જીવોને તિર્યંચ જીવો કહેવાય છે.

**(૫૮) ભવ્યાત્મા**


ભવ્યાત્મા એટલે મોક્ષ પામવાની લાયકાતવાળો જીવ.

**(૫૯) અભવ્યાત્મા**

અભવ્યાત્મા એટલે મોક્ષ પામવાની લાયકાત વિનાનો જીવ.

**(૬૦) સ્વાધ્યાય**

સ્વાધ્યાય એટલે જ્ઞાન-ધ્યાનમાં રમણતા.



પ્રકરણ પાંચમું

# ઘર એ જ પાઠશાળા

સંકલનકાર : **મુનિરાજ શ્રી દિવ્યભૂષણવિજયજી**

(પ. પૂ. આચાર્યદેવ શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પ્રવચનમાંથી )

અંધકારમાં ભટકતાં જીવને ઈષ્ટ સ્થળે પહોંચવામાં જેમ પ્રકાશ સહાયક બને છે, તેમ સંસારમાં ભટકતાં જીવને મુક્તિરૂપ ઈષ્ટ સ્થળે પહોંચવામાં સમ્યગ્જ્ઞાન સહાયક બને છે.

સમ્યગ્જ્ઞાન એ આત્માનો ગુણ છે, તે હમણાં કર્મના યોગે દબાઇ ગયો છે, આપણે એને પ્રગટ કરવાનો છે.

સમ્યગ્જ્ઞાન દ્વારા જીવ પોતાના આત્માના સ્વરૂપને તેમજ હિત-અહિતને સમજી શકે છે. તે સમજ્યા પછી હિતકારી પ્રવૃત્તિનો સ્વીકાર અને અહિતકર પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. એ રીતે આત્મા પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આવું અતિ જરૂરી સમ્યગ્જ્ઞાન મેળવવાનો દરેક

યોગ્ય જીવે પ્રયત્ન કરવો જ જોઈએ. જૈનકુળમાં જન્મેલો આત્મા તો જન્મથી જ માતા-પિતા દ્વારા અપાતાં સમ્યગ્જ્ઞાનને પામતો જાય છે અને સમજતો જાય છે.

સંસારની પ્રવૃત્તિ કરતાં કરતાં પણ તેમાંથી સમય કાઢીને મા-બાપ પોતાનાં સંતાનોને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષનું જ્ઞાન આપ્યા જ કરતાં હોય છે, એટલે એક દૃષ્ટિએ તો જૈનકુળ એ જ સમ્યગ્જ્ઞાન શિખવનારી પાઠશાળા છે. પરંતુ આજે આવા જૈનકુળો મળવા દુર્લભ જણાય છે, ત્યારે પોતાનાં સંતાનોને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય, તેના દ્વારા તેઓ સંસારની અસારતાને સમજીને તેનો ત્યાગ કરનારા અને હિતકર ને સારભૂત ધર્મનું આચરણ કરનારા બને તેમજ અંતે મુક્તિપદના ભોક્તા બને એવા હેતુથી ઘણા ભાગ્યશાળીઓ ભેગા થઈને પણ, સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય એવી પાઠશાળા જેવી યોજનાને સાકાર બનાવે તે લાભદાયી છે.

આજના મા-બાપ પોતાનાં સંતાનોને વ્યવહારિક શિક્ષણ આપવા પાછળ જેટલો આર્થિક ભોગ આપી રહ્યા છે, તેનાથી અર્ધો ભોગ પણ આત્મહિતકર સમ્યગ્જ્ઞાનનું દાન કરતી પાઠશાળા ચલાવવામાં આપે તો પણ આપણી પાઠશાળાઓ ખૂબ જ સુંદર રીતે ચાલતી રહે.

બાળકોને સમ્યગ્જ્ઞાન આપનારા વિદ્યાગુરુ પણ નિઃસ્વાર્થભાવે અથવા ન છૂટકે લેવું પડે તેટલું લઈને શ્રદ્ધાપૂર્વક સમ્યગ્જ્ઞાન ભણાવે તો તેઓ પોતાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા સાથે, બીજા અનેકોનાં અજ્ઞાનના અંધકાર દૂર કરી, પોતાની સાથે અનેક અનેક આત્માઓને પણ મુક્તિપદના ભોક્તા બનાવી શકે.

# શ્રાવકનું ઘર: સંસ્કારની શાળા

લેખક : મુનિરાજ શ્રી મુક્તિપ્રભવિજયજી

માનવજીવન એટલે સુગંધીદાર ગુલાબનાં પુષ્પોનો બાગ. મા-બાપ તેમાં માળી સમાન છે અને બાળકો તેમાં ખીલેલાં ગુલાબનાં સુંદર, સુકોમળ ને સુવાસિત ફૂલો સમાન છે.

જેમ ફૂલના છોડના વિકાસનો આધાર માળી છે, તેમ બાળકોના વિકાસનો આધાર મા-બાપ છે. ફૂલનો છોડ જો માળીને સમર્પિત અને આધીન બની જાય ને તે ઉછેરે તે પ્રમાણે ઉછરે તો તે પાંગરે અને ખીલે. પણ જો તે માળીને ગણકારે નહિ અને સ્વચ્છંદી બની ઊંચે આવવાનો પ્રયત્ન કરવા જાય તો સંભવ છે કે એ ઊગવાને બદલે મૂળમાંથી ઊખડી જાય.

બાળકનું પણ બરાબર એવું જ છે. જો તે પોતાના મા-બાપને તેમજ દેવ-ગુરુ-ધર્મને સમર્પિત બની જાય તો તે પોતાની જાતનું, પોતાનાં કુળનું અને શાસનનું ગૌરવ વધારીને પોતાના આત્માની ઉન્નતિ કરનાર બને. પણ જો તે બધાની અવગણના કરીને સ્વચ્છંદી બની ફાવે

તેમ જીવવાનો પ્રયત્ન કરે તો બનવા જોગ છે કે એ પોતાની જાતનું, પોતાનાં કુળનું અને શાસનનું ગૌરવ ઘટાડીને પોતાના જ આત્માનું અધઃપતન કરનાર બને.

જે મા-બાપ જિનશાસનને પામેલા છે, જે મા-બાપ જિનેશ્વરદેવની આજ્ઞાને મસ્તકે ચડાવનારા છે, તેમજ તેમના માર્ગે ચાલનારા અને તેમના જ માર્ગનો ઉપદેશ આપનારા સદ્દગુરુઓની પવિત્ર આજ્ઞાને માથે ચડાવનારા છે અને જિનેશ્વર દેવોએ બતાવેલા ધર્મને જ પોતાનાં હૈયામાં સ્થાપન કરનારા છે તે જ મા-બાપ સાચા અર્થમાં મા-બાપ છે.

લોકોના પગ નીચે કચડાતાં એક નાનકડાં બીજમાં પણ, ભવિષ્યમાં મોટો વડલો બનીને થાકેલા અને તાપથી અકળાયેલા હજારો મુસાફરોને વિસામો અને શીતળતા આપવાનું સામર્થ્ય છુપાયેલું હોય છે.

જૈનકુળમાં જન્મેલા બાળકનું પણ એવું જ છે. એ છ-બાર મહિનાનું થાય ત્યારથી જ એનામાં ધર્મના ઉત્તમ સંસ્કારોનું સીંચન કરવા દ્વારા મા-બાપ તરફથી એનાં જીવન ઘડતરનું કામ સુંદર રીતે શરૂ કરી દેવામાં આવે તો એ બાળક પણ જગતના લોકોને વંદનીય બને, પૂજનીય બને તેમજ સાચું સુખ પમાડનાર પણ બને.

બાળકના હાથમાં પાટી-પેન પકડાવી દેવા માત્રથી શિક્ષણનું કામ સરે નહિ. સાથે એકડો શિખવવાની

કાળજી પૂર્વકની મહેનત પણ જોઇએ. નહિ તો તે એક વર્ષે એક એકડો પણ શીખે નહિ. લીટા જ કર્યા કરે અને પાટીઓ ફોડયા કરે.

બાળક તો કોરી પાટી સમાન છે. એના ઉપર સુસંસ્કારોના એકડા ઘૂંટવાની મહેનત કરવામાં ન આવે તો સંભવ છે કે કુસંસ્કારોનો કાળો કુચડો એના ઉપર જરૂર ફરી વળે.

માટીના નવા નકોર કોડિયાને જો સહુ પ્રથમ કિંમતી અને ઉત્તમ એવા 'ઘી' થી જ ભરી દેવામાં આવે તો એ 'ઘી'ની ખુશ્બોને પોતાના અંતકાળ સુધી જાળવી શકે છે, એનો ત્યાગ કદાપિ કરતું નથી.

બાળકનું પણ એવું જ છે. એનાં સુકોમળ હૃદયને જો સહુ પ્રથમ ધર્મના ઉત્તમ સંસ્કારોથી જ વાસિત કરી દેવામાં આવે તો એનું સમગ્ર જીવન એ સુસંસ્કારોની સુવાસથી સદા મઘમઘતું બની રહે. પ્રાણાંતે પણ એનો ત્યાગ કરવા એ તૈયાર થાય નહિ.

બાળકે પણ હિતેચ્છુ માતા-પિતા તરફથી અપાતા એ સુસંસ્કારોને હૃદય દ્વારા ઝીલવા માટે તત્પર બનવું જોઇએ. બહાર મુશળધાર વરસાદ પડતો હોય ત્યારે આપણે આપણું પાણીનું વાસણ ઊંધું જ મૂકી રાખીએ તો આપણે પાણીનું ટીપું પણ પામી શકીએ નહિ. આટઆટલું પાણી વરસવા છતાં ય આપણે તો કોરા ધાકોર અને તરસ્યા તર જ રહી જઇએ.

તેવી જ રીતે મા-બાપ તરફથી આપણા આત્મામાં સુસંસ્કારોનું સીંચન કરવાની મહેનત કરવામાં આવતી હોય તે વખતે બાળક જો નાદાનિયતથી બેપરવાહ બની રહે તો ઉપકારી મા-બાપની મહેનત નિષ્ફળ જાય અને પોતે સંસ્કારહીન રહે. કુસંસ્કારી અને દુઃખી બની જાય.

શિક્ષણ તો તેનું જ નામ છે કે જે આપણને સાચી રીતે અને સારી રીતે જીવતાં શીખવે ! એટલે કે આપણું પોતાનું અને આપણા દ્વારા જગતના સર્વ જીવોનું ભલું જ થાય પણ ભૂંડું તો કોઈનું ય ન થાય એવી સુંદર રીતે જે આપણને જીવન જીવતાં શીખવે તેનું જ નામ શિક્ષણ છે.

સારા બનવા માટે જ આપણે ભણવાનું છે, પણ પેટ ભરવા માટે તો હરગિઝ ભણવાનું નથી. જેઓને ભણતર દ્વારા સારા બનવાની ઇચ્છા નથી, ભણતર દ્વારા પોતાનાં સંતાનોને ય સારાં બનાવવાની ઈચ્છા નથી પણ જેઓ કેવળ પેટ ભરવા માટે જ ભણે છે અને ભણાવે છે તે ભણનારા અને ભણાવનારાઓ તો શિક્ષણ જેવી પવિત્ર અને હિતકર વસ્તુનું ઘોર અપમાન કરનારા જ છે.

આજનું શાળા-કોલેજોનું શિક્ષણ તો વિદ્યાર્થીને કેવળ પેટ ભરતાં શિખવનારું છે; કેવળ પેટ ભરતાં જ શિખવનારું છે એટલું જ નહિ પણ હિંસાદિ ઘોર પાપો કરાવીને જ પેટ ભરતાં શિખવનારું છે. આવું શિક્ષણ આશીર્વાદરૂપ નથી પણ અભિશાપ રૂપ છે.

'શિક્ષિત-જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે' જે પેટ ભરવા માટે પંચેન્દ્રિય જીવની હત્યા કરવા તૈયાર થાય અને તેની પીડાને પણ જાણી-સમજી શકે નહિ તે શિક્ષિત નથી. ગમે તેટલી ડીગ્રી ધરાવતો હોય તો પણ અશિક્ષિત જ છે.

બાળક બોલતું ચાલતું અને સમજતું થાય કે તરત જ જૈન મા-બાપે તેને સહુ પ્રથમ આ ત્રિપદી શિખવવી જોઈએ-

(૧) મેળવવા જેવો મોક્ષ છે.

(૨) લેવા જેવું સંયમ છે.

(૩) છોડવા જેવો સંસાર છે.

આ ત્રિપદી શીખી ગયેલા બાળકને પછી સમજાવવું જોઇએ કે, મેળવવા જેવો જે મોક્ષ છે તે મેળવવા માટે જે લેવા જેવું સંયમ છે, તે લેવા માટે છોડવા જેવો જે સંસાર છે, તે સંસાર જલદી છૂટી જાય એટલા માટે નીચેની સપ્તપદી પણ જરૂરી છે.

(૧) રોજ જિનેશ્વરદેવનું દર્શન-પૂજન કરવું.

(૨) રોજ ગુરુવંદન કરવું.

(૩) રોજ સવારે ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચક્ખાણ કરવું.

(૪) રોજ સાંજે ઓછામાં ઓછું તિવિહારનું પચ્ચક્ખાણ કરવું.

(૫) રોજ સવારે મા–બાપને પગે લાગવું.

(૬) રોજ પાઠશાળાએ જવું અને વિનય પૂર્વક ભણવું.

(૭) ભણેલું યાદ રાખવા રોજ સ્વાધ્યાય કરવો.

બાળકોએ પોતાના જ હિતને માટે ઉપર કહેલી ત્રિપદી ગોખી નાખવી જોઇએ અને સપ્તપદીને જીવનમાં ઊતારવી જોઇએ.

બાળકો! તમારે આ સપ્તપદીને જીવનમાં ઊતારવી છે?

તમારે આ સપ્તપદીને જીવનમાં ઉતારવા માટેની પ્રેરણા મેળવવી છે?

તમારે આ સપ્તપદીને જીવનમાં ઊતારવા માટેનું સામર્થ્ય કેળવવું છે?


તો વાંચો, સંપ્રતિ મહારાજા અને આર્યરક્ષિતસૂરિજીનું જીવન ચરિત્ર! આ બન્ને મહાપુરુષોનું જીવન ચરિત્ર વાંચવા–વિચારવાથી સપ્તપદીને જીવનમાં ઊતારવાની પ્રેરણા તમને જરૂર મળશે! સપ્તપદીને જીવનમાં ઊતારવાનું સામર્થ્ય તમને જરૂર સાંપડશે!

卐

# જિનશાસનના શણગાર સંપ્રતિ મહારાજાની કથા

અડધા ભરતક્ષેત્ર ઉપર વિજય મેળવીને ૧૬ હજાર મુકુટબદ્ધ રાજાઓથી પરિવરેલા સંપ્રતિ મહારાજા પોતાની રાજધાની ઉજ્જૈન નગરીમાં આવ્યા. હર્ષ પામેલા નગરજનોએ ભારે પ્રવેશ મહોત્સવ કર્યો !

સંપ્રતિ મહારાજા મહેલમાં આવીને તરત જ પોતાની માતા કમલાદેવીના પગમાં પડ્યા, ઊભા થઈ માતાના મુખ સામે જોયું ત્યારે તેમને આશ્ચર્ય થયું ! પોતાની વિજયયાત્રાથી જ્યારે આખું નગર હર્ષના હિલોળે ચડ્યું હતું ત્યારે માતાનું મુખ શોકમગ્ન શ્યામ અને ચિંતાતુર હતું ! દીકરાથી માતાનું આ દુઃખ ખમાતું નથી. તેથી પૂછે છે કે–



અડધા ભરતક્ષેત્ર ઉપર વિજય મેળવીને સંપ્રતિ મહારાજા માતાને પ્રણામ કરવા આવે છે.

'હે માતા! આજે મારા વિજયથી આખું નગર હર્ષઘેલું બન્યું છે, ત્યારે તું શા માટે શોકમગ્ન છે? તને મારા જેવો પુત્ર હોવાનો આનંદ કેમ નથી? મજૂરી કરીને સામાન્ય કમાણી કરી લાવતા પુત્રને જોઇને પણ માતા હર્ષ પામે છે તો પછી હું તો આજે ભરતના ત્રણ ખંડ ઉપર વિજય પતાકા ફરકાવીને આવ્યો છું છતાં તને હર્ષ કેમ થતો નથી?' સંપ્રતિ મહારાજા માનતા હતા કે- 'મને જોઇને આખું જગત ભલે હર્ષ પામતું હોય પણ એક મારી માતા જ હર્ષ પામતી ન હોય તો બીજા બધાનો હર્ષ મારા માટે નિરર્થક છે.'

આ માતા પરમ શ્રદ્ધાળુ શ્રાવિકા હતી, માટે એ દુનિયાથી નિરાળી હતી. દુનિયા દીકરાના દેહને જુવે! શ્રાવિકા દીકરાના આત્માને જુવે! પોતાનાં આંગણે ઘોડા ઉપર બેસીને આવેલા મહેમાનની સામેય જોવું નહિ ને ઘોડાનું જ સ્વાગત ને ઘોડાની જ સારસંભાળ કર્યા કરવી એ તો નર્યો અવિવેક જ છે ને? દીકરાનો દેહ ઘોડા સમાન છે ને આત્મા મહેમાન સમાન છે! સ્વાગત અને સારસંભાળને યોગ્ય તો આત્મા જ છે!

વિવેકી માતા કહે છે: હે પુત્ર! રાજ્ય તો તારા આત્માને નરકમાં લઇ જનારું છે! તારાં જન્મ-મરણનાં દુઃખ વધારી મૂકનારું છે! હું જો તારી સાચી જનેતા હોઉં તો એવા રાજ્યની કમાણીથી મને હર્ષ કેમ થાય? મને હર્ષ જરૂર થાય! પણ ક્યારે? તું જે પૃથ્વીને જીતીને

આવ્યો છે, તે સમગ્ર પૃથ્વીને જિનાલયોથી સુશોભિત કરી દે! તારી સંપત્તિથી ગામેગામ જિનમંદિરો ઊભા કરી દે અને તે જોઇને આખી પૃથ્વી હસી ઊઠે તો!

કેવી હશે આ રાજમાતા! બાળપણથી જ એણે પોતાના પુત્રને કેવા સંસ્કાર આપ્યા હશે! એ પવિત્ર સંસ્કારોનું પાન કરીને ઊછરેલો સુપુત્ર માતાને શોકમગ્ન રહેવા દે? એની ઇચ્છાનો અનાદર કરે? હરગિઝ નહિ!

સંપ્રતિ મહારાજાએ માતાનાં મુખમાંથી પડતો બોલ ઝીલી લીધો. ત્યાં જ સંકલ્પ કરી લીધો–આખી પૃથ્વીને જિનમંદિરોથી મઢી દેવાનો! જોશીઓને બોલાવ્યા ને પોતાનું આયુષ્ય પૂછયું.

રાજન્! તમારું આયુષ્ય હજી ૧૦૦ વર્ષનું બાકી છે.

૧૦૦ વર્ષના દિવસ કેટલા?

રાજન્! ૩૬ હજાર!

પછી રોજનું એક જિનમંદિર બંધાવવાનો સંકલ્પ કરી પોતાની પૃથ્વીને મંદિરોથી મઢવાનું કામ શરૂ કર્યું. રોજ એક જિનાલયનું ખાતમુહૂર્ત થયાના સમાચાર સાંભળ્યા પછી જ માતાને પ્રણામ કરીને ભોજન કરતા. માતા પણ હર્ષ પામી રોજ પુત્રના કપાળે તિલક કરીને મંગળ કરતી.

આવી રીતે સંપ્રતિ મહારાજાએ ૩૬ હજાર નવાં
૧૩ જિનમંદિરો કરાવ્યાં અને ૮૯ હજાર જિનમંદિરોનો

જિર્ણોદ્ધાર કરાવ્યો. તેમણે સર્વ મળી સવા લાખ જિનમંદિરો કરાવ્યાં અને સવા કરોડ જિનપ્રતિમાઓ પણ ભરાવી. ઉપરાંત પોતાનાં રાજ્યમાં કોઈ પણ જીવ ભૂખ્યો કે દુઃખી ન રહે તે માટે ૭૦૦ દાનશાળાઓ શરૂ કરી.

સંપ્રતિ મહારાજાએ અનાર્ય દેશમાં પણ સાધુવેશધારી માણસોને સાધુના આચાર શિખવીને મોકલ્યા. તેમના દ્વારા અનાર્ય લોકોને પણ સાધુના આચારોથી માહિતગાર કર્યાં ને ત્યાં પણ સાધુઓનો વિહાર કરાવ્યો.

આવી રીતે સંપ્રતિ મહારાજાએ પોતાનો જન્મ સફળ કર્યો !

ધન્ય માતા ! ધન્ય પુત્ર !




## જિનશાસનના અણુગાર આર્યરક્ષિતસૂરીજીની કથા

એક હતું નગર. તેનું નામ દશપુર. ત્યાં રહે એક બ્રાહ્મણ. તેનું નામ સોમદેવ. તેની પત્નીનું નામ રુદ્રસોમા. તેમને બે પુત્રો હતા. એકનું નામ આર્યરક્ષિત ને બીજાનું નામ ફલ્ગુરક્ષિત. પિતાના આદેશથી પાટલીપુત્ર નગરમાં જઈ આર્યરક્ષિતે બ્રાહ્મણોનાં ઘણાં ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ૧૪ વિદ્યાનો પારગામી થયો ને મહાપંડિત બનીને પોતાનાં નગર તરફ પાછો ફર્યો. રાજા વિદ્યાપ્રેમી હતો. તેથી વિદ્વાનોનું સન્માન કરતો. રાજાએ મહાપંડિત આર્યરક્ષિતને મહોત્સવ પૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. નગરજનોએ ને સ્વજનોએ પણ તેનું ઘણું સન્માન કર્યું. મોટું સન્માન પામીને આર્યરક્ષિત ઘેર આવ્યો ને સહુ પ્રથમ માતાની પૃચ્છા કરી તેને પ્રણામ કરવા ગયો.

ઉત્તમકુળમાં જન્મેલા માણસો રોજ સવારમાં ઊઠીને, ઘરમાંથી બહાર જતી વખતે, બહારથી ઘરમાં દાખલ થતી વખતે, વિદ્યાભ્યાસ કરવા જતી વખતે, વિદ્યાભ્યાસ કરીને પાછા આવતી વખતે તેમજ બીજા પણ સારાં કાર્યો કરતી વખતે દેવને, ગુરુને અને માતા–પિતાને પ્રણામ કરવાનું ચૂકે નહિ. ઉત્તમકુળનો આ આચાર છે. ઉત્તમ આચારોથી જ કુળ ઉત્તમ કહેવાય છે.

પ્રણામ કરી માતાનાં મુખની સામે જોતાં જ આર્યરક્ષિત આશ્ચર્ય પામ્યો. પોતે ભણીગણીને પંડિત બનીને આવ્યો હતો તેથી રાજા અને સર્વ નગરજનો પણ હર્ષ પામ્યા

હતા. ત્યારે માતાનાં મુખ ઉપર તો હર્ષનાં સ્થાને વિષાદ જણાતો હતો. આર્યરક્ષિત માતાને પૂછે છે કે– 'હે માતા !



આર્યરક્ષિત પંડિત બનીને માતાને પ્રણામ કરવા આવે છે.

આજે તો બીજા બધા કરતાં તને વિશેષ આનંદ હોવો જોઈએ તેને બદલે આ વિષાદ કેમ ?

માતા કહે છે કે– 'હે પુત્ર ! તું જે જ્ઞાન મેળવીને આવ્યો છે તે તારું જ્ઞાન તને સદ્ગતિ અને શાશ્વત સુખ અપાવનારું નથી પણ તારા આત્માને દુર્ગતિમાં દોરી જનારું ને સંસારમાં ભટકાવી મારનારું છે. એવા જ્ઞાન દ્વારા મેળવેલી તારી પંડિતાઈથી અજ્ઞાન લોકો હર્ષ પામે એ બનવા જોગ છે પણ તારી આ માતા હર્ષ પામે એ બનવા જોગ નથી.'

'તો હે માતા ! કહે કે હું શું ભણું તો તને હર્ષ થાય ?'

'હે પુત્ર ! જો તું તારા આત્માને સદ્દગતિમાં લઇ જનાર ને સંસારનો અંત લાવનાર એવો દૃષ્ટિવાદ જૈન સાધુ પાસે જઇને ભણે તો જ મને હર્ષ થાય !'

આર્યરક્ષિતે વિચાર કર્યો કે, જે માતા મારું આવું હિત ઇચ્છનારી છે, તેને હર્ષ પમાડવાની મારી પવિત્ર ફરજ છે. આખી દુનિયા હર્ષ પામીને ભલે મને ઘણું મોટું માન આપે પણ મેં જે જ્ઞાન મેળવ્યું છે. તે જ્ઞાન જો મારા આત્માનું કલ્યાણ ઇચ્છનારી મારી માતાને જ હર્ષ પમાડનારું ન બનતું હોય તો એવા જ્ઞાનની કિંમત જ શું છે ?

આમ આર્યરક્ષિતે પોતાની ઉત્તમતાને છાજે એવો સુંદર વિચાર કર્યો, માતાના આશીર્વાદ મેળવ્યા ને તેના જ કહેવા પ્રમાણે ઇક્ષુવનમાં રહેલા તોસલિપુત્ર નામના આચાર્યની પાસે દૃષ્ટિવાદ ભણવા જવા માટે નીકળ્યા કે તરત જ હાથમાં શેરડીના સાડા નવ સાંઠા લઇને, પોતાને તેની ભેટ આપવા આવી રહેલા પોતાના પિતાના મિત્ર સામા મળ્યા. તેને શુભ શુકન માની આર્યરક્ષિતે આગળ પ્રયાણ કર્યું. તોસલિપુત્ર આચાર્યની પાસે પહોંચ્યો અને તેમને પોતાની દૃષ્ટિવાદ ભણવાની ઇચ્છા જણાવી. પણ દૃષ્ટિવાદ ભણવો હોય તો દીક્ષા લેવી પડે દૃષ્ટિવાદ ભણવાનો અધિકાર તો સાધુઓનો જ છે. આમ તોસલિપુત્ર

આચાર્યના કહેવાથી આર્યરક્ષિતે તેમની પાસે દીક્ષા લીધી. કારણ કે, એને તો કોઈ પણ ઉપાયે દૃષ્ટિવાદ ભણવો જ હતો. દીક્ષા લઈ આર્યરક્ષિત મુનિ નવ પૂર્વ સુધી ભણી ગયા ને દશમા પૂર્વનો અભ્યાસ શરૂ કર્યો.

એવામાં તેમના નાના ભાઇ ફલ્ગુરક્ષિતે આવીને કહ્યું કે, 'હે ભાઇ! માતા-પિતા તમને બહુ જ યાદ કરે છે. તો તમે તેમને મળવા ને પ્રતિબોધ પમાડવા માટે આવો. તે સાંભળી આર્યરક્ષિતજીએ ફલ્ગુરક્ષિતને તો ત્યાં જ ધર્મોપદેશ દ્વારા પ્રતિબોધ પમાડી દીક્ષા આપી દીધી. પછી ગુરુની આજ્ઞા લઇ ફલ્ગુરક્ષિત મુનિ સાથે વિહાર કરી પોતાને ગામ આવ્યા, ને ધર્મોપદેશ આપી આખા કુટુંબને પ્રતિબોધ પમાડયો. બીજા બધાએ તો દીક્ષા લીધી પણ તેમના પિતા સોમદેવે સાધુવેશ પહેરવાની લજ્જા આવવાથી દીક્ષા લીધી નહિ તો પણ સ્નેહના વશથી તેઓ ગૃહસ્થ વેશમાં પણ આર્યરક્ષિતજીની સાથે જ વિચરવા લાગ્યા.

પછી અવસર જોઇ આર્યરક્ષિતજીએ તેમને ઘણું સમજાવ્યા ત્યારે જનોઈ, જોડા, કમંડળ, માથે છત્ર ને બે વસ્ત્ર આટલું રાખવાની છૂટ સાથે તેમણે દીક્ષા લીધી. પણ આર્યરક્ષિતજીએ તો યુક્તિ પૂર્વક તે બધી વસ્તુઓનો પણ અંતે ત્યાગ કરાવ્યો ને શુદ્ધ સાધુવેશ અંગીકાર કરાવ્યો.

બાળકો! આ આર્યરક્ષિતજીએ પોતાની માતાનું હિતકારી વચન માન્યું તો તેમના પોતાના આત્માનો,

આખા કુટુંબનો ને બીજા અનેક આત્માઓનો પણ ઉદ્ધાર થયો.

જે બાળકો પોતાના ઉપકારી મા-બાપ, દેવ, ગુરુ ને વિદ્યાગુરુની હિતકારી આજ્ઞા પણ માને નહિ તેનું કલ્યાણ કેમ થાય ?

સંસારના રસિયા જગતના મા-બાપ દીકરાના દેહની, તેના માટે વહુની અને સંસારની સુખ-સાહ્યબીની જ ચિંતા કરનારા હોય છે. પણ જૈન મા-બાપ તો જગતથી ન્યારા ને નીરાળા જ હોય છે. તેઓ તો પોતાનાં સંતાનોના આત્માની જ વિશેષ પ્રકારે ચિંતા કરનારા હોય છે. જેની રાખ થવાની છે એવા શરીરને જ નહિ પણ અંદર બેઠેલા આત્માને જોનારા હોય છે.

સારાંશ એ છે કે જિનશાસનને પામેલી માતા કેવી હોય અને એવી માતાના પુત્રો પણ કેવા હોય તેના આ બે ઉત્તમ ઉદાહરણ છે. આજના મા-બાપોએ અને સુપુત્રોએ, આ સંપ્રતિ મહારાજાની માતા અને આર્યરક્ષિતજીની માતાનાં જીવનમાંથી જરૂર કાંઈક બોધ લેવા જેવો છે.

# ઉચ્ચારશુદ્ધિ નિર્દેશ

લેખક—પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય
(પ્રાધ્યાપક : શાંતિદાસ ખેતસીભાઈ જૈન સંસ્કૃત પાઠશાળા
જામનગર.)

યદ્યપિ સૂત્રોના ઉચ્ચારો અધ્યાપકોના સાન્નિધ્યથી જ એટલે કે અધ્યાપકના મુખેથી ઉચ્ચારાતા વાક્યસમૂહોના પ્રત્યક્ષ સાવધાનતા પૂર્વકનાં શ્રવણ અને પ્રતિશ્રવણથી જ સાધ્ય છે.

કેવળ પાકશાસ્ત્રનાં પુસ્તકથી રસોઈ નિષ્ણાત થવાતું નથી. તેમ ઉચ્ચારણ શુદ્ધિ નિર્દેશતા એ માત્ર પુસ્તકથી શક્ય નથી.

પણ હા ! સંસ્કૃત અનભિજ્ઞ પાઠશાલીય અધ્યાપકો સ્વયં આવા પુસ્તકોથી સ્વકીય અશુદ્ધિ દૂર કરી, બાલક–બાલિકાના ભાવી અનર્થને જરૂર દૂર કરી શકશે.

સંસ્કૃત ભાષામાં ઉચ્ચારણની જેટલી ક્લિષ્ટતા છે તેટલી પ્રાકૃત ભાષામાં નથી. કારણ કે, જોડાક્ષરના પ્રસંગે વિજાતીય વર્ગના વ્યંજનોનો સમુદાય પ્રાકૃતમાં રહેતો જ નથી.

પ્રાકૃત વ્યાકરણ દ્વારા જુદા જુદા વર્ગના વ્યંજનોમાંથી પ્રાયઃ એક જ વર્ગના અવશિષ્ટ વ્યંજનો ( પ્રાકૃતમાં જોડાક્ષર પ્રસંગે ) મળતાં હોવાથી ઘણી સુવિધા છે.

# શુદ્ધિ: દ્રવ્યથી અને ભાવથી

લેખક : સ્વ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

આપણા ધાર્મિક સૂત્રો ક્રિયાપ્રધાન છે, અર્થાત્ તે મુખ્યત્વે ધર્મક્રિયા કરવામાં ઉપયોગી છે. ક્રિયાપ્રધાન સૂત્રોની રચના જ એવા પ્રકારની છે કે જો તેનો પૂરા આદર સાથે એકાગ્રતા પૂર્વક પાઠ કરાય તો આત્માના પ્રદેશોમાં તેના ધ્વનિ-તરંગો જોરદાર કંપ જન્માવીને કર્મરૂપી કચરાને ત્યાંથી ખસી જવું પડે એવી સ્થિતિ પેદા કરે છે.

બાલ્યકાળથી જ કાળજી પૂર્વક પ્રતિક્રમણનાં સૂત્રોનો અભ્યાસ કરાવાય તો એક એક બાળક જિનશાસનનો આજ્ઞાંકિત સુભટ બની જાય-આત્મ શુદ્ધિનો ઝંડાધારી બની જાય.

દ્રવ્યથી ઉચ્ચારની શુદ્ધિ હોય અને ભાવથી આશય-ધ્યેયની શુદ્ધિ હોય, આમ બન્ને પ્રકારની શુદ્ધિ દ્વારા કરાતી ક્રિયા મોક્ષનો હેતુ બને છે અને તેમાં પણ આશય-ધ્યેયશુદ્ધિ પૂર્વકની ક્રિયા વિશેષે કરીને મોક્ષનો હેતુ બને છે. કારણ કે તેમાં સ્થાન, વર્ણ, અર્થ, આલંબન

અને અનાલંબન એ પાંચે ય પ્રકારના યોગોની વિશિષ્ટ પ્રકારની આરાધના રહેલી છે.

૧. સ્થાન એટલે કાયોત્સર્ગ આદિ આસન વિશેષ.

૨. વર્ણ એટલે ક્રિયામાં ઉચ્ચારાતાં સૂત્રના અક્ષરો.

૩. અર્થ એટલે અક્ષરોમાં રહેલા અર્થ વિશેષનો નિર્ણય.

૪. આલંબન એટલે બાહ્ય પ્રતિમા, સ્થાપના આદિ વિષયક ધ્યાન.

૫. અનાલંબન એટલે બાહ્ય રૂપી-દ્રવ્યના આલંબન રહિત, કેવળ નિર્વિકલ્પક ચિન્મય (જ્ઞાનમય) સમાધિ.

યોગશાસ્ત્રમાં આ પાંચ પ્રકારનો વિશિષ્ટ યોગ કહ્યો છે. આ પાંચ પ્રકારના યોગવાળી વિશિષ્ટ આરાધનાથી યુક્ત એવી આશયશુદ્ધિવાળી ક્રિયા આરાધક ભાવના રક્ષણ સાથે મોક્ષની પણ પ્રાપ્તિના હેતુભૂત થાય છે.

મોક્ષસાધક એવી ક્રિયાઓમાં આશયશુદ્ધિ સાથે ઉપયુક્ત પાંચ યોગો જરૂરી છે અને વર્ણ એટલે ક્રિયામાં ઉચ્ચારાતા અક્ષરો એ પાંચ યોગોમાંનો એક યોગ હોવાથી સમજી શકાય છે કે, આરાધનામાં ઉચ્ચારશુદ્ધિનું પણ કેવું મહત્ત્વ છે !

# મૂળમાં પાણી સીંચવાનો પ્રયાસ

લેખક : પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર
( આ. શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ )

જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં સમ્યગ્જ્ઞાનનો મહિમા ખૂબ ખૂબ ગાયો છે. ક્રિયાને અથવા ચારિત્રને પુષ્ટ કરનારું જે તત્ત્વ છે તેને શ્રદ્ધા કહેવાય છે. એ શ્રદ્ધા પણ જેનાથી ઉત્પન્ન થાય, સ્થિર થાય અને વધે એવું જે તત્ત્વ છે એનું નામ સમ્યગ્જ્ઞાન છે.

આમ શ્રદ્ધા અને ચારિત્રને પુષ્ટ કરનાર હોવાથી સમ્યગ્જ્ઞાન એ પાયો છે. પાયો જેટલો મજબૂત હોય એટલા જ અંશે ઉપરનું મકાન મજબૂત બને. તેમ સમ્યગ્જ્ઞાન જેટલું પુષ્ટ હોય એટલા જ અંશે શ્રદ્ધા અને ચારિત્રની પુષ્ટિ થાય. માટે સમ્યગ્જ્ઞાન અતિશય પુષ્ટ હોવું જરૂરી છે.

ચોમાસું એ જેમ ખેડૂતો માટે ધન કમાવાની મોસમ છે, લગ્નગાળો એ જેમ વેપારીઓ માટે ધન કમાવાની મોસમ છે તેમ માનવજીવનમાં બાલ્યાવસ્થા એ વિદ્યા

કમાઇ લેવા માટેની મોસમ છે. બાલવયમાં જો શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સમ્યગ્જ્ઞાન ગ્રહણ કરી લીધું હોય તો તે જીવનપર્યંત સાથ આપનારું બની રહે છે.

શાસ્ત્રકારોએ સમ્યગ્જ્ઞાનનાં બે કાર્યો બતાવ્યાં છે. એક તો એ અજ્ઞાનને દૂર કરે છે ને બીજું એ મોહને પણ દૂર કરે છે. અજ્ઞાન હટે એટલે જ્ઞાન આવે, ને મોહ ઘટે એટલે સુસંસ્કાર આવે. અજ્ઞાનને હટાવવા અને જીવનમાં સુસંસ્કારોનું ઘડતર કરવા સમ્યગ્જ્ઞાન મેળવવું જરૂરી છે.

આપણી પાઠશાળા આ જ્ઞાન અને સંસ્કારની પરબ સમી છે. પાઠશાળામાં બાળકોને ચૈત્યવંદન કે ગુરુવંદનનાં સૂત્રો શિખવવા તે થિયરીકલ જ્ઞાન છે અને તે ગ્રહણશિક્ષા સ્વરૂપ છે. ચૈત્યવંદન, ગુરુવંદન આદિ કેવી રીતે થાય, તે માટે સૂત્રો કયા ક્રમમાં કેવી રીતે બોલવા જોઇએ તે વિધિ પૂર્વક કરી બતાવવું અને તેમની પાસે કરાવવું તે પ્રેક્ટીકલ જ્ઞાન છે અને તે આસેવન શિક્ષા સ્વરૂપ છે.

પ્રતિક્રમણ આદિનાં સૂત્રો ગણધર ભગવંતોએ રચેલાં છે. તેના અક્ષરો મંત્રમય છે. કર્મોને હણનારા છે. રોગ-શોકને હરનારા છે. દુઃખ-દૌર્ભાગ્યને દૂર કરનારા છે. તે શુદ્ધ ઉચ્ચાર પૂર્વક ભાવથી બોલાય તો તે સાંભળનારનાં ચિત્તમાંથી પણ ઉદાસીનતા પલાયન થઈ જાય અને તેનું મન પ્રસન્ન બની જાય.

બાળકોને શુદ્ધ ઉચ્ચાર પૂર્વક બોલવાની રીત શરૂઆતથી જ ચીવટ પૂર્વક શિખવવી જોઇએ. કારણ કે,

શરૂઆતમાં જો અશુદ્ધ ઉચ્ચાર જીભે ચડી જાય અને ગોખાઇને રૂઢ થઇ જાય તો તે અશુદ્ધ ઉચ્ચારનું નિવારણ કરીને શુદ્ધ ઉચ્ચાર શિખવવાનું કામ બેવડું મુશ્કેલ બની જાય છે.

શબ્દોમાં હ્રસ્વનાં સ્થાને દીર્ઘ સ્વર અને દીર્ઘનાં સ્થાને હ્રસ્વ સ્વર જેવો સામાન્ય ફેરફાર થઈ જાય તો પણ અર્થ બદલાઇ જાય છે. આ વાત આપણી ગુજરાતી ભાષાના નીચેનાં દૃષ્ટાંતોથી સમજાશે.

| હ્રસ્વ | દીર્ઘ |
|---|---|
| વધુ=વધારે | વધૂ=વહુ |
| ચિર=લાંબુ | ચીર=વસ્ત્ર |
| દિન=દિવસ | દીન=ગરીબ |
| સુર=દેવ | સૂર=વાજિંત્રનો અવાજ |

એવી જ રીતે ધાર્મિક સૂત્રોમાં હ્રસ્વ-દીર્ઘ-કાનો-માત્રા મીંડું વગેરેનો નહિ જેવો ફેરફાર થઈ જાય તો પણ અર્થ બદલાઇ જાય છે. તેથી આપણને દોષ લાગે અને જ્ઞાનાવરણીયકર્મ બંધાય છે. એવું ન બને એટલા માટે શુદ્ધ ઉચ્ચાર કરતાં શીખી લેવું જોઇએ, તે માટે જોડાક્ષરની ઓળખ, તેનો સાચો ઉચ્ચાર વગેરેનું જ્ઞાન મેળવી લેવું જોઇએ. શબ્દમાં જોડાક્ષર કેટલા છે તે જોઇ લેવું જોઇએ. જોડાક્ષરની પૂર્વનો અક્ષર સહેજ દાબીને ભાર પૂર્વક બોલવાથી જોડાક્ષરનો શુદ્ધ ઉચ્ચાર થાય છે. જેમ કે–

‘કર્મકક્ષહુતાશન’ આમા ‘ક્ષ’ એ જોડાક્ષર છે. તેની પૂર્વે ‘ક’ છે તે ‘ક’ જરા ભાર પૂર્વક બોલવાથી ‘ક્ષ’ નો ઉચ્ચાર બરાબર થાય.

આપણે ત્યાં સૂત્ર ભણવાની જે વિધિ બતાવી છે તેમાં પણ “ગુરુમુખેથી લીધેલું” એમ આવે છે. અર્થાત્ સૂત્ર ગુરુમુખેથી લઈને જ ભણવું જોઈએ. તેનું કારણ એ છે કે, જ્યારે વિદ્યાગુરુ આપણને સૂત્રપાઠ આપતા હોય ત્યારે તેઓ તેમાંના શબ્દોનો અને જોડાક્ષરોનો જે રીતે ઉચ્ચાર કરી બતાવતા હોય તે બધું ધ્યાનમાં રાખીને તે જ રીતે સૂત્રપાઠ ગ્રહણ કરવો જોઈએ એવો વિધિ છે.

આ પુસ્તકમાં ઉચ્ચાર શુદ્ધિની દિશામાં જે એક અતિ આવશ્યક, આદરણીય ને વિનમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે તેના વડે મૂળમાં પાણી—સીંચવાનો પ્રયત્ન થાય છે. તેથી જ ધાર્મિક જ્ઞાનનું વૃક્ષ પાંગરે છે.



# દીવડા પ્રગટાવો દિલમાં

લેખક : **આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
(આ. શ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજીના સમુદાયના)

આ છે એક નાનકડી પર્શિયન લોક કથા !

એક છે રાજકુમાર ! રૂપે રંગે સોહામણો ! ને બુદ્ધિનો તો એ બેતાજ બાદશાહ ! લાડકોડમાં ઉછરેલો ! માતા-પિતાએ એનાં જીવન ઘડતરમાં સુંદર ફાળો આપ્યો હતો !

વરસોને વીતતાં કાંઈ વાર લાગે છે ? રાજકુમાર તો યુવાનીના ઉંબરે આવીને ઊભો રહ્યો. રૂપરૂપના અંબાર સમી અનેક રાજકન્યાઓ એને વરવા ઈચ્છે છે, પણ રાજકુમારને તો એમાંની એકેય પસંદ નથી.

એક દિવસની વાત છે. રાજકુમાર ઘોડે ચડી ફરવા નીકળ્યો છે. ઘોડો છે પવનવેગી. જોતજોતામાં તો એ જંગલમાં ઘણે દૂર સુધી પહોંચી ગયો. અહા ! કેવું મનોહર છે એ જંગલ ! આખુંય જંગલ સુંદર મજાનાં ફળોથી ને રંગબેરંગી પુલોથી લચી રહ્યું છે. કુદરતી

રમણીય દૃશ્યો મનને રમાડે, લોભાવે, લલચાવે એવાં છે. પ્રકૃતિના એ અનુપમ સૌંદર્યને મન ભરી-ભરીને નીરખતો રાજકુમાર આગળ વધી રહ્યો છે. એવામાં એની આંખો અચાનક એક જગ્યાએ થંભી ગઈ. એણે જોઇ એક રૂપપરીને. અહા! કેવું અદ્‌ભુત એનું રૂપ છે ને કેવું અદ્‌ભુત એનું લાવણ્ય છે! રાજકુમાર તો એ રૂપપરીને જોઇ જ રહ્યો!



ઘોડે ચડી ફરવા નીકળેલા રાજકુમારે જંગલમાં એક રૂપપરીને જોઈ!


આજ સુધી કોઇ કન્યામાં ક્યારે ય નહિ લોભાયેલું એનું મન આ રૂપપરીને જોઈને લોભાઇ ગયું. એનું અથાગ રૂપ સહુનાં મનને આકર્ષી લે એવું હતું. એનાં અંગેઅંગમાં જોબન ઉભરાઇ રહ્યું હતું. રાજકુમારે તો એ રૂપપરીને પોતાનાં દિલનું દાન દઈ દીધું! એનો પરિચય કર્યો, કુલાદિ જાણી લીધા ને પરણવાનો પ્રસ્તાવ પણ

મૂકી દીધો ! એ રૂપપરી ખરેખર ! મનુષ્યલોકની અપ્સરા હતી, સ્વર્ગલોકની અપ્સરાઓની બરોબરી કરે તેવી હતી. તે ચતુર પણ હતી, ડાહી પણ હતી. તેથી જીવનનાં રહસ્યને સારી રીતે સમજનારી હતી. રાજકુમારના પરણવાના પ્રસ્તાવનો જવાબ વાળતાં રૂપપરીએ કહ્યું કે– રાજકુમાર ! તમારો પરણવાનો પ્રસ્તાવ તો હું ત્યારે જ મંજુર કરું.... કોઈપણ એક કળાના નિષ્ણાત બની એમાં અદ્ભુત કૌશલ્ય મેળવો ત્યારે....કોઈ પણ એક કળા ઉપર તમારી હથોટી ન બેસે ત્યાં સુધી હું તમને પરણું નહિ.

રાજકુમારને તો રૂપપરીનું ઘેલું લાગ્યું હતું. એને મેળવવા એ ગમે તેવું કપરું કામ કરવા પણ તૈયાર હતો. એણે કળામાં નિષ્ણાત થવાનું કબુલ કરી લીધું ને કોઈ એક કળાની પસંદગી માટે કલાકારીગરીવાળી વિવિધ વસ્તુઓ નીરખવા માંડી. એમાંથી ગાલીચા ભરવાની કળામાં એનું ચિત્ત ઠર્યું. એના નિષ્ણાતો પાસે એ કળા શીખવાનું શરૂ કર્યું. એકાગ્રચિત્તથી રાત–દિવસ મહેનત કરવા માંડી. મહેનત કરે તેને શું ન આવડે? થોડા દિવસમાં જ તે કળામાં તેની હથોટી બેસી ગઈ. પછી તો જાતજાતની ને ભાતભાતની આકર્ષક ડીઝાઈનોવાળા સુંદર ગાલીચા એના હાથે તૈયાર થવા લાગ્યા. ખંત, પ્રયત્ન, ધગશ કે ઉત્સાહ એ બધું ગમે તેવા અઘરા કામને પણ સહેલું બનાવી દે છે.

રંગબેરંગી મનોહર ડીઝાઈનોવાળા સુંદર ગાલીચા બનાવી રાજકુમારે રૂપપરીને બતાવ્યા. રૂપપરી તો રાજીની રેડ થઈ ગઈ. મનોહર ગાલીચા જોઇને એનો મન મોરલો નાચી ઊઠ્યો! પછી તો પૂછવાનું શું? થોડા જ દિવસમાં બન્નેનાં લગ્ન ધામધૂમથી થઈ ગયાં. સુખ-સાહ્યબીનો પાર નથી. વરસ મહિનાની જેમ, મહિનો દિવસની જેમ ને દિવસ ક્ષણની જેમ જવા લાગ્યો. એમ સમય જતાં એક દિવસ એ રાજકુમાર પ્રજાનો લાડીલો રાજા પણ બન્યો ને ન્યાય-નીતિથી પ્રજાનું પાલન-પોષણ કરવા લાગ્યો.

એક દિવસની વાત છે. રાજા એક નવા ખરીદેલા સુંદર ઘોડા ઉપર બેસી ફરવા નીકળ્યો છે. પણ ઘોડો છે અવળી શિક્ષા પામેલો ને રાજાને એ વાતની ખબર નથી. એટલે એ એની ગતિને કાબુમાં રાખવા જેમ જેમ લગામ ખેંચે છે, તેમ તેમ તે ધીમો પડવાને બદલે વધુ ને વધુ વેગથી દોડવા લાગે છે. આમ વાયુવેગે દોડી રહેલો એ ઘોડો વગડાની વાટે આગળ વધતાં એક ભયાનક જંગલમાં જઇ ચડ્યો. ત્યાં વસતિ હતી ચોરી ને લૂંટફાટની કળામાં પાવરધા બનેલા ભીલ લોકોની! શિકાર આવ્યો જાણી ભીલો તો તરતજ ભેગા થઈ ગયા ને રાજાના ઘોડાને ઘેરીને રોકી લીધો. રાજાને પકડીને પોતાના વાસમાં



ચોરી લૂંટફાટની કળામાં પાવરધા ભીલોએ રાજાના ઘોડાને રોકી લીધો.

લઈ ગયા. તેની પાસે જે કાંઈ હતું તે લૂંટી લીધું ને તેને નજરકેદમાં રાખ્યો. રાજા એકલો જ હતો, રાજધાનીથી ઘણે દૂર નીકળી ગયો હતો ને આ ભીલોનો વાસ ભયાનક જંગલમાં હતો. પોતે કોઈને મળી શકે તેમ ન હતું, કોઈને સંદેશો પણ પહોંચાડી શકાય તેમ ન હતું, તેથી રાજાને બચવાની કે છટકવાની કોઈ આશા જ ન હતી.

પણ આવા અવસરે ય બુદ્ધિશાળી માણસો તો પોતાની બુદ્ધિના બળથી માર્ગ કાઢીને છટકી જતા હોય છે! જ્યાં કામ ન લાગે બળ, ત્યાં કામ લાગે કળ! હોશિયાર રાજાએ તરતજ પોતાની બુદ્ધિને કામે લગાડી દીધી. સુંદર સુંદર વાતો કરીને ચોરોના સરદારનો પ્રેમ જીતી લીધો ને એને વિશ્વાસ પમાડી દીધો.

પછી એક દિવસ અવસર જોઇને રાજાએ ચોરોના સરદારને કહ્યું કે- હું સુંદર ગાલીચા ભરવાની કળા જાણું છું. તમે મને જો અમુક અમુક વસ્તુઓ લાવી આપો તો હું તમને સુંદર ગાલીચા બનાવી આપું. પછી તે લઇને તમે રાજાની રાણી પાસે જશો તો તે ગાલીચાના બદલામાં રાણી તમને ઘણું ધન આપશે, પછી તમારે ચોરી કે લૂંટફાટ કરવાની જરૂર રહેશે નહિ.

ચોરોના સરદારને તો રાજાની આ વાત ખૂબ જ ગમી ગઇ. રાજાએ કહેલી ગાલીચા ભરવા માટેની વસ્તુઓ તરતજ તેણે લાવી આપી. તે વસ્તુઓ વડે રાજાએ સુંદર ગાલીચા બનાવ્યા અને તેમાં પર્શિયન ભાષામાં પોતાની વીતક કથા, પોતાનું ઠેકાણું અને ત્યાં પહોંચવાનો માર્ગ વગેરે બધું જ લખી દીધું. ભીલો તો બધા અભણ જ હતા. તેથી તેમને તે વાતની ખબર પડી નહિ. રાજાએ આપેલા ગાલીચા લઈ ભીલો રાણી પાસે જવા નીકળ્યા.

આ બાજુ ઘોડા ઉપર બેસી ફરવા ગયેલો રાજા પાછો નહિ ફરવાથી રાણી તો રાજાની રાતદિવસ ભારે શોધખોળ ચલાવી રહી હતી. પણ પત્તો લાગતો ન હતો, તેથી પ્રજાજનો સહિત આખું રાજકુળ શોકાતુર થઈ ગયું હતું. રાજાના વિરહથી રાણી તો રાતદિવસ રડી રહી હતી. રાજા ક્યાં હશે ? શું કરતો હશે ? કેવી સ્થિતિમાં હશે ? એવી ચિંતાને લીધે ખૂબ જ મૂંઝાયેલી હતી. એવામાં આ ચોરના સરદારે જઇને

રાણીની સામે ગાલીચા મૂકયા. પોતાના પ્રિયતમે જ આ ભરેલા હોવા જોઈએ, એમ ગાલીચા જોતાં એને પહેલી જ નજરે જણાઇ આવ્યું, તેથી તે ગાલીચા ધારી ધારીને જોવા લાગી. એમ કરતાં પર્શિયન ભાષામાં લખેલો



ભીલો ગાલીચા લઇને રાણી પાસે આવ્યા. રાણી તે ગાલીચા ધારી ધારીને જોવા લાગી.

રાજાનો લેખ એના વાંચવામાં આવ્યો. તે વાંચીને તેનું શોકમગ્ન હૃદય હર્ષમગ્ન બની ગયું. કારણ કે, તે લેખ વાંચવાથી તેને તેના ખોવાઇ ગયેલા ખાવિંદની (પતિની) ભાળ મળી ગઇ હતી.

રાણીએ બધા ગાલીચા લઈ લીધા. ચોરોના સરદારને તેની ઇચ્છા કરતાં પણ અધિક ધન આપીને વિદાય કર્યો. પછી પોતે ચુનંદા સૈનિકો સાથે તેનાં પગલે પગલે તેની

પાછળ જઇ તે ભીલોની પલ્લીમાં પહોંચી ગઇ. અચાનક છાપો મારી બધા ભીલ ચોરોને પકડી લીધા ને રાજાને તેમના સકંજામાંથી છોડાવી લીધો.

રાજા-રાણી રંગેચંગે આવી પહોંચ્યા નગરના દ્વારે. નગરજનોના હર્ષનો પાર નથી. તેમણે રાજા-રાણીને ભારે ઠાઠમાઠથી નગરમાં પ્રવેશ કરાવ્યો. સર્વત્ર આનંદ આનંદ છવાઈ રહ્યો.

રાજાને હવે સમજાઈ ગયું હતું કે પરણતાં પહેલાં રાણીએ પોતાને કોઇ એક કળામાં કુશળ બનવાનું શા માટે કહ્યું હતું!

માનવ જીવન ભારે રહસ્યમય છે! આપણે જીવનનાં એ રહસ્યને પામવું જ રહ્યું! જીવનનું રહસ્ય એ છે કે જીવન છે તો સંકટ પણ છે. જીવનમાં સંકટ સહુને જરૂર આવે છે. સંકટમાંથી છૂટવું જરૂરી હોય છે. સંકટમાંથી છોડાવનાર કળા છે. કળાબાજ માણસ ગમે તેવા સંકટમાંથી પણ સહેલાઇથી છૂટી શકે છે.

આપણને સંકટમાંથી છોડાવનારી કળાઓ પણ અનેક જાતની છે. આ જનમનાં સંકટમાંથી ય છોડાવનારી કળા છે ને જનમ-જનમનાં સંકટમાંથી ય છોડાવનારી કળા છે. છૂટકારો પણ બે જાતનો છે. એક કાયમી ને બીજો કામચલાઉ. સંકટમાંથી છૂટયા તો ખરા પણ ફરી પાછું સપડાવાનું ય ખરું! એ છે કામચલાઉ છૂટકારો! પણ છૂટયા એટલે છૂટયા! ફરી સપડાવાની વાત જ નહિ!

એ છે કાયમી છૂટકારો ! સંકટમાંથી સદાનો છૂટકારો એ જ સાચો છૂટકારો છે !

જનમ-મરણ આદિનાં દુઃખોથી ભરપૂર એવો આ સંસાર જ સાચું સંકટ છે. એવા સંસારમાંથી આપણા આત્માનો છૂટકારો થાય એ જ સાચો છૂટકારો છે. સંસારમાંથી આત્માનો છૂટકારો કેવી રીતે થાય, એવું જે જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે. સાચું જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન. સમ્યગ્જ્ઞાનરૂપી કળા આપણને જનમ-જનમનાં સંકટમાંથી ઉગારનારી છે. સાચો ને કાયમી છૂટકારો અપાવનારી સર્વોત્તમ કળા છે.

રૂપપરીના કહેવાથી રાજકુમારે ગાલીચા ભરવાની કળા શીખી લીધી તો એ સંકટમાંથી છૂટી શક્યો, નહિ તો તે ક્યાં છે, તેનો પણ કોઈને પત્તો લાગ્યો ન હોત અને ઘણો દુઃખી થયો હોત.

આપણે પણ પરમ ઉપકારી દેવ, ગુરુ, મા-બાપ વગેરેની આજ્ઞા માનીને સમ્યગ્જ્ઞાનરૂપી કળા મેળવી લઈએ તો સંસારનાં સર્વ સંકટોમાંથી છૂટી જઈએ. નહિ તો આ સંસારરૂપી જંગલમાં ક્યાંય ખોવાઈ-ફસાઈ જવાના. કોઈને આપણો પત્તો પણ લાગવાનો નહિ.

તમે પાઠશાળામાં ભણવા જાવ છો, ત્યાં તમારે ખૂબ સારી રીતે સમ્યગ્જ્ઞાન મેળવવાનું છે. જ્ઞાનનો દીવડો તમારા દિલ-દિમાગમાં દીપતો હશે તો અજ્ઞાનનો અંધકાર આપોઆપ અદૃશ્ય થઈ જશે.

ભણવું પણ એવી રીતે શુદ્ધ ઉચ્ચાર પૂર્વક કે જેથી

સૂત્રના અક્ષરોમાં અને કાના-માત્રા-મીંડાં વગેરેમાં જરા પણ ફેરફાર ન થઇ જાય. તેમાં ફેરફાર થવાથી અર્થનો અનર્થ થઈ જાય છે.


વ્યવહારમાંય પત્ર લખવામાં કાનો-માત્રા-મીંડાં વગેરેનો સહેજ પણ ફેરફાર થઈ જાય છે તો પણ હર્ષને બદલે શોક છવાઇ જાય છે. આ વાત તમને નીચેની કથા વાંચવાથી બરાબર સમજાઈ જશે.

## શેઠ આજ મર ગયે હૈ !

એક હતા શેઠ. તે હતા રૂના મોટા વેપારી. તેમના વેવાઈ બીજે ગામ રહેતા હતા. તેમને પણ રૂનો જ મોટો વેપાર હતો. એકવાર શેઠને કોઇ કાર્યપ્રસંગે અજમેર જવાનું થયું ત્યારે તેમણે પોતાના તે વેવાઇ ઉપર મુનીમને નીચે પ્રમાણે પત્ર લખવાની સૂચના આપી કે, 'શેઠ અજમેર ગયે હૈ. હમે રૂઈ લીયા, તુમ ભી રૂઈ લેના ઔર બડી વહી કો ભેજ દેના.' પણ મુનીમ જરા ઉતાવળિયા સ્વભાવના હતા તેથી તેમણે તો ઉતાવળમાં લખી નાખ્યું કે, 'શેઠ આજ મર ગયે હૈ. હમે રોઇ લીયા, તુમ ભી રોઈ લેના ઔર બડી વહુકો ભેજ દેના. આમ અજમેરને બદલે આજ મર લખ્યું, રુઈને બદલે રોઈ લખ્યું ને વહીને બદલે વહુ લખી નાખ્યું.

પત્ર તો પહોંચી ગયો વેવાઇને ઘેર. પત્રને સહુએ વાંચ્યો, વારંવાર વાંચ્યો, બીજાઓની પાસે પણ વંચાવ્યો.

ને પછી તો પૂછવાનું શું ? તરતજ મોંકાણ મંડાઈ ગઈ ને રોકકળ શરૂ થઈ ગઈ ! સહુએ જીવતા જાગતા શેઠના




શેઠના મુનીમે અશુદ્ધ પત્ર લખવાથી વેવાઈના ઘેર મોંકાણ મંડાઈ ગઇ.

નામનું નાહી નાંખ્યું ને સૂતક પણ કાઢયા ! એ વેવાઇની જે મોટી દીકરી હતી તે આ પત્ર લખનાર શેઠના મોટા છોકરા સાથે પરણાવેલી હતી તેથી સાસરિયામાં બડી વહુ તરીકે ઓળખાતી. પત્રનાં લખાણ મુજબ તેનો ભાઈ તેને સાસરે મૂકવા શેઠના ઘરે આવ્યો. પણ ત્યાં તો શેઠને સાજાતાજા બેઠેલા જોયા ! તેથી આ ભાઈ-બહેન તો ભારે વિસ્મય પામ્યા ! ગભરાયા ! ને આંખો ફાડી ફાડીને શેઠને જોઇ જ રહ્યા ! પછી અરસ-પરસ બધી વાત થઇ ત્યારે સાચી વાતનો ફોડ પડયો ને મુનીમના ગડબડ ગોટાળા બહાર આવ્યા. મુનીમજીએ ઉતાવળમાં કાનો-માત્રા

વગેરેનો ફેરફાર કરીને જે અક્ષરો લખ્યા હતા તેના કારણે જ આ બધી મોંકાણ મંડાઇ ગઈ હતી! પછી તો બધા પેટ ભરીને હસ્યા! શેઠ તો જાણે કે મરીને ફરીથી જ જન્મ્યા!

બાળકો! અશુદ્ધ લખવા–બોલવાથી કેવો અનર્થ થાય છે એ વાત તમને આ દૃષ્ટાંતથી સારી રીતે સમજાઇ ગઇ હશે. એવી જ રીતે ધાર્મિક સૂત્રો પણ જો તમે અશુદ્ધ લખો–બોલો તો એથી પણ ઘણો મોટો અનર્થ થઈ જાય છે અને આપણને દોષ લાગે છે. માટે જરા પણ અશુદ્ધ ગોખાઇ ન જાય તેની કાળજી રાખીને જ ભણવું જોઇએ અને તે માટે જરૂરી એવું જોડાક્ષર વગેરેનું જ્ઞાન પણ મેળવી લેવું જોઇએ.

નીચેની વાતો પણ ધ્યાનમાં રાખવીઃ–

* સૂત્રો બોલવામાં ઉતાવળ કરવી નહિ, શ્વાસ ન ભરાય તેમ ધીમેથી બોલવાં.
* સૂત્રો ભણી લીધા પછી તેના અર્થ પણ સમજી લેવા જોઇએ.
* સૂત્રો બોલતી વખતે તેનો અર્થ પણ વિચારવો જોઇએ.
* દિવસે બને ત્યાં સુધી સામાયિક લઇને ભણવું જોઇએ.
* અકાળે ભણવું નહિ.
* જ્ઞાન અને જ્ઞાનીનો વિનય સાચવીને ભણવું જોઇએ.
* પાઠશાળામાં કોઈની સાથે લડવું–ઝઘડવું નહિ.

* અપશબ્દો કદિ પણ બોલવા નહિ.
* છોકરા-છોકરીઓએ સાથે બેસીને ભણવું નહિ.
* ભણેલું યાદ રાખવા રોજ સ્વાધ્યાય કરવો જોઈએ.

બાળકો !

આ નાનકડી પણ સુંદર બોધ આપતી એ વાતો શાંતિથી વાંચજો !

બાંચીને સારી રીતે વિચારજો !

વિચારીને દિલમાં ઉતારજો !

એ જરૂર તમારા દિલમાં દીવા પ્રગટાવશે !

ઉચ્ચાર શુદ્ધિનું મહત્ત્વ સમજાવશે !

ને તમને સુંદર જીવન જીવવાની પ્રેરણા આપશે !



# સૂત્ર–ગ્રહણ–પદ્ધતિ

લેખક : પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર
(આ. શ્રી વિજય હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ)

શ્રી જૈન શાસન એ એક પૂર્ણ શાસન છે. તેમાં બધી જ બાબતોનો પૂરેપૂરો મૂળથી અંગોપાંગ સહિત વિચાર કરવામાં આવ્યો છે. બધી વાતોના સૂક્ષ્મ સાંગોપાંગ વિચારની જેમ સૂત્ર ગ્રહણ પદ્ધતિનું પણ આપણે ત્યાં ખૂબ સુંદર રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે.

પોતાના બનાવેલા અધ્યાત્મસારમાં પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ફરમાવે છે કે–

શિક્ષિતાદિપદોપેત–મપ્યાવશ્યકમુચ્યતે ।
દ્રવ્યતો ભાવનિર્મુક્ત–મશુદ્ધસ્ય તુ કા કથા ॥

—અધ્યાત્મસાર પ્ર૦ ૩, અધિ૦ ૧૦, શ્લો૦ ૧૨

આ પ્રસંગમાં આવશ્યક સૂત્રો, શિક્ષિત વગેરે પદોથી યુક્ત બોલવાનાં કહ્યાં છે. માટે જે સૂત્રો આપણે શીખીએ તે શિક્ષિત, સ્થિત, જિત વગેરે ૧૭ પદોથી યુક્ત હોવા ઘટે. જાણવું જરૂરી અને રસપ્રદ હોવાથી આપણે તે સત્તરેય પદોના અર્થની વિચારણા કરીએ છીએ.

અનુયોગદ્વારસૂત્રમાં આ અધિકાર છે. મૂળ પાઠમાં જે છે તે જ અહીં બતાવીએ છીએ.

(૧) સિક્ખિયં=શિક્ષિતમ્=શીખેલું.

સૂત્ર એકવાર આદિથી અંત સુધી શબ્દથી ને અર્થથી શીખેલું હોય.

(૨) ઠિયં=સ્થિતમ્=સ્થિર થયેલું.

શીખ્યા પછી ભૂલી જવાય નહિ તે માટે સ્વાધ્યાય આદિ દ્વારા સ્થિર રાખેલું હોય.

(૩) જિયં=જિતમ્=ધારણાથી જીતેલું.

સ્વાધ્યાય કરતી વખતે અથવા કોઇ બોલવાનું કહે કે તરતજ આદિથી અંત સુધી અખંડિત ને અસ્ખલિત રીતે બોલી શકાય તેમ તૈયાર રાખેલું હોય.

(૪) મિયં=મિતમ્=અક્ષર સંખ્યાથી માપેલું.

સૂત્રનાં પદો તેમજ ગુરુ અક્ષરો અને લઘુ અક્ષરોની સંખ્યા નિશ્ચિતપણે જાણેલી હોય.

(૫) પરિજિયં=પરિજિતમ્=બધી રીતે આત્મસાત્ કરેલું.

કંઠે કરેલાં સૂત્રને આનુપૂર્વીથી અને પશ્ચાનુપૂર્વીથી વારંવાર યાદ કરેલું હોય. પહેલેથી છેલ્લેથી કે વચમાંથી એમ ગમે ત્યાંથી શરૂ કરીને બોલી શકાય એવી રીતે તૈયાર કરેલું હોય.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં એવા સીધા ક્રમને આનુપૂર્વી

કહેવાય છે અને નમો આયરિયાણં, નમો સિદ્ધાણં, નમો અરિહંતાણં એવા ઊલટા ક્રમને પશ્ચાનુપૂર્વી કહેવાય છે.

(૬) નામસમં=નામસમમ્=પોતાના નામની જેમ યાદ રાખેલું.

એ સૂત્રને પોતાના નામની જેમ યાદ રાખેલું હોય. અર્થાત્ ઊંઘમાંથી ઊઠીને કે અચાનક ગમે ત્યારે પણ તરત જ બોલી શકાય એવી રીતે યાદ રાખેલું હોય.

(૭) ઘોસસમં=ઘોષસમમ્=જે અક્ષરોના જેવા ઘોષ હોય તે પ્રમાણે જ તે બોલવા.

ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એમ ત્રણ પ્રકારના ઘોષ છે. ગુરુએ બતાવ્યા મુજબ ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિતના યથોક્ત ઉચ્ચાર પૂર્વક સૂત્ર શીખેલું હોય.

(૮) અહીણક્ખરં=અહીનાક્ષરમ્=ઓછા અક્ષરોવાળું નહિ.

સૂત્રમાં હોય એટલા પૂરેપૂરા અક્ષરો સહિત બોલાતું હોય. એક પણ અક્ષર ઓછો બોલાતો ન હોય.

(૯) અણચ્ચક્ખરં=અનત્યક્ષરમ્=અધિક અક્ષરોવાળું નહિ.

સૂત્રમાં હોય એટલા જ અક્ષરો સહિત એ બોલાતું હોય. એક પણ અક્ષર વધારે બોલાતો ન

હોય. પોતાના ઘરના અક્ષરો ઉમેર્યા વગર બોલાતું હોય.

(૧૦) અવ્વાઈદ્ધક્ખરં=અવ્યાવિદ્ધાક્ષરમ્= આડું અવળું મરડયા વિનાનું.

આડી અવળી મરડીને મૂકેલી રત્નની માળામાં રહેલાં રત્નો જેમ આડાં અવળાં થઇ જાય છે, તેવી રીતે સૂત્રના અક્ષરો આડા અવળા થયેલા ન હોય તેમ વ્યવસ્થિતપણે સૂત્ર તૈયાર કરેલું હોય.

(૧૧) અક્ખલિયં=અસ્ખલિતમ્=સ્ખલનારહિત.

સૂત્ર સ્ખલના વગર એટલે કે જ્યાં અટકવાની જરૂર નથી ત્યાં જરા પણ અટકયા વગર જ બોલી શકાતું હોય. સૂત્ર બોલતી વખતે વચમાં અં........અં........એમ ન થવું જોઇએ.

(૧૨) અમિલિયં=અમિલિતમ્=એકબીજામાં મળેલું નહિ.

ભેળસેળ કરાયેલાં જુદી જુદી જાતનાં ધાન્યની જેમ સૂત્ર બોલતી વખતે તેમાં બીજાં અનેક શાસ્ત્રોનાં સૂત્રોની ભેળસેળ થવી ન જોઇએ. સૂત્રપાઠમાં એકબીજા અક્ષરો એકબીજામાં ભળી જવા જોઇએ નહિ. એક અક્ષર બીજા અક્ષરમાં ભળી જાય તો ઉચ્ચાર અશુદ્ધ થાય. સૂત્ર એવું ઉતાવળે ન બોલાવું જોઇએ કે જેથી શું બોલાય છે એની સમજ ન પડે.

(૧૩) અવચ્ચામેલિયં=અવ્યત્યામ્રેડિતમ્=અન્યત્ર સરખા દેખાતા સૂત્રપાઠોને ભેળવ્યા વિનાનું.

સૂત્ર બોલતી વખતે તેમાં બીજાં સૂત્રોનાં સરખા દેખાતા ગાથા કે પદ ભળવા ન જોઇએ. ગાથા કે પદ આગળ પાછળ પણ ન થવા જોઇએ. તેનો ક્રમ બરાબર જળવાવો જોઇએ.

(૧૪) પડિપુન્નં=પ્રતિપૂર્ણમ્=સંપૂર્ણ.

સૂત્રમાં શબ્દો, અક્ષર, માત્રા વગેરે પ્રતિપૂર્ણ એટલે કે જેટલા હોય તે બધા જ પૂરેપૂરા બોલાવા જોઇએ. (અપુનરુકત=સૂત્રમાં એક પદ એક જ વાર બોલાવું જોઇએ, વારંવાર ન બોલાવું જોઇએ.)

(૧૫) પડિપુણ્ણઘોસં= પ્રતિપૂર્ણઘોષમ્= ઉદાત્ત આદિ ઘોષવાળું.

પૂર્વે ભણેલાં સૂત્રનો સ્વાધ્યાય કરાતો હોય ત્યારે તે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિતના ઘોષ પૂર્વક જ બોલાતું હોય.

નોંધ :– 'ઘોષસમ' પદમાં સૂત્ર ભણતી વખતની વાત છે જ્યારે અહીં સૂત્રનો સ્વાધ્યાય કરાતો હોય ત્યારની વાત છે– આ તફાવત છે.

(૧૬) કંઠોઠ્ઠવિપ્પમુક્કં=કંઠોષ્ઠવિપ્રમુક્તમ્= ગળું ને હોઠ બરાબર ખોલવા પૂર્વક.

સૂત્રમાંના અક્ષરો કંઠ, ઓષ્ઠ, તાલુ વગેરે પોતપોતાના ઉચ્ચાર સ્થાનોએથી જ બોલાવા જોઇએ. ક-ખ-ગ વગેરે કંઠચ વર્ગના અક્ષરોનું ઉચ્ચાર સ્થાન કંઠ છે. એટલે એ ક-ખ-ગ વગેરે અક્ષરો ગળામાંથી જ બોલાવા જોઇએ, પણ નાકમાંથી નહિ.

બાળક અને મૂંગો માણસ જેમ ન સમજી શકાય એવું બોલે તેમ સૂત્રના અક્ષરોનો ઉચ્ચાર, ગળું અને હોઠ દબાવીને કે ભીડીને, શું બોલાય છે એની સમજ જ ન પડે એવી રીતે નહિ કરવો જોઇએ, પણ ગળું અને હોઠ ખુલ્લા રાખીને સર્વ અક્ષરો સ્પષ્ટપણે સમજી શકાય એવી રીતે જ કરવો જોઇએ.

(૧૭) ગુરુવાયણોવગયં=ગુરુવાચનોપગતમ્= ગુરુ મુખે શ્રવણ કરેલું.

સૂત્રપાઠ ગુરુ મહારાજનાં મુખેથી કાલે, વિણયે વગેરે જ્ઞાનાચારનાં સેવન પૂર્વક ધારેલું કે લીધેલું હોવું જોઇએ, પણ કાને અથડાવાથી શીખી લેવાયેલું કે પુસ્તકમાંથી પોતાની જાતે જ ભણી લીધેલુ ન હોવું જોઇએ.

આ પ્રમાણે સત્તર વિશેષણોથી યુક્ત સૂત્રપાઠ કરવો જોઇએ. જો આ પ્રમાણે સૂત્રો બોલાય તો તે બોલનારને અને સાંભળનારને ઘણો લાભ થાય. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય અને સ્વ-પરને બોધિ સુલભ પણ થાય. આ પ્રમાણે બોલાયેલાં સૂત્રો મંત્ર સ્વરૂપ બની જાય છે.

# ભાષાદોષ અને સભાક્ષોભ

લેખક : **મુનિરાજશ્રી જયસુંદરવિજયજી**

## ભાષાદોષ યાને કુમારપાળ મહારાજાની કથા

કુમારપાળ મહારાજાની રાજસભામાં એક દિવસ કામન્દકી નીતિશાસ્ત્રની વાતો ચર્ચાઇ રહી હતી. ત્યારે એક પંડિત શુદ્ધ ને સુંદર ઉચ્ચાર પૂર્વક એક શ્લોક બોલ્યા કે–

પર્જન્ય ઇવ ભૂતાના–માધારઃ પૃથિવીપતિઃ ।
વિકલેઽપિ હિ પર્જન્યે, જીવ્યતે ન તુ ભૂપતૌ ॥

**ભાવાર્થ**–પ્રાણીઓનાં જીવનનો આધાર જેમ મેઘ છે તેમ રાજા પણ છે. કારણ કે એક પોષક છે તો બીજો રક્ષક છે. પ્રાણીઓને જીવન જીવવા માટે જેટલી જરૂર, જેના આધારે જીવન છે એવા દેહના પોષણની છે, તેટલી જ જરૂર એના જીવનનાં રક્ષણની પણ છે. માટે જ મેઘ અને રાજા એ બન્ને, પ્રાણીઓનાં જીવનનો આધાર છે. આમ છતાં મેઘ વિના હજી જીવી શકાય છે પણ રાજા વિના તો કદિ જીવી શકાતું નથી. તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે કદાચ મેઘવૃષ્ટિ ન થાય ને દુકાળ

પડે તો પણ પ્રાણીઓ કેટલાક કાળ સુધી તો અનાજ વગર પણ પોતાનું જીવન ટકાવી શકે છે. પણ ભયંકર ઝંઝાવાતોથી ભરેલા આ સંસારની અંદર તેવા પ્રકારનાં રક્ષણ વિના તો પ્રાણીઓનું જીવન પળ વાર પણ ટકી શકતું નથી. ભારે પવનની સામે દીપકનું જીવન ક્યાં સુધી ? રાજા વિના માનવોનું જીવન નથી એટલા જ માટે રાજ્ય કદિ પણ રાજા વિનાનું રાખવામાં આવતું નથી.

પંડિતનાં મુખે બોલાયેલા એ શ્લોકનો આવો સુંદર ભાવ જાણી કુમારપાળ મહારાજા વિસ્મય પામ્યા અને તરતજ એમનાં મુખમાંથી શબ્દો સરી પડ્યા કે વાહ ! રાજાને આવી મેઘની ઉપમ્યા છે ?

'ઉપમ્યા' એ કુમારપાળ મહારાજાએ કરેલો અશુદ્ધ શબ્દ પ્રયોગ હતો. આમ છતાં ખુશામતિયા સભાસદો એક પછી એક કુમારપાળ મહારાજાની સમજશક્તિને બિરદાવવા લાગ્યા. સ્વાર્થી અને સત્ત્વહીન લોકોનો સ્વભાવ હંમેશાં એવો જ હોય છે. નિઃસ્વાર્થ અને સત્ત્વશાળી પુરુષોની વાત ન્યારી ને નિરાળી હોય છે.

સર્વ સભાજનો જ્યારે કુમારપાળ મહારાજાની ખુશામત કરવામાં મશગુલ હતા ત્યારે પોતાનું મુખ નીચું કરી મૌન ધારણ કરીને રહ્યા હતા એક માત્ર કપર્દી મંત્રી. કુમારપાળ મહારાજાની નજર તરતજ એમના ઉપર ફરી વળી. કારણ કે સભામાં એમનું સ્થાન આગવું હતું. તેઓ સભાના અલંકાર સમાન હતા.

પોતાની સભાના બાહોશ પંડિતની આવી ચેષ્ટા ને મુખ પર છવાયેલો વિષાદ જોઇ કુમારપાળ મહારાજા વિચાર કરે છે કે કપર્દી મંત્રીની આ ચેષ્ટા ને આ વિષાદ નિષ્કારણ તો નહિ જ હોય. જરૂર એની પાછળ કોઈક કારણ હશે. કુમારપાળ મહારાજાને એ કારણ જાણવું જ હતું એટલે સભાનું વિસર્જન કરી એકાંતમાં બેસી એમણે કપર્દી મંત્રીને એમની ચેષ્ટા ને એમના વિષાદનું કારણ આગ્રહ પૂર્વક પૂછ્યું. ત્યારે કપર્દી મંત્રી કહે છે કે રાજન્! હું શું કહું? હું અત્યંત પીડાઈ રહ્યો છું. અને એ પીડા મારા દેહની નથી પણ મનની છે. દેહની પીડા તો હજી સહ્ય હોય છે પણ મનની પીડા તો ખરેખર! અસહ્ય હોય છે. કોઇને કહેવાય પણ નહિ અને સહેવાય પણ નહિ! કહેવા યોગ્ય નથી પણ રાજન્! તમારો અતિ આગ્રહ છે માટે મારી એ મનોવ્યથાને વાણી દ્વારા વ્યક્ત કરવા પૂર્વક કહું છું કે રાજ્ય રાજા વિના કદિ શોભતું નથી. આમ છતાં રાજા વિના ય રાજ્ય શોભે એ વાત હજી કદાચ બનવા જોગ છે. પણ મૂર્ખ રાજાથી તો એ શોભવાને બદલે ઉપરથી કલંકિત બની જાય છે.

તમારે એ જાણવું જોઇએ કે વ્યાકરણશાસ્ત્ર વડે ઉપમા, ઉપમેય, ઉપમાન ને ઔપમ્ય–આ ચાર શબ્દો તુલ્ય અર્થમાં સિદ્ધ થાય છે પણ 'ઉપમ્યા' શબ્દ સિદ્ધ થઈ શકતો નથી. તમારો 'ઉપમ્યા' એવો શબ્દ પ્રયોગ

ખોટો છે. એનાથી શત્રુમંડળમાં તમારી હાંસી થાય છે ને જગતમાં તમારી અપકીર્તિ ફેલાય છે કે, શું રાજા કુમારપાળ આવા મૂર્ખ છે? આમ છતાં ખુશામતિયા સભાજનો તમારી મહેરબાની મેળવવા ખાતર તમારી ખોટી પ્રશંસા કરી રહ્યા હતા. તે જોઇને હું પીડાઈ રહ્યો હતો.

કપર્દી મંત્રીની આ વાત સાંભળીને કુમારપાળ મહારાજાની મનોભૂમિમાં જાણે મોટો ધરતીકંપ થયો હોય તેમ તેમણે એક ભારે આંચકો અનુભવ્યો. સ્વકીય ભાષાદોષ બદલ તેઓ ખૂબ જ શરમિંદા બન્યા. એમનો એ ભાષાદોષ એ વખતે એમને પ્રથમ જ વાર ખટક્યો. પણ એવો જોરદાર ખટક્યો કે તે વખતે પોતાની ઉંમર ૫૦ વર્ષ ઉપરની હોવા છતાં ય એમણે એવો સંકલ્પ કર્યો કે રાજકાર્યથી નિવૃત્ત થઇને રોજ ભણવાની મહેનત કરવી અને વ્યાકરણશાસ્ત્રમાં પારંગત થવું. સંકલ્પબળ શું ન કરે? એ તો માર્ગમાં આડે આવતાં વજ્ર જેવા કઠિન ખડકોને ય ભેદી નાંખે. દૃઢ સંકલ્પના પરિણામે બહુ થોડા વખતમાં જ તેઓ વ્યાકરણશાસ્ત્રમાં પારંગત બની ગયા ને શાસ્ત્રચર્ચામાં નિપુણતા મેળવી લીધી. એમની એ નિપુણતા જોઇને પંડિતોએ એમને હર્ષભેર 'વિચાર ચતુર્મુખ' એવું બિરુદ આપ્યું.

આપણને પણ કુમારપાળ મહારાજાની જેમ આપણી ભાષાની ને ઉચ્ચારની ખામીઓ ખૂંચવા-ખટકવા લાગી

જાય તો એ દોષો ને ખામીઓની શી દેણ છે કે એ રહી શકે? કુમારપાળ મહારાજાની જેમ આપણે પણ મહેનત કરીને શુદ્ધ ભાષા બોલવાની ને શુદ્ધ ઉચ્ચાર કરવાની કળા શીખી લઇએ તો કેવું સારું!

**સભાક્ષોભ યાને બે પંડિતોની કથા :**

એવું પણ બને છે કે ઘણી મહેનત કરીને ઘણું શુદ્ધ ને કડકડાટ ગોખ્યું હોવા છતાં ય જ્યારે એ ગોખેલું સભામાં બોલવાનો પ્રસંગ આવે છે ત્યારે આપણને સહેજે ક્ષોભ થઇ જાય છે. ક્ષોભ થવાના કારણે શુદ્ધ ને બદલે અશુદ્ધ બોલાઇ જાય છે અને તે જ કારણે અણુધારેલી કેટલીક નવી ભૂલોનું પણ સર્જન થઇ જાય છે. આ વાતને સુંદર રીતે સમજાવનારું એક દૃષ્ટાંત જાણવા જેવું છે.

સારી રીતે ભણીગણીને નવા તૈયાર થયેલા બે પંડિતોને એકવાર કોઈક રાજાની સભામાં જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. કહ્યું છે કે– રિક્તપાણિર્ન પશ્યેચ્ચ રાજાનં દૈવતં ગુરુમ્ । અર્થાત્ રાજા પાસે ખાલી હાથે જવાય નહિ, એવા શાસ્ત્રવચનને યાદ કરીને રાજાને ભેટણા તરીકે ધરવા માટે તેમણે એક મોટું બીજોરાનું ફળ પોતાની સાથે લીધું અને રાજસભામાં પહોંચ્યા.

રાજસભામાં પેસતાની સાથે જ મોટી સભા જોઇને બન્ને નૂતન પંડિતો ડઘાઈ ગયા–ક્ષોભ પામી ગયા. ક્ષોભ પામવાથી તેમના હાથ અને પગ થરથર ધ્રૂજવા લાગ્યા. એમાંથી એક પંડિતે ધ્રૂજતા હાથે રાજાને બીજોરાનું ભેટણું

ધર્યું. આમ ધ્રૂજતા હાથે ભેટણું ધરાઈ રહેલું જોઈને રાજાએ પૂછ્યું કે આ શું? એટલે એનાથી ગભરાટમાં ભૂલથી બોલાઈ ગયું કે, આ તો ભેટણા તરીકે લીંબુ છે. તે સાંભળી રાજાને હસવું આવ્યું. હસતાં હસતાં રાજાએ બીજા પંડિતને પૂછ્યું કે, આ આમ કેમ બોલે છે? એ બીજોરાને લીંબુ કેમ કહે છે? ત્યારે બીજા પંડિતે કહ્યું: રાજન્! એને મોટી સભા જોઈને ભસાક્ષોભ થઈ ગયો છે માટે એ બોલવામાં ભૂલ કરે છે ને બીજોરાને લીંબુ કહે છે. આ બીજો પંડિત પણ સભાથી ક્ષોભ પામેલો હતો. એટલે એનાથી પણ સભાક્ષોભને બદલે ભૂલમાં ને ભૂલમાં ભસાક્ષોભ બોલાઈ ગયું.

આમ મોટી સભામાં તો ભલભલા પંડિતોને ય ક્ષોભ થઈ જાય છે. તો બાળકોની શી વાત! બાળકોનાં મનમાંથી આવા સભાક્ષોભને દૂર કરવા માટે અવાર-નવાર સભામાં તેમની પાસે મોટેથી સૂત્રો બોલાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

# સિદ્ધિનાં સોપાન : ઈચ્છા અને પ્રયત્ન

લેખક : મુનિશ્રી હિતવિજયજી

આપણે સહુ ખરેખર ! ઈચ્છતા હોઈએ છીએ કે, પાઠશાળામાં ભણવા આવતા કુમળી વયના બાળકો સારી રીતે ભણીગણીને તૈયાર થાય. સારામાં સારા તારવૈયા બની શ્રુતસાગરના તળિયે ડુબકી મારી અણમોલ રત્ન સમાન જિનશાસનનું ઊંડામાં ઊંડું તત્ત્વજ્ઞાન મેળવે, તેના દ્વારા સ્વ–પર કલ્યાણ કરે અને જિનશાસનને દીપાવે !

પણ ઈચ્છાદેવી એકલી શું કરે ? પ્રયત્ન વિના તો એ પાંગળી છે. એટલે માણસની જે જાતની ઈચ્છા હોય એને અનુરૂપ એનો પ્રયત્ન પણ હોવો જોઈએ. તો જ ઈષ્ટફળની સિદ્ધિ થાય ને અંતિમ મંઝીલ સુધી પહોંચી શકાય. ઈચ્છા અને પ્રયત્ન એ બે સિદ્ધિનાં સોપાન છે.

આપણી ઇચ્છા તો ભવ્ય છે પણ આપણો પ્રયત્ન પાંગળો છે. બાળકો જિનશાસનને દીપાવનારા બને તે માટે જે તન–મન–ધનનો ભોગ આપવો જોઈએ તે ભોગ આપવા માટેનું આપણું લક્ષ નહિવત જ હોય છે.

આપણી માતૃભાષા ગુજરાતી છે અને તે તો આપણને જન્મથી જ આત્મસાત્ થયેલી હોય છે. એટલે ગુજરાતી

ભાષા શીખવા માટે બાળકોને બહુ મહેનત કરવી પડતી નથી. પણ આપણા મોટા ભાગનાં સૂત્રો પ્રાકૃત ભાષામાં અને થોડાં સંસ્કૃત ભાષામાં છે. આ પ્રાકૃત-સંસ્કૃત ભાષાના કેટલાક શબ્દોના ઉચ્ચાર કરવાનું કામ કેટલીકવાર પંડિતને માટે પણ કઠણ થઈ પડે છે. તો પછી અલ્પબુદ્ધિવાળા બાળકોની શી વાત કરવી? આ એક મુશ્કેલી છે!

પણ મુશ્કેલી તો આ જગતમાં ક્યાં નથી? સર્વ કાર્યો શરૂઆતમાં તો મુશ્કેલ જ હોય છે. મુશ્કેલ કાર્યને પણ ખંતીલો ને ઉત્સાહી માણસ જ્યારે હાથમાં લે છે ને એની પાછળ મહેનત કરવા માંડે છે, ત્યારે ધીમે ધીમે એમાં એનો હાથ બેસતો જાય છે અને પછી તો જે કાર્ય શરૂઆતમાં ઘણું મુશ્કેલ લાગતું હતું તે જ કાર્ય હવે તો ઘણું સહેલું લાગવા માંડે છે. એમાં કોઇ તકલીફ જણાતી નથી.

જગતમાં જેમ મુશ્કેલીઓ હોય છે તેમ એને દૂર કરવાના ઉપાયો પણ હોય છે જ. કઠિન શબ્દોના ઉચ્ચારની આપણી મુશ્કેલીને દૂર કરવાનો સીધો સાદો ને સુંદર ઉપાય એ છે કે આપણા પાંચ પ્રતિક્રમણનાં સૂત્રોમાં આવતાં 'પાયચ્છિત્ત' 'કાઉસ્સગ્ગં' 'પચ્ચક્ખામિ' 'અન્નત્થ' 'જવણિજ્જં ચ ભે' જેવા કઠિન ઉચ્ચારવાળા

શબ્દોની એક અલગ યાદી તૈયાર કરવી જોઇએ અને તે દરેક પાઠ્ય પુસ્તકોની પાછળ મોટા ટાઈપમાં છપાય તે જરૂરી છે. સૂત્રો કંઠસ્થ કરવા સાથે બાળકોની પાસે તે યાદીવાળા શબ્દો પણ શુદ્ધ ઉચ્ચાર પૂર્વક અલગ જ ગોખાવવા જોઇએ. જેથી સૂત્રો ગોખવાનું કાર્ય પણ સરળ બની જાય.

'એ તો બધું ચાલે' એવી માન્યતા કેટલાકનાં મનમાં ઘર કરી ગયેલી હોય છે. એટલે એવી મનોદશાને કારણે કેટલીકવાર મહત્ત્વની બાબતોની પણ ઉપેક્ષા કરવામાં આવતી હોય છે.

ભાષાની બાબતમાં પણ આપણે ગમે તેમ બોલીએ તો ય ચાલે એવી એક માન્યતાને કારણે ઉચ્ચાર શુદ્ધિ પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાતું હોય છે. પોતાના ઉચ્ચારની ખામીઓ પોતાને ખટકે જ નહિ, પછી એ દૂર થવાને અવકાશ રહેતો નથી. અશુદ્ધ ઉચ્ચારણ કે લેખન આપણું પોતાનું હોય કે ભલે પારકું હોય તો પણ આપણને એ આંખનાં કણાની જેમ ખૂંચવું જોઇએ, પગમાં લાગેલા કાંટાની જેમ ખટકવું જોઇએ.

એટલા જ માટે શ્રી વૃદ્ધવાદીસૂરિજીએ પોતાના વિદ્વાન શિષ્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીને ઉદ્દેશીને કહ્યું હતું કે મને બીજી કોઈ એવી પીડા નથી કે જેવી પીડા તારા 'બાધતે' ને બદલે 'બાધતિ' એવા ખોટા શબ્દ પ્રયોગની છે.

આમ જો અશુદ્ધ શબ્દ પ્રયોગ આપણને ખૂંચે ખટકે તો હંમેશાં ઉચ્ચાર શુદ્ધિ તરફ આપણું લક્ષ વિશેષ પ્રકારે રહ્યા કરે. ભાષાદોષ અંગેનો કુમારપાળ મહારાજાના જીવનમાં બનેલો ઉપર્યુક્ત બનાવ આપણી આ વાતને પુષ્ટ કરનારો છે.



# સૂત્રપાઠ—રીતિ

લેખક : પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર
(આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ)

અનંત ઉપકારી અરિહંત પરમાત્માના શાસનનાં આવશ્યક સૂત્રો જે પંચપ્રતિક્રમણમાં આવે છે તે પ્રાયશઃ બધા પ્રાકૃતભાષામાં છે અને તે પણ મોટા ભાગે પદ્યમાં છે. એ પદ્યનો છંદ (વૃત્ત) આર્યા છે. આ આર્યા છંદમાં જ મોટા ભાગનાં સૂત્રો છે.

સામાન્ય રીતે છંદના બે ભેદ પડે છે. એક માત્રામેળ છંદ અને બીજો ગણમેળ છંદ. આર્યા, ગીતિ, હરિગીત, સવૈયા વગેરેને માત્રામેળ છંદ કહેવાય છે અને મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા વગેરેને ગણમેળ છંદ કહેવાય છે.

હવે એ છંદોમાં પણ તે પ્રત્યેકના બે બે ભેદ પડે છે. દરેક પદ્ય, ગાથા કે શ્લોકનાં ચાર ચરણ હોય છે. જે પદ્ય, ગાથા કે શ્લોકનાં ચારે ચરણ સરખી અક્ષર સંખ્યાવાળા, સરખી ગણસંખ્યાવાળા ને સરખી માત્રાસંખ્યાવાળા હોય તે સમમાત્રાગણમેળ છંદ કહેવાય છે.

અને જે પદ્ય, ગાથા કે શ્લોકનાં ચારે ચરણમાં અક્ષરસંખ્યા વગેરે વિષમ હોય અર્થાત્ સમાન ન હોય તે વિષમમાત્રાગણમેળ છંદ (વૃત્ત) કહેવાય છે.

આર્યા છંદ એ વિષમમાત્રામેળ છંદ છે. તેનાં ચારે ય ચરણની માત્રા સંખ્યા ભિન્ન ભિન્ન છે. હ્રસ્વ–લઘુ વર્ણની એક માત્રા અને ગુરુ વર્ણની બે માત્રા ગણાય છે. પહેલા ને ત્રીજા ચરણમાં બાર માત્રા, બીજા ચરણમાં અઢાર માત્રા અને ચોથા ચરણમાં પંદર માત્રા હોય છે.

આ આર્યા છંદમાં જ લોગસ્સ સૂત્ર, ઉવસગ્ગહરં સ્તોત્ર, જયવીયરાય સૂત્ર, વંદિત્તુસૂત્ર વગેરે છે.

આ આર્યા છંદનાં ચારે ચરણ કેવી રીતે બોલવા તે સંબંધમાં 'પ્રાકૃત પિંગળ'માં એક આર્યા આવે છે–

પઢમં ચિય હંસપયં, બીએ સિંહસ્સ વિક્કમં જાયા ।
તીએ ગજવર લુલિઅં, અહિવર લુલિઅં ચઉત્થીએ ॥

આમાં આર્યાછંદનાં ચારે ય ચરણની ભિન્ન ભિન્ન ગતિ બતાવી છે. પ્રથમ ચરણનો ઉચ્ચાર હંસની જેવી ગતિથી કરવો. બીજા ચરણનો ઉચ્ચાર સિંહની ચાલ–ગતિ જેવી હોય છે તેવી રીતે કરવો. ત્રીજા ચરણનો ઉચ્ચાર ગજરાજની ગતિ પ્રમાણે કરવો. અને ચોથું ચરણ સર્પની ગતિથી બોલવું.

આ રીતે વિચારતાં, પહેલા–ત્રીજામાં આરોહ આવે અર્થાત્ ઊંચે ચડવાનું આવે અને બીજા–ચોથામાં અવરોહ અર્થાત્ નીચે ઊતરવાનું આવે.

આ પ્રમાણે ગતિનો વિચાર કરીને જો લોગસ્સ વગેરે સૂત્રો બોલાય તો તેનું શ્રવણ ખરેખર! અતિ મધુર, કર્ણપ્રિય અને આહ્લાદક લાગે. આપણા આવશ્યકસૂત્રો મહાગંભીર અર્થથી ભરેલાં છે. તે અર્થનું ઉદ્ઘાટન પણ, આ રીતે યોગ્ય ઉચ્ચાર પદ્ધતિ પૂર્વક તે સૂત્રો બોલવાથી સહજ રીતે થાય છે.

# જ્ઞાનના આઠ આચાર

લેખક : સ્વ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

જ્ઞાનના આઠ આચાર છે. તે આઠેય આચારોનાં પાલન પૂર્વક જ્ઞાન ગ્રહણ કરવું જોઇએ. જ્ઞાન ભણાય, પણ જ્ઞાનના આચારોનું પાલન કરવામાં ન આવે તો એ જ્ઞાન ફળદાયી બની શકતું નથી. જ્ઞાન ભણવાથી માત્ર શ્રુતજ્ઞાનની જ પ્રાપ્તિ થાય અને જ્ઞાનાચારોનાં પાલનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય.

**જ્ઞાનના આઠ આચાર :-**

(૧) યોગ્ય કાળ :- જ્ઞાન યોગ્ય કાળે ભણવું જોઇએ; અકાળે નહિ.

(૨) વિનય :- જ્ઞાન વિનય પૂર્વક ભણવું જોઈએ. અર્થાત્ ભણતી વખતે ગુરુને વંદનાદિ કરવું જોઇએ. ગુરુદેવ સંબંધી બધી આશાતનાઓનું વર્જન કરવું જોઇએ.

(૩) બહુમાન :-જ્ઞાન બહુમાન પૂર્વક ભણવું જોઇએ. અર્થાત્ ભણાવનાર ગુરુ પ્રત્યે અને એ વિષયના પ્રણેતા પ્રત્યે હૃદયમાં પૂરેપૂરું બહુમાન ધારણ કરવું જોઈએ.

(૪) ઉપધાન :- ઉપધાન-આચારનાં પાલન પૂર્વક જ્ઞાન ભણવું જોઇએ. અર્થાત્ ગૃહસ્થોએ જે જે સૂત્રો ભણવા હોય, તે તે સૂત્રો અંગે શાસ્ત્રવિધિ મુજબ ઉપધાનતપનું વહન કરવું જોઈએ. ઉપધાન વહન કર્યા પછી જ તે તે સૂત્ર ભણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. માટે ઉપધાન અવશ્ય કરવા જોઈએ. સાધુ-ભગવંતો માટે ઉપધાનને બદલે યોગોદ્વહન કરવાના હોય છે. યોગોદ્વહન કર્યા પછી જ તે તે શાસ્ત્રોને ભણવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. વ્યવહારમાં પણ અનધિકૃત ચેષ્ટા એ ગુનો કહેવાય છે. એવી રીતે જૈન શાસનમાં પણ અધિકાર વગર સૂત્રોને ભણવા-ભણાવવા એ ગુનો છે. અર્થાત્ એમાં જિનેશ્વરદેવની આજ્ઞાનો ભંગ થવાથી તેઓની મોટી આશાતના થાય છે.

(૫) અનિહ્નવ :- જે ગુરુ પાસેથી જે વિષયનું જ્ઞાન મેળવ્યું હોય એ ગુરુનો અપલાપ ન કરવો જોઇએ. અર્થાત્ એ ભણાવનાર ગુરુ પ્રત્યે હૈયામાં બહુમાન રાખી એમના પ્રત્યે કૃતજ્ઞભાવ રાખવો જોઇએ.

(૬) વ્યંજન :- જે સૂત્ર ભણાય કે વંચાય એ સૂત્રના વ્યંજનોનું ઉચ્ચારણ શુદ્ધિ પૂર્વક કરવું જોઇએ. અર્થાત્ સૂત્ર બોલતી વખતે ઉચ્ચારણ-શુદ્ધિ બરાબર જાળવવી જોઇએ.

(૭) અર્થ :- સૂત્ર ભણ્યા પછી એ સૂત્રનો અર્થ પણ અવશ્ય ભણવો જોઇએ. સૂત્રનો અર્થ શાસ્ત્રને અનુસરતો હોવો જોઇએ. મનઘડંત અર્થ કરવાથી શાસ્ત્રની અવહેલના થાય છે.

(૮) તદુભય :– જ્ઞાનનો આ આઠમો આચાર પણ ખૂબ જ મહત્ત્વનો છે. પરંતુ મોટા ભાગે આજે એની ઉપેક્ષા જોવામાં આવે છે. તદુભયનો અર્થ છે: સૂત્ર અને અર્થની એકતા. પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરતી વખતે સૂત્રોનાં શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારણની સાથે સાથે એ સૂત્રના અર્થનું પણ ચિંતન હોવું જોઈએ. સૂત્રની ગાથા બોલીએ એટલે એના અર્થનું હૃદયમાં પ્રતિબિંબ પડી જ જવું જોઈએ.

જ્ઞાનના આ આઠ આચારોનાં પાલન પૂર્વક શ્રુત ભણવામાં આવે તો થોડું પણ શ્રુત વધારે ફળદાયી બને છે.

# વ્યંજન-શુદ્ધિ અને ભાષા-શુદ્ધિ

**શ્રી પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ-ટીકા**
**ભાગ બીજો** આવૃત્તિ બીજીમાંથી ઉદ્ધૃત.

પ્રાજ્ઞ પુરુષોએ ઉપદેશેલા સત્ય સિદ્ધાંતો આપણા સુધી ભાષાના વાહન મારફત પહોંચે છે. એ ભાષાનું બંધારણ 'વ્યંજનો' એટલે અક્ષરો, તેનાં બનેલાં પદો અને પદોનાં બનેલાં વાક્યો પર આધાર રાખે છે. તેની એ રચનામાં જો કાંઈ પણ ફેરફાર થાય તો તેના મૂળ આશયને ક્ષતિ પહોંચે છે અને તેટલા અંશે જ્ઞાનોપાસક સત્યજ્ઞાનથી વંચિત રહે છે. તેથી એ અક્ષર-રચનાને બરાબર વફાદાર રહેવું-એ જ્ઞાનોપાસકનું કર્ત્તવ્ય છે.

અક્ષર-રચનામાં નીચે જણાવેલી રીતે વિપર્યાસ થવા સંભવ છે :—

(૧) કાનાનો વધારો-ઘટાડો. કોઈપણ પદમાં એક સ્થળે કાનો વધારી દેવાથી કે ઓછો કરવાથી અર્થમાં મોટું પરિવર્તન થઈ જાય છે. જેમકે :—

'પત્ર' અને 'પાત્ર'. 'પવન' અને 'પાવન' 'પ્રમદ' અને 'પ્રમદા'. પ્રમદ એટલે હર્ષ અને પ્રમદા

એટલે સ્રી. 'પ્રસાદ' અને 'પ્રાસાદ'. 'પ્રસાદ' એટલે પ્રસન્નતા —કૃપા અને 'પ્રાસાદ' એટલે મંદિર કે મહેલ.

(૨) ઇ-ઈનો વધારો ઘટાડો. કોઈ પણ પદમાં એક સ્થળે હ્રસ્વ કે દીર્ઘ ઈ વધારી દેવાથી કે ઘટાડી દેવાથી તેના અર્થમાં મોટું પરિવર્તન થઈ જાય છે.

જેમ કે- 'નર' અને 'નીર'. 'નર' એટલે પુરુષ અને 'નીર' એટલે પાણી. 'જન-વાણી' અને 'જિન-વાણી' 'જન-વાણી' એટલે લોકોની ભાષા અને 'જિન-વાણી' એટલે જિનેશ્વરની ભાષા. 'કરણ' અને 'કિરણ'. કરણ. એટલે કરવું અથવા કરવાનું સાધન અને 'કિરણ' એટલે રશ્મિ.

'કલ' અને 'કલિ'. 'કલ' એટલે મધુર, મનોહર અને 'કલિ' એટલે કલહ અથવા કલિયુગ.

(૩) ઉ-ઊનો વધારો-ઘટાડો. કોઈ પણ પદમાં એક સ્થળે 'ઉ કે ઊ' નો ઉમેરો કરવાથી કે ઘટાડી દેવાથી તેના અર્થમાં ભારે પરિવર્તન થાય છે.

જેમ કે- 'પત્ર'-'પુત્ર'. 'ફલ'-'ફૂલ'. 'મલ'-'મૂલ'. 'યતિ'-'યુતિ'.

(૪) એક કે બે માત્રાનો વધારો-ઘટાડો. પદના કોઈ પણ અક્ષર પર એક કે બે માત્રા ચડાવી દેવાથી કે કાઢી નાખવાથી અર્થમાં મોટો ફેરફાર થાય છે

જેમ કે- 'સોદર્ય' અને 'સૌંદર્ય'. 'સોદર્ય' એટલે એક માતાના ઉદરથી જન્મેલી સગી બહેનો અને 'સૌંદર્ય' એટલે સુંદરતા. 'છદ' અને 'છેદ'. 'છદ' એટલે પત્ર અને 'છેદ' એટલે કાપવું. 'મધ્ય' અને 'મેધ્ય'. 'મધ્ય' એટલે વચ્ચેનું અને

'મેધ્ય, એટલે પવિત્ર. 'વર' અને 'વૈર'. 'વર' એટલે શ્રેષ્ઠ અને 'વૈર' એટલે શત્રુતા. 'કલિ' અને 'કેલિ'. 'કલિ' એટલે કલહ અને 'કેલિ' એટલે ક્રીડા.

(૫) કાના અને માત્રાનો વધારો-ઘટાડો. તેનું પરિણામ પણ ઉપર મુજબ અર્થ-પરિવર્તનમાં આવે છે. 'રાગ'-'રોગ', 'ચર'-ચોર', 'કોમલ'-'કમલ', 'સખ્ય'-'સૌખ્ય'.

(૬) અનુસ્વારનો વધારો કે ઘટાડો. તેનું પરિણામ પણ ઉપર મુજબ અર્થ-પરિવર્તનમાં આવે છે. 'કટક'-'કંટક', 'તત્ર'-'તંત્ર', 'વશ'-'વંશ, 'મદ'-'મંદ', 'અધીયઉ'-અંધીયઉ' (અધીયતામ્-અંધીયતામ્) વગેરે.

(૭) અક્ષર-પરિવર્તન. પદનો કોઇપણ અક્ષર ફેરવી નાખવાથી અર્થમાં પરિવર્તન થાય છે. જેમ કે-'વચન'-'વમન', 'નયણ'-'વયણ', 'ષષ્ટિ' (૬૦)-'ષષ્ઠી' (છઠ્ઠી) 'કમલ'-'કવલ', 'સ્વજન'-શ્વજન'. 'સ્વજન' એટલે સગાં અને 'શ્વજન' એટલે કૂતરાં.

(૮) પદચ્છેદ ખોટો કરવો. પદચ્છેદ ખોટો કરવાથી પણ અર્થમાં ફેરફાર થઇ જાય છે. જેમકે-'દીવાનથી'-'દીવા નથી', 'નરો'-'ન રો', 'કરવાળુ''-'કર વાળુ'' વગેરે.

(૯) અક્ષરોનાં ઉચ્ચારણમાં ફેર પડવાથી પણ અર્થમાં પરિવર્તન થાય છે. જેમ કે-'સકલ'-આખું, 'શકલ'-ટુકડો, 'સકૃત્'-એક વાર, 'શકૃત'-વિષ્ઠા.

અશુદ્ધ પાઠનું લખવું, લખાવવું, પ્રકાશિત કરવું, ભણવું, ભણાવવું, ઉચ્ચારણ કરવું-એ જ્ઞાનની આશાતના છે તથા 'સ્વ' અને 'પર' ઉભયને અહિતકારી છે.

બાળકો જોઈ શકે તેવા યોગ્ય સ્થળે પાઠશાળામાં લટકાવો — ઐં નમઃ — જ્ઞાનના વિરતિરૂપ ફળને પ્રાપ્ત કરે

જ્ઞાનનાં દીવડાં પ્રગટાવો

જ્ઞાનસ્ય ફલં વિરતિઃ

# જોડાક્ષરો અને અક્ષરોને ઓળખતાં શીખો

| ક્રમાંક | જોડાક્ષરો | તેમાં જોડાયલા અક્ષરો | | તેના શબ્દો, વાક્યો તથા ઉચ્ચાર માટેનાં સચિત્ર દૃષ્ટાંત | |
|---|---|---|---|---|---|
| ૧ | દ્ય | દ્ + ય | વૈદ્ય<br>વિદ્યા | વૈદ્ય રોગનું નિવારણ કરવાની વિદ્યા જાણે છે. |  |
| ૨ | દ્દ | દ્ + દ | ઉદ્દેશ<br>જિદ્દી<br>રદ્દી | વિરતિ પામવાના ઉદ્દેશથી જ વિદ્યા મેળવવી જોઈએ તો જ તે સાર્થક બને. |  |
| ૩ | દ્મ | દ્ + મ | પદ્મ<br>પદ્મપ્રભસ્વામી<br>પદ્માવતી | પદ્મ એટલે કમળ. કમળના ત્રણ ગુણો છે: સુંદરતા, સુકોમળતા, સુવાસ. તે આપણે પ્રાપ્ત કરીએ. |  |
| ૪ | દ્વ | દ્ + વ | દ્વાર<br>દ્વેષ<br>વિદ્વાન | સર્વ-વિરતિ એ મુક્તિનું દ્વાર છે. |  |
| ૫ | દ્ર-દ્ર | દ્ + ર | શાલિભદ્ર<br>ચંદ્રપ્રભસ્વામી | શાલિભદ્રજી સુપાત્ર દાનના પ્રભાવે સંપત્તિ અને શિવસુખ પામ્યા. દાન નહિ આપવાથી દરિદ્રતાનું દુઃખ આવે છે. |  |
| ૬ | હ્ર-હ્ર | હ્ + ર | હ્રસ્વ<br>હ્રદ | અ, ઇ, ઉ, ઋ, લૃ - આ પાંચ હ્રસ્વ સ્વર છે. હ્રાઁ, હ્રીઁ, હ્રુઁ, હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફુટ્‌ફુટ્ સ્વાહા આ મંત્રાક્ષર છે. |  |
| ૭ | હૃ-હૃ (અક્ષરો) | હ્ + ઋ | હૃદય<br>હૃષ્ટ<br>હૃદ્ય | વેર વિરોધની ક્ષમાપના હૃદયપૂર્વક કરવી જોઈએ. |  |
| ૮ | દૃ-દૃ-દૃ | દ્ + ઋ | દૃષ્ટિ<br>દૃશ્ય<br>દૃષ્ટાંત | સમ્યગ્દૃષ્ટિ આત્મા જિનેશ્વરદેવ સિવાય બીજા કોઈ દેવને માને પૂજે નહિ. |  |
| ૯ | ધ | ધજાનો 'ધ' આવો હોય છે. | ધન<br>ધર્મ<br>ધજા | ધનથી નહિ પણ ધર્મથી જ સુખ મળે છે. |  |
| ૧૦ | ઘ | ઘડિયાળનો 'ઘ' આવો હોય છે. | ઘાંચી<br>ઘડિયાળ<br>ઘડપણ | ઘાંચીની ઘાણીમાં તલ પીલાય છે તેમ સંસારમાં જીવો પીલાય છે. |  |
| ૧૧ | ડ | ડગલાનો 'ડ' આવો હોય છે. | ડાહ્યો<br>ડગલો<br>ડમરું | ડાહ્યો માણસ ડગલે ને પગલે ધર્મનો જ વિચાર કરે છે. |  |
| ૧૨ | ઽ | અવગ્રહ ચિહ્ન આવું હોય છે. | આ ડગલાનો 'ડ' નથી તેમ બીજો કોઈ અક્ષર નથી પરંતુ અહીં જે 'અ' હતો તે આગળના 'અ'ની અંદર ભળી ગયો છે એવું સૂચવવા માટે કરાતી નિશાની છે. તેને અવગ્રહ ચિહ્ન કહેવાય છે, સંસ્કૃત ભાષામાં જ તે વપરાય છે. તેનો કોઈ પણ ઉચ્ચાર કરવાનો હોતો નથી. ભક્તાઽમર નમોઽર્હત | | | |

નોંધઃ આ બોર્ડમાં આપેલા જોડાક્ષરોનો અને અક્ષરોનો પાઠશાળાના શિક્ષકે સારી રીતે અભ્યાસ કરવો, અક્ષરોની આકૃતિના ભેદ પારખવા અને પાઠશાળામાં ભણતાં બાળકોને તે સારી રીતે સમજાવવા, જેથી તેઓ જોડાક્ષરોને અને અક્ષરોને સારી રીતે ઓળખી શકે અને શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્રો ભણી શકે.

પ્રેરકઃ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ
સંયોજકઃ પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ
પ્રકાશિકાઃ શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
પ્રાપ્તિસ્થાનઃ લાખાબાવળ, શાંતિપુરી (સૌરાષ્ટ્ર)
વિ.સં. કિંમતઃ

મુદ્રક-આવરણ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · રાયપુર · અમદાવાદ : ફોન ૩૬૧૪૩૪